
પૂજ્ય પંન્યાસજી મહારાજના


# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૨૫ ॥




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત


**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ
તથા પાટણમાં બાલ્યવયે તેઓ જ્યાં રહેતા તેની સમીપનો ચબૂતરો.

# નવપદના વર્ણ-પદ-અક્ષર આદિ




| | વર્ણ | પદ | અક્ષર | સંપદા | ગુરુ | લઘુ | શબ્દ |
|---|---|---|---|---|---|---|---|
| નમો અરિહંતાણં | સફેદ | ૧ | ૭ | ૧ | ૦ | ૭ | ૨ |
| નમો સિદ્ધાણં | લાલ | ૨ | ૫ | ૨ | ૧ | ૪ | ૨ |
| નમો આયરિયાણં | પીળો | ૩ | ૭ | ૩ | ૦ | ૭ | ૨ |
| નમો ઉવજ્ઝાયાણં | લીલો | ૪ | ૭ | ૪ | ૧ | ૬ | ૨ |
| નમો લોએ સવ્વસાહૂણં | કાળો | ૫ | ૯ | ૫ | ૧ | ૮ | ૩ |
| એસો પંચનમુક્કારો | સફેદ | ૬ | ૮ | ૬ | ૧ | ૭ | ૨ |
| સવ્વપાવપ્પણાસણો | સફેદ | ૭ | ૮ | ૭ | ૨ | ૬ | ૧ |
| મંગલાણં ચ સવ્વેસિં | સફેદ | ૮ | ૮ | - | ૧ | ૭ | ૩ |
| પઢમં હવઈ મંગલં | સફેદ | ૯ | ૯ | ૮ | ૦ | ૯ | ૩ |
| | કુલ | ૯ | ૬૮ | ૮ | ૭ | ૬૧ | ૨૦ |

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૨૫ ॥

પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

**HASTAKSHAR NU AKSHAY PATRA**

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

**VOLUME - 25**

November 2019
300 Copies / 224 Pages
For Private Circulation only.

**PUBLISHER**



© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust



Mumbai / Rajkot

team@mindfiesta.com

**SPONSOR**

Shri C. K. Mehta
Mumbai

**ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

**eBOOKS AVAILABLE AT**

www.bhadrankar.com

www.navkarday.com


Amazon Kindle

**SHRI AARADHNA DHAM JAIN TIRTH**


C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


**ખાસ વિજ્ઞપ્તિ**

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



# પરદર્શનોના પદાર્થોનો સ્વદર્શન સાથે સુંદર સમન્વય



'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના આજ સુધીના દરેક ભાગમાં આપણે નિહાળ્યું કે પૂજ્ય સાહેબજીના હૃદયમાં અજપાજપ ભાવોથી નવકાર મહામંત્ર એવો તો વાસિત હતો કે ડાયરીના પાને-પાને અનેક પદાર્થોમાં અરિહંત, નવકાર, પંચપરમેષ્ઠિને લગતા ભાવો વ્યકત થયેલા મળે છે. વર્તમાનમાં જૈનસંઘમાં શક્રસ્તવ પાઠ-અભિષેક આદિ ખૂબ જ પ્રચાર-પ્રસાર પામ્યા છે, તે બાબત પણ સાહેબે પોતાના શિષ્ય પરિવારમાં જણાવેલ કે શક્રસ્તવનો પાઠ આત્મોદ્ધાર માટે અત્યંત મહત્વનો છે. વળી તેવા ભાવનું લખાણ પણ વાંચવામાં આવ્યું કેઃ 'દિવસને મંગળમય બનાવવા પ્રાતઃકાળમાં શક્રસ્તવનો પાઠ ઉત્તમ છે. સંપર્કમાં આવતા લોકોના ભાવોને આત્મલક્ષી બનાવવામાં તે પ્રબળ સાધન છે. વિશેષણો દ્વારા વિશેષ્યને પકડવાનો જેમાં પ્રયાસ થાય છે, તેવા શક્રસ્તવમાં રહેલા સહસ્ત્રનામનું મહત્વ યથાર્થ જ છે. જેટલા વિશેષણો ભાવવાહી, તેટલું વિશેષ્ય વધુ પકડાય છે તથા તેની નિરૂપમ શકિત અનુભવાય છે.' તેઓને વિશુદ્ધ સાધના દ્વારા પરમાત્મકૃપાથી જે નમસ્કારમંત્ર-મૈત્ર્યાદિ ભાવનાઓના પદાર્થો પ્રગટેલા, તે રીતે શક્રસ્તવના અનુપમ ભાવો ય પ્રગટેલા તે અહીં વિદિત થાય છે.

પ્રાયઃ દરેક ડાયરી ખોલતાં જ પહેલે પાને કોઈને કોઈ મંત્ર લખેલો વંચાય. તેમાં વધુમાં વધુ શ્રી નવકાર, અરિહંત કે શ્રી સરસ્વતીજી સંબંધિત હોય અને તે સંબંધિત શ્લોક-સ્તુતિ પણ હોય જ. એ મંત્રો-શ્લોકોને લક્ષ્યમાં રાખીને 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના દરેક ભાગના મુખપૃષ્ઠમાં ભારતીબેન જુદી-જુદી ભાષા અને આકારમાં નવકારમંત્રને તથા અંદરના પાને શ્રી સરસ્વતીજી તથા તેઓની નવી-નવી સ્તુતિ પ્રકાશિત કરે છે. આ રીતે એક-એક ભાગ કરતા આજ સુધીના ૨૪ ભાગમાં જે જે

પદાર્થો આવ્યા છે, તે વાંચતા અનેક પૂજ્યો-મહાત્માઓ-આરાધકો-ભાવુકોના અંતરના ભાવોથી લખાતા પત્રો આવે છે, તે વાંચતા થાય છે કે સાહેબે શાસ્ત્રોનો સાર, નિચોડ કે તર્ક કેવી સરલ ભાષામાં અવતારિત કરી દીધો છે! ઉપરાંત તેઓએ પરદર્શનોના પદાર્થોનો સ્વદર્શન સાથે એવો તો સુંદર સમન્વય કર્યો છે કે જેથી તેને આવકાર્યરૂપ ગણીને ભાવિકો એવું ઉચ્ચ આદર્શરૂપ જીવન પણ જીવવા લાગ્યા છે.

આ ડાયરીઓનું સંકલન આપણા સુધી પહોંચે છે તેમાં આભ સમો આર્થિક સધિયારો પરમ ગુરુભક્ત મુંબઈના સુશ્રાવકરત્ન **સી.કે.મહેતા**ના અંતરની ઉદારતાનો જ છે. આપણા હાથ સુધી આ અદ્‌ભૂત ગ્રંથોના પદાર્થો આવી શકે છે, તેમાં રાજકોટના અમારા શશીકાંતભાઈના પુત્રવધૂ સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા** અત્યંત ભાવ-ભક્તિ સાથે ૩૦ જેટલા પુણ્યાત્માઓ સાથે કાર્ય કરી રહ્યા છે. તેઓ સ્વયં પણ ક્યારેક તો એ ભાવો વાંચતા ડોલીને બોલી ઉઠે કેઃ 'અહો ગુરૂદેવ! આપે અમોને આ શું આપ્યું?' તેઓ અમોને પણ એ વાંચવા માટે તરત જ મોકલે, જે વાંચીને અમે પણ ડોલી ઉઠીએ. હમણાં જ અમારા માટે 'સાચું મહાભિનિષ્ક્રમણ એટલે શું?' તે વિષયક ગજબનું ચિંતન તેમણે મોકલ્યું છે!

'સાધુના આત્માને માટે મોટામાં મોટું અને સાચું મહાભિનિષ્ક્રમણ એટલે ચોમેરથી તથા હંમેશને માટે દેહાદિ ઉપરથી આત્મભાવ ઉઠી જવો અને આત્મામાં જ આત્મભાવ કાયમ રહેવો તે. વળી દેહ વગેરેમાંથી ચાલ્યા જવું, બહાર જવું, તેની અસરથી પર થઈ જવું, મુક્ત થઈ જવું... તે જ છે સાચું મહાભિનિષ્ક્રમણ.' આ ટકોર એટલી તો કામ કરી ગઈ છે કે અહા...! દેહાધ્યાસ નહીં છૂટે, ત્યાં સુધી આ સંયમ કેવી રીતે સફળ થશે? તેવો વિચાર સતત આવતો થઈ ગયો છે!

સાહેબજી આજે ભલે સ્થૂળ દેહે અનુપસ્થિત છે, કિન્તુ શબ્દદેહે તો હાજરાહજૂર જ છે અને આવા ઉપયોગી-ઉપકારક ચિંતનો લખી આપીને મહા-મહાઉપકાર કરી ગયા છે એમ જ નહીં, કિન્તુ અદ્યપિ કરી રહ્યા છે, તેવું અનુભવાય છે. અસ્તુ.

નવેમ્બર, ૨૦૧૯
**પેલેસ ઉપાશ્રય, જામનગર**

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

# સ્વયંમાં સ્થિત થવાની ગુરુચાવી...



રાતામહાવીરજી તીર્થમાં પૂ. ગુરુમહારાજે એક વાત કરેલઃ ૧૭મી સદીમાં ઉપાધ્યાયશ્રી યશોવિજયજીમહારાજને કોઈએ કૂતુહલતાથી પૃચ્છા કરીઃ 'સાહેબજી, ગુરુની જરૂરત કેમ હજુ અમને લાગતી નથી?' ત્યારે ઉત્તર મળ્યો તેમનેઃ 'જ્યારે તમારી પાસે બધું હોવા છતાં એવું લાગશે કે મારી પાસે કંઈ જ નથી, ત્યારે સદ્ગુરુની જરૂર પડશે તમને. જ્યારે તમારું ધન અંદરની નિર્ધનતાને છતી કરશે કે પછી જ્યારે તમારી બુદ્ધિમત્તા તમને મૂઢતા સમાન લાગશે, ત્યારે સદ્ગુરુની જરૂરત ઉભી થશે તમોને. સદ્ગુરુ જ નૂતન આયામોની યાત્રા કરી શકો એવા નવજીવન તરફ લઈ જશે. એ પછી જ્યારે તમે સત્યની ખોજ ઉપર નીકળશો અને લક્ષ્ય પ્રાપ્ત કરી લેશો... ત્યાર બાદ તમે પરત નહીં ફરો, વિલીન થઈ જશો. પછી શેષ રહેશે માત્ર ને માત્ર સત્ય.'

સ્વયંમાં સ્થિત થવાની ગુરુચાવી બતાવી આ રીતે તેઓએ - એક દીવાદાંડી સમાન. આજે થાય છેઃ આવો, આ પ્રાજ્ઞપુરુષની વાણીને સમજીને આજથી જ સાચા અર્થમાં અમીર બનીએ. 'હું કર્તા છું' એ અજ્ઞાન ત્યાગીને સમ્યક્જ્ઞાનનાં યાત્રિક બનીએ. જે પકડતા નથી તે છોડતા નથી. બાહ્યજગતમાં ગૌણને છોડીશું, તો અંતરમાં જે મેળવશું તે શ્રેષ્ઠ હશે, કારણકે તે હશે ગુરુમહારાજે દર્શાવેલ સ્વયંના પરમરસમાં લીન થઈ જવું! એ લીનતામાં રહેવા બસ, અધ્યાત્મના આ વહેણમાં હવે વહેવું છે.

**હમણાં રજા લઉં છું... થોડા સમય પછી ફરીથી મળવા. અસ્તુ.**

નવેમ્બર, ૨૦૧૯
મુંબઈ/વડોદરા

સી. કે. મહેતા









સરસ્વતિ નમસ્તુભ્યં સર્વદેવિ નમોનમઃ ।
શાન્તરૂપે શશિધરે સર્વયોગે નમોનમઃ ॥

## નાદ-બિન્દુ-કલા        30/9/1964

(1) નાદમાંથી બિંદુની ઉત્પત્તિ થવી તે સૃષ્ટિનો ક્રમ છે, એટલે કે ઉત્પત્તિ વખતે બધું બ્રહ્મમાંથી નાદમાં અને એ પછી જ સર્વ બધું નાદમાંથી બિંદુમાં આવે છે.

આ સૃષ્ટિક્રમ નીચે મુજબ છે:

પરબ્રહ્મમાંથી ઉન્મના, સમના, વ્યાપિની, શક્તિ, નાદાંત, નાદ, નિરોધિની, અર્ધચન્દ્ર, બિન્દુ, મ, ઉ અને અ. અહીં છેલ્લા ત્રણ - એ ૐકારનું વ્યક્ત સ્વરૂપ છે. સંહારક્રમ અ થી ઉન્મના સુધી ઊંધા ક્રમમાં સમજવો.

(નાદમાંથી બિન્દુની વાત પુરી, હવે બિંદુમાંથી કલાની વાત.)

(2) બિંદુમાંથી જે કલા છે, ત્યાં કલાનો અર્થ બધાની 3 અંશરૂપ કલાઓ લેવી. તે ત્રણેય કલાઓ અનુક્રમે મ (સુષુપ્તિ), ઉ (સ્વપ્ન) અને અ (જાગ્રત) છે. અહીં કલા = વ્યક્ત-અવ્યક્ત ૐકારનો ૧ અંશ. બિન્દુથી સમના સુધી અવ્યક્ત ૐકાર, જ્યારે તે પૂર્વે વ્યક્ત ૐકાર છે.

(3) બીજી અપેક્ષા એ છે કે: શક્તિ, વ્યાપિની, સમના અને ઉન્મનાને જ 'કલા' કહેવામાં આવે છે. નાદાંત અને નાદને જ 'નાદ' કહેવામાં આવે છે અને નિરોધિની, અર્ધચંદ્ર અને બિંદુને જ 'બિન્દુ' કહેવામાં આવે છે.

આ અપેક્ષાથી વર્ણન ઘણા સ્થળોમાં છે, તેથી જણાવ્યું છે.
એ અપેક્ષાએ સંહારક્રમમાં બિંદુમાંથી કલા ઘટે.

(૪) સૃષ્ટિક્રમ = કલામાંથી બિંદુ. સંહારક્રમ = બિંદુમાંથી નાદ.

(૫) સૃષ્ટિક્રમ = નાદમાંથી બિંદુ. સંહારક્રમ = બિંદુમાંથી નાદ.

(૬) નાદ અને બિંદુ એ બંને જીવની અવસ્થાઓ છે. જીવની બિંદુ અવસ્થા ભ્રૂમધ્યમાં પ્રાપ્ત થાય છે અને જીવની નાદ અવસ્થા લલાટાંતમાં પ્રાપ્ત થતી હોય છે.

(૭) સંહારક્રમથી જીવનું જે ગુણસ્થાનક બિંદુ અવસ્થામાં હોય, તેના કરતાં તે નાદ અવસ્થામાં ચઢીયાતું હોય છે.

(૮) સૃષ્ટિક્રમનો સંબંધ ગુણસ્થાનકો સાથે નથી પણ જીવની ઉત્પત્ત્યાદિ અવસ્થાઓને લગતો છે. ક્ષાયોપશમિકભાવમાં નિરોધિની સુધી ચઢીને જીવ જ્યારે પાછો પડે છે, ત્યારે પતનની અપેક્ષાએ ગુણસ્થાનોનો ઉલ્ટો ક્રમ કહેવાય છે.

(૯) કેટલાક સ્થળોમાં ઉન્મનીને 'મહાબિંદુ' કહે છે, તે અપેક્ષાએ સૃષ્ટિક્રમમાં મહાબિંદુથી નાદ ઉત્પન્ન થાય છે. કેટલાક સંપૂર્ણ બિંદુચક્રને 'નાદ' કહે છે, કેટલાક બિંદુ ચક્રના આઠને 'નાદ' અને બિંદુને માત્ર 'બિંદુ' કહે છે.

(૧૦) 'કલા' શબ્દ તો ઘણા જુદા અર્થોમાં વપરાય છે, પણ સાધનાને યોગ્ય અર્થ પ્રણવની ૧૧ કલાઓ છે, તે આ રીતે:

'નયચક્ર સાર'માં જણાવેલ પ્રમાણે:

| | | | | |
|---|---|---|---|---|
| અ | હ્રસ્વ | જાગ્રત | દર્શન | ચેતન કળાઓ |
| ઉ | દીર્ઘ | સ્વપ્ન | ચારિત્ર | |
| મ | પ્લુત | સુષુપ્તિ | તન્મયતા | |

| | | | | |
|---|---|---|---|---|
| બિંદુ | બિંદુ | સૂક્ષ્મ | | |
| | અર્ધચંદ્ર | સૂક્ષ્મ | | |
| | નિરોધિની | સૂક્ષ્મ | | |
| નાદ | નાદ | અતિસૂક્ષ્મ | તુર્ય | અચેતન કળાઓ |
| | નાદાંત | અતિસૂક્ષ્મ | તુર્ય | |
| કળા | શક્તિ | અતિસૂક્ષ્મ | તુર્ય | |
| | વ્યાપિની | અતિસૂક્ષ્મ | તુર્ય | |
| | સમના | અતિસૂક્ષ્મ | તુર્ય | |
| નિષ્કલ → | ઉન્મના | પર | તુર્યાતીત. | |

કેટલાક ઉન્મનાને કળા નહિ, પણ અચેતન કળામાં ગણે છે.

(૧૧)જાગ્રત, સ્વપ્ન આદિ દશાઓ જૈનોની અપેક્ષાએ:

સુષુપ્તિ (જડશયન) - મિથ્યાત્વ દશા
સ્વપ્ન અવસ્થા - સમ્યક્ત્વ દશા
જાગ્રત અવસ્થા - સર્વવિરતિ - સુવ્રત દશા
તુર્ય અવસ્થા - કેવળી દશા ગણાય છે.

(૨૨) બિંદુને શક્તિ સ્વરૂપ કહેલ છે, તે પણ અપેક્ષાએ છે.
બધા જ (આગાધાર) પદોને 'શક્તિ' કહેવામાં આવે છે,
કારણકે ૐ સ્વયં કુંડલિની શક્તિ સ્વરૂપ છે.

(૨૩) પરમાત્માની બે શક્તિ: બિંદુશક્તિ - વિસર્ગશક્તિ.
વિસર્ગશક્તિથી સંસારનું સર્જન થાય છે, જ્યારે
બિંદુશક્તિથી મોક્ષમાર્ગનું સર્જન થાય છે.

(૨૪) બિંદુને મૂળશક્તિ કહે છે. પરમાત્મા જ્યારે સર્જનની ઇચ્છાથી 'एकोऽहं बहुस्याम्' વડે પોતે જ પોતા તરફ જુએ, ત્યારે બિંદુશક્તિમાંથી વિસર્ગશક્તિ ઉત્પન્ન થાય છે.
અદ્વૈતની અંદરથી જ દ્વૈત સર્જાય છે.

વિસર્ગમાં જે ઉપર છે, તે સૂર્ય અથવા પ્રાણવાયુ અને વિસર્ગમાં જે નીચે છે, તે ચંદ્ર અથવા અપાનવાયુ છે. મોક્ષમાર્ગ માટે એ બન્ને વાયુનું સામરસ્ય જરૂરી છે.
સંસારનું સર્જન એ બંનેના વૈમુખ્યથી થાય છે.

ઈડા અને પિંગલામાં પ્રાણોનું વહન એ સંસારનું કારણ તથા સુષુમ્ણા નાડીમાં પ્રાણોનું વહન તે મોક્ષનું કારણ બને છે. સુષુમ્ણામાં વહન થયા પછી સાધના કરવી પડતી નથી, સ્વયં થયા કરે છે. સુષુમ્ણાનો સ્વભાવ જ એવો છે કે તે સાધકને બ્રહ્મ તરફ ઉંચે (બ્રહ્મરંધ્રે) લઈ જાય છે.

(૨૫) નાદ-બિંદુ તે સૃષ્ટિક્રમમાં શક્તિનું રૂપાંતર છે. શક્તિ તે નાદ-બિંદુનું રૂપાંતર છે પણ સંહારક્રમમાં. સમનામાં અગ્યારે માત્રાઓ અથવા કળાઓ સૂક્ષ્મરૂપે જે પિંડિતરૂપે પડેલી હોય છે, એમ દરેક કળામાં ઉત્તર-કળાઓ બધી પિંડિત હોય છે. દા.ત. બિંદુમાં અ, ઉ, મ પિંડિત છે. સંહારક્રમમાં અને સમનાદિ અર્ધચંદ્ર સુધી ભાનરૂપે પિંડિત છે. પ્રત્યેક અવસ્થામાં બધી અવસ્થા ગૌણ રીતે હોય છે. અ ની બીજ ઉ માં અને મ માં પણ અગ્યારે કળાઓ છે, કારણ કે બધામાં બિલ્વાદિ તો 'સર્વ શિવમય |' જ છે. અવ્યવહારિક જીવેની દશા તે અશિવમય (ભેદ) અને ઉપરની શિવમય (અભેદ) છે. દા.ત. બિંદુની અપેક્ષાએ મ (સુષુપ્તિ) ભેદ છે અને

ઉન્મનાદિ-અર્ધચંદ્ર પર્યંત અભેદ છે.

(૨૬) સેતુબંધ = ઉન્મના, સમના, વ્યાપિની અને શક્તિ એ ચારનો ક્રમિક સમૂહ. એ શબ્દ પરમ શ્રેષ્ઠ એવા મોક્ષમાર્ગના અર્થમાં વપરાય છે અને તેને સૌ માર્ગો ઉપર રહેલ ચઢિયાતો માર્ગ કે 'સર્વાધ્વો પરિવર્તિ' કહેવાય છે.

સંસારી જીવમાં નાદ-કળા-બિન્દુ એટલે?

તેમાં નાદ તે દ્રવ્ય, કળા તે ગુણ અને બિન્દુ તે પર્યાય.

સંસારી અવસ્થામાં આત્મદ્રવ્ય સદા ય કંપમાન હોવાથી
તે સૂક્ષ્મ નાદરૂપ છે, હંસસ્વરૂપ નથી. ઉન્મના, સમના,
વ્યાપિની અને શક્તિરૂપ કલાઓ ગુરૂના સ્થાને છે.
બાકીના બધા બિંદુરૂપ પર્યાયો સમજવા.

સિદ્ધ અવસ્થામાં નાદ - બિંદુ - કલાનો સંભવ જ નથી.

બે પ્રકારની સૃષ્ટિ : નાદરૂપ અને બિંદુરૂપ.
નાદરૂપ સૃષ્ટિ ગુરૂપરંપરાથી ચાલે છે, જ્યારે
બિંદુરૂપ સૃષ્ટિ જન્મપરંપરાથી ચાલે છે.

પરમશિવથી લઈને પરમ ગુરૂ પર્યંત ચાલી આવતી જ્ઞાન પરંપરાની પ્રધાનતા છે એટલે વિદ્યાક્રમને 'કુલ' કહે છે.
કુલનો અર્થ જાતિ છે. જન્મક્રમ ગૌણ છે.

ઉપાસ્ય પણ ચૈતન્ય છે અને ઉપાસક પણ ચૈતન્ય છે. બંનેને એક બતાવવાવાળું શાસ્ત્ર એ 'કુલ શાસ્ત્ર' છે. કુ = પૃથ્વી, લ = લીન થવું. પૃથ્વી તત્ત્વ મૂલાધારમાં છે. મૂલાધારચક્રને ય કુલ કહે છે. મૂલાધારથી સુષુમ્ણાનાડી મળી છે. તેમાંથી ઉઠીને કુંડલીની સહસ્ત્રારમાં પરમશિવથી સામરસ્ય પ્રાપ્ત કરે છે. લક્ષણાથી સુષુમ્ણાને પણ 'કુલ' કહેવાય છે. કુંડલીની શક્તિરૂપ છે. શક્તિ એ સૃષ્ટિ છે, તેથી સૃષ્ટિ એ જ કુંડલી છે. એ ઉપરથી કુંડલીને પણ 'કુલકુંડલી' કહે છે.

## The door of devotion

Whatever you do with yourself or others,
do it remembering
that God is omnipresent.
Do everything in the presence of
ever watchful divine eyes of the lord.
The door of Bhakti is open to all.
The only passport needed is
the desire for mukti, liberation.
This is the real purpose of
human birth and therefore
the real duty of every man.

आदा गुरवो सत्थं ति पच्चक्खा वाऽऽदिणोक्खिज जिणवरस्स।
सपच्चक्खत्तणाओ सीसाण उ तिप्पयारो वि ॥२१४१॥

:અર્થ:

આત્મા, ગુરુ અને શાસ્ત્ર - એમ ત્રણ પ્રકારે પ્રત્યક્ષ છે.
સ્વપ્રત્યક્ષપણાદિ પહેલો પ્રત્યક્ષ જિનેશ્વરનો ઉપદેશ છે
અને શિષ્યોને ત્રણ પ્રકારનો ઉપદેશ છે.

ઈશ્વરની આસક્તિ લાગે તો જ જગતની આસક્તિ જાય.
ભૌતિક સંપત્તિ ભલે જાય પણ હૃદયની સંપત્તિ સાચવો.
ઈશ્વર અને ગુરુ એ બે આપણા જીવનરથના પૈડાં છે.
આપણા જીવનની ત્રાજવામાં ત્રાજવા વાતો કરીશું, છતાં જેની
નજરમાંથી આપણે ઉતરવાના જ નહિ, એને 'ગુરુ' કહેવાય.
સ્થિરતા, શુદ્ધીકરણ અને વ્હાલીકરણ - એ ત્રણે ય વસ્તુ
માટે ગુરુની જરૂર છે. આપણામાં વ્હાલ છે કે નહિ, એની
સંમતિ કે અસંમતિ પણ ગુરુ જ આપે છે, માટે વંદનીય છે.
વ્યક્તિ સમષ્ટિમાં ભળીને પરમેષ્ઠિ બની શકે છે.
આપણી શક્તિ વ્યક્તિમાં નહિ પણ સમષ્ટિમાં છે.
સમષ્ટિનિષ્ઠા હોય તો જ પરમેષ્ઠિની પ્રાપ્તિ થઈ શકે.
એકલો મહાન શાસન નહાવતા બેઠો છે પણ
શાસન અનેક નહાવતા ભેગા થવાથી દીકરું બને છે અને
સમગ્ર વિશ્વને તથા વિશ્વેશ્વરને પણ જીતે છે.
o જ્યાં સુધી જ્ઞાનનો સારાસાર, પુણ્યપાપ અને ગુણદોષ
સાથે સીધો સંબંધ બંધાશે નહિ, ત્યાં સુધી તે જ્ઞાન પૂર્ણ
સુખ, પૂર્ણ કલ્યાણ કે જીવનને અમૃતમય બનાવી શકશે નહિ.
જ્ઞાનનું ફળ વિવેક છે નહિ,
વિવેકનું ફળ વિરતિ, સત્કર્મ અને સદ્વર્તન છે.

## સુખ-દુઃખનું કારણ શુભાશુભ કર્મ

ભગવંતે સતત પોતાનું મનોમંથન કરવું જોઈએ અને
પૂછવું જોઈએ કે પોતે પવિત્ર અને નિર્વિકારી બન્યો?
ભક્તિ વખતે પણ આ જ દૃષ્ટિકોણ રહેવો જોઈએ.
ભક્તિ અર્થાત્ ભગવાનના નામનું રટણ કે પૂજન જ નહિ,
કિન્તુ ભગવાન જેમ પૂજ્ય અને પવિત્ર છે,
તેમ આપણે પણ સ્વચ્છ અને પવિત્ર કર્મો બનાવશો,
જેથી આપણે પણ પૂજ્ય અને પવિત્ર બનીએ.
સાચા જ્ઞાની કે સાચા ભક્તો આ રીતે પોતાના કર્મોને
શુદ્ધ અને વિકારરહિત બનાવવા પ્રયત્ન કરવો જોઈએ.
જ્ઞાની કે ભક્તનો પણ જીવનવ્યવહાર વિકારથી મુક્ત નહિ
બન્યો હોય, ત્યાં સુધી દુઃખનો સંપૂર્ણ નાશ થવાનો નથી.
પવિત્રતા જ સાચા સુખનું કારણ અને
શુદ્ધ કર્મ એ સાચા અને સારા જીવનનો પાયો છે.
આ પાયો જ નહિ હોય તો તેના ઉપરની
જ્ઞાન, ભક્તિ, દાન કે તપ વગેરેની
ભવ્ય ઇમારત ટકી શકશે જ નહિ.
શરીરમાં જેમ થોડી પણ તકલીફ હોય તો દૂર કરવા પડે,
તેમ કર્મની અંદર થોડી પણ વિકૃતિ હશે, તો તેને દૂર કરવા

તરત મહેનત કરવી જ પડશે. સુખ-દુઃખને સમાન માનવાની સાધના કરવા કરતાં દુઃખનાં કારણો જ જીવનમાં ન રહે તેવો પુરુષાર્થ કરવો જોઈએ. તે માટે કરવું પડતું કષ્ટ, તેને 'કષ્ટ' ગણવું જોઈએ નહિ પણ પુરુષાર્થ માનવો જોઈએ.

## Non-Resistence

જ્યારે પણ આપણા મનમાં કશાકનો વિરોધ જાગે, ત્યારે સ્વાભાવિક રીતે જ આપણા શરીર અને મન તંગ બને છે. એના પરિણામે એક કે બીજા પ્રકારનું ખેંચાણ રહે જ છે. તમને જે ગમતું નથી એ વિષે વિચાર કે એનો વિરોધ ન કરશો, એ રીતે તમારી જાતને એની સાથે બાંધશો નહિ, અન્યથા માત્ર એ વિષેના વિચાર અને વિરોધભાવથી જ એની સાથે બંધાઈ જશો. આપણા માટે જે દુઃખકારક અને ભારરૂપ હોય એનો વિચાર જ મનમાંથી કાઢી નાંખો. 'મારામાં રહેલો ઈશ્વર વિશ્વની કોઈપણ વસ્તુ કરતાં વધુ મહાન છે. હું અને પરમેશ્વર છેવટે તો એકરૂપ જ છીએ, ઈશ્વર સદા મારી સાથે જ છે' એમ જ સતત વિચારો. દુઃખ અને તંગ દશામાંથી પણ મુક્ત થવું શક્ય છે જ. આપણા મન-વિચારોમાં મુશ્કેલીઓને સ્થાન આપીએ છીએ, ત્યારે એ માટે આપણે ઘણી મોટી કિંમત ચૂકવવી પડે છે.

સૌ એ ચિંતન શારીરિક દુઃખ, માનસિક યંત્રણા, ભાગ્યના સંઘર્ષ અને બગડેલા સંબંધોના રૂપમાં ચૂકવાએ છીએ.

Imp

Non-Resistence એ જ એનો એક અને માત્ર એક ખાતરીવાળો ઉપાય છે.

જીવનમાં કોઈપણ દુઃખ ઊભો થાય અને તમે એનો વિરોધ કરો, ત્યારે વાસ્તવમાં એ અજાણતા અનુભવને તમારા જીવન સાથે સજ્જડપણે જકડી લ્યો છો અને જે શક્તિ એ દુઃખ પાસે નહિ, એ શક્તિ તમારી પોતાની પાસેથી ઉછીની આપીને તમે એને મજબૂત બનાવો છો. એની સાથે યુદ્ધ કરીને તમે એને વધારે શક્તિશાળી કરો છો. તમારી જ ચૈતન્યશક્તિનો ઉપયોગ કરીને એ દુઃખ તમારામાંથી જ પોષણ મેળવીને જીવતું રહે છે. એનો તમે સ્વીકાર કરો છો એ વાત જ એનો ખોરાક બની જાય છે.

મુશ્કેલી તો દરેકને રહે છે. કોને નથી રહેતી?

એના ઉપર ધ્યાન જ ન આપો.

'ઈશ્વરની હાજરી મારામાં છે'

એવા વિચારોથી સમગ્ર ચેતનાને છલકાવી દો.

મન અને શરીર દ્વારા પેદા દુઃખ સામે વિરોધ કર્યા વગર ઈશ્વરી વિચારને આખા ય શરીરમાં જગા કરી આપો.

પ્રયત્નપૂર્વક આખા શરીર અને મનને શાંત કરી દો,
મનને શૂન્ય બનાવો. ભય અને વિરોધની ભાવનામાંથી એને
મુક્ત કરી દો. એમાંથી ચિંતા, નિરાશા, હતાશા અને
અહિત બાબત વિનાશકારક ભાવનાઓ જન્મતી હોય છે.
એક ઊંડો શ્વાસ લો અને ઊંડો નિશ્વાસ બહાર કાઢીને
એની સાથે એ બધાં જ સેતાની બચ્ચાંઓને બહાર કાઢો.
એ જ હોય છે બધી તકલીફનાં મૂળ. આ શ્વાસોચ્છ્વાસમાં
થોડી પળો કરતાં વધારે સમય જવો જોઈએ નહિ.
બારવાર ઊંડો શ્વાસ લો અને એ સાથે તમારી ચેતનામાં
તમારામાં રહેલ સનાતન, સતત ચેતન અને ક્રિયાશીલ
શક્તિની હાજરીના વિચાર અને ભાવનાઓને ભરો.
સચરાચરવ્યાપી શુભ વિષે સભાન બનો.
એ બનતાંની સાથે જ બાકી કોઈ વિચાર મનમાં નહિ રહે.
મનમાં એની સાથે એક જ વિચાર વસી શકે છે.
'જાત, જગત અને ઈશ્વર સાથે હું એક બની રહ્યો છું.'
માત્ર ૮ સેકંડ જેટલા ટુંકા ગાળા દરમ્યાન આ ભાવના કરવાથી
શરીરનું આખું અસ્તિત્વ શાંતિની શીતળતા અને પ્રકાશની
ઉષ્માથી ભરાઈ જશે, ઊભરાઈ જશે. આપણને તંગ કરનારી
ભાવનાને દૂર કરનારી અને અવિરોધ ભાવના જગાવનારી
આ આખીય પ્રક્રિયામાં ૧૦ સેકંડથી વધારે સમય નહિ લાગે.

બનનારી ઘટનાને આપણે બદલી ન શકીએ પરંતુ તેના પ્રત્યે જોવાનો દૃષ્ટિકોણ તો આપણે જરૂર બદલી શકીએ.

સર્વચિન્તા પરિત્યાગો નિશ્ચિન્તો યોગ ઉચ્યતે ।
સર્વ ચિન્તાનો પરિત્યાગ કરી નિશ્ચિંત થવું તે 'યોગ'.

સ્વનું ભાન એ પરના અહંકારને દૂર કરે છે.
સ્વનું અભાન અને પરનો અહંકાર બે સાથે રહે છે.

3 પ્રકારના ભાવ

૧) પરિધિમાં રહેવું તે બહિરાત્મભાવ.
૨) પરિધિથી કેન્દ્રમાં જવું તે અંતરાત્મભાવ.
3) સર્વત્ર કેન્દ્રરૂપ થવું તે પરમાત્મભાવ.

ॐ અને ૪ ચક્ર

આજ્ઞાચક્ર = પંચતન્માત્ર - ઈન્દ્રિય - ચિત્ત અને મનતત્ત્વ.
ભાલચક્ર = અહંકારતત્ત્વ. બ્રહ્મરંધ્ર શતદલ = મહત્તત્ત્વ
તથા સહસ્ત્રારચક્ર = પરમાત્મતત્ત્વ.

હ = શિવ (શબ્દબ્રહ્મ), સ = શક્તિ (વર્ણબ્રહ્મ).
અ = નાદરૂપ, ઉ = બિંદુરૂપ, મ = કલારૂપ, ૐ = જ્યોતિરૂપ.

નવચક્રં ષોડશાધારં ત્રિલક્ષ્યં વ્યોમપંચકમ્ ।
સ્વદેહે યો જાનન્તિ કથં ન સિધ્યન્તિ યોગિનઃ ॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

0 सर्वापि जीव्या करुणा न लक्ष्मीः ।
धर्म प्रकाशः सततं न दीपः ।
स्थिराणि पुण्यानि न जीवितानि ।
यशांसि रम्याणि न यौवनानि । (પરિશિષ્ટ-૨)

આજના અંતરના ઉદ્ગાર

આપણે નિત્ય પ્રાર્થીએ છીએ...

'કોઈપણ જીવ પાપ ન કરો' તો એનો અર્થ એ છે કે:
કોઈપણ જીવ હિંસા કે ક્રોધ ન કરો તથા ક્ષમા ધારણ કરો.
કોઈપણ જીવ દુઃખી ન થાઓ, જીવમાત્ર કર્મમુક્ત બનો,
અસંયમનું સેવન ન કરો, પાંચે ઇંદ્રિયોને દમનારા થાઓ.
સર્વે તૃષ્ણારહિત થાઓ, મનને જીતનારા થાઓ.
કોઈપણ પાપ ન કરો, ક્ષમાવાન બનો, અહિંસક થાઓ.
સર્વે દુઃખ ન પામો, દાંત બનો, સંયમી થાઓ, શાંત બનો.
સર્વે કર્મમુક્ત થાઓ, તપસ્વી બનો, તૃષ્ણારહિત થાઓ.
ક્રોધથી પાપ થાય, કામથી દુઃખ મળે, લોભથી ભવ વધે છે.
પાપનું મૂળ હિંસા, દુઃખનું મૂળ અસંયમ, ભવનું મૂળ તૃષ્ણા,
કિન્તુ અહિંસા, સંયમ, તપ, ક્ષમા, દાંત, શાંત-
એ બધા પાપ, દુઃખ અને કર્મનાં પ્રતિકાર
કરવાના આપણા પરાક્રમી આત્માનાં ગુણો છે.

વાસનારહિત થવા માટે તપ, દુઃખમુક્ત બનવા માટે સંયમ અને પાપરહિત થવા માટે અહિંસા છે.

અહિંસા માટે ક્ષમા, સંયમ માટે ઇંદ્રિયનિગ્રહ તથા તપ માટે ઇચ્છાનિરોધ જોઇએ. સાધકને ક્ષમા માટે મૈત્રી, ઇંદ્રિયના નિગ્રહ માટે વૈરાગ્ય અને ઇચ્છાનિરોધ માટે જ્ઞાન જોઇએ. 'કોઇપણ જીવ પાપ ન કરો, દુઃખી ન થાઓ, ભવમાં ન ભમો' એ ઇચ્છારૂપ મૈત્રી છે. એ ઇચ્છામાં 'પૃથ્વીકાયાદિ જીવ હિંસા, અસંયમ અને લોભ ન કરો' એ ભાવના સમાઈ જાય છે અને એ ભાવનામાં 'પૃથ્વીકાયાદિ જીવ કામ, ક્રોધ, લોભને આધીન ન થાઓ' એ વિચાર પણ આવી જાય છે. મૈત્રીમાં જીવ પ્રત્યે પ્રેમ છે. વૈરાગ્યમાં વિષયો પ્રત્યે દ્વેષ-અણગમો છે અને જ્ઞાનમાં સમત્વની ઝંખના છે. મૈત્રી વડે ક્ષમા, ક્રોધનિગ્રહ અને હિંસાત્યાગ સધાય છે. વૈરાગ્ય વડે સંયમ, ઇંદ્રિયદમન, દુઃખનિરોધ સધાય છે. જ્ઞાન વડે તપ, ઇચ્છાનિરોધ અને કર્મક્ષય સધાય છે.

કર્મક્ષય માટે ઇચ્છાનિરોધ, ઇચ્છાનિરોધ માટે તપ. એ રીતે દુઃખક્ષય માટે ઇંદ્રિયનિગ્રહ અને તેના માટે સંયમ-સદાચાર તથા પાપક્ષય માટે હિંસાત્યાગ, તેના માટે ક્રોધનિગ્રહ અને તેના માટે મૈત્રી એ સાધન છે.

ભક્તિ એ આરાધ્યવિષય ધર્મધ્યાન છે.
મનની એકાગ્રતા થવા ભક્તિ અને શ્રદ્ધા આવશ્યક છે.
શ્રદ્ધા એ ભક્તિરસનો સ્થાયીભાવ છે.

ભક્તિનાં ભિન્નભિન્ન પ્રકારો

શ્રદ્ધાના પ્રેરણાસ્ત્રોતમાંથી જ સંચાલિત થતાં રહે છે. 'નમો' મંત્રમાં પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ એ ચારે અર્થો રહેલાં છે. ઇચ્છા, શાસ્ત્ર અને સામર્થ્ય યોગ પણ તેમાં છુપાયેલાં છે. ધનનું રક્ષણ તિજોરીથી, તનનું રક્ષણ ઘરથી અને મનનું રક્ષણ મંત્રથી થાય છે. મંત્ર એ મનને રહેવાનું ઘર અને રક્ષણ કરનાર તિજોરી છે. મંત્રનું મહત્ત્વ તો જ સમજાય કે જો મનનું મહત્ત્વ સમજાય. મનમાં પ્રીતિ, ભક્તિ, ઇચ્છા, શાસ્ત્ર અને સામર્થ્ય છુપાયેલાં છે, તેથી તે બધાનું રક્ષણ મંત્ર વડે થાય છે, કેમકે મંત્રમાં પ્રીતિ, ભક્તિ, ઇચ્છા, શાસ્ત્ર, સામર્થ્યાદિ ભરેલાં છે.

'હું' અને 'મારું' એ જીવનો વિરોધિભાવ
'તું' અને 'તારું' છે.
'તું' અને 'તારું' જણાવવા 'નમો અરિહંતાણં' છે.
તેમાં 'હું તારો છું' એવો ભાવ છે.
તું 'સ્વામી' અને હું 'સેવક'. તું 'નાથ' અને હું 'દાસ'.

રાગ જો ખોવાઈ જાય તો અંકુશ માટે વળી શો વિવાદ?

હું જો તારો છું, તો મારું તો તારું છે જ.

'હું પણ મારો નહિ પણ તું જ એક મારો છે'

એવો ભાવ આ નમસ્કાર મહામંત્રમાં પ્રગટ થાય છે.

પરમાત્મા સર્વરૂપ-સર્વનામ છે, પરમ પ્રેમ, પરમ અહિંસા, પરમ નિર્વૈરતા, પરમ આત્મદર્શન, એ બધા એકાર્થક છે.

પ્રેમયોગ પૂર્ણ ધર્મયોગ છે.

આત્માનું કલ્યાણ = આત્માનું મન પર સ્વામિત્વ મેળવવું. આત્મા મનને આધીન છે તેથી તેનું અકલ્યાણ થાય છે, તેને અસુખ ઊપજે છે, તેને બેચેની જન્મે છે. તે સર્વ તો જ જાય કે જો મન તેને આધીન બને અને મન આત્માને આધીન તો જ બને કે પરમાત્મામાં પોતાનું સર્વસ્વ સમર્પણ કરે, પરમાત્માને જ સર્વસ્વ માને અને પોતાનું કાંઈ છે જ નહિ એમ માને. સંવર અને સમતા એકાર્થક છે. નિર્જરા અને નિરોધ સમાનાર્થક છે. ઈર્યાથી પગની, ભાષા વડે મુખની, એષણા તથા નિક્ષેપણાથી હાથની, પારિષ્ઠાપનિકા વડે ઉપસ્થ-ગુદાની, મન-ગુપ્તિથી અંતઃકરણ ચતુષ્ટયની, વચનગુપ્તિ વડે પ્રાણાપાનની અને કાયગુપ્તિ વડે પાંચે પાંચ જ્ઞાનેન્દ્રિયોની શુદ્ધિ થાય છે.

અષ્ટપ્રવચન માતાના શતશઃ પાલન વડે
પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય, અને અંતઃકરણ
અને જે બ્રહ્મચર્યપાલનની શુદ્ધિ થાય છે.
જ્ઞાનરૂપી અગ્નિમાં મંત્રજાપ વડે બ્રહ્માહુતિ આપવાથી
સ્વયં સ્વાહા થઈ જ્ઞાનમય બની જાય છે.
આમ મંત્રજાપ વડે યોગનાં બધાં અંગો સધાઈ જાય છે.
૦ સ્યાદ્વાદનો સિદ્ધાંત અવલોકન દૃષ્ટિને વિશાળ
બનાવી સંકુચિત દૃષ્ટિથી ઉત્પન્ન થતાં કોલાહલોને શમાવે છે.
વિષય-કષાય-રાગ-દ્વેષના ઉભરા શમાવી
જનમાનસમાં મૈત્રીભાવ વિકસાવવા સ્યાદ્વાદ ઉપયોગી છે.
જૈન ઉપદેશનું રહસ્ય એક જ છેઃ રાગ-દ્વેષની નિવૃત્તિ.
જ્યાં સમન્વયદૃષ્ટિ છે, ત્યાં સ્યાદ્વાદ છે અને
ત્યાં વિરોધવૃત્તિ શમી જાય છે, એટલે
પછી સાધનામાર્ગ સાંપડે જ અને ફળ પણ મેળવાય જ.
સમન્વય, અવિરોધ, સાધન અને ફળ - એ સાચો ક્રમ છે.
ધર્મ એ મૂળ છે, મોક્ષ એ ફળ છે.
ફળને માટે આપવું એ ગરજ છે, જ્યારે
મૂળને માટે લેવું એ ફરજ છે.
દૃઢ શ્રદ્ધા, ભક્તિ અને પ્રેમથી જડ પણ ચેતન બને છે.

## રસમય સંસાર

(૧) મોહદૃષ્ટિએ જોતાં સંસાર હાસ્યરસથી ભરપુર છે.
(૨) આત્મદૃષ્ટિએ જોતાં સંસાર સમતારસથી ભરેલો છે.
(૩) દુઃખની દૃષ્ટિએ જોતાં સંસાર કરુણરસથી ભરપુર છે.
(૪) પાપની દૃષ્ટિએ જોતાં સંસાર રૌદ્રરસથી ભરેલો છે.
(૫) કર્મના મિલનની દૃષ્ટિએ જોતાં અદ્‌ભુતરસથી ભરપુર છે.
(૬) ધર્મદૃષ્ટિએ જોતાં સંસાર એ વાત્સલ્યરસથી ભરપુર છે.
(૭) જાતીય દૃષ્ટિએ જોતાં સંસાર શૃંગારરસથી ભરપુર છે.
(૮) સજાતીય દૃષ્ટિએ જોતાં સંસાર વીરરસથી ભરપુર છે.
(૯) અજ્ઞાનદૃષ્ટિએ જોતાં સંસાર ભયાનકરસથી ભરપુર છે.
(૧૦) સ્વાર્થદૃષ્ટિથી જોતાં સંસાર બિભત્સરસથી ભરપુર છે.
(૧૧) પરમાત્મદૃષ્ટિએ જોતાં આ સંસાર જ્ઞાનાનંદથી પૂર્ણ અતિ પ્રગાઢ શાંતરસથી પૂર્ણ છલછલતો ભરેલો છે. સંસારમાં દુઃખ, પાપ, કર્મનો મિલન, ધર્મનો સદ્‌ભાવ, મોહ, અજ્ઞાન છે ઉપરાંત જાતીયતા અને સજાતીયતા પણ છે, અહીં આત્મતત્ત્વ અને પરમાત્મતત્ત્વ પણ વિદ્યમાન છે. એ બધાં દૃષ્ટિબિન્દુઓને જુદેજુદે વખતે આગળ કરવાથી તે તે રસથી નિષ્પત્તિ થાય છે. મુખ્ય રસ શાંતરસાધિરાજ છે, જેમાં સર્વ ઇચ્છા, વાસના અને તૃષ્ણાઓનો વિરામ છે.

## રસમય વિશ્વ

સંસારમાં દુઃખ છે માટે કરૂણતા છે,
અજ્ઞાન છે માટે ભયાનકતા, મોહ છે માટે હાસ્યાસ્પદતા,
વીર્ય છે માટે શૃંગારમયતા, સ્વાર્થ છે માટે બિભત્સતા,
ધર્મ છે માટે વાત્સલ્યમયતા,
કર્મનો નિયમ છે તે માટે અદ્‌ભુતતા,
પાપ છે માટે રૌદ્રતા, સામ્ય છે માટે ઉત્સાહમયતા તથા
પ્રકૃતિ છે માટે સંસારમાં શમરસતા (શાંતિ) છે.

## ભક્તિની એક નવી વ્યાખ્યા

'ઈશ્વરને જે ગમે તે મને ગમે અને તેને જે ન ગમે
તે મને ન ગમે' આ જાતની માનસિક તાલીમ તે 'ભક્તિ' છે.
ભક્ત અને ભગવાન વચ્ચેનો તે સંવાદ છે.

o જીવંત વ્યક્તિ કેવળ વ્યક્તિ કે કેવળ સામુદાયિક નથી.
નિમિત્ત જગતમાં પ્રકૃતિ સામુદાયિક છે.
કોઈપણ પાપકર્મ કરતી વખતે વ્યક્તિવાદી બનવું જોઈએ
અને પુણ્યનું સંપાદન કરતાં સમુદાયવાદી થવું જોઈએ.
વ્યક્તિ પોતાની સત્તાના જગતમાં પ્રકૃતિઃ વ્યક્તિ છે.

o તપો ન પરં પ્રાણાયામાત્
તતો વિશુદ્ધિર્મલાનાં દીપ્તિશ્ચ જ્ઞાનસ્ય ।

(પરિશિષ્ટ-૩)

## નવાવરણ પત્રિકા

| | | |
|---|---|---|
| (૧) ભૂપુર | | જાગ્રત |
| (૨) ષોડશદલ | અજ્ઞાનાવસ્થા | સ્વપ્ન |
| (૩) અષ્ટદલ | | સુષુપ્તિ |
| (૪) ચતુર્દશાર | શુભેચ્છા | ઈશ્વરવિચાર |
| (૫) બહિર્દશાર | | ગુરુઉપસદનં |
| (૬) અંતર્દશાર | વિચારણા | શ્રવણ |
| (૭) અષ્ટકોણ | તનુમાનસી | મનન |
| (૮) ત્રિકોણ | સત્વાપત્તિ-અસંસક્તિ | નિદિધ્યાસન |
| (૯) બિન્દુ | પદાર્થાભાવના-તુર્યગા | સવિકલ્પસમાધિ |

પરબ્રહ્માત્મક ........ સાપેક્ષ નિર્વિકલ્પસમાધિ

(૧) અમૃતાંભોનિધિ - ચિતિશક્તિ

(૨) રત્નદ્વીપ - દેહ

(૩) નાના વૃક્ષ મહોદ્યાન - લિંગ શરીર

(૪) કલ્પવાટિકા - સંકલ્પ - અંશ

(૫) સંતાનવાટિકા - હૃદય - શ્રોત્ર - આકાશ

(૬) હરિચંદનવાટિકા - અહંકાર - નાસિકા - પૃથ્વી

(૭) મંદારવાટિકા - બુદ્ધિ - ચક્ષુ - અગ્નિ

(૮) પારિજાતવાટિકા - ચિત્ત - જિહ્વા - જલ

(૯) કદંબવાટિકા - મનસ્ - સ્પર્શન - વાયુ

रत्नद्वीपे जगद्द्वीपे शतकोटि प्रविस्तरे ।
पञ्चविंशति-तत्त्वात्म-पञ्चविंशतिवप्रके ।
त्रिलक्षयोजनोत्तुंगे श्री विद्यायाः पुरं परम् ॥ (परिशिष्ट-४)

૮-૮ તત્ત્વોના ૩ કિલ્લા છે. પહેલાં ધાતુઓનો છે. લોઢાથી સોના સુધીની ધાતુઓના કિલ્લાની વચ્ચે ૧-૧ ઉદ્યાન તથા ૭-૭ બગીચા છે. તે ઉદ્યાનોના નામ અનુક્રમે નાના વૃક્ષ મહોદ્યાનથી માંડીને કદંબવાટિકા સુધીના છે. તેમાં ૬ એ ૬ ઋતુઓ છે. એક એક ઋતુમાં એક એક રસની પ્રધાનતા છે.

બાકી કિલ્લો જે રત્નોનો છે, તેના ૧૦ પ્રકાર છે:

| | | | | |
|---|---|---|---|---|
| (૧૦) પુષ્પરાગ | - | માંસ | - | શક્તિ |
| (૧૧) પદ્મરાગ | - | ઓજસ્ | - | શિવ |
| (૧૨) ગોમેદક | - | મેદ | - | શિવ |
| (૧૩) વજ્ર | - | અસ્થિ | - | શક્તિ |
| (૧૪) વૈડુર્ય | - | ત્વક્ | - | શક્તિ |
| (૧૫) ઇંદ્રનીલ | - | રોમ | - | શિવ |
| (૧૬) મુક્તા | - | શુક્ર | - | શિવ |
| (૧૭) મરકત | - | મજ્જા | - | શક્તિ |
| (૧૮) વિદ્રુમ | - | રુધિર | - | શક્તિ |
| (૧૯) માણિક્ય મંડપ | - | હૃદય | - | શક્તિ |

(૨૦) સહસ્ત્ર સ્તંભમંડપ - સહસ્ત્રાર - મસ્તક મધ્યે
(૨૧) અમૃતવાપિકા* - સહજસ્થિતિ - દ્વાદશાંત
(૨૨) આનંદવાપિકા - સવિકલ્પ સમાધિ - લલાટ મધ્યે
(૨૩) વિમર્શવાપિકા - નિદિધ્યાસન - ભ્રૂમધ્ય
(૨૪) બાલાતપોદ્ગાર - સૂર્યદ્વાર (પ્રવૃત્તિરૂપ બાહ્યજગત)
(૨૫) ચંદ્રિકોદ્ગાર - ચંદ્રદ્વાર (નિવૃત્તિરૂપ સચ્ચિદાનંદ)
(૨૬) મહાશૃંગાર પરિખા - ચૂલિકા (ચોટી) - ૧૧ ઇંદ્રિયો શાંત થાય છે તે સ્થળ અથવા તો ઇડા, પીંગલા, સુષુમ્ણા નાડીનું મિલનસ્થળ, તેને 'લંબિકાગ્ર' અથવા 'ઇંદ્રયોનિ' કહે છે.
(૨૭) મહાપદ્માવતી - હૃદય (સહસ્ત્રાર)
(૨૮) ચિંતામણિ ગૃહરાજ - સત્ત્વપ્રધાન મન

હવે પછી આવશે તે શુદ્ધ મનની વિભિન્ન વૃત્તિઓ છે:

(૨૯) પૂર્વામ્નાય પૂર્વ દ્વાર
(૩૦) દક્ષિણામ્નાય દક્ષિણ દ્વાર
(૩૧) પશ્ચિમામ્નાય પશ્ચિમ દ્વાર
(૩૨) ઉત્તરામ્નાય ઉત્તર દ્વાર
} ચાર વેદના ચાર મહાવાક્યો
(૩૩) રત્નપ્રદીપ વલય — વિવેક
(૩૪) મણિમય મહાસિંહાસન — મંત્રાર્થનું અખંડ ધ્યાન

*સંસ્કૃત શબ્દ 'વાપિકા' એટલે વાવ.

(૩૫) બ્રહ્મમયૈક મંચપાદ (સર્વકર્તૃત્વ) - મૂલાધાર ચક્ર
સૃષ્ટિશક્તિ

(૩૬) વિષ્ણુમયૈક મંચપાદ (નિત્યત્વ) - સ્વાધિષ્ઠાનચક્ર
સ્થિતિશક્તિ

(૩૭) રુદ્રમયૈક મંચપાદ (નિત્યતૃપ્તિ) - મણિપૂર ચક્ર
સંહારશક્તિ

(૩૮) ઈશ્વરમયૈક મંચપાદ (સર્વજ્ઞત્વ) - અનાહત ચક્ર
તિરોધાન શક્તિ

(૩૯) સદાશિવમયૈક મંચફલક (સ્વાતંત્ર્ય) - વિશુદ્ધ ચક્ર
અનુગ્રહશક્તિ

(૪૦) હંસતુલિકાતલ્પ (નિદિધ્યાસન) - આજ્ઞા ચક્ર
સુષુપ્તિ (પ્રલય)

(૪૧) હંસતુલિકા મહોપધાન - અવિદ્યા (અજ્ઞાન)
બાહ્યાનુવિદ્ધ-આંતરાનુવિદ્ધ - સવિકલ્પસમાધિ

(૪૨) કૌસુંભાસ્તરણ - સમષ્ટિ અહંકાર
અભેદ સાક્ષાત્કાર

(૪૩) મહાવિતાનક - મહત્તત્વ (અવ્યક્ત)
નિર્વિકલ્પ સમાધિ

(૪૪) મહામાયાયવનિકા - મૂલાવિદ્યા
યોગમાયા, મહાશ્મશાન.

ઉદારતાની ભાવનાથી પ્રેમ-મૈત્રી વધે છે અને
પ્રકૃતિની ભાવનાથી વૈરાગ્ય વધે છે.
ધર્મની ભાવનાથી વાત્સલ્ય વધે છે અને
કર્મની ભાવનાથી નિર્ભયતા વધે છે.
પ્રેમ સૌને સમાન બનાવે છે.
દિવ્યપ્રેમથી રાગ-દ્વેષ તથા અહંત્વ-મમત્વ નાશ પામે છે.
જીવનનો હેતુ પ્રેમ છે અને તેને સિદ્ધ કરવા
પ્રભુ સાથે તદાકારતા એ ઉપાય છે.
શરીરના રક્ષણ માટે સંયમ,
મનના રક્ષણ માટે તપ અને
પોતાના આત્માના રક્ષણ માટે અહિંસા તથા અપરિગ્રહ
એ સર્વોત્તમ ઉપાયો છે, ઉપરાંત
માનવજીવનની રોજબરોજની નિશ્ચિન્તતા મેળવવા માટે
ભક્તત્વ સ્વભાવનું ભાન હોવું, એ અચૂક ઉપાય છે.

Freedom from all imaginery concepts or the burning place of all false conceptions is due to મૂળકારણ - अविद्या. Person who is seated on the throne is Chit Shakti. This is Sri Nagar.

મન એ પતંગ છે, પ્રભુ એ દોરી છે
અને મંત્ર એ ચરખો છે.

મંત્રરૂપી ચરખો દિન-રાત ઘુમાવવાથી પ્રભુરૂપી દોરીથી બંધાયેલો મનરૂપ પતંગ આત્માને વશ રહે છે.

ભક્તિ એ કૃતિ કે કર્મ નહિ પણ જીવનનો દૃષ્ટિકોણ છે.
'જગત્ મારાથી નહિ પણ પ્રભુથી ચાલે છે'
એ દૃષ્ટિકોણનું નામ 'ભક્તિ' છે.

વિશ્વની કોઈપણ વસ્તુમાં જેને આસક્તિ, પરિગ્રહ કે સંગ્રહની ઇચ્છા રહેતી નથી, તે આખા વિશ્વને જીતી લે છે.

સંસારના તમામ પ્રાણીઓ ખેતરમાં ધાન્યના છોડવાઓની જેમ ઉત્પન્ન થાય છે અને ધાન્યની ફસલ પૂરી થતાં છોડવાઓ સુકાઈ જાય તેમ નાશ પણ પામતા રહે છે.

સંસારનું દરેક સુખ નાશવંત છે,
જીવની શક્તિને અને ઇંદ્રિયોના તેજને ક્ષીણ કરનારું છે.

જ્યારે મન સહિતની પાંચ ઇંદ્રિયો બુદ્ધિની શક્તિથી એક જ સ્થાનમાં સ્થિર થાય છે, ત્યારે તે ઇંદ્રિયોની સ્થિર ધારણાને 'યોગ' કહેવામાં આવે છે. મન સહિત ઇંદ્રિયોને દૃઢતાપૂર્વક સ્થિર કરવી એનું નામ જ 'યોગ' છે.

સર્વ જ્ઞાનોનો ઉદ્ગમ અને અંત યોગમાં જ છે.

## ૭ પ્રકારના આત્મા

ગૂઢાત્મા : હૃદય.
ભૂતાત્મા: આ ઇંદ્રિયાત્મા છે, તે વિષયભોગ કરે છે.
પ્રેરાત્મા : આ આત્મા મન-ઇંદ્રિયોઓને ચલાવે છે.
વિરાત્મા : તે બુદ્ધિ-મનથી ઉપરની વિવેકશક્તિ છે.
મહાનાત્મા : તે સમષ્ટિગત ચેતના કે વિશ્વચૈતન્ય છે.
અવ્યક્તાત્મા: જેમાં સમગ્ર વિશ્વ અવસ્થિત રહે છે.
પ્રત્યગાત્મા: તે વ્યષ્ટિરૂપ કેન્દ્રમાં રહેનારું આત્મતત્ત્વ છે,
જે વિશ્વાત્માની સાથે એકતા અનુભવે છે.

૦ શબ્દબ્રહ્મણિ નિષ્ણાતઃ, પરબ્રહ્માધિગચ્છતિ । અર્થાત્:
શબ્દબ્રહ્મમાં પારંગત થતા તે પરબ્રહ્મ પ્રતિ પગલાં માંડે છે.

'પગ નીચે જ સોનાની ખાણ છે' એમ
ખરેખર સાંભળ્યા પછી કોણ કોદાળી-પાવડો ન ઉપાડે?

કાચના ઘરમાં કૂતરો, સ્ફટિકની શિલા સામે હાથી,
કૂવામાં પોતાની આકૃતિ સામે સિંહ અને
ફેરફૂદડી ખાતા મનુષ્યને જગત જેવું ફરતું દેખાય છે, તેવું જ
પોતાના અજ્ઞાનને લીધે જગત ભિન્નભિન્ન રૂપે દેખાય છે.

દર્પણમાં શ્વાનને, બાળકને અને સમજદારને
ભિન્નભિન્ન રૂપે અનુભવાય છે.

તત્ત્વ = તે તું, જીવ-બ્રહ્મૈક્યબોધક.

ता एव सबीजः समाधिः । १-४६

तत्र स्थूलेऽर्थे सवितर्को निर्वितर्कः सूक्ष्मेऽर्थे सविचारो निर्विचारः स चतुर्धोपि संख्यातः समाधिरिति ।

टीका० पदार्थोपरक्तानुपरक्तस्थूलसूक्ष्म-द्रव्यभावना रूपाणामेतासां शुक्लध्यानजीवानुभूतानां चित्तैकाग्र्यकारिणीनामुपशान्तमोहापेक्षया सबीजत्वम्, क्षीणमोहापेक्षया तु निर्बीजत्वमपि स्यात् इति त्वार्हतसिद्धान्तरहस्यम् । (परिशिष्ट-५)

० परमैश्वर्ययुक्तत्वात् मत आत्मैव चेश्वरः ।
स च कर्तेति निर्दोषः कर्तृवादो व्यवस्थितः ॥१४॥
- पृ० १०३ (परिशिष्ट-६)

०

## Union with God

True union with god is the union of our will with the will of God. Beg your Lord to grant you perfect love for your neighbour and leave the rest to Him. No man can touch his own deeper self without unfolding a sense of gratitude with God.

શ્રુતિ-યુક્તિ એ અનુભૂતિના માર્ગે જવા બે પગથિયાં છે. અહંકારના કાંટા અને ભ્રમણાના કાદવથી તે બચાવે છે.

અનુભૂતિના મંદિરમાં પ્રવેશ કરતાં પહેલાં તો
એ બન્નેને બહાર ઉતારી નાંખવા પડે છે.

વળી એકનાં પગથિયાં બાબતે બરાબર બંધ બેસે પણ કેવી રીતે? સ્વઅનુભવના જોર ઉપર કોઈ વાત સાબિત કરવાની ઇચ્છા કે આગ્રહ યોગી પુરુષોને હોતાં નથી.

જે શબ્દબ્રહ્મને બરાબર પિછાને,
તે પરબ્રહ્મ તરફ પગલાં માંડ્યા વિના ન રહે.

મૃત્યુને સંહારતું તેજ એ ચેતનતત્ત્વનું તેજ છે.

ઉંદર મહાશય ખૂબ ભણ્યાગણ્યા પણ બિલાડીના તરાપમાંથી બચ્યા નહિ, તેમ પંડિત પોથાં-પુરાણ વાંચતા રહ્યા અને મૃત્યુનો કોળિયો બની ગયા. શું વળ્યું આ વિદ્વત્તાથી? આત્મદર્શન એ કોઈ માન્યતા કે કલ્પના કે મનની વૃત્તિ કે પ્રતારણા નથી, એ તો એક અદ્ભુત સત્ય છે. આત્મિક અનુભવ માત્ર જાણવા નહિ પણ અનુભવવા માટે હોય છે. સોય સમાન સૂક્ષ્મ અગ્રભાગવાળી બુદ્ધિથી આત્માનું દર્શન થઈ શકે છે. પ્રશ્ન: બુદ્ધિનો ત્યાગ કરતાં બાકી શું રહે? ઉત્તર: જેનાથી બુદ્ધિ પ્રકાશિત થાય, તે બુદ્ધિ બાકી રહે.

## સ્વતંત્રતા, સ્વાનંદ અને સહજજ્ઞાન

(a) સત્ અસ્તિત્વ કોઈ બાહ્યવસ્તુ ઉપર અવલંબતું નથી પણ ત્રિકાળ સ્વયંભૂ સ્થાપિત છે. એટલે કે અહંકારમાંથી પસાર થતાં પોતાનું કાંઈ પણ ઓછું કે વધતું થતું નથી.
(b) અંદર-બહાર અપાર આનંદનાં મોજાં ઉછળી રહ્યા છે.
(c) કોઈપણ વસ્તુ ઉપર સાચું ધ્યાન કેન્દ્રિત કરતાં તે વસ્તુના રહસ્યનું જ્ઞાન અનાયાસે જ થઈ જાય છે.

### ૪ ત્રિકુટીનો ભેદ

૪ ત્રિકુટી = સ્થૂળ - સૂક્ષ્મ - કારણ શરીર,
વૈખરી - મધ્યમા - પશ્યંતી વાણી,
જાગ્રત - સ્વપ્ન - સુષુપ્તિ અવસ્થા તથા સત્વ - રજ - તમ
અને 3 ગુણમય સૃષ્ટિની ભુક્કી કરી નાંખવી.
ત્રિકુટીભેદ થાય ત્યારે 3 વસ્તુ એકી સાથે મળે છે.

### ત્રિકુટીભેદ શું છે?

વિમર્શાદિ ઉલ્ટી ગતિ કરી અટલ પ્રકાશની પ્રાપ્તિ થતી જશે.
પ્રકાશાદિ સ્વરૂપદર્શન - વિમર્શાદિ ઉપર આચ્છાદન થવાય.
પ્રકૃતિના રાજ્યના છેલ્લા પાછાંરૂપ ત્રિકુટીનાં 3 મૂળીયાં છે: મન, બુદ્ધિ, અહંકાર. એ ત્રણે અનેક ભેદ-વિચ્છેદને અંતે વિલય અર્પે છે. મૂળને કાપી નાંખતા જડતાની સાંકળ તૂટશે.

ત્રિકુટી વિષે મારવાડના સંત દરિયાસાહેબની સુંદર સાખી છે:

મન-બુધ-ચિત્ત-અહંકારકી, હૈ ત્રિકુટી લગ દૌડ...
જન દરિયા ઈનકે પરે, બ્રહ્મ સુરતકી ઠૌર.
મન-બુધ-ચિત્ત-અહંકાર યહ, રહે આપની હદમાંહિ,
આગે પૂરન બ્રહ્મ હૈ, સો ઈનકી ગમ નાંહિ.
દરિયા સુરતિ સિરોમની, મિલી બ્રહ્મસરોવર જાય,
જહં તીનોં પહુંચે નહીં, મનસા વાચા કાય.

ત્રિકુટી ભેદાઈ = પિંડ-બ્રહ્માંડનો પડદો હટી ગયો, સમસ્ત બ્રહ્માંડને ચલાવતી મહાશક્તિનો સીધો સ્પર્શ થઈ ગયો.

પિંડમધ્યે ચરાચરં યો જાનાતિ સ યોગી પિણ્ડસંવિત્તિર્ભવતિ।

અર્થાત્: પીંડમાં જે ચરાચર જગતને જાણે છે,
તે યોગી પીંડને જાણનાર થાય છે.

યોગી માટે જ્યારે આ વસુધા જ વેદ બની જાય, પછી તેને પોથી કે પુરાણોની જરૂર રહેતી નથી. તેના અંતરમાં સ્વયં સરસ્વતી જ બ્રહ્મજ્ઞાનનું ઉચ્ચારણ કરવા લાગે છે.

'કાંચે ભાંડે પાની ન રહે' તેથી જ
પહેલાં સંયમ અને સાધનાથી કાયાનું શોધન કરવું જોઈએ.
મન રૂપી પવનને વશ કરવો જોઈએ.

તો જ મહાશક્તિ અને પરમ શિવનું યુગલમિલન આ દેહમાં અનુભવાય. સ્વતંત્રતા, સ્વાનંદ, સહજજ્ઞાનની સ્ફુર્તિ થાય.

કહ્યું છે કે: હરિસે લાગી રહો મેરે ભાઈ...
તેરી બનત બનત બન જાઈ. અર્થાત્:
સાધનાને વળગી રહો, સિદ્ધિ મળશે એમાં શંકા જ નહિ.
પૌરૂષ અને માર્દવનું સંપૂર્ણ મિલન થશે.
જય શિવ ઓંકાર, ભજ શિવ ઓંકારના નાદ થશે.
સત્-ચિત્-આનંદ કે જ્ઞાન-શક્તિ-આનંદ ઉભરાશે.
વ્યક્તિનું જીવન હોય, વસ્તુનો ઇતિહાસ હોય અને
વનસ્પતિના ગુણધર્મો હોય છે.
વિદ્યાના ૨ પ્રકારો છે: અપરાવિદ્યા અને પરાવિદ્યા.
અપરાવિદ્યાની જોવા અને સાંભળવાની - વાદવિવાદનાં
શાસ્ત્રોની વિદ્યાને 'શબ્દબ્રહ્મ' પણ કહેવાય છે. તેમાં ગમે
તેટલો પંડિત થાય તો પણ તેને બ્રહ્મતત્ત્વનું જ્ઞાન થતું નથી.
પરાવિદ્યામાં બ્રહ્મતત્ત્વનું જ્ઞાન છે.
પરાવિદ્યા અક્ષરબ્રહ્મના અનુભવ સાથે સંબંધ રાખે છે.
જ્ઞાનીઓ અને યોગીઓ માત્ર મનના સંયમ દ્વારા
જ અક્ષરતત્ત્વનો સાક્ષાત્કાર કરી શકે છે. કરોળિયામાંથી
જાળ, પૃથ્વીમાંથી લીલું ઘાસ અને શરીરમાંથી વાળ-નખ
બહાર આવે, તેમ અક્ષરમાંથી ક્ષરબ્રહ્મ બહાર આવે છે.
મન-પ્રાણ-પાંચ ભૂતોમાંથી બનેલો સંસાર એ 'ક્ષરબ્રહ્મ' છે.

દિવ્યશક્તિઓ તથા દેવતાઓ – એ સર્વ ઈશ્વરતત્ત્વ છે.
આધિદૈવત વિશ્વ એ દેવતાઓથી વ્યાપ્ત એવું વિશ્વ છે;
જ્યારે અધ્યાત્મ શરીર એ આત્માથી વ્યાપ્ત શરીર છે.

હૃદય એ વ્યક્તિનું આત્મતત્ત્વ કેન્દ્ર છે.

દેહની ઉત્પત્તિ રજ – વીર્ય – શુક્ર – શોણિતથી થાય છે.
શુક્ર – શોણિતની ઉત્પત્તિ અન્નથી, અન્નની થાય વૃષ્ટિથી
તથા વૃષ્ટિની ઉત્પત્તિ સોમથી થાય છે.

સોમ અર્થાત્ જે અગ્નિ છે, તેનું તેજ સૂર્યથી છે.

૪ પ્રકારે ગુહા : ઉદરગુહા, હૃદયગુહા, ઉરોગુહા, શિરોગુહા.

અધ્યાત્મ અને અધિદૈવની બધી રચના પુરુષ જ છે,
તેથી તેને વેદોમાં 'અક્ષરપુરુષ' કહે છે.

વિજ્ઞાન, આત્મબોધ અને ચિત્તશક્તિ વડે
અક્ષરતત્ત્વ પુરુષને બાંધે છે.

ઓંકાર એ ધનુષ્ય છે.

પ્રણવનો અર્થ જાગ્રત, સ્વપ્નાદિ ચારે અવસ્થાઓ છે.

યોગવિદ્યા એ કહેવા – સાંભળવાનો વિષય નહિ, પણ
તે પ્રાણ તથા મનની તીવ્ર સાધનાનો વિષય છે.

ઇંદ્રિયો ધરાવનારા લોકો પાંચે પ્રકારના વિષયોમાં તથા
ઇંદ્રિયોના દેવતાઓ જ્ઞાનક્રિયાત્મક શક્તિઓમાં લીન છે.

જીવાત્માનું અસ્તિત્વ એ કોઈ સાધારણ ઘટના નથી
કેમકે તે દિવ્યશક્તિઓની સમષ્ટિનું જ પરિણામ છે,
દિવ્યશક્તિઓ એકત્ર થવાને લીધે તે નીપજેલું છે.

બંધન તથા શોક અને મોહનું કારણ
આસક્તિપૂર્વક ઇંદ્રિયો દ્વારા વિષયોનો ઉપભોગ છે.

<u>ચાર પ્રકારના કર્મબંધ</u>

(૧) સ્પૃષ્ટ = વિષયોના અભાવમાં ઇચ્છા હોવી તે.
(૨) બદ્ધ = ઇચ્છાના અભાવમાં વિષયો હોવા તે.
(૩) નિધત્ત = ૫ વિષયોને ભોગવવાની ઇચ્છા હોવી.
(૪) નિકાચિત = ૫ વિષયોને ભોગવવાની તીવ્ર ઇચ્છા.

આ ચાર કર્મબંધથી બચવાના ૪ ઉપાય
સત્ય, તપ, દાન અને બ્રહ્મચર્ય છે.
એ ચારના પાલનથી કર્મના સર્વ દોષો દૂર થાય છે

°

Man is an infinite circle with
circumference everywhere and
centre nowhere.
God is an infinite circle with
circumference nowhere and
centre everywhere.

० आयुर्वर्षशतं नृणां परिमितं रात्रौ तदर्धं गतं
तस्यार्धस्य परस्य चार्धमपरं बालत्व-वृद्धत्वयोः ।
शेषं व्याधिवियोगदुःखसहितं सेवादिभिर्नीयते
जीवे वारितरंगचंचलतरे सौख्यं कुतः प्राणिनाम् ॥
(પરિશિષ્ટ-૭)

## ૪ પ્રકારના ધ્યાની

જે રડે તે આર્તધ્યાની કહેવાય, રડાવે તે રૌદ્રધ્યાની,
જે રડતાને છાનો રાખે તે ધર્મધ્યાની કહેવાય અને
જે સાધક રડવાના મૂળને કાપે તે શુક્લધ્યાની કહેવાય.

(૧) આર્તધ્યાની - હેવાન - કનિષ્ઠ = નિર્જન.
(૨) રૌદ્રધ્યાની - શેતાન - દુષ્ટ = દુર્જન.
(3) ધર્મધ્યાની - ઈન્સાન - શ્રેષ્ઠ = સજ્જન.
(૪) શુક્લધ્યાની - ભગવાન - પરમેષ્ઠ = પ્રજન.

० ददतु ददतु गालीर्गालिमन्तो भवन्तः
वयमपि तदभावात् गालीदानेऽसमर्थाः ।
जगति विदितमेतत् दीयते विद्यमानं
न हि शशकविषाणं कोऽपि कस्मै ददाति ॥ (પરિશિષ્ટ-૮)

० આખું જગત શ્મશાનરૂપ હોવાથી અને શિવ જગતના પ્રત્યેક પદાર્થમાં રહેલા હોવાથી વ્યાપ્ત જલરૂપ છે.

## નવતત્ત્વની ટૂંકી સમજ

| | | | |
|---|---|---|---|
| અરિહંત | નિર્મળ બુદ્ધિ | પુણ્ય - પાપતત્ત્વ | ઉપકાર. |
| સિદ્ધ | નિશ્ચય | જીવ - અજીવતત્ત્વ | આધાર. |
| આચાર્ય | સરળ | આસ્રવ-સંવરતત્ત્વ | આચાર. |
| ઉપાધ્યાય | સજળ | બંધ - નિર્જરાતત્ત્વ | વિચાર. |
| સાધુ | સફળ | સંસાર - મોક્ષતત્ત્વ | સંસ્કાર. |

જે સમજે તે જીવતત્ત્વ. સમજાય તે દ્રવ્ય એ અજીવતત્ત્વ.
દુઃખ દેવાની જે ઇચ્છા થાય છે, તે ત્રીજું પાપતત્ત્વ.
સુખ દેવાની જે ઇચ્છા થાય છે, તે ચોથું પુણ્યતત્ત્વ.
કરેલી ઇચ્છાનું જે પ્રમાણે ફળ મળે, તે પાંચમું બંધતત્ત્વ.
ઇચ્છાની નિવૃત્તિ થઈ જવી, તે છઠ્ઠું નિર્જરાતત્ત્વ.
ઇચ્છાપૂર્તિ કરવા નિમિત્તોનો આશ્રય, તે આશ્રવતત્ત્વ.
ઇચ્છાનિવૃત્તિ માટે કારણોને સંવરવા, તે સંવરતત્ત્વ.
પ્રાંતે આત્માને કર્મસ્વાતંત્ર્ય અર્પવું, તે નવમું મોક્ષતત્ત્વ.
પારતંત્ર્ય તે સંસાર, ઊંધી સમજ તે મિથ્યાત્વ કહેવાય.
ક્રોધ કાપવા અરિહંતશરણ, માનને મારવા સિદ્ધનું શરણ,
માયા ડારવા સાધુનું તથા લોભને ટાળવા ધર્મનું શરણ લેવું.
દર્શન નકલને અસલ કરવા, જ્ઞાન અસલને અકલ કરવા,
ચારિત્ર અકલને અમલ કરવા, તપ અમલને અટલ કરવા છે.

## ૐમાંહિ અર્હંની યાત્રા

ૐ એ સમષ્ટિની સાધના, હ્રીં એ વ્યષ્ટિની સાધના
તથા અર્હં એ પરમેષ્ઠિની ઉપલબ્ધિ છે.
અ = અધોલોક, ઉ = ઉર્ધ્વલોક, મ = મધ્યલોક છે.
હ્રીં જો ૐમાં સમર્પિત થઈ જાય તો અંદર અર્હં પ્રગટે.
પ્રકૃતિ વ્યષ્ટિ જો સમષ્ટિ માટે હોય તો પરમેષ્ઠિ બને.
સ્વરો એ હૃદય અને વ્યંજનો એ પર્યાય છે.
ધર્મવૃક્ષને જળના સ્થાને બાર ભાવના રૂપી જળ પાવું
અને સૂર્યના તાપને સ્થાને બાર પ્રકારનો તપ કરવો.
પ્રાણીઓને ઇંદ્રિયોમાં, માનવને બુદ્ધિમાં અને
મહાત્માઓને ધ્યાનમાં સુખ મળે છે.

## દોષી નહિં, દોષ ગુનેગાર છે...

મોટા ભાગના સર્વ મનુષ્યો બીજાના દોષ પ્રત્યે આંગળી ચીંધે છે, બીજાના પ્રત્યે નારાજ રહે છે. હકીકતમાં બતાવવામાં આવેલા દોષ પ્રત્યે જ નારાજગી દાખવવા જોઈએ. વાનર સ્વભાવે ચંચળ હોય છે. તેને દારૂ પાઈને અને પછી વીંછી ડંખે તથા છેલ્લે ભૂત વળગે તો શી દશા થાય? મન એ સ્વભાવથી ચંચળ છે. વાસનારૂપી દારૂ અને ઈર્ષ્યા-રૂપી વીંછી તથા અહંકારરૂપી ભૂત વળગે તો શું બાકી રહે?

## નમે તે સૌને ગમે

અહંકારના સ્થાને નમસ્કાર, ઈર્ષાના સ્થાને મૈત્રી તથા
વાસનાને બદલે ભાવના ભાવવાથી મનવાનર સ્થિર બને.
શત્રુતાનો, શત્રુભાવનો નાશ કરનારાઓને નમસ્કાર થાઓ.
મિત્રભાવનો આવિષ્કાર કરનારાઓને નમસ્કાર થાઓ.
સમત્વભાવને સાધનારાઓને નમસ્કાર થાઓ.

## શબ્દ, અર્થ અને ભાવ

'ભાવ' સરલ સ્વાધ્યાય દ્વારા થતો યથાર્થ બોધ.
આત્મા બુદ્ધિ પાંડિત્ય કે વિદ્વત્તાથી જાણી શકાતો નથી.
આત્મા તો સ્વયંવર છે. તે જેને ચાહે કે પસંદ કરે છે,
તેના હૃદયમાં તે પોતાનું સ્વરૂપ તુરંત પ્રગટ કરી દે છે.
પ્રયત્નશીલ સાધક બનીને આ સર્વશ્રેષ્ઠ તત્ત્વને પ્રાપ્ત
કરવાના વ્રતને જે ઈચ્છા કરે છે, તે તેને જાણી લે છે.
પ્રથમ વાક્સ્પંદનો ઉત્પન્ન થાય તે શબ્દ. તે સાંભળાય.
જ્ઞાનતંતુનો પ્રવાહ તે સ્પંદનને મન પાસે પહોંચાડે, તે અર્થ.
મનમાં પ્રતિક્રિયા ઉત્પન્ન થાય જે વિશદ ઝળક તે ભાવ.

ટૂંકમાં...

ઇથરના સ્પંદન તે શબ્દ, મગજ કે જ્ઞાનતંતુની ગતિ તે અર્થ
તથા સુણનારની માનસિક પ્રતિક્રિયા તે ભાવ.

## મહાવાક્યં અનુચિન્તયેત્।

'નમો અરિહંતાણં' એ મહાવાક્ય છે, તેનું સતત, પ્રતિક્ષણ, આલંબન, મરણાંત ચિન્તન ચાલુ રાખવાથી દેહ, મન, ઇંદ્રિયો, વાસના, ભાવના, બુદ્ધિ વગેરે બધાં જ વળગણોથી પર થઈ આત્મા પરમ આત્મામાં પહોંચી જાય છે. મહાવાક્યના ચિન્તનની પ્રક્રિયા અંદરથી મદદ આપનારી અને નામસ્મરણની પ્રક્રિયા અંદર-બહાર બેય રીતે મદદ કરે છે.

તત્ત્વમસિ કે તત્ ત્વમ્ અસિ એટલે હું તે છું.

તે એટલે વિરાટ-વિશ્વરૂપ છું.

વિરાટરૂપનું ભાન થયે નાનારૂપનો વિનાશ ભય ન ઉપજાવે. આ દેહમાં રહેલ ચૈતન્ય અને વિરાટ ચૈતન્યની વચ્ચે સંબંધ જોડવાનું કામ મહાવાક્યના ચિંતનથી સધાય છે.

'નામ્ના સાદ્ગુણ્યમ્।' 'તદ્ધિ પાપાપહારિ।'

વિગુણતા, ન્યૂનતા, ખામી કે ત્રુટિથી વિરુદ્ધ અર્થ સાદ્ગુણ્ય શબ્દમાં રહેલો છે. વિગુણ વિરુદ્ધ સદ્ગુણ છે. જાપથી ખામી કે ત્રુટિ પણ ગુણવતી બની જઈને પુરાઈ જાય છે. જ્ઞાનની અપૂર્ણતા-કર્મની અદક્ષતા પૂરે તે સાધન છે ભક્તિ. નામની એક સ્વયંભૂ શક્તિ પણ હોય છે. તે શક્તિ મન્ત્રેશ્વરને સર્જે છે. તેથી બાહ્ય સાદ્ગુણ્ય પણ સધાય છે.

જ્ઞાન અંતરમાંથી મદદ આપે છે, ભક્તિ અંતર અને
બહાર ઉભય તરફથી મદદ કરે છે. જ્ઞાનમાર્ગ ભુજાથી
સાગર તરવા જેવો- ભક્તિમાર્ગ નાવડીથી તરવા જેવો છે.

ઉપાસના = માનસિક કર્મ.

ભક્તિ = ક્રિયારૂપે કરવામાં આવતું કર્મ.

શક્તિ શેમાં છે? શક્તિ આત્મામાં છે.

બાકી ક્યાંય શક્તિનો સ્રોત નથી. आत्म शक्तेर्जनितात्।
શક્તિ હાથ, પગ, આંખ કે કાનમાં નથી. શક્તિશાળી તો
સર્વ અને સર્વશક્તિમાન આપણો આત્મા જ છે.

જે કાન અને આંખોમાં જે શક્તિ છે,
તે શક્તિ તો અંદરની કોઈ ચીજની આશ્રિત
વળગી રહેવાને કારણે જ અનુભવમાં આવેલી હોય છે.
શું છે એ ચીજ? કેવળ શરીર એ એનો જવાબ નથી.
એ ચીજ છે આત્મશક્તિ.

ઇચ્છાસ્વાતંત્ર્ય કે શાસનમુક્તિ

સાચું ઇચ્છા સ્વાતંત્ર્ય ઇચ્છાના જ વિનાશમાં રહેલું છે.
'હું મારી ઇચ્છા પ્રમાણે ચાલીશ' એટલે
'હું મારા નોકરનું માનીશ કે હું મારા નોકરનું કહ્યું કરીશ',
કારણ કે ઇચ્છા તો મનને જ હોય છે.

મનના માલિક આત્માને તો ઇચ્છા જેવું કાંઈ હોતું નથી.
શાસનમુક્તિ = આપણા ઉપર કોઈનું ય શાસન ન ચાલવું.
કોઈ રાજ્યનું, સમાજનું, વ્યક્તિ કે વાસનાનું, વિચારસરણી
કે વિકારનું શાસન ન હોવું તે પ્રકૃતિમુક્તિ કે શાસનમુક્તિ છે.
મન એ વિશ્વનું પ્રતિબિંબ છે પણ વિશ્વ એ મનનું
પ્રતિબિંબ છે એમ નહિ. સમસ્ત સૃષ્ટિની પાછળ કોઈ
એક વિચાર, યોજના હોય એવો મોટો સંભવ છે.

## કર્મ-અકર્મ-નિષ્કામકર્મ : કાર્યમાત્રં અકાર્યં ।

સાધના તથા શાંતિ અકર્મ પણ કર્મજન્ય છે, અર્થાત્
તે કર્મનું સંતાન છે. સાંખ્યયોગની સિદ્ધિને માટે કર્મના
વિસ્તારને ટાળવાનો નથી હોતો, પરંતુ એનું સાંગોપાંગ
આચરણ કરવાનું હોય છે. કર્મમાં અકર્મ અને અકર્મમાં
કર્મને જુએ, તે જ જોનારો છે. નિષ્કામ કર્મમાં અકર્મ
અને અનાસક્તિપૂર્વક અકર્મમાં જે કર્મને જુએ છે, તે
દરેક મનુષ્યોમાં બુદ્ધિમાન, યોગી અને સર્વકર્મનો કર્તા છે.

## ત્રિ ગુરુ

માર્ગદર્શન માટે સત્વગુરુની આવશ્યકતા છે,
ગતિને માટે રજોગુરુની આવશ્યકતા છે તથા
શાંતિ, આરામ કે સ્થિરતાને માટે તમોગુરુ જોઈએ.

ભક્તિ છે ત્યાં ભય નહિ, વિચાર છે ત્યાં ચિંતા નહિ.
મહાપુરુષને સ્વરૂપ પ્રતિષ્ઠિત કરવો એટલે સાચા અર્થમાં
આલિંગન કરવો. 'આલિંગન' એટલે સ્વરૂપ પ્રતિષ્ઠિત.

'आत्मस्मृति र्ध्यानम् ।' 'विषय विस्मृतिर्लयो ।'

નમ્રતા - ઉદારતા અને નિર્ભયતા - સ્વતંત્રતા એકાર્થક છે.
દુઃખ દેખીને દયા, પ્રેમ દેખીને આર્દ્રતા, સૌંદર્યને દેખીને
આકર્ષણ, અન્યાય દેખીને મદદ અને અનધિકારને દેખીને
ચેતવણી એ હૃદયનો વિભાગ છે. બુદ્ધિમાં શુષ્કતા છે, જ્યારે
પ્રેમમાં આર્દ્રતા છે. બુદ્ધિ એકાંતવાસી બને છે, કિન્તુ કલા
અને ભક્તિ સર્વમાં ભળે છે. જેમ જગત સારી વસ્તુને
ખોટી, શૂરને ક્રૂર, તેજસ્વીને અભિમાની, સત્યને અસત્ય
કરે છે, તેમ પ્રેમને પણ દિવાનાપણાં તરીકે ઓળખાવે છે.

'परकार्येऽपि पर्याप्तं वरं भस्म वरं तृणम् ।
परोपकारणाद्धीनः - मनुष्यो न पुनः पुमान् ॥१॥'

(પરિશિષ્ટ-૯)

वीतरागोऽप्यसौ ध्येयो भव्यानां भवच्छिदे ।
विच्छिन्नबन्धस्यास्य तादृग् नैसर्गिको गुणः ॥
वीतरागोऽप्यसौ देवः ध्यायमानो मुमुक्षुभिः ।
स्वर्गापवर्गफलदः शक्तिस्तस्य हि तादृशी ॥

(પરિશિષ્ટ-૧૦)

અધ્યાત્મ જીવનનો એવો અતૂટ નિયમ છે કે પ્રયત્ન કરનારને સાચા સદ્ગુરુ મળી જ જાય છે.

'सच्ची पुकार है तो बेड़ा पार है।'

શાસ્ત્રો અથવા પુરાણોનો તો પાર આવે એમ ક્યાં છે? અંતર્દૃષ્ટિ ઉઘડ્યા વિના શાસ્ત્રની અંદરનું રહસ્ય ન સમજાય. અંદરનું પુસ્તક જેમ જેમ ઉઘડતું જાય, એમ બહારનું પુસ્તક બરાબર સમજાતું જ જાય, એવી પ્રક્રિયા છે. ભગવાનની અવિદ્યા - માયા આઘે ખસવી હજુ સહેલી છે પણ એની વિદ્યા - માયાનો પડદો ખસેડવો સહેલો નથી.

૦ સામાન્ય વિનાનું વિશેષ અને

વિશેષ વિનાનું સામાન્ય અસંભવિત છે.

એ ન્યાયે આત્મસ્વરૂપ વિનાનું પરમાત્મદર્શન અને પરમાત્મદર્શનરહિત આત્મદર્શન આકાશકુસુમવત્, શશશૃંગવત્, કૂર્મરોમવત્ અને વંધ્યાસુતવત્ અસત્ છે.

## સ્ત્રી શિક્ષણ શાને માટે?

સ્ત્રી-શિક્ષણ એ પ્રેમાળ સ્ત્રીઓ, માયાળુ માતાઓ અને હિતસ્વી વૃદ્ધાઓ બનાવવાનું સાધન થવું જોઈએ. ભગવાનની કૃપાકટાક્ષ પામનારે સ્ત્રી હૃદયને તો સૌ પ્રથમ પામવું પડશે. સ્ત્રી હૃદયમાં પ્રેમનો અગાધ સાગર ભર્યો છે.

ભગવાન પોતે એ સાગરમાં શયન કરે છે.

ભગવાનનું પરમ પાવનકારી દર્શન

સ્ત્રીનું હૃદય પામ્યા વગર કયું ફૂદું જંતુ પામી શકવાનું છે?

ભગવાનનો સહારો લેશો, નિષ્ફળતા નહિ મળે.

મનુષ્ય માત્રને સ્વાર્થ વળગ્યો છે અને સ્વાર્થ આગળ મનુષ્ય સાવ આંધળો થઈને તે બધું જ ભૂલી જાય છે. તેની બદલે આપ્તોપસેવી ભવતિ અરોગઃ । અર્થાત્ઃ હૃદયવાળા કે પ્રેમવાળાનો સંગ કરો, તો નિરોગી રહેશો. જેને પણ તમે જીવનનું ઉદાત્ત ધ્યેય સમજતા હો, તેને જીવન સમર્પી દેવું. ઉકરડા ઉપર તમને ફેંકી દેવામાં આવે તે પહેલાં તમારી જાતને પુરેપુરી ઘસી નાંખવી. વિકાર અને સ્વાર્થનાં પુતળાં બનીને પોતાના દુઃખનાં રોદણાં રડો તથા 'તમારા સુખને માટે દુનિયા કશું યે કરતી નહિ' એવી ફરીયાદ કરો, તેના કરતાં પ્રકૃતિનું એક બળ બનીને જીવવું, એ જ જીવનનો સાચામાં સાચો આનંદ છે, ઊંચામાં ઊંચુ ધ્યેય બને છે.

ઈશ્વર ભાવગમ્ય છે, બુદ્ધિગમ્ય નહિ.

ઈશ્વરનો વાસ હૃદયમાં છે, મસ્તકમાં નહિ.

શ્યામકૃપા બિનુ, સાધુસંગ બિનુ, કહિ કૌને રતિ પાઈ?

- મકરન્દ દવે, ગોંડલ.

## નવતત્ત્વની ઓળખાણ

જીવ-અજીવતત્ત્વમાં સંસારનો વિસ્તાર છે.
પુણ્ય-પાપતત્ત્વમાં વિષમ સંસારની ભયાનકતાનું વર્ણન,
આસ્રવ અને બંધતત્ત્વ સંસારનાં કારણ તથા
સંવર અને નિર્જરાતત્ત્વ સંસારથી છૂટવાનાં સાધન છે.
મોક્ષતત્ત્વ એ આત્માની ઊંચામાં ઊંચી અવસ્થા છે.
મોક્ષ = જીવનું શુદ્ધ સ્વરૂપ.
આમ નવતત્ત્વ એ પરમાત્માની વાણીનો સંગ્રહ છે.
પરમાત્માની વાણીમાં સંસારનો વિસ્તાર
તથા વિષમતા સમજાવાય, તેની સાથે સંસારના હેતુ
અને તેનાથી મુક્ત થવાના ઉપાયો પણ બતાવાય છે.
સર્વ શાસ્ત્રોમાં આ ત્રણ વાતોને જ મોટે ભાગે
વિસ્તારથી કે સંક્ષેપથી સમજાવાય છે.
કહ્યું છે કે:
પારસમણિના સંગથી, કંચન બની તલવાર (પરંતુ)
ત્રણ અવગુણ રહી ગયા... ધાર, માર, આકાર. (૧)

o મનુષ્ય સુધરવા લાગ્યો ત્યારથી તેણે ઘણી શોધ કરી છે
પણ શાંતિ કેમ રાખવી તેની શોધ હજી કરી શક્યો નથી.

- ઓર્ક ક્રેવન

## સમત્વની સાધના

સમત્વની સાધના એ તો જૈન ધર્મનો પ્રાણ છે. જૈન ધર્મની એ નોંધપાત્ર વિશેષતા પણ છે. જૈન ધર્મના સાધુઓને 'સમણ' શબ્દથી અને આત્મ સાધનાને 'સામાયિક' શબ્દથી સંબોધવામાં આવે છે.

## સમત્વની સાધનાનું ધ્યેય

'વ્યક્તિઓ કે પરિસ્થિતિઓ અનુકૂળ યા પ્રતિકૂળ હોય, એનાથી પ્રભાવિત કે વિચલિત ન થઈ જતાં ચિત્તને સમ-સ્વસ્થ - કષાયમુક્ત રાખવું, એ માટે પ્રયત્નશીલ રહેવું' સમત્વની સાધનાર્થે સાધુ જીવન સૌથી વધુ અનુકૂળ છે.

ધર્મ કે ધર્મક્રિયાનો મુખ્ય હેતુ છે ચિત્તશુદ્ધિ. ચિત્ત કામનાઓ, વાસનાઓ, કર્મ, ક્લેશ અને કષાયોથી ઘેરાયેલ છે, તેનાથી તેને મુક્ત કરાવવા વ્રત, નિયમ, ક્રિયા, આચાર અને વિધિ - વિધાનોનું પાલન ઉપદેશ્યું છે. એનું પાલન કરતાં સાધકે જાગ્રત રહીને સતત આંતર-નિરીક્ષણ કરવું જોઈએ કે હું જે કાંઈ ધર્મકરણી કરું છું તેથી મારી આત્મશુદ્ધિ, ચિત્તશુદ્ધિમાં વધારો થાય છે કે કેમ? અંતઃકરણની શુદ્ધિ એ ધર્મકરણીની સફળતાની કસોટી છે. ચિત્ત બહિર્મુખ મટી અંતર્મુખ બને તે માટે ધ્યાનયોગ છે.

યોગ અને અધ્યાત્મની સાધનામાં ધ્યાનયોગનું મહત્ત્વ છે. ધ્યાનની પ્રક્રિયા જ આંતરનિરીક્ષણ માટે પ્રેરે છે અને વૃત્તિ - પ્રવૃત્તિના સારાસારપણાંનો ખ્યાલ આપી સાધકને સાધનાની સાચી દિશામાં દોરે છે. સમત્વની સાધનામાં સત્યની શોધ અને તેને સ્વીકારવાની તત્પરતા એ એક મુખ્ય વસ્તુ છે. સત્યની ઉપેક્ષા થતી રહે તો સમત્વની પ્રાપ્તિ ન થાય. સત્ય અનેકાત્મક છે. એક જ વસ્તુ પરત્વે સત્યના અનેક પ્રકારના દૃષ્ટિબિન્દુઓ રહેલાં હોય છે.

## સમત્વની સાધનાનો પાયો

અનેકાન્તવાદ પ્રમાણે સત્યના દરેક દૃષ્ટિબિન્દુઓને
જાણવા - સમજવા - સ્વીકારવાની તત્પરતા
એ સમત્વની સાધનાનો પાયો છે.

ક્ષમાશીલતા એ સમત્વની સાધનામાં તેટલી જ ઉપયોગી છે. તેનો ઉપયોગ પ્રતિકૂળ પરિસ્થિતિમાં જ કરવાનો હોય. વિપરીત સંજોગોમાં ક્ષમાશીલતા દાખવવામાં ન આવે, તો સમત્વની સાધના કેવી રીતે સફળ બની શકે?

વ્યક્તિગત આગ્રહ કે હઠાગ્રહની જેમ સહનશીલતાનો અભાવ પણ સમત્વની સાધનામાં મોટો અંતરાય છે.

સમદૃષ્ટિ જ સાધનામાં સ્થિર થઈ શકે.

## નમ્રતાનું મહત્ત્વ

'પોતે જ કંઈક છે, પોતામાં કંઈક વિશેષતા છે' એવું શરીર, મન, બુદ્ધિ, વિદ્યા, કળા, ચતુરાઈ, પવિત્રતા, જ્ઞાન, ઉદારતા, ભક્તિ, વ્રતપાલન કે બીજા વિનયાદિક ગુણ વિષે પણ ભાન રહ્યા કરવું અને પોતાનું અસ્તિત્વ જાણી જોઈને ઉપાડીને ચાલતો હોય તેમ ભારેખમ જણાવું, એ અહંકાર છે. જેમ આપણા શરીરના નિરોગી અવયવો વિષે હોય છે, તેમ એ ભાન ઓછામાં ઓછું લાગવું, એ શૂન્યવત્ સ્થિતિ કે નમ્રતા છે. આવી નમ્રતા કેળવી શકાતી નથી પણ અનેક સદ્ગુણોના પાલન અને વિચારમય જીવનને પરિણામે સ્વભાવમાં ઊગે છે. નમ્ર મનુષ્યને એની નમ્રતાનું પણ ભાન હોતું નથી. પોતાની બધી મર્યાદાઓને સમજીને તેમાં જ રહેવું એ પણ નમ્રતાનું આવશ્યક મહત્ત્વ છે. નમ્ર મનુષ્ય બધા કામોની ફાંકો નહિ રાખે પણ પોતાની મર્યાદાને આંકી તે સિદ્ધ ન થાય ત્યાં સુધી બહાર પગ ન મૂકે. જમવા માટે ખાવાનું નથી, પચાવવા માટે જમવાનું છે.

જ્ઞાન પણ માત્ર જાણવા માટે જ નહિ, પણ
તેને જાણીને તેનું સાચી રીતે પાચન કરી
આત્માના ગુણોની પુષ્ટિ માટે જાણવાનું છે.

જગતમાં એક માનવ તરીકે જન્મ્યા પછી કોઈના યે ખપમાં આવી શકીએ નહીં, તો પછી આપણું જીવવું શા કામનું?
દુઃખ ચારે ગતિમાં છે, કિન્તુ દુઃખ નિવારણનો ઉપાય માત્ર ને માત્ર મનુષ્યગતિમાં છે, તેથી તે સર્વોત્તમ છે.
કોઈપણ પ્રવૃત્તિનો હેતુ ઇષ્ટ સાધનતાનું જ્ઞાન છે અને તે ઇષ્ટ સાધનતાનું જ્ઞાન મુખ્યત્વે 3 પ્રકારે થાય છે:

શ્રવણ - આગમથી, મનન - અનુમાનથી અને
નિદિધ્યાસન - ધ્યાનરસે પ્રગટે.

જ્ઞાન જ્ઞેય સ્વરૂપ છે. જ્ઞાનનો આધાર આત્મા છે,
તેથી તે પણ જ્ઞેય સ્વરૂપ બને છે.

સમ્યક્ જ્ઞાનપૂર્વકની વિધિયુક્ત આરાધના
સુખ-દુઃખથી અને રાગ-દ્વેષથી આત્માને પર કરે છે.

o मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये ।
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः ॥१॥

અર્થાત્: હજારો મનુષ્યમાંથી કોઈક જ સિદ્ધિ માટે પ્રયત્ન કરે છે. અને પ્રયત્ન કરીને કાર્યની સિદ્ધિ મેળવનારામાં
કોઈક જ મને પરમાર્થથી જાણે છે.

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥

## મૌન અને સત્ય

ઉચ્ચારના ઉપચારનું મૌન હોય જ કેમ?
સ્થૂળદૃષ્ટે સંબંધો અસમાનતા જ દૂર થઈ શક્યા નહિ,
ત્યાં સૂક્ષ્મદૃષ્ટે સંબંધોની તો વાત જ શી?
આંતરતત્ત્વ ભાવનાથી અભેદરૂપે મૌન સાધવું શક્ય છે.
તે શિવસ્વરૂપનું મૌન અશક્ય છે.

જે અમુક માનસિક સ્થિતિમાં જ શુદ્ધ સત્યનું દર્શન થાય છે, તે પરમસ્થિતિ શુદ્ધ સત્યરૂપ ઉન્મનીની છે. સાધનસંપન્ન ન હોય તેવા મનમાં સત્યનો પ્રકાશ કદાપિ થતો નથી. મધ્યરાત્રિએ સૂર્ય ઊગતો નથી, સ્વચ્છ ન હોય તે કાચમાં પ્રતિબિંબ પણ પડતું નથી. એવું મન સત્ય પામે તો પણ તે સત્યને મલિન કરવા માટે જ. કચરો ભરેલા કૂવામાં પાણી રેડવાથી ફક્ત કચરાનું જ ઉભરાણ ચઢે છે. અનધિકારીના મુખમાં અદ્વૈત-અભેદનાં વચનો ભલે ગમે તેવાં સારાં લાગે, પણ તેના હૃદયમાં તો વામમાર્ગનો અનાચાર જ પ્રાધાન્ય ભોગવે છે. વહાણમાં જે રીતે પવનની જરૂર છે, તેમ આત્મામાં દૃઢ શ્રદ્ધા અને શુદ્ધ પ્રેમની જરૂર છે. સંપૂર્ણ પ્રીતિ સફળ થતાં જ બુદ્ધિ સફળ થઈ ખીલવા માંડે છે.

સત્ય અનાદિ અને અનંત છે. એક પરમાત્મા સર્વને યંત્રવત્ ચલાવવાને નિરીક્ષણ કરી રહ્યો છે. કળિકાળના લોકો શિશ્નોદરપરાયણ છે, સ્થૂળતામાત્રને જ ઓળખે છે, પણ ભાવના અને ઉર્ધ્વીકરણને સમજતા જ નથી. મારું રાજ્ય અને મારી પ્રાપ્તિ તો આપણા શરીરરૂપી કુરુક્ષેત્રમાં આત્મા અને મનનો સંગ્રામ ચાલી રહ્યો છે, તેમાં આત્માને વિજયી બનાવવામાં છે. બ્રહ્માંડને મૂકી તેની પ્રતિકૃતિ જે પિંડ છે, તેને જ વિલોકવામાં આત્મ-સામ્રાજ્યના પગરણનો પ્રારંભ અને સર્વ પ્રાપ્તિનું બીજ છે.

સ્થૂળપારનું જ્ઞાન કયા ગ્રન્થોમાં છે?

એનો ગ્રન્થ તો આખું વિશ્વ છે.

એ જ્ઞાન કયા પ્રયોગથી મળે છે? એનો પ્રયોગ મનુષ્યના ચક્ષુમાં છે. વનસ્પતિ કે નિર્જીવ પદાર્થ પણ અનેક ઉપદેશ કરવાને સમર્થ છે પણ તે વાંચવાની આંખ અને સમજવાનું મન સાવધાન જોઈએ. જેઓ શબ્દમાત્રને સમજે છે પણ શબ્દનો અર્થ કે તેના ધ્વનિનો વિચાર કરવા જરાપણ થોભતા નથી, તેમને માટે બધું નકામું છે. જાણવાની ઇચ્છા અને સાધનસંપત્તિના પરિપાકરૂપે પ્રાપ્ત થતી મુમુક્ષુતા, એ બી એક નથી. સાધનાનો પ્રથમ ક્રમ એ છે કે પોતાના

આત્માને જ સર્વસ્વ ગણી તેમાં જ ઠરવું. એ રીતે આત્મા સ્થિર થાય ત્યારે જ તેમાં સમગ્ર વિશ્વનું પ્રતિબિંબ પડે છે. એ દેખાતાં જ શાંતિનું દિવ્યગાન સંભળાય તથા 'આત્મા એટલે શરીરસ્થ ચેતન' એવો ભ્રમ મટી સર્વમયતા આવે.

આત્મા સમષ્ટિમાં લય પામવો જોઈએ.

સમષ્ટિ ભાવ એ જ સર્વશક્તિનું સ્થાન છે.

ધ્યાનકાળના અભ્યાસથી સહજ શાંત ગાંભીર્યનો ઉદય થાય અને તે આત્મામાં જણાય છે, એથી અંતરમાં સર્વવ્યાપી એકાત્મતાની પ્રતીતિ થવા જ લાગે છે. સાધનચતુષ્ટય સંપન્ન થયા વિના મુમુક્ષુત્વ પ્રાપ્ત થતું નથી, થતું નથી.

જે ભાવથી બુદ્ધિ આત્મપ્રવણ થાય, તે મુખ્ય છે.

શરીરનો ધ્વંસ થવા છતાં પણ
આત્મસ્થ યોગીની ભાવના કદાપિ મરે નહિ.

પ્રત્યેક શિષ્યની કસોટી એ છે કે
તેની વૃત્તિમાત્ર શુદ્ધ અને શાંત થઈ સાત્ત્વિક થાય અને
તેની કામનાઓ નરમ પડી જાય.

વિશ્વરચના આ કાર્યમાં સહાય કરે છે. નીચ વૃત્તિવાળાની વાંછના પૂર્ણ થવામાં અનેક અંતરાયો આડા આવે છે, પછી તે યોગવિદ્યાના રહસ્યનો ગમે તેટલો જાણકાર હોય.

## ૧૨ વિચારકણિકાઓ

(૧) ઉપદેશનો પ્રથમ ક્રમ કયો જાણવો યોગ્ય ગણાય છે?
તે ક્રમ ઉપલક્ષણથી માંડી સર્વાત્મ્ય સમાધિ પર્યંતનો છે.

(૨) વિચારોનાં તોફાનમાંથી જ છેવટે કોઈકવાર
શુદ્ધ વિચારનો આકાર ઉપજી આવે છે.

(૩) જેવું જેટલું આચરણ, તેટલું જ તેનું અભિમાન.
મનુષ્યનો સ્વભાવ જ 'હું' પદથી ભરેલો છે.

(૪) વિશ્વરચનાનો નિયમ એવો તો ઘડાયો છે કે તે
એક અણુની પણ નિરર્થકતા સર્જન કરી શકતો નથી.

(૫) અંતઃકરણની તીવ્રતા વિના જેમ ઉત્કૃષ્ટ શક્તિ
ન આવે, તેમ અંતઃકરણની શુદ્ધતા વિના તે શક્તિનો
શુભ ઉપયોગ પણ મનુષ્યજીવનમાં શક્ય બનતો નથી.

(૬) આત્મસત્તા સાથે ઐક્ય અનુભવવાનો યત્ન કરે
તે ઐક્યની અનુભૂતિનો આરંભ કરનાર સાધક પુરુષ
આત્માથી અભિન્ન એવા ઈશ્વર માત્રને દેખે છે.

(૭) આત્મજ્ઞાનની વાતો સરળ છે, પણ
તેનો સાક્ષાત્કાર કરવાનો યત્ન તો અતિશય ભયંકર છે.
દોષમાત્રના નિદાનરૂપ જે શંકા મનને ભમે છે, તે જો ન
ટળ્યા વિના નિઃશંક અભયસ્થાન પ્રાપ્ત થતું જ નથી.

(૮) આત્મલાભ જો સમ્યક્ વૃદ્ધિ પામે તો જ જગતમાં રહેલા દરેક ક્લેશ અને દુઃખની દુઃસહતા ઓછી થાય.
(૯) 'એકને જાણવાથી સર્વનું જ્ઞાન' એનો અર્થ કે: એક ચૈતન્યના અપરોક્ષથી ચૈતન્યના વિવર્તમાત્રનું અપરોક્ષ.
(૧૦) પ્રયત્ન પોતે જ મનોવિજ્ઞાનને વિશુદ્ધ કરનાર વસ્તુ છે.
(૧૧) દુનિયામાં જે ભય છે, તે જ જ્ઞાનનો મહાશત્રુ છે.
(૧૨) કામથી મુક્ત થવું એ સમ્યક્ થવામાં રહેલું છે.
રવિ પ્રકાશ પોતાને જ પ્રકાશિત કરી બેસતો નથી, તે પોતાની બહારની ચીજોને પણ પ્રકાશિત કરે છે. સાચું સુખ પણ આત્મા ને જગતને પ્રકાશિત કરે છે. ક્ષમા મોક્ષનો દરવાજો છે. વેરવૃત્તિથી કે બદલો લેવાની ભાવનાથી આનંદ મળતો નથી. ક્ષમાભાવનાથી દુશ્મન પણ મિત્ર બને. જો ક્ષમાભાવને અનુસરાય અને તે મુજબ આચરણ કરાય તો રાગ-દ્વેષ-દુઃખભર્યા સંસારમાં વેરવૃત્તિ, દુશ્મનાવટ કે ઝઘડા-ટંટા જેવું કાંઈ જ ન રહે. આત્મામાં જ એવું તત્ત્વ રહેલું છે કે જે બાહ્યવિશ્વમાત્ર કરતાં બળવત્તર હોઈ, જગતની રચનામાત્રની પાર જઈ, આપણને અનંત બ્રહ્માંડના એકરસ આનંદઘનમાં ઝબોળી શકે છે. જ્યારે જ્યારે પોતા કરતાં અધિક સત્ત્વવાળા

જીવ આવો યોગ કરે છે, ત્યારે જે સ્થિતિમાં બંધાઈ રહેવું પડતું હોય છે, તેમાંથી મુક્ત થઈ અધિક કરતાં અધિકતર લાભ આકર્ષાય છે અને આત્મજીવના આ આકર્ષણના નિયમે અધિકાધિક આકર્ષણ પામતાં પરમ આનંદમાં વિલીન થાય છે. મર્ત્ય સ્વભાવરૂપ વ્યવહારમાં ય અજર-અમર અભેદ આનંદમય સમષ્ટિ ચેતનની એક મૂર્તિરૂપ એનો વ્યષ્ટિરૂપ પિંડ, નવો ને નવો, યૌવનપૂર્ણ અને યૌવનપૂર્ણ જ છે. એને અનંતયુગ-અનંતકલ્પોથી કાંઈ વિકાર થતો નથી. પર એથી પોતાનું જીવન ત્યજવામાં જ આવો લાભ અને યોગનું રહસ્ય જણાય છે. સ્વરૂપભાનની અતુલ તૃપ્તિમાં દેશ-કાળ તેમ જ પોતે - એમ સર્વનું ભાન જતું રહે છે. સહવાસનાની હાનિ થઈ લાગે તેને પશ્ચાત્તાપ થઈ શકે છે.

o योगी किं ध्यायति ध्याने? યોગી ૐકારનું ધ્યાન ધરે.
गुरवे क्रियते किंतु? नमः। યોગી ગુરુને નમસ્કાર કરે.
प्रतिपन्नं सतां कीदृग्? યોગીને ધ્યાનથી શું મળે? सिद्धं।
યોગીને ધ્યાનથી સિદ્ધપણું મળે. आदौ छात्राः पठन्ति किं?
યોગ શીખવા આવતા છાત્રો શું ભણે છે? ॐ नमः सिद्धं।

इति पृष्टे यदा शास्त्री, चिन्तयन्नपि स चिरम्।
न जानाति तदा सोऽवादीं नमः सिद्धमुत्तरम्। (परिशिष्ट-११)
- भावदेवसूरिकृत श्री पार्श्वनाथचरित्र, सर्ग-२, २११/२

## ભક્તિના ૪ પ્રકાર

(૧) સારૂપ્ય = પુરઃસ્ફુરણ (૨) સાલોક્ય = હૃદયાનુપ્રવેશ
(૩) સામીપ્ય = મધુરાલાપ (૪) સાયુજ્ય = સાંગાંગ ભાવ.

જે અલ્પવિકસિત ભક્તાત્માઓને પોતાના આદર્શને પુસ્તકોને વળગી રહેવા માટે અને આદર્શના પૂજકો માટે ઘૃણાની લાગણીની આવશ્યકતા જણાય છે, તેઓમાં અસહિષ્ણુતા અને તુલનાત્મક શક્તિની ઉણપ હોય છે.

ભક્તિની આ પ્રાથમિક ભૂમિકા છે.

મુખ્યા અને પરાભક્તિમાં આ દોષનું અસ્તિત્વ રહેતું નથી. ભગવાનને વિષે પરમપ્રેમ કે આત્મરતિ એ ભક્તિનું નિષ્કર્ષ લક્ષણ છે. એ પામીને મનુષ્ય કૃતકૃત્ય થઈને શાશ્વત તૃપ્તિ મેળવે છે. ભક્તિમાં : અપરા = પ્રાથમિક, પરા = શ્રેષ્ઠ.

જે સાધક બુદ્ધિ દ્વારા વાણી અને મનને પૂર્ણ રીતે વશ કરતો નથી, તેનાં વ્રત-તપ અને દાન કાચી માટીના ઘડામાં ભરેલાં પાણીની જેમ ક્ષીણ થઈ જાય છે. શીલ, સંયમ અને સંતોષ સહિત કરેલાં વ્રત-તપ અને દાન સમતાભાવની વૃદ્ધિ કરનારાં તથા મોક્ષ પર્યન્ત ફળ આપનારાં થાય છે.

o આત્મારામાપિ મુનયો નિર્ગ્રન્થા અપ્યુરુક્રમે ।
કુર્વન્ત્યહૈતુકીં ભક્તિમિત્થંભૂતગુણો હરિઃ ।

(પરિશિષ્ટ-૧૨)

ગૃહમાં શાંતિ, સંયમ, નિષ્પાપતા, નિઃસ્વાર્થતા તથા
૧૪ રાજલોકના જીવો માટે સર્વવ્યાપક પ્રેમ હોવાં જોઈએ.

વિશાળતા વિના ચિત્તશુદ્ધિ શક્ય નથી.

માનવમાં કોઈપણ પ્રકારની અનુભૂતિ વિના
શુષ્ક પાંડિત્ય હોઈ શકે છે, પણ
આધ્યાત્મિક ઉત્કર્ષમાં એની વિશેષ કિંમત નથી.

નિર્મળતાના અનિવાર્ય બે અંગો : ગહનતા અને વ્યાપકતા.

० भावे हि विद्यते देवः न पाषाणे न मृण्मये। અર્થાત્:
દેવો ભાવનાને વશ રહે છે, તે પત્થર-માટીમાં વસતા નથી.
મન એ જ દેવ છે. શરીરરૂપી માટીના પુતળામાં મનરૂપ
આશ્ચર્યજનક દેવ નિવાસ કરે છે. દેવ જે વિમાન
ઉપર બેસીને પૃથ્વી ઉપર ઉતરે છે, તે મનુષ્યમન છે.
પ્રકાશ અથવા જ્ઞાન એ વિમાન છે.

મન એ પારિજાત વૃક્ષના પુષ્પ જેવું છે.
પ્રાતઃકાળથી સાયંકાળ સુધી અનેક વિચારો અથવા
ભાવોનાં પુષ્પો મનરૂપી પારિજાત પરથી ટપકતાં જ રહે છે.

## સત્પુરુષ - ખલપુરુષ

मनस्येकं वचस्येकं कर्मण्येकं महात्मनाम्।
मनस्यन्यद् वचस्यन्यद् कर्मण्यन्यद् दुरात्मनाम् ॥१॥

(પરિશિષ્ટ-૧૩)

## દેહ એ દેવ-વાહણ

માટીનો દીવો એ માટીના દેહ સમાન છે, તેમાં પુરાતું તેલ-સ્નેહ એ સ્નેહગુણરૂપી રાગ છે, જે દેહમાં ક્રિયાસંચાર કરે છે. અંદરની સફેદ દીવેટ સત્ત્વગુણને અનુરૂપ છે.

જળતો દીપક એ સ્નેહની સક્રિયતા અને
તાપના પ્રકાશથી પૂર્ણ એવા મનુષ્યનું પ્રતીક છે.

પ્રકાશ દ્વારા દીપક એ તાપનું નહીં, તેલ-ઉષ્ણતા દ્વારા સ્ફૂર્તિ-ચેતના-પ્રસન્નતાનું પણ પ્રતીક ગણાય છે.

આયુર્વેદમાં શરીરની શક્તિના સ્ફુરણને
દીપન અથવા ઉત્તેજન કહેવાય છે.

મનોવિજ્ઞાનમાં મનની શક્તિના સ્ફુરણને
ઉદ્દીપન અથવા પ્રજ્વલન કહેવાય છે.

દીપક અને પ્રકાશ બંને પ્રસારક છે અને પ્રેરક પણ છે. શરીરની સ્ફૂર્તિ, મનની પ્રસન્નતા દીવાની જેમ પ્રકાશે છે, તેથી દીપક પ્રકાશનું, સ્ફૂર્તિનું અને જ્યોતિનું પ્રતીક મનાય છે. દીવાની જ્યોત સ્વચ્છરૂપે એક અખંડ, અતૂટ પરંપરા છે. અખંડ-ઉન્નતગતિમાં અતૂટરૂપે જે સતત પ્રકાશમાન થાય છે, તે દીપોત્સવ પ્રસંગે દીપમાળાઓમાં દેખા દે છે. દીપકોની હારમાળા સંસ્કૃતિની ઉજ્જ્વળ-પ્રકાશમય પરંપરા છે.

## સાધનામાં મુખ્યત્વે ઉપયોગી ગ્રંથો

(૧) શ્રવણ માટે વેદાન્ત ગ્રંથો ખાસ યોગ્ય મનાયા છે.
(૨) મનન માટે ન્યાય અને વૈશેષિક ગ્રંથો ઉપયુક્ત.
(૩) નિદિધ્યાસન માટે સાંખ્ય અને યોગ ગ્રંથો ઉપયુક્ત.
(૪) ધર્મજિજ્ઞાસા માટે પૂર્વમીમાંસા ગ્રંથોનો અભ્યાસ કરવો.
(૫) બ્રહ્મજિજ્ઞાસા માટે ઉત્તરમીમાંસાનો અભ્યાસ કરવો.

o સદાચાર, સદ્વિચાર અને સદ્વર્તનથી જે મનુષ્ય વ્યવહારમાં અભ્યુદય મેળવે અને દુર્લભ મનુષ્યદેહમાં જેના સતત પાલન દ્વારા ચિત્તની શાંતિ, સંતોષ અને સુખ અનુભવી મૃત્યુ બાદ પરમપદ પામે, તેનું નામ 'ધર્મ.'

o કેવળ ભગવાનની મૂર્તિમાં જ નહિ, પણ સર્વે પ્રાણીઓમાં ભગવાનને જુએ અને એ ભાવથી જ એમની સેવા કરે એ સાચી સેવા છે. સાચી સેવા કામના કે હેતુરહિત હોય છે અને તે તો 'સર્વ પ્રાણીમાં ઈશ્વર રહેલા છે' એ ભાવથી જ થઈ શકે છે.

o કર્મનો નિયમ સંવાદિતાનો નિયમ છે.

આભારની ભાવના નમ્રતાને વધારે ક્રિયાશીલ કરે છે. એનાથી આનંદ વધે છે, શ્રદ્ધા ઘડાય છે તથા વળી વધારાનાં માંગલ્યદ્વારો પણ ખૂલે છે.

સંવાદિતાથી મન, શરીર અને સમગ્ર જીવનને આવરી લેતું માંગલ્યનું એક અસાધ વર્તુળ ગતિશીલ થાય છે. અકૃતજ્ઞતા, કદરહીનતા અને ફરિયાદી વૃત્તિ ઈશ્વરના માંગલ્યનો સ્વીકાર કરવા દેતાં નથી, એથી મનના દ્વાર બંધ થઈ જાય છે, આશિષ-ભેટ બહાર રહી જાય છે. આભારની લાગણી આપણને ઈશ્વર સાથે એકરૂપ બનાવે છે. એ એકતાને લીધે આપણે ઈશ્વર અને સર્વ માંગલ્ય સાથે એકરૂપ બનીએ છીએ. તમારા મનના વિચાર, હૃદયની લાગણી, મુખની વાણી, શરીરનું પ્રત્યેક અંગ, જીવનનો અણુ એ અણુ આભારના વૃંદગાનમાં જોડાઈ જવો જોઈએ.

૦ 'નમો' ચરમ દ્રવ્ય અને ભાવનો સંકોચ, નિગોદની અવસ્થાનું સંસ્મરણ, પ્રશંસા, પૂજા, કદર તથા કૃતજ્ઞતા.

નમસ્કાર પાપનાશક અને અનમસ્કાર પાપપ્રાપક છે.

નમસ્કાર મંગલકારક અને અનમસ્કાર અમંગલકારક.

નમસ્કારભાવનો અભાવ તે કઠિનતમ કર્મનો સૂચક છે.

નૈગમનય = કોઈ અપેક્ષાએ પોતાની સર્વથી અધમાધમ અને નમસ્કાર્યની ઉત્તમોત્તમ અવસ્થાને સૂચવનાર નય.

વ્યવહારનય સંકોચની ક્રિયા છે.

શુદ્ધ વ્યવહાર એ નમ્રતા અને કૃતજ્ઞતાનો સૂચક છે.

## સ્વધર્મના પાલન વડે સમાજસેવા

મનુષ્યનાં મન તથા ઇંદ્રિયોમાં જે જે સ્વાભાવિક વેગ રહેલ છે, તે સત્ત્વગુણનું પરિણામ છે, તેનું શમન જરૂરી છે. વેગનું શમન સ્વધર્મથી થાય છે, કારણ કે તે સ્વાભાવિક છે. 'સ્વધર્મ' એટલે પોતાનું સ્વતંત્ર કર્તવ્ય, તે દરેક મનુષ્યનું જુદું જુદું રહેલ છે. વ્યક્તિનો વિશિષ્ટ ગુણ, વિશેષ જ્ઞાન અને વિશિષ્ટ પરિસ્થિતિ વિશિષ્ટ ધર્મ અથવા કર્તવ્યને માંગે છે.

સ્વધર્મનું વિસ્મરણ (પ્રમાદ) એ મરણ છે અને
સ્વધર્મનું અવિસ્મરણ (અપ્રમાદ) એ અમૃત છે.

એ સ્વધર્મના પાલન વડે જ સમાજની સેવા થઈ શકે છે.

आत्मसंस्थं मनः कृत्वा, न किंचिदपि चिंतयेत् | ગીતાજી:

મનને આત્મસ્થિર કરીને પછી કાંઈપણ વિચારવું નહિ.

o તર્ક કે બુદ્ધિ વડે પરમ સત્યનો પાર પામી શકાતો નથી. એ કામ સમાધિ અને પ્રજ્ઞાની સહાયથી સિદ્ધ થઈ શકે છે. ધ્યાનનો અભ્યાસ વધારવાથી ઇંદ્રિયોની તાકાત તો વધે જ, ઉપરાંત ઇંદ્રિયગમ્ય ન રહેલ એવું જ્ઞાન પણ પ્રાપ્ત થાય. એ જ્ઞાનથી જ સમાધિ અને પ્રજ્ઞા સુધી પહોંચાય છે.

આધ્યાત્મિક જીવનનો વિકાસ = શીલ, સમાધિ અને પ્રજ્ઞા.

આધ્યાત્મિક જીવનની શરૂઆત શીલ વડે જ સંભવી શકે.

શીલ સાધન છે, સાધ્ય નથી. સાધકનું અંતિમ લક્ષ્ય પ્રજ્ઞા છે.

પ્રેમ વડે જ જન્મ-મરણના ફેરામાંથી છુટકારો થાય અને પ્રાંતે આપણા આત્માને નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

૦ આત્મા જે જગતનું પરમ સત્ય છે, તે બુદ્ધિ દ્વારા જાણવાની વસ્તુ નથી, પણ જેનું હૃદય શુદ્ધ છે, એમને સત્યનું સ્ફુરણ આપોઆપ જ થયા કરે છે. સૃષ્ટિના અણુ એ અણુમાં આત્મતત્ત્વ સમાયેલું છે, તે સનાતન સત્ય છે. <u>ગ્રન્થો બુદ્ધિની જિજ્ઞાસાને ભલે તૃપ્ત કરે પણ સત્યનો સાક્ષાત્કાર તો અનુભવ દ્વારા જ થાય છે. સત્યને જીવનધર્મ બનાવી તેને આચરણમાં ઉતારવાનો પ્રયત્ન જ સૌથી શ્રેષ્ઠ અને સરળ માર્ગ છે.</u>

જ્ઞાન એ આત્માનો સહજગુણ છે, બુદ્ધિ એ જ્ઞાનની ક્રિયા છે.
આત્મસ્વરૂપનું જ્ઞાન બૌદ્ધિક જ્ઞાનક્રિયાઓથી ભિન્ન છે.
સત્ત્વગુણના વેગને શમાવવાનો એક જ ઉપાય છે કે તેને વધાર્યે જ જવો, તેની ટોચે પહોંચાડવો, તેને સહજ બનાવવો.

તમોગુણ પણ ક્વચિત દેહને ઉપકારક છે.

રજોગુણનું શમન કરવામાં દેહને એનો જ ખપ પડે છે.
આધ્યાત્મિક દ્રષ્ટિએ રજ અને તમ-બંને ગુણો હેય છે

એમનું ઊંચાણ નીચાણ તરફ જ રહે છે.

માનવના દેહની અંદર જઈને એ વિકૃતિરૂપે રહે છે.

જ્ઞાનની પ્રેરણા જડમાંથી સ્ફુરે પણ ક્રિયા ચેતન સાથે સંચરે.
'જ્ઞાન ચેતનનો ગુણ છે' એવો ભાસ સત્ત્વગુણનો અંશ છે.
આત્મજ્ઞાન જુદું છે. તે ગુણવાચક નથી પણ સ્વસ્વરૂપ છે.
આત્માને જ્ઞાન થતું નથી પણ તે સ્વયં જ જ્ઞાનરૂપ છે.
સત્ત્વગુણને અહંકાર નથી. અહંકાર થશે કે તમોગુણ ભળશે.
સાધક- સાદા તમોગુણથી પણ એ ભયંકર છે.

જ્ઞાન આત્માનો સ્વાભાવિક ગુણ છે, કિન્તુ
જ્યારે એ ભારરૂપ લાગે ત્યારે એ અસ્વાભાવિક છે.
તે વખતે એ જ્ઞાન તમોગુણ બની જાય છે.

## જ્ઞાની અને નમ્રતા

'હું જ્ઞાની છું' એવો ભાસ થાય તો તે અજ્ઞાની તમોગુણ છે.
જ્ઞાન સ્વાભાવિક છતાં ગુણ છે, તેથી આત્મા જ્ઞાનીપણાથી
પણ જુદો છે એટલે જ્ઞાન કદી અહંકારી સંભવતો નથી.
એ પોતાની બુદ્ધિને બીજાની બુદ્ધિનું જ રૂપ માને છે.
પોતાની અંદર બીજાની બુદ્ધિના અસ્તિત્વનું ભાન કરતો
રહે છે, તેથી સાચો જ્ઞાની પોતે અત્યંત નમ્ર રહે છે.
નમ્રતા કોઈ વ્રત નથી પણ જ્ઞાનીનો સ્વાભાવિક ગુણ છે.
જ્ઞાની જાણે છે કે ગુણ-દોષ તો બુદ્ધિના સ્તર સુધી જ
રહે છે, જ્યારે આત્મા તો બુદ્ધિથી પણ ઉપર છે. આટલું
સ્પષ્ટ જાણતા હોવાને કારણે જ્ઞાની નમ્ર થઈ શકે છે.

## તમો-રજોગુણનું નિરસન / સત્ત્વગુણનો ઉત્કર્ષ

તમોગુણના નિરસન માટે શરીરશ્રમ અને અપ્રમાદભાવ, રજોગુણના નિરસન માટે સ્વધર્માચરણ, સ્વાભાવિક તથા સહજ પ્રાપ્ત કર્તવ્યોમાં દેહ-મન-બુદ્ધિ અને એનાં સઘળાં સાધનો સાથે તન્મયતા અને સત્ત્વગુણના શમન માટે સત્ત્વગુણનો ઉત્કર્ષ સાધવો અને સ્વભાવમાં પરિણત ન થાય ત્યાં સુધી સત્ત્વગુણનું પણ અભિમાન ટાળવા માટે સતત જાગૃતિ રાખવી અતિ આવશ્યક છે. ગુણ જ્યારે આપ ઓગાળીને સ્વભાવમાં ભળી જાય છે, ત્યારે સમસ્ત સૃષ્ટિ સાથે સમરસ-એકરૂપતા સધાય છે.

જ્યારે સત્ત્વગુણ વધારવાનું કાર્ય મુશ્કેલ બને,
ત્યારે તરણોપાય એક ભક્તિ જ છે.

'પિંડમાં છૂટે તે બ્રહ્માંડ પૂરે છે' એ નિયમ ભૌતિક ક્રિયાની જેમ આધ્યાત્મિક ક્રિયામાં પણ એકસરખો કામ કરે છે. ગુણોત્કર્ષનો વિકાસ અને વિલય પણ ભક્તિમાં જ છે.

ध्यानमेकाग्रचित्तैकसाध्यं न सुकरं नृणाम् ।
तस्मादत्र सुखोपायः श्रीमन्नादमनाहतम् ॥१॥
चैतन्यं सर्वभूतानां विवृतं जगदात्मना ।
नादब्रह्म तदानंदम-द्वितीयमुपास्महे ॥२॥

(પરિશિષ્ટ-૧૪)

૦ આંતરજીવનની સાધના એ કપરું ચઢાણ છે.
અહંકારના શિખર ઉપર થઈ એ યાત્રા પ્રભુધામ ભણી ચાલે છે.
એ માર્ગમાં પ્રભુની કૃપા એ જ પરમ વરદાન છે.
પોતાનો પુરુષાર્થ એ તો સમગ્ર સમર્પણનો એક લઘુ અંશ છે.
એક પગથિયું ચઢાય, તો તેમાં ય પ્રભુની જ કરુણા છે.
અરે...! નિસરણી પાસે ઊભા રહેવાનું સામર્થ્ય મળે,
એ પણ આપણા સૌ ઉપર એનો જ પરમ અનુગ્રહ છે.
વેદમતે જીવના શરીરમાં લોહી એ સૃષ્ટિમાં પાણીરૂપે,
આંખો એ સૃષ્ટિમાં અગ્નિ - સૂર્યરૂપે, પ્રાણ એ વાયુરૂપે
તથા લોહીમાં લોહતત્ત્વ એ સૃષ્ટિમાંના લોખંડરૂપે છે.

પરમાત્મા એટલે...

ભૌતિક+સૃષ્ટિથી ભિન્ન એવી એક પરમશક્તિ.
એ શક્તિનો અનુગ્રહ આપણે સૌ પામી શકીએ છીએ.
સત્વગુણનો ઉત્કર્ષ સ્વભાવમાં પરિણત થઈ જાય છે.
પોતાની કે બીજાની બુદ્ધિ વાપરતાં જ્યારે ઓછી પડે,
ત્યાં પરમશક્તિનો આશ્રય લેવો તે આપણું કર્તવ્ય છે.
સાચી ભક્તિનો આધાર પ્રયત્નશીલ લોકોને છે.
ઈશ્વર પાસે હક્ક વિના માંગે અને જેમને માંગવાનો
હક્ક છે તેઓ ન માંગે, તે બંને એકસરખા ગુનાહિત છે.

## સ્વરોનો અર્થ વિસ્તાર

अ = પરમેશ્વરનો સ્વાત્મવિમર્શ, ચિતિ, ચૈતન્ય.

आ = પરમેશ્વરની આનંદ શક્તિ. } इ = ઈચ્છા, પ્રકૃષ્ટેચ્છા.

ई = ઇચ્છા જ્ઞાનોન્મુખત્વં, ઇચ્છાનો વિષય.

उ = ભાવોન્મેષોન્મુખં જ્ઞાનં, ભાવને જગાવનારું જ્ઞાન.

ऊ = અનુત્તરસંવિત સંકોચાદની ન્યૂનતા, જ્ઞાનનો વિષય.

ऋ ॠ = ક્રિયા + ઇચ્છાવિષય, નપુંસક જ્ઞાન + ક્રિયા
સ્વરૂપવિસ્મરણ વડે શૂન્યાભૂત ભાવિપ્રકાશશક્તિ

ऌ ॡ = નિશ્ચલ શૂન્યતાપ્તિ. આ ૪ નપુંસક શૂન્યત્વની
પ્રાપ્તિ કરે. ભાવત્વનો સર્વદા, નાશ થતો નથી.

ए = અનુત્તર અને આનંદનો પરસ્પર સંયોગ.
ચિતિ + ઇચ્છા = ક્રિયા - અસ્ફુટ, ઇચ્છા + ઈશાન.

ऐ = એ રૂપને પ્રસવતા, ચિતિ + ક્રિયા = સ્ફુટતર તે.

ओ = અ + આ + ઉ + ઊ, ચિતિ + જ્ઞાન = ક્રિયા - સ્ફુટ.

औ = અ + આ + ઓ, ચિતિ + ક્રિયા = સ્ફુટતમ તે.

अं = ઇચ્છા, જ્ઞાન અને ક્રિયાનું શૂન્યસ્વરૂપ = બિન્દુ,
તે અનુત્તરપદમાં લીન થવાથી બિંદુમાત્ર શેષ રહે તે.

अः = બિંદુનું સર્જન = વિશેષસર્ગ, શાક્તવિસર્ગ પ્રધાનતાથી
-પરમેશ્વર.

ક્ષ = ક્ + ષ્ પર્યન્ત વ્યંજનોનો સંગ્રહ

હ્ = વ્યંજનોનું આલિંગિત સ્વરૂપ, મહાપ્રભુ-ભાવ.

સ્વર = શિવ ભગવાનક, વ્યંજન = શક્તિ.

એ રીતે વર્ણોનો ઘનીભાવ અપરાવાક્ રૂપી શરીરમાં રહે તથા તે વર્ણોનો ઘનીભાવ વૈખરી સ્ફુટભાવને પામે છે.

ષોડશકલા = પૃથ્વીથી વિમર્શશક્તિ સુધી, ક થી ક્ષ પર્યન્ત.

## ક્યા સ્વરનું ઉદ્ઘોષણ ક્યાંથી?

અકારનું ઘનત્વ ક વર્ગ = કંઠ્ય હોવાથી.

ઇકારનું ઘનત્વ ચ વર્ગ = તાલવ્ય હોવાથી.

ઉકારનું ઘનત્વ પ વર્ગ = ઓષ્ઠ્ય હોવાથી.

ઋકારનું ઘનત્વ ટ વર્ગ = મૂર્ધન્ય હોવાથી.

લૃકારનું ઘનત્વ ત વર્ગ = દન્ત્ય હોવાથી.

ય અને શ એ જે ચ વર્ગમાં છે,

ર અને ષ એ જે ટ વર્ગમાં છે,

લ અને સ એ જે ત વર્ગમાં છે,

વ એ ત અને પ વર્ગની ઘનતા છે.

| | | | |
|---|---|---|---|
| 0 | ક્ષમા | વૈરાગ્ય | નિઃસ્પૃહતા |
| | કરુણા | દાન | શાંત |
| | અહિંસા | સંયમ | તપ |
| | મૈત્રી | કારુણ્ય | માધ્યસ્થ્ય. |

## સ્વર અને વ્યંજન તથા ૪ ધારણા અને બ્રહ્મપંચક

| | |
|---|---|
| અ થી અઃ પર્યંત | શિવતત્ત્વ |
| ક થી ઙ પર્યંત | ભૂતપંચક |
| ચ થી ઞ પર્યંત | તન્માત્રપંચક |
| ટ થી ણ પર્યંત | કર્મેન્દ્રિયપંચક |
| ત થી ન પર્યંત | જ્ઞાનેન્દ્રિયપંચક |
| પ થી મ પર્યંત | મન, બુદ્ધિ, અહંકાર, પ્રકૃતિ, પુરુષ |
| ય - ર - લ - વ | પાર્થિવી ધારણા - આગ્નેયી ધારણા |
| વા - અ - પૃ - જલ | વારુણી ધારણા - વાયવી ધારણા |
| સ્પર્શ - રૂપ - ગંધ - રસ | ધારણા સ્થાનવાચક માત્ર છે. |
| શ ષ સ હ ક્ષ | બ્રહ્મપંચક - જે નીચે પ્રમાણે છે: |

(૧) ઈશાન (૨) તત્પુરુષ (૩) અઘોર (૪) વામદેવ (૫) સદ્યોજાત

પાર્થિવી ધારણા - દેહવ્યાપક સૂર્યરૂપ પ્રભાવચિન્તન.

વાયવી ધારણા - પ્રચંડ વાયુથી શરીરની ભસ્મ દશેદશ દિશાએ ફેલાઈ જવાની ભાવના.

વારુણી ધારણા - દ્વાદશાંતથી પડતા શાક્તામૃત વડે તે તે સ્થાનનું પ્લાવિતપણું ભાવવું તે.

આગ્નેયી ધારણા - દક્ષિણ પાદાંગુષ્ઠથી ઉઠેલા કાલાગ્નિની જ્વાલાથી ભસ્મીભૂત બાહ્યાંતરદેહ ભાવના.

પૂજ્યપાદ સમાધિશતક શ્લોકમાં કહ્યું છે કે:

अदुःखभावितं ज्ञानं क्षीयते दुःखसन्निधौ
तस्माद्यथाबलं दुःखे आत्मानं भावयेत् मुनिः ॥ સ્મૃતિ:
દુઃખ વિના ભાવિત કરેલું જ્ઞાન દુઃખ આવ્યે નાશ પામે છે,
માટે મુનિએ યથાશક્તિ દુઃખ કે કષ્ટમાં જ્ઞાન ભાવિત કરવું.

આણવમલ = સ્વાતંત્ર્યહાનિ, સ્વરૂપહાનિ.
માયામલ = ભિન્ન વેદ્ય પ્રથા. કાર્મણમલ = કર્તાનો બોધ.

तच्चोदकः शिवो देवः सर्वज्ञः परमेश्वरः ।
सर्वगो निर्मलः स्वच्छस्तृप्तः स्वायतनः शुचिः ॥ સ્મૃતિ:
તેની પ્રેરણા કરનાર પરમાત્મા સર્વવ્યાપી, નિર્મળ, સ્વચ્છ,
તૃપ્ત, સ્વસ્થ, પવિત્ર અને સર્વજ્ઞ એવા પરમેશ્વર જાણવા.
સર્વગ = માયામલરહિત. સ્વચ્છ = આણવમલરહિત.
તૃપ્ત = કાર્મણમલરહિત.

भावाद्वैतं सदा कुर्यात्, क्रियाद्वैतं न कर्हिचित्,
अद्वैतं त्रिषु लोकेषु नाऽद्वैतं गुरुणा सह । સ્મૃતિ:
ભાવાદ્વૈત હંમેશા કરવું પણ ક્રિયાદ્વૈત ક્યારેય ન કરવું. ત્રણે લોક
પ્રત્યે અદ્વૈત કે અભેદભાવ કેળવવો પણ ગુરુભગવંત પ્રત્યે
ક્યારેય નહીં (ત્યાં સ્વામી-સેવકભાવ રાખવો જેથી સમર્પણ ટકે).

उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥

(પરિશિષ્ટ-૧૫)

o પૂર્ણિમાનો ચંદ્ર પોતે પ્રકાશે છે, પણ તે તારલાઓને ઝાંખા કરે છે, માટે ક્ષય પામતો જાય છે. અમાસનો ચંદ્રમા શૂન્યવત્ બની તારલાઓને પ્રકાશવા દે છે, માટે પ્રતિદિન વૃદ્ધિની કળાને પામે છે.

o

One must realise original consciousness & his identity with the divine & with created all things & all living beings. One must feel: there are no others, but himself has become all these things. One must obey nature, surmount his ego & live in the consciousness of the one. Then the condition would be ideal.

o

9 Essential steps to spiritual progress

Physically appropriate diet, work, sleep. Psychically friendliness to life, non-attachment to work and neutrality to misery & happiness. Mentally originality, neutrality & non-attachment to thoughts.

October, 1964

## ધ્યાનની ભૂમિકાના ઉપાયો

(૧) કાયિક શુદ્ધિ : સમ્યગ્ આહાર-વિહાર, વ્યાયામ, નિદ્રા.
(૨) ભાવ શુદ્ધિ : ફલાશંસારહિત કર્મ સાથેનો મૈત્રીભાવ તથા સુખ-દુઃખ સંવેદનમાં સમાન ભાવ રાખવો તે.
(૩) વિચાર શુદ્ધિ : વિચાર સ્વાતંત્ર્ય, તાટસ્થ્ય, અપરિગ્રહ.
(૪) વિચારમાં મૌલિકતા, તટસ્થતા, નિરાગ્રહિતા રાખવા તે.
(૫) ધ્યાનનો સંકલ્પ, સાતત્ય તથા સમર્પણ સહ પ્રતીક્ષા.
(૬) જીવો પ્રત્યે મૈત્રીભાવ, દ્વંદ્વો પ્રત્યે સમભાવ અને કર્મો પ્રત્યે ફલાશંસાનો અભાવ ધ્યાન વખતે જરૂરી છે.
(૭) ધ્યાનનું સેવન દીર્ઘકાલ, નિરંતર, સત્કારપૂર્વક કરવું.

ધ્યાનથી વાસનાઓનું વિલીનીકરણ કરો પણ દમન નહિ.
વિલીનીકરણના ઉપાય ઉર્ધ્વીકરણ અને નિર્મૂલીકરણ છે.
ઇંદ્રિયો અને વાસનાઓનું દમન કરીને તેનો વિજય થઈ શકતો નથી કિન્તુ શમન કરીને તેનો વિજય થઈ શકે છે.

શમન વિલીનીકરણથી થાય છે અને
વિલીનીકરણ શત્રુભાવથી નહિ પણ મિત્રભાવથી થાય છે.
વેરથી વેર શમતું નથી કિન્તુ સ્નેહથી વેર શમે છે,
એ ન્યાય આંતરશત્રુઓ માટે પણ સરખો જ લાગુ પડે છે.

કષાયોને કે વિષયોને વેરી માનીને નહિ પણ
મિત્રભાવે સદુપયોગ કરીને વશ કરી શકાય છે.
અહંકારનું વિલિનીકરણ 'હું પ્રભુનો છું' એ ભાવથી થાય છે.
વસ્તુનિષ્ઠ અહંકાર એટલે 'હું ધનનો, રૂપનો બુદ્ધિનો છું.'
ગુણનિષ્ઠ અહંકાર એટલે 'હું ભણેલો છું.'
વિદ્યા અને આત્મનિષ્ઠનો અહંકાર એટલે 'હું પ્રભુનો છું.'
ઈન્દ્રિયજન્યભાવ ક્રિયાને કરે છે, ભોગજન્યભાવ યોગને કરે છે
અને પ્રભુજન્યભાવ અભેદને કરે છે.

સૃષ્ટિ પણ બોધ આપે છે: પર્વતોનું ધૈર્ય, સાગરનું ગાંભીર્ય,
પુષ્પની કોમળતા, પવનની સ્વચ્છતા, પૃથ્વીની ગાયતા ઈત્યાદિ.

ભાવના હિ ફલત્યેવ વિનાનુષ્ઠાનમપ્યહો ।
અર્થાત્: અનુષ્ઠાન વિના પણ ભાવના ફળે જ છે.

'સત્યં શૌચં તપઃ શૌચં શૌચમિન્દ્રિય નિગ્રહઃ ।
સર્વભૂતદયા શૌચં જલશૌચં તુ પંચમમ્ ॥૧॥'

'ગૃહેઽપિ વસતાં નિત્યમશ્નતામપિ શ્રદ્ધયા ।
મનઃ શુદ્ધ્યા ભવેદ્ ધર્મઃ તપસાઽપિ ન તાં વિના ॥'

'ધર્મો મૂલં વચઃ સ્કન્ધઃ ક્રિયાઃ શાખાદિ વિસ્તરઃ ।
ધર્મવૃક્ષસ્ય તન્મૂલે દૃઢે સર્વં પ્રજાયતે ॥૧॥'

(પરિશિષ્ટ-૧૬)

## મંત્ર અને પ્રભુભક્તિ

મંત્ર એ ઇચ્છાશક્તિને બળવાન બનાવવાનું સાધન છે.
શ્રી જિન તે જ હું. શ્રી જિન, સદ્ગુરુ, આત્મા, સર્વ જીવ એ
બધા શબ્દો જુદા છે પણ બધાનો આત્મા તો એક જ છે.
સર્વ કાર્યોનું પરમ કારણ તે ત્રિકાળ શુદ્ધ આત્મારૂપ જિનવર
છે. એટલે કે કોઈ પણ કાર્ય સામે ઉપસ્થિત થાય, ત્યારે
તેના બાહ્ય કારણોને એકત્ર કરવા તરફ બહુ લક્ષ ન આપતાં
પરમકારણને સર્વ પ્રથમ, સૌથી વધુ સાધવું કેમ કે કોઈપણ
કાર્યનું સાધકતમ કારણ તે ભક્તિ છે, તેને જ હૃદયમાં લાવવા.
તેથી કાર્ય ધાર્યા કરતાં પણ ઘણું સારું થવાનું. બાહ્ય કારણો
માટે ફાંફાં મારવા તે પરમકારણ પ્રત્યેની અનાસ્થા છે.
જેના વિના કાર્ય થતું નથી અને જેથી અવશ્ય થાય છે,
તે વસ્તુ પરમ કારણરૂપ ત્રિકાળશુદ્ધ આત્મારૂપ જિનવર છે.

તેની ભક્તિ તે જ કાર્યની સિદ્ધિનું પરમ કારણ છે.

એ ભક્તિ તે અમૃતભક્તિ છે.

જો પ્રત્યેક જીવ ખરેખર શ્રી જિનવર તરીકે ભાસતો હોય,
તો પછી તેનો ઉચિત વિનય થવો જોઈએ.
કોઈપણ જીવ સાથે ખેંચતાણરૂપ અહંકાર થવો ન જોઈએ.
જીવમાત્ર પ્રત્યે બહુમાન, તે જ શ્રી જિનવરનું બહુમાન છે.

## પ્રભુ પ્રતિમા તે જ આપણે

કોઈપણ જીવનું સમાધાન તે

શ્રી જિનવરના આત્મસ્વરૂપ આલંબનમાંથી જન્મે છે.
ભગવાનની મૂર્તિમાં સદા સ્વાત્માનાં દર્શન થવાં જોઈએ.
બધી મૂર્તિઓના ભ્રૂમધ્યમાં પ્રકાશ દેખાઈ જ આવે છે.

## સ્વહિત - સર્વહિત

સામાજિક હિતના નિયમો પાળવામાં પરતંત્ર રહેવું અને વ્યક્તિગત હિતના નિયમો પાળવામાં સ્વતંત્ર રહેવું જોઈએ. પ્રત્યેક વ્યક્તિએ માત્ર પોતાની ઉન્નતિમાં સંતુષ્ટ રહેવું જોઈએ નહિ પરન્તુ સર્વની ઉન્નતિ માટે ઝંખવું જોઈએ. પૈસાનું લેવું અને પૈસા ખરીદી શકે તેવી વસ્તુઓ લેવી, એ ઠીક છે પણ એ જોવું પણ જરૂરી છે કે પૈસા જેને ન ખરીદી શકે એવી વસ્તુ એમાં ખોવાઈ જવી ન જોઈએ.

## કર્તૃત્વ એટલે...

સ્વકર્તૃત્વને ૭ નયથી વિચારવું જોઈએ. જ્ઞાતૃત્વરૂપ કર્તૃત્વ એવંભૂતાત્મક વિશુદ્ધનયથી છે કારણકે એ નય જ્ઞાન-પ્રધાન છે અને સંગ્રહનયથી આત્મા અકર્તા પણ છે. નૈગમનયથી પણ કર્તૃત્વનો વિચાર થઈ શકે છે. એ નયથી વીતરાગ પરમાત્મા મુક્તિના અને ભવના કર્તા કહ્યા છે.

ઉપચારથી કે વ્યવહારથી કર્તા માનવામાં વ્યવહાર પણ એક નય છે અને તે પોતાના સ્થાનમાં સત્ય છે.

'ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશેઽર્જુન ! તિષ્ઠતિ।' વાક્યનો સમન્વય 'સ્યાદ્વાદ કલ્પલતા' પૃ-૨૦૩ ઉપર છે. ત્યાં કહ્યું છેઃ

चैतन्यात्मक महासामान्येन लोकत्रयावेशाद्
गाह्याकार क्रोडीकृतत्वेन तद्धरणाच्च ।
इत्यादिरीत्या पक्षागमं पराभिप्रायः उपपादनीयः ।

ષડ્દર્શન જિનઅંગ ભણીજે નથી

સમ્યગ્દૃષ્ટિને મિથ્યાશ્રુત પણ સમ્યગ્ થઈ જાય છે,
એ વસ્તુ પણ વિચારણીય છે.

વ્યવહારને અસત્ય, અપારમાર્થિક અથવા કાલ્પનિક નથી એકાંત નિશ્ચયવાદી સદા કહે મત ન માની શકે. ઈતરો કાર્યમાત્ર પ્રત્યે પરમ કારણ પરમાત્માને કહે છે, જેનો સમન્વય 'ઉપમિતિ ભવ પ્રપંચ કથા' પૃ-૭૨૨ ઉપર છે.

૯ નિધાનાત્મક એક શ્લોક છે કેઃ

भक्तिर्भूरिगुणालये जिनपतौ रक्तिस्सदुक्तागमे ।
सक्तिः सद्गुरुपर्युपासनविधौ मैत्री परप्राणिषु ।
सद्दाने च मतिर्गुणार्जनरतिः शिष्टैर्जनैः संगतिः ।
सर्वस्योपकृतिः कुकार्यविरतिः कार्या बुधैः सर्वदा ॥१॥

૯ નિધાન એટલે આ રીતે: (૧) જિનેશ્વર ઉપર ભક્તિ
(૨) આગમને વિષે રુચિ (૩) ગુરુ ઉપાસનામાં શક્તિ
(૪) પ્રાણીઓને વિષે મૈત્રી (૫) સમ્યગ્દાનમાં મતિ
(૬) ગુણાર્જનમાં રતિ (૭) શિષ્ટજનોની સંગતિ
(૮) સત્યની ઉપકૃતિ (૯) કુકર્મથી વિરતિ લેવી તે.

૦ ગણેશ એટલે નેતા કે એક જાતના મોટા તપસ્વી.

પેટ મોટું = વાતો પચાવી જાણનાર.

આંખો ઝીણી = સૂક્ષ્મદૃષ્ટિ, ઝીણી નજર.

કાન મોટા = સૌનું સાંભળી શકે.

નાક લાંબુ = સારાનો સ્વીકાર, ખરાબને ફેંકી દે.

વાહન ઉંદર = નાની વ્યક્તિને પણ માન આપે.

બાહ્યતપ જૈન મતે માત્ર આંતરતપના સાધનરૂપ જ છે, મુક્તિના એકમાત્ર સાધનરૂપ નહિ. કાયક્લેશ એ મુક્તિનું સાક્ષાત્ કારણ નહિ પણ ધ્યાનરૂપ તપના સાધનરૂપ છે. કાયક્લેશ એ મુક્તિના પરંપર એક ગૌણ સાધનરૂપ છે.

૦ શાસ્ત્રાભ્યાસો જિનપદનતિઃ સંગતિઃ સર્વદાર્યૈઃ ।
સદ્વૃત્તાનાં ગુણગણકથા, દોષવાદે ચ મૌનમ્ ।
સર્વસ્યાપિ પ્રિયહિતવચઃ ભાવના ચાત્મતત્ત્વે ।
સંપદ્યંતાં મમ ભવભવે યાવદાપ્તોઽપવર્ગઃ ॥૧॥

– વસ્તુપાલ ચરિત્ર (પરિશિષ્ટ-૧૭)

સૃષ્ટિક્રમ = ભેદપ્રધાનતા, સંહારક્રમ = અભેદપ્રધાનતા.
(૧)'હતો પરમાત્મા એ જ જીવાત્મા' એ સૃષ્ટિક્રમ.
તે દ્રવ્યાર્થિકનયનો મત છે. 'આયા સામાઇયં।'
(૨)'જીવાત્મા એ જ પરમાત્મા' એ સંહારક્રમ ગણાય છે.
તે એવંભૂતનયનો મત છે. 'આયા સામાઇયસ્સ અટ્ઠે।'
બુદ્ધની ક્ષણિકતામાં ચાર્વાકની ભેદ સર્વદૃષ્ટિ, વિચ્છેદ નહોતો
અને ઉપનિષદોની ભેદ સર્વદૃષ્ટિ, કૂટસ્થતા પણ નહોતી.

(૧) પ્રમેય : જાગ્રતાવસ્થા - સોમ - સ્વરો.
(૨) પ્રમાણ : સ્વપ્નાવસ્થા - સૂર્ય - સ્પર્શવ્યં
(3) પ્રમાતા : સુષુપ્તિ અવસ્થા - વહ્નિ - અંતઃસ્થ મહાપ્રાણ.

<u>માતૃકાચક્ર વિવેક</u>

(૧) સ્વરખંડ (૨) ય ર લ (3) ક ખ ગ.

| શિવતાના ક્રમમાં | પશુતાના ક્રમમાં |
|---|---|
| (૧) ચંદ્ર - પ્રમેય (ક્રિયા, જડ) | ચંદ્ર - પ્રમાતા |
| (૨) વહ્નિ - પ્રમાતા (જ્ઞાન, આનંદ) | વહ્નિ - પ્રમેય |
| (3) સૂર્ય - પ્રમાણ (મિશ્ર) | સૂર્ય - પ્રમાણ |
| (અભેદજ્ઞાનની પ્રધાનતા) | (ભેદજ્ઞાનની પ્રધાનતા) |
| આત્મ - સંકુચિત | વ્યાપક - વિકસિત |

(મ) જાવકળા

## જૈનદર્શન એ...

(a) સર્વ નયાત્મક

(b) સર્વ સ્વીકારાત્મક

(c) સર્વ નમસ્કારાત્મક

(d) સર્વ શિવાત્મક

(e) સર્વ સર્વાત્મક

(f) સર્વ અભેદાત્મક

(g) સર્વ શૂન્યાત્મક છે.

## જ્ઞાન અને વેદ

'અપૌરુષેય વેદ'નો અર્થ એ છે કે જ્ઞાન એ પુરુષતંત્ર નહિ પણ વસ્તુતંત્ર છે. તેથી સત્યનું જે કાંઈ સંપૂર્ણ જ્ઞાન થાય છે, તે પુરુષને નહિ પણ વસ્તુને અનુસરે છે. ઋષિમુનિઓને જ્ઞાન થયું તે પહેલાં પણ વેદ તો હતું જ. જ્ઞાન ન થયું હોય તો પણ તે જ્ઞાન અને વેદ વિશ્વમાં હયાતિ ધરાવતું હતું. યોગાભ્યાસાદિથી જ તે જ્ઞાન પ્રગટ થયું, એથી તેના કર્તા પુરુષ નહિ પણ વેદ જ કહેવાય. સંપૂર્ણ જ્ઞાનનું ફળ સંપૂર્ણ શાંતિ છે. તે ન આવે ત્યાં સુધી 'જ્ઞાન નહિ, તેનો આભાસ છે' અથવા 'અલ્પજ્ઞાનમાં પણ પૂર્ણપણાનું અભિમાન છે' એમ માનવું જોઈએ.

અજ્ઞતાએ સર્જેલાં અનિષ્ટો કરતાં અલ્પજ્ઞતાએ પોતાને સર્વજ્ઞ માનીને સર્જેલાં અનિષ્ટો ઘણાં વધારે ખરાબ છે, તેથી અલ્પજ્ઞતાપણાંનો સ્વીકાર કરી જ્ઞાનના નવાં દર્શનોને આદરથી જોવા. તે દર્શનોથી નવું જ્ઞાન ન મળે તો પણ પરસ્પરના સંઘર્ષણમાંથી તો અવશ્યપણે બચી જવાશે. જ્ઞાનાહંકાર મનુષ્યને પોતાની સંકુચિતતામાં જ બાંધી રાખે છે. જેનામાં સાચું જ્ઞાન કે ભક્તિ નથી, તેને ખબર જ નથી કે

અહંકારનું રાજ્ય તો કેટલું બધું નાનું હોય છે!

તેથી જેનામાં પ્રભુની ભક્તિ હોય છે, તે જ જાણે છે કે પોતાની બહાર જે વિશાળતા અને મહત્તા રહેલી છે, તેનો અનુભવ કરવો એમાં જ આત્માની મુક્તિ રહેલી છે.

## What is Namo?

'નમો'માં એક બાજુ અહંકારનો કે સંકુચિતતાનો ત્યાગ છે, બીજી બાજુ વિશાળતા તથા મહત્તાનો સરસ અનુભવ છે. સંકુચિતતાનો ત્યાગ અને વિશાળતાનો અનુભવ કરાવવાનું સામર્થ્ય 'નમો' પદના અર્થની ભાવનામાં રહેલું છે. 'નમો' ભક્તિવાચક છે, ભક્તિ એ વિશાળતાની સાથે જોડાણ અને સંકુચિતતાની સાથે તોડાણ કરાવી આપે છે.

अविभक्तं विभक्तेषु । અર્થાત્ ભેદમાં અભેદ.

વિભાગનો ત્યાગ અને અવિભાગનો સ્વીકાર
એ ભક્તિનું સાચું સ્વરૂપ છે.
'નમો' એ વિભાગનો નિષેધ અને અવિભાગનો અંગીકાર છે.
'ન' નિષેધવાચક છે તથા 'મો' એ સ્વીકારવાચક છે.
'મને પૃથકતા ઇષ્ટ નથી અને અપૃથકતા ઇષ્ટ છે' એવી
ઇચ્છા અને ભાવના પ્રદર્શિત કરવાનું સાધન 'નમઃ' પદ છે.
'अहं करोमि' એ મિથ્યાપદ છે.
'नाहं करोमि।' તથા 'नमः करोमि।'
'તમે જે કરો છો, તેને હું નમું છું તથા સ્વીકાર કરું છું'
એ નમસ્કારના પદનો ભાવાર્થ છે.

V. Imp.

## પ્રેમનું સુદૃઢ બંધન

'ઈશ્વર આપણને ચાહે છે' એવી સંતોએ શીખવેલી વાત ઘણા માનવોને મુશ્કેલ લાગે છે. ઈશ્વર આપણને ચાહે છે એમ જાણવું એ જ શ્રેષ્ઠ જ્ઞાન છે. એ જ્ઞાન સર્વત્ર અજવાળાં પાથરી દે છે. એનાથી જીવન ઉજળું બને છે. એનાથી આપણી સમગ્ર વિચારધારા પલટાઈ જાય છે. 'ઈશ્વર આપણને ચાહે છે' એમ કહેવું અને એમાં શ્રદ્ધા રાખવી, એથી અંતરનાં દ્વારો ખૂલે છે. એમ કરવાથી આપણને સૌનો સાચો પ્રેમ મળે છે તથા

તેથી આપણને પણ પ્રેમ આપવાનું મન થાય છે.
'આપણે એકલા નથી, ઈશ્વર આપણી સાથે છે, આપણી
સંભાળ રાખે છે અને તે આપણને ખૂબ જ ચાહે છે'
આટલું જાણ્યા પછી એકલતા કેમ અનુભવાય?
અને એ પછી આપણને મળેલો પેલો અસીમ પ્રેમ
આપણે અન્યને આપ્યા વગર શી રીતે રહી શકીએ?
પ્રેમની આ શક્તિ કોણ નથી જાણતું?
પ્રેમ એ જગતનું સર્વોત્તમ બળ છે.
સંવાદ, આકર્ષણ, એકતાની અજબ શક્તિ એમાં વસે છે.
પ્રેમ આપનાર અને લેનાર ઉભયને આશીર્વાદરૂપ બને છે.
એનાથી જીવનમાં નવું સ્વાસ્થ્ય અને ચૈતન્ય પ્રગટે છે.
પ્રેમથી આપણા તરફ માંગલ્ય આકર્ષાય છે.
પ્રેમનું સુખદ બંધન સૌને એકતાના સૂત્રે બાંધે છે તથા
પરસ્પર સંબંધોમાં સંવાદિતાનું મધુર સંગીત પ્રગટાવે છે.

## પ્રેમનો નાનકડો તણખો

પ્રેમનો નાનકડો તણખો એક અંતરમાંથી બીજા અંતરમાં
પ્રગટે એમાંથી નાનકડી જ્યોતિ અને જ્વાળાનું સર્જન થાય.
એમાંથી ઉષ્મા અને અજવાળાં પ્રસરતાં જ રહે છે.
અનેક લોકો ઉપર પથરાતાં પથરાતાં છેવટે એ સમગ્ર

સૃષ્ટિને આવરી લે છે. આ અસીમ પ્રેમની વ્યાપકતાથી
બ્રહ્માંડના કણ-કણને પરમ ઉદારતાથી પોતામાં સમાવી લે છે.
પ્રેમ એ વિશ્વનું સૌથી મહત્તમ તત્ત્વ છે. સહુને માટે પ્રેમ
અનંત રાખવો એ માનવની સૌથી મોટી જરૂરિયાત છે.
જ્યારે પણ તક મળે ત્યારે વધારે ને વધારે પ્રેમ અર્પણ
કરવો જોઈએ. જ્ઞાન, શ્રદ્ધા, બલિદાન કે બીજું ગમે તે,
પણ પ્રેમ વગર અધૂરું જ નહિ બલ્કે નિરર્થક પણ છે.

ઈશ્વર પરમ પ્રેમમય છે.

એના વગર આપણા માટે જીવવાનું મુશ્કેલ જ છે.

પ્રેમ એ શબ્દ, ભાવ, હૃદય અમૃતનું પાન છે.

તે એક જાદુઈ તત્ત્વ છે અને એવી ઈશ્વરીય વસ્તુ છે,
જે બાકીનાં બધાં જ કામ પોતાની જાતે સિદ્ધ કરી લે છે.
ગમે તેવી પૈગંબરી વાણી પણ પ્રેમ વિના પશુતુલ્ય છે.
બ્રહ્માંડનું જ્ઞાન અને હિમાલયને ડગાવે તેવી શ્રદ્ધા પણ
પ્રેમ વિના તો નિરર્થક જ છે.

પ્રેમ સર્વને - જીવમાત્રના અસ્તિત્વને સદૈવ ટકાવે છે.
પ્રેમમાં સર્વને શ્રદ્ધા છે તો પ્રેમને સર્વમાં શ્રદ્ધા છે.
પ્રેમની આશાને પાર નહિ, સહનશક્તિને સીમા નહિ.
પ્રેમ હોય તો જીવન સદા સદ્રૂપ છે.

## નમ્રતાગુણની પરાકાષ્ઠા

નામ શબ્દ 'નમ્' ધાતુથી બન્યો છે, તેથી નમ્રતા અને નમસ્કાર સાધિત થાય છે. ભક્તને નામ અસત્યથી સત્યમાં લઈ જશે, અંધકારથી પ્રકાશમાં લઈ જશે, મૃત્યુથી અમૃતમાં લઈ જશે, એ પહેલાં ભક્તને નમ્ર બનાવશે. નમ્રતા વિના સત્યશોધન, ચિત્તશોધન, પાપશોધન અશક્ય છે. વેદમાં કહ્યા મુજબ: 'નમ્રતા એ તો પરમેશ્વરની સંપદા છે.'

નમ્રતાનું મૂળ કૃતજ્ઞતા છે અને ફળ પરોપકાર છે.

નામસ્મરણથી સર્વ પ્રથમ અને સર્વાધિક અપેક્ષા નમ્રતા પ્રાપ્તિની છે. 'નામ' શબ્દ પોતે જ તે કહી બતાવે છે કે: 'હે નમ્રતાના દેવ! તારી પોતાની નમ્રતા તું અમને આપ.' અહીં ભગવાનને ત્રણ ભુવનના વાસી, ગોલોક, વૈકુંઠના નિવાસી ન કહેતાં પરમશૂન્યનિરહંકાર નમ્રતાના સ્વામી કહ્યા.

નમ્રતાના દેવ એટલે...

નમ્રતાગુણની પરાકાષ્ઠાએ પહોંચેલા દેવ.

નમ્રતા એક ગુણ હોય, તો તે ગુણની પરાકાષ્ઠા પણ હોવી જોઈએ અને તે જ્યાં હોય ત્યાં ભગવાન ઇત્યાદિ. નમ્રતાગુણની પરાકાષ્ઠા = શૂન્યાતિશૂન્ય નિરહંકારભાવ.

તે ભાવનાં સ્વામી સ્વયં ભગવાન જ છે.

'નમ ઇદ ઉગ્રં, નમ આવિવાસે ।
નમોદાધાર પૃથ્વીં ઉતદ્યામ્ ॥'

સૂક્તિ: નમ્રતા જ ઊંચી છે. હું નમ્રતાની જ ઉપાસના કરું છું. નમ્રતા એ પૃથ્વી અને સ્વર્ગને ધારણકર્તા છે.

૦ મનુષ્યના બધાં રોગો કેવળ તેના મનની અસ્વસ્થ સ્થિતિનાં જ પરિણામો છે અને બાકીના બધાંમાંથી ઘણા ખરામાં મનની વિકૃતિનો ફાળો ઘણો જ મોટો છે.

સંકલ્પ = મન, વાત = બાહ્ય અસર, ત્વચા = શરીર.

ત્વચા એ વ્યક્તિની અંતર્ગત યોજના છે,
વાત એ ચેતનાનો બહારની સૃષ્ટિ ઉપર પડતો પ્રત્યાઘાત છે.
વિચારો ભલે છૂપા રહે પણ એની અભ્યંતર અસર છૂપી ન રહે.
એ અસર એટલે વિચારો કરનારી વ્યક્તિના આવરણમાં રહીને કોઈ જુગુપ્સાપ્રેરક સ્વરૂપે પ્રગટ થાય છે જ અને એવાં આવરણો પછી સમાજને છિન્ન-ભિન્ન કરી નાખે એટલું વાત + આવરણ = વાતાવરણ પણ સર્જે છે.
સંકલ્પ, ત્વચા અને વાત વચ્ચેનો સંબંધ અતૂટ છે.
સૃષ્ટિના સકલ શુભ-અશુભના મૂળમાં સંકલ્પ જ છે.
વ્યક્તિના અંતર્ગત અવાક્, અપ્રગટ, અવ્યક્ત વિચારો અને સમષ્ટિનું હિતાહિત એ બે વચ્ચે સીધો કાર્ય-કારણ સંબંધ

છે, એ સમજનારા ઋષિઓ નિરન્તર પ્રાર્થના કરે છે કે:

'તન્મે મનઃ શિવસંકલ્પમસ્તુ ।'

આચારનું મૂળ એક રસાયન છે.

ભૂતદયા, ધર્મ, પરોપકાર, સદ્‌જીવન, સાદું જીવન, ધી, ધૃતિ, સદાચાર, સ્મૃતિ, મનઃ શાંતિ, જીવનની ઉચ્ચ અભિપ્સા- આ બધાં સ્વસ્થ જીવનનાં જ અંગો છે.

ચારિત્ર એ બાબા સદ્‌ગુણો એટલે સદ્‌ગુણ નહિ પરંતુ બધા સદ્‌ગુણોનું એક પ્રેરક તથા સંચાલક બળ છે.

જેમ જ્ઞાનતંતુઓ પાછળ Nerve force છે, તેમ બધા સદ્‌ગુણોનું પ્રેરકબળ ચારિત્ર છે.

તેનાથી વ્યક્તિત્વ પ્રગટ બનતો, સમાજ નવપલ્લવિત રહેતો.

શિરોસ્થાનીય હૃદય

બળ, વર્ણ અને ઓજ - એ ત્રણે જુદાં છે.

'इह खलु ओजस्तेजः शरीरे नित्यं च भवत् ।'

ઓજનું સ્થાન મસ્તક સ્થાનીય હૃદય છે, છાતી નહિ.

બ્રહ્મચર્યના પાલનથી પર ઓજની વૃદ્ધિ થાય છે.

ઓજ, બ્રહ્મચારિ, અમૃત-પીયૂષ, આમરવારૂણા અને cerebro Spinal fluid - સર્વ શબ્દ એકાર્થક છે.

ઓજને રહેવાનું સ્થાન શિરોહૃદય છે.

ઉરોહૃદયનું નિર્માણ મસ્તિષ્કની અપેક્ષાએ મોડું થાય છે.

Neurasthenia = ઓજ:ક્ષય.

મસ્તિષ્કમાં સુષુમ્ણામાં સ્થિત વિદ્યુત્પ્રધાન જ્ઞાનવાહિનીનો સ્વીકાર થાય તો ઓજનું પ્રત્યક્ષ દર્શન થઈ શકે છે અને એનાથી શિરોહૃદયનો પણ પરિચય મળી રહે છે.

એ જ ચેતનાસ્થાન પ્રધાન હૃદય છે.

આત્માનું નિવાસસ્થાન એ હૃદયપ્રદેશ છે અને

તે સ્થાન શિરોસ્થાનીય હૃદય સમજવું.

પ્રભુને નમવા પહેલાં હૃદયને હર્ષથી પ્રફુલ્લ બનાવવું રહ્યું.

એવો શાસ્ત્રીય વિધિ છે કે:

ભગવત્પાદવંદનનો દુર્લભ લાભ

ભવચક્રમાં મળવો એ મહાભાગ્યોદયની નિશાની છે,

એમ માનીને પ્રભુના ચરણોમાં મસ્તક ઝુકાવવું.

હૃદયને આર્દ્ર અને દ્રવિત કર્યા પછી જ પ્રભુચરણના નમનનો યથાર્થ ફાયદો પ્રાપ્ત કરી શકાય છે. એ જ રીતે ગ્રન્થ વાંચન કે અધ્યયન પહેલાં ગ્રન્થકારના ચરણોમાં ઝુકીને પછી પ્રવેશ કરવો જોઇએ. એથી ઉત્પન્ન થતાં સંશયોનો વિલય થશે અને ગ્રન્થ સમજવામાં પડતી મુશ્કેલી વખતે ગ્રન્થકાર મહર્ષિઓની ભક્તિ જ સહાયરૂપ બનશે.

ભારતના ઋષિમુનિઓ, સંત મહંતો, અવતારી પુરુષો આદિએ જીવજગતની એકતા અને પ્રેમ-કરુણાના સિદ્ધાંતો પ્રબોધ્યા તે મુજબ આચરણ કરી ભવિકોને અહિંસાત્મક જીવનનો આદર્શ આપ્યો છે. જેનાથી સૃષ્ટિની ઉત્પત્તિ છે, તેવા પંચ-મહાભૂતો ય પરાર્થે-જીવમાત્રના પોષણ નિમિત્તે જ નિર્માયા છે.

આકાશ કદી કોઈપણ જીવને પોતામાં અવકાશ
આપવા આનાકાની કરતું નથી.

પૃથ્વી કોઈપણને આશ્રય આપવા કદી ઇન્કાર કરતી નથી. વાયુ-જળ-અગ્નિ પણ સમગ્ર જડ-ચેતન સૃષ્ટિને એકસરખા ગણી તેમના કલ્યાણાર્થે નિસર્ગના નિયમો મુજબ ચાલે છે. પંચમહાભૂતોથી નિર્મિત માનવ-શરીરના જડ અંગો જેમ કે: દાંત, જીભ, ત્વચા, નાક, કાન, આંખો, હાથ, પગ આદિ અવયવો માત્ર મનુષ્યના હિત માટે જ પોતપોતાનું કર્તવ્ય કરે છે પણ
તે અંગો પોતાનો લાભ કદી જોતા નથી.

એ જ મહાભૂતો દ્વારા પ્રાણીમાત્રના પોષણ અર્થે અનેક પ્રકારની વનસ્પતિ, ધાન્ય, ફળફળાદિ ઉત્પન્ન થાય છે,
જે પ્રાણીઓના નિર્વાહ માટે ઉપયોગી થાય છે.

તેમની મદદથી ગાયો આદિ પ્રાણીઓમાં દૂધ નિર્માણ થાય છે,
જે માનવજાતિના ઉપયોગમાં આવે છે.

તેના સંતાનો વૃષભાદિ ટાઢ - તડકો વેઠી,

રાત - દિવસ ખેતી કરે, ભાર વહન કરે.

અનાજ ફળફળાદિ પેદા કરે, છતાં પોતે કેવળ ઘાસ પર રહી માનવજાતિ અને અન્ય પ્રાણીઓની સેવા કરે છે. આમ પંચભૂતોથી માંડી જડ - ચેતન સૃષ્ટિ પરાર્થે જીવે છે. છતાં જે મનુષ્યો અન્ય પ્રાણીઓ પ્રત્યે અત્યાચાર કરે, ખોરાક કે સ્વાદ માટે પ્રાણીઓની હિંસા કરે, એ મહાપાપ છે.

(૧) મૈત્રીનો આભાસ જીવતત્ત્વની શ્રદ્ધાનો આભાસ સૂચવે છે.

(૨) ભક્તિનો આભાસ ગુણી પ્રત્યે અરૂચિનો સૂચક તથા જગતમાં રહેલા સર્વ જીવોના સુકૃત અને તેના ફળની અનુમોદનાનો તથા સદ્‌ભાવનો આભાસ સૂચવનારો છે.

(૩) કરૂણાનો આભાસ પરનાં દુઃખ અને તેનાં કારણભૂત એવા ૧૮ પાપસ્થાનકો પ્રત્યે સદ્‌ભાવનો સૂચક છે.

(૪) માધ્યસ્થ્યનો આભાસ કર્મ અને તેની સ્થિતિ - રસનાં ભાવનો આભાસ સૂચવે છે અને પાપની સાથે પાપી પ્રત્યે પણ અણગમાનો સૂચક છે. પાપી પ્રત્યે અણગમામાં જીવતત્ત્વની જ શ્રદ્ધાનો આભાસ આવે છે, એટલું જ નહિ પણ જીવના ભવ્યત્વાદિ પારિણામિકભાવો પ્રત્યે પણ શ્રદ્ધાનો આભાસ અને જિનવચનનું અજ્ઞાન સૂચવે છે.

## વિચારોનું મૌન

વિચારના મૌન પછી ચિત્તરૂપી ચંદ્રનો ચમત્કાર વધતો
અનુભવાય છે. વિચારનું મૌન પરમાત્મપદના સાન્નિધ્યનો-
પ્રભુ સંગના નિકટવર્તીપણાનો સ્ફોટ અનુભવ કરાવે છે.

વિચારોનું મૌન સત્ શાસ્ત્રના સંબોધને
આચારમાં સ્થાપવાની તાલાવેલી પણ પેદા કરે છે.

સંપત્તિ હોય છે ત્યારે સજ્જન સદા મૌન રહે છે.

શરીરની પીડા કરતાં મનની પીડા ઘણી આકરી હોય છે.

ધીરજ એ પ્રતિભાશાળીનો આવશ્યક ગુણ છે.

શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર પૃ-૨૦૭માં કહ્યું છે કે:

સર્વ જીવાત્માઓએ ઉત્તમ અને અખંડિત
પંચેન્દ્રિયપણું પામીને આત્મહિત કરવું.
તેવું આત્મહિત ફક્ત પરોપકારથી જ થાય છે.
જે પરોપકાર જિનેન્દ્ર ભગવાનના વચન પ્રમાણે યથાર્થ
કરવામાં આવે છે, તે આત્માના હિતભાવે પરિણમે છે,
એમાં સંશય નથી. જેઓ અન્યનું અનિષ્ટ કરવાથી
પોતાનું હિત માને છે, તેઓને જિનવચનથી બાહ્ય જાણવા.
તેઓ તત્ત્વથી પોતાનું હિત જાણતા નથી.
ધર્મ સિવાય આ દુનિયામાં કોઈપણ આત્મહિત છે જ નહિ.

'ણં તા હં રિ અ મો ણ ।'

ણંતા = નમસ્કારકર્તા, હં = હું,

રિઅ = રિક્ત:- શૂન્ય, મો = મમ - મારું, ણ = નથી.
હું નમસ્કારસ્વરૂપ- બાહ્યવસ્તુઓથી શૂન્ય, આંતરગુણોથી પૂર્ણ છું. હું રિક્ત છું. હું મૌન તથા મુનિવ્રતધારી છું. જગતના તત્ત્વનું માત્ર જ્ઞાન કરું છું એથી આપણો કોઈ સંબંધ જગતની સાથે મને હતો નહિ, હાલમાં પણ નથી. મુનિપણું તે જ સમ્યક્ત્વ - સમ્યક્ત્વ તે જ મુનિપણું.

મુનિ મૌનપણા વડે કાર્મણ શરીરનો નાશ કરે છે.
સમ્યક્ત્વદર્શી વીર પુરુષો પ્રાન્ત અને રૂક્ષ ભોજન કરે છે.
મન્દવૈરાગ્યવાન તથા રાગભાવવાન શબ્દાદિ વિષયોનો આસ્વાદ લેનાર પ્રમાદી જીવોથી મુનિપણાનું પાલન થવું અશક્ય છે.

આત્માને, આત્મા વડે, આત્મામાં જાણે...

તે અભેદ રત્નત્રયસ્વરૂપ મૌન મુનિપણું છે.

## ત્રિરૂપજ્ઞાન

વિષય પ્રતિભાસ વ્યાપારે તે એક જ્ઞાન કહેવાય છે, આત્મપરિણામ વ્યાપારે તે જ જ્ઞાન સમ્યક્ત્વ કહેવાય છે, આશ્રવને રોકવાથી તત્ત્વજ્ઞાન વ્યાપારે તે જ જ્ઞાન ચારિત્ર કહેવાય છે. એમ વ્યાપારભેદથી એક જ્ઞાન ત્રિરૂપ જાણવું.

એક જ તત્ત્વ વિવિધ રીતે વર્ણવાય અને ઉપાસાય છે. એ તત્ત્વની ઉપાસના સિવાય કોઈપણ કરવાની અને કોઈપણ પ્રકારની શક્તિ કોઈપણ મનુષ્યમાં નથી. વિચાર કરતાં મૈત્રી જેવું ટોનિક કે જીવનતત્ત્વ અને અમૈત્રી જેવું ઘાતકતત્ત્વ બીજું કોઈપણ છે જ નહીં. મૈત્ર્યાદિષુ બલાનિ | સદ્ગતિઃ મૈત્ર્યાદિ ભાવનાઓમાં બળ છે. આ પાતંજલ સૂત્ર છે. અનુભવથી એમ લાગે છે કે... આપણી પાસે આશાએ આવેલાને આશ્વાસન આપવાથી જેવાં બળ, ઉત્સાહ, વીર્ય, આનંદ, સંતોષ, સ્વાસ્થ્ય, માધુર્ય, આત્મરતિ વ્યાપકતા, સૌજન્ય, કાંતિ, પ્રસાદ, ધૃતિ, પ્રશાંતિ આદિ ભાવો આપણને પ્રાપ્ત થાય, તેવા આશ્વાસન સિવાયની અન્ય કોઈ ક્રિયાથી પ્રાપ્ત થઈ શકતા નથી. આશ્વાસન આપવાની સાધનામાં સાધકને જેમ લાભ થાય, તેમ આશ્વાસન પામનારને પણ તેથી અધિક થાય છે.

'દીવો તાણં સરણં ગઈ પઈટ્ઠા ||'

પ્રભુના એ પાંચે વિશેષણોમાં એ જ રહસ્ય જણાય છે,

એ પણ એક આશ્વાસન પ્રક્રિયા છે.

આશ્વાસન આપવું એ શુદ્ધાત્માનો સ્વભાવ છે અને આશ્વાસન પામવું એ જ ભવ્યાત્માનો સ્વભાવ છે.

આશ્વાસન આપવામાં આપનારની આર્દ્રતા કે સ્નિગ્ધતાનું પ્રાધાન્ય છે, જ્યારે આશ્વાસન પામવામાં આશ્વાસ્યનું દુઃખ એ પ્રધાન નિમિત્ત છે. ભવ્યોનાં દુઃખરૂપ અગ્નિને તીર્થંકર ભગવંતરૂપ ચંદ્રકાન્તમણિનો સ્પર્શ થતાં જ ભવ્યજીવના દુઃખને દૂર કરવા તે મણિ આર્દ્રરસને ઝરવા માંડે છે.

'સર્વ ભૂતસ્થમાત્માનં, સર્વભૂતાનિ ચાત્મનિ'

એ સૂત્રમાં કહ્યા મુજબ મહાત્માઓ સર્વભૂતોમાં પોતાની કરુણા અને પોતામાં સર્વભૂતોનો ભવદાહ જુએ છે. આ જ મુનિપણું છે. આ મુનિપણાની અસર નીચે આવેલા જીવો સુરક્ષિત બને છે. તે મહાત્માઓને ધન્ય છે કે જેમની કરુણા ક્ષાયિકભાવને પામેલી છે, કદાપિ સ્ખલિત થતી નથી, સાદિ અનંતકાલ સુધી કરુણાને તેઓ વરેલા છે. એમની આર્દ્રતાને કે સ્નિગ્ધતાને કલમમાં કેવી રીતે ઉતારી શકાય? શ્રી જિનેશ્વરના સાધુને તીર્થંકર ભગવંતની કરુણાનો સ્પર્શ છે, તેથી સંપર્કમાં આવતા પ્રત્યેક ભવ્યજીવ ઉપર તેમની અસીમ એવી કરુણાનું મધુર-શીતલ-કોમળ અમૃત વરસે છે. એ મધુરતા સર્વને મધુર કરનારી છે. બાળકોના ચિત્તનો ઉદ્વેગ એ મધુરતા વડે તત્કાલ મધુરરસમાં ફેરવાઈ જાય છે.

આવી સ્થિર-સ્થાયીભાવ મુનિ ભગવંતોમાં રહેલ છે. ખરી રીતે તો આશ્વાસન લેવા આવનાર જ આશ્વાસન આપનારને ઘણું ઘણું આપી જાય છે. પોતાનું દુઃખ અભિવ્યક્ત કરીને આશ્વાસન લેનાર કે લેવા ઇચ્છનાર આશ્વાસન આપનારને અનેકાનેક રીતે ઉપકૃત કરી દઈને સ્વયં કરુણાનો સાક્ષાત્ અદ્ભુત પાઠ શીખવી જાય છે. ખરા શરણ આપનારા તો અનંતા સિદ્ધભગવંતો જ છે. શરણ લેનારા, માંગનારા શરણાગત કોઈ વિરલ જ છે.

ભગવાનના હૃદયમાં તો બધાં જ જીવો વસે છે,
પણ ભગવાનને પોતાના હૃદયમાં સ્થાન આપનાર તો
કોઈ ભક્તિયુક્ત વિરલ ભક્ત જ રહેલ છે.

ભક્તના અભાવમાં ભગવાનની કરુણા નિરાધાર જ છે. 'શરણાગત ભાવ' એટલે સર્વ તીર્થંકર ભગવંતો સાથે ભાવસંબંધ બંધાવી આપનાર પ્રધાન નિમિત્ત. એને જ જો ભગવાનની જેમ ઉપાસીએ, તો પછી શું બાકી રહે?

'હે ભગવન્! મને તે સાધના આપો કે જેથી
હું બધાના ગુણની કદર કરી શકું અને
બધાનાં દોષોને હળાહળ વિષની
જેમ ગળી જઈને અમૃતમાં રૂપાંતરિત કરી દઉં!'

## જલતત્ત્વ અને આપણે

આનંદ અને વિલાસિતાનો સંબંધ જલતત્ત્વની સાથે છે, તેમ તે અનાસક્તિ અને વૈરાગ્યની ઝળહળ જ્યોતિ છે. સ્નાન અને પ્રક્ષાલનક્રિયાની શુદ્ધિ અભ્યાસમ-તપમ છે. દશ ઇંદ્રિયોરૂપ દશમુખ રાવણનો ધ્વંસ રામે કર્યો, તે નગરી 'અયોધ્યા' કહેવાય છે. ભૌતિક શરીરને પણ અયોધ્યા કે અપરાજિતા નગરી બનાવવી જોઈએ. આસુરીવૃત્તિઓ પર જ્યાં મનોબળથી વિજય પ્રાપ્ત થાય અને મનથી પર અહીં જલતત્ત્વનો સંબંધ થાય છે, તે અયોધ્યા નગરી અમૃતમ્ આવૃત્ત છે. અમૃતત્વ એ જલનું લક્ષણ છે. અભ્યાસ અને વૈરાગ્ય એ બે મોક્ષના પરમ ઉપાય છે. સંસારમાં રહેલ દુઃખ તે કરુણતા ઉપજાવે, પાપ તે રૌદ્રતા નીપજાવે, અજ્ઞાન તે ભયાનકતા સર્જે, સ્વાર્થ તે અત્યંત બીભત્સતા સર્જે તથા મોહ તે હાસ્યાસ્પદતા પેદા કરે છે. <u>સંસારે દયા છે માટે વીરરસ, ન્યાય છે માટે અદ્ભુત, આનંદપૂર્ણ છે માટે શાંત, સ્નેહ છે માટે વાત્સલ્યરસ છે. આમ સંસાર વૈવિધ્યમય રોચક નવરસથી પૂર્ણ છે.</u>

એ રીતે આ દુનિયામાં જેમ અશુભ તત્ત્વો છે,
તેમ અહીં અનેક - અગાધ શુભતત્ત્વો પણ છે.

ન્યાય, દયા, સ્નેહ, આનંદ અને ઉત્સાહ છે,
તેમ જ સંસાર નિયમબદ્ધ, ધર્મનિષ્ઠ, વાત્સલ્યપૂર્ણ,
સચ્ચિદાનંદમય અને પારદર્શી ભરપૂર છે.

°

Tapas is that which generates heat or energy. It is the practice of conserving energy and directing it towards the goal of Yoga, union with the atman. In order to do Tap, one must control physical appetites and mental passions. It has also positive joyful aspect, the supreme achievement.

Austerity is not a self-punishment but a self control.

The acts of ritual are tokens of devotion and aids to meditation.

Karma Yoga is a way to union with God through the performance of God, dedicated work or selfless actions.

૦ મનુષ્યની ચેતના જ્યારે પ્રકૃતિથી વિકસે તેનું નામ પરમાત્મા. પરમાત્માની પ્રાપ્તિ માટે ખૂબ જ આશાવાદી દૃષ્ટિકોણ જોઈએ. મહાન વસ્તુની પ્રાપ્તિની અભિલાષામાં પણ મૂલ્યવાન આનંદ રહેલો છે. જે પામ્યા છે, તેના જ તરફ જુઓ, જે નથી પામ્યા તેને ન જુઓ. જે ખાલું વૃક્ષ ન થયું તેના તરફ ન જુઓ. જે ફાલફુલીને વૃક્ષ બન્યું છે, તેના પ્રતિ તમારી દૃષ્ટિ રાખીને અને વિચારો કે કદી જો કોઈને પણ શાંતિ મળી છે, તો મને પણ કેમ નહિ મળે? નિરાશા સૌથી વધુ દુઃખકર છે.

હૃદયના ધબકારા આશાથી ભરપુર જોઈએ.

જોવાની દૃષ્ટિ ઉપર જ જીવનની ખીલવટનો આધાર છે. નિરાશાવાદી કહેશે: 'આટલા બધા કાંટાની વચ્ચે માત્ર એક-બે ફુલ જ ઉગ્યાં છે!' આશાવાદી કહેશે: 'હજારો કાંટાની વચ્ચે પણ એક સુમધુર, સુવાસિત પુષ્પ ખીલી ઉઠ્યું છે!'

આ જ છે દૃષ્ટિનો ભેદ!

નાના શા પ્રકાશને આધાર બનાવી ટમટમતા બનો અને પછી આશાભર્યા હૈયે દરેક કામને પૂર્ણ કરવા પ્રયાસ કરો. અધ્યાત્મને માટે પ્રથમ તીવ્ર ઝંખના, બીજો આશાવાદી દૃષ્ટિકોણ અને ત્રીજો પ્રગાઢ સંકલ્પ - એ ૩ આવશ્યક છે.

પ્રથમ રુચિ, પછી રુચિ સહિત યથાર્થ જ્ઞાન અને છેલ્લે તે મુજબ વર્તન કરવાનો પ્રયત્ન. એ ત્રણેનું સમન્વય આવશ્યક જરૂરી છે. સ્યાત્પદમાં સંશયનો નહિ પણ અપેક્ષાનો ધ્વનિ રહેલો છે. બે વિરોધી વિચારોને એક સૂત્રે બાંધી લેવા માટે જ એ સ્યાત્પદની યોજના છે.

## આશા, શ્રદ્ધા અને સાક્ષાત્કાર

આશા પછી ત્રણ જાતની શુદ્ધિ પ્રવેશે છે: પ્રથમ દેહશુદ્ધિ જેમાં આવે આહારશુદ્ધિ - વ્યવહારશુદ્ધિ, પછી આવે વિચારશુદ્ધિ અને છેલ્લે આવે ભાવશુદ્ધિ. તદનન્તર દેહશૂન્યતા, વિચારશૂન્યતા અને ભાવશૂન્યતાનો ક્રમિક સાક્ષાત્કાર - સૌ મળીને પરમતત્ત્વની પ્રાપ્તિ કરાવે છે. મનુષ્યની પરતંત્રતામાં જ એની સ્વતંત્રતા છુપાયેલી છે. જે સ્વતંત્રતાએ મનુષ્યને પરતંત્ર બનાવ્યો છે, તે જ તેને પરતંત્રતાથી મુક્ત કરવાની શક્તિ પણ ધરાવે છે. પ્રભુ સ્વયં નિરાશાના ઈશ્વર છે. નિરાશા નિરસતા કે રસહીનતાના અર્થમાં નહિ પણ નિઃસ્પૃહતાના અને સર્વ આશા તથા સ્પૃહાઓના ત્યાગના અર્થમાં એ નિરાશા છે.

૦ રસમય ભક્તિ શૃંગારપરક નહિ પણ નિર્મળતાપરક હોવી જોઈએ. નિર્મળ રતિ, નિર્મળ આનંદ, નિર્મળ ધર્મ,

નિર્મળ ભક્તિ, નિર્મળ ભાવ, એ રીતે દરેક સ્થળ
ઉપર નિર્મળતાનું જોર જોઈએ. શરદઋતુના જળની
જેમ પ્રભુ નામ ચિત્તમાં પ્રવેશીને તેને નિર્મળ બનાવે છે.
ભક્તિનું વિધાન ચિત્તની નિર્મળતા માટે જ છે. ભક્તિના
નામે ચિત્ત વિષયાસક્ત બને તો ભક્તિ નિર્મૂળ થાય.

તમોગુણના તીવ્ર ખંડનમાં પણ તમોગુણ આવે છે.
દુરાચારીનું પણ ખંડન સૌમ્ય અને સાનુકંપ હોવું જોઈએ.

તેમાં પ્રહાર નહિ પણ ઉપકાર હોવો જોઈએ.

નામસ્મરણ સંસારરૂપી વ્યાધિનું પરમૌષધ છે.
પ્રભુનામ સર્વ પાપમોચક છે. નામસ્મરણ સાથે ભૌતિક
ચિન્તન, કરુણાસ્મરણ, અન્યાય વિમોચન કે નિવૃત્તિ સાથે
પરમ નમ્રતા અને નિર્ભયતા પણ આવશ્યક છે. મૃત્યુમુખ
પ્રવેશ પર્યન્ત વૃત્તિ નિર્લેપ-નિષ્પ્રકંપ રહેવી જોઈએ.

ભક્તિ સ્વતંત્ર અને સ્વયંપૂર્ણ સાધન છે.
ભક્તિથી જે ચિત્તશુદ્ધિ થાય, તેનાથી સહજપણે વૈરાગ્ય
અને બોધિનો લાભ અને પરમપદની પ્રાપ્તિ થાય છે.
એ બોધિ ફક્ત ભગવત્પ્રસાદથી મળે છે, તેથી જ તે
ટકાઉ હોય છે. એ બોધિ અનુભવજ્ઞાન સ્વરૂપ હોય છે.

તાર્કિક જ્ઞાનથી ખાસ કશો લાભ નથી.

સત્યનિષ્ઠ બુદ્ધિ પ્રાપ્ત થવું લાભ જ સાચું લાભ છે. જેમ ભક્તિપ્રધાન લાભ અનુભવલાભ બને છે, તેમ ભક્તિપ્રધાન કર્મ સેવારૂપ બની જાય, સેવારસ જાગે. ભક્તિનું બીજું નામ ઈશ્વરશરણાગતતા છે. ઇચ્છાસ્વાતંત્ર્ય એ ઈશ્વરશરણાગતતાને પરમ અપરાધરૂપ લાગે છે. ઈશ્વરનું સ્વરૂપ નિત્ય, શુદ્ધ, બુદ્ધ છે પણ ભક્તને તે કરુણામય, કરુણાસાગર અને કરુણાની વહેતી નદીરૂપ જ છે. ઈશ્વરનું કરુણામય રૂપ એ સંતુલનશીલ વ્યવહાર માટે એક વ્યાવહારિક આવશ્યકતા છે, પછી તે કૃપા ક્ષમારૂપ હો દંડરૂપ પણ હો. બંને સ્થિતિમાં ઈશ્વર કરુણામય ભાસે છે. સર્વદા, અહંકારનિર્મુક્ત થવા કરુણામય પ્રભુનું ભજન-સ્મરણ-ભક્તિ અનિવાર્ય છે. ભગવત્કૃપા બધે અહંકાર વિલીન થાય છે. અનાત્મામાં આત્મબુદ્ધિ દુઃખનું મૂળ છે. ઇંદ્રિય-ભૂતગ્રામ, પ્રાણ, બુદ્ધિ, મન-સર્વ જડસમૂહ છે. મનુષ્યનો દેહ ઘણા પુણ્યથી મળે છે, પણ તેમાં જ જો ભક્તિહીન જીવન જ પસાર થાય, તો તે વૃક્ષ, તૃણ અને પત્થર સમાન જીવનની ગતિમાં વહી જાય છે. ઉત્કૃષ્ટ ભક્તિ અને પરમ વૈરાગ્ય વિધિનિષેધથી પર છે. પ્રભુની સ્તુતિ શૂન્ય છે, તેમ તે મધુર સ્તુતિ પણ છે.

'મૂર્તિમાં અમૂર્ત છુપાયેલું છે' એમ સમજીને થતી મૂર્તિની પૂજામાં પણ અમૂર્તની પૂજા રહેલી જ છે. મૂર્તિપૂજામાં વિધિ અને સાધન-સામગ્રી અપેક્ષિત છે, નામ-કીર્તનમાં તે નથી, તે અંશમાં સરળ છે. નામ-કીર્તનમાં તન્મયપણું પ્રાપ્ત થતું હોય તો તેમાં મૂર્તિપૂજા અંતર્ગત થઈ જાય છે. પૂજા જેમ અનિવાર્ય નથી, તેમ અનાદરને પાત્ર પણ નથી,
સાધક ભક્તો દૃષ્ટિને મોટી કરે, ઉત્તમ આત્મા ભક્તો ગુણને વિસ્તારે છે. પ્રભુભક્તિ, ગુરૂપદનખચંદ્રિકા અને શ્રુતિજનનીનો પરમ આધાર જેને છે, તેને ક્યારેય નીચે પડવાનો કોઈ અવકાશ નથી. સત્સંગ ગુરુદર્શન, વિધિ-મુક્તિ તથા પુરુષાર્થ પ્રેરણા એ ભક્તિમાર્ગના રત્નત્રય છે. જપરૂપી સાધન વડે સાધકની ભ્રાન્ત અને અશાંતદૃષ્ટિ અનુક્રમે શાન્ત અને શાન્તદૃષ્ટિ થવાનો પૂર્ણ ભરોસો છે.

-પ્રત્યગાત્માનંદ સરસ્વતી

નરદેહ પારમાર્થિકહિતને સાધી લેવા માટે છે. આ શરીર જડ મોંઘું કુણર કર્યાને દરરોજ માનવે વેચાતું લીધું છે. તેનો સદુપયોગ કરીને માનવે દિવ્યતા પ્રાપ્ત કરવી જોઈએ. દિવ્યતા વિશાળ અંતઃકરણ અને દયાર્દ્ર બુદ્ધિ માંગે છે.

વેદાન્તના સિદ્ધાન્તોનો અનુભવ
ભક્તિ કે પ્રેમ, યમ કે નિયમ વિના થતો નથી.

જ્ઞાનથી વસ્તુના સ્વરૂપનો બોધ થાય, પણ વસ્તુનું સ્વરૂપ ન બદલાય. વસ્તુના સ્વરૂપનું પરિવર્તન કરવા, જડને ચેતન બનાવવા પ્રેમ અને ભક્તિ શક્તિમાન છે. બનનારી ઘટનાને આપણે બદલી ન શકીએ પણ તે પ્રત્યે જોવાનો આપણો દૃષ્ટિકોણ તો જરૂર બદલી જ શકીએ. ભક્તિ દ્વારા સચરાચર વ્યાપી શૂલ વિષે સમાન બનો.

એવા વિચારોથી સમગ્ર ચેતનાને છલકાવી દો કે:

Imp. ‘ઈશ્વરની હાજરી મારામાં - સર્વમાં છે. મારામાં રહેલો ઈશ્વર વિશ્વની કોઈપણ વસ્તુ કરતાં વધારે મહાન છે. હું અને પરમેશ્વર છેવટે તો બન્ને એકરૂપ જ થઈશું. ઈશ્વર સદા મારી સાથે જ છે.’

ખરી ભક્તિ તે છે કે જે પોતાના હૃદયની દરેક ધડકન, પોતાના રક્તનું પ્રત્યેક બિંદુ, પોતાના દેહના રોમેરોમ તે પોતાના ભગવાનને સમર્પી દે છે. આત્મસમર્પણની આ ક્રિયા દારૂણ યંત્રણાઓમાં જ નહિ, પણ ભક્તના જીવનમાં કાયમ-મૃત્યુપર્યંત ટકી રહે છે.

એક શાશ્વત પ્રશ્ન

પ્ર. - સાચા મહાત્માઓની કસોટી શા માટે થતી હશે?

ઉ. - એમના સત્યની જ્યોતને ઝળહળ કરવા માટે.

V. Imp.

## સમાપત્તિનાં અંગો

'આ મૂર્તિ પ્રતિષ્ઠિત થયેલ છે' એવા સમ્યજ્ઞાનથી ઉત્પન્ન થયેલ, પૂર્વપુરુષોની બુદ્ધિઓની અંદર મૂર્તિમાં પ્રતિષ્ઠિતપણાનું જે જ્ઞાન પોતાના સુધી ચાલ્યું આવ્યું તે વડે, પ્રતિષ્ઠા વિધિને બતાવનાર ભગવદ્ વચન ઉપરના આદરથી જાગેલું ભગવદ્ વિષયક બહુમાન, એ બહુમાનના ભાવથી થયેલ પ્રભુનું એકાગ્ર ચિત્ત સ્વરૂપ અર્થાત્ ધ્યાન તે સર્વ સમાપત્તિનાં અંગો છે.

'પ્રતિમામાં પરમાત્માના આકાર જેવા જ સમાનતા હોવા છતાં પ્રતિષ્ઠિતપણાનું જ્ઞાન ન હોય, ત્યાં સુધી તેની પૂજામાં પ્રવૃત્તિ થતી નથી.' આ વાત એમ સૂચવે છે કે વાસ્તવિક પ્રતિષ્ઠા મૂર્તિમાં નહિ પણ આત્મામાં થાય છે. સૌ પ્રથમ તો શ્રી જિનવચનના આલંબનથી 'પોતાનો આત્મા નિશ્ચયથી પરમાત્મરૂપ છે.' એવું જ્ઞાન થાય છે, પછી તેને પોતાના આત્મામાં દૃઢ કરી, તન્મય ભાવે તે સ્વરૂપની ગુણવાન બુદ્ધિઓ દ્વારા મૂર્તિમાં પ્રતિષ્ઠા કરાવવામાં આવે છે, ત્યારે તે મૂર્તિ પૂજનીય બને છે. તેમાં એકલા મૂર્તિ કે મૂર્તિના કાષ્ઠ-પાષાણાદિ દ્રવ્યોની નહીં પણ ભગવદ્ વિષયક પોતાના આત્મભાવની પૂજા છે.

એ લાભ નિરપાય, સિદ્ધાર્થ, સ્વાત્મસ્થ, મંત્રરાજ, અસંગ, આનંદરૂપ, જ્ઞાનરસ અને તત્ત્વજ્ઞોની બુદ્ધિ સમાન છે. કૃપા-મૈત્ર્યાદિ વડે વૃદ્ધિ પમાડેલો તે લાભ જ પરમ રસાપત્તિ કે પરમાત્મલાભની પ્રાપ્તિનું પરમ કારણ બને છે.

## જ્ઞાનપ્રાપ્તિના ૮ સોપાન

(૧) શુશ્રૂષા = જિજ્ઞાસાયુક્ત શ્રવણેચ્છા.
(૨) શ્રવણ = શ્રોત્રેન્દ્રિય ઉપર લક્ષ્ય.
(૩) ગ્રહણ = શબ્દાર્થ સહિત જ્ઞાન.
(૪) ધારણા = અવિસ્મરણ.
(૫) ઊહ = સામાન્ય બોધ - અન્વય.
(૬) અપોહ = વિશેષ બોધ - વ્યતિરેક.
(૭) અર્થવિજ્ઞાન = સંશય-વિપર્યયરહિત બોધ.
(૮) તત્ત્વજ્ઞાન = હેયોપાદેય બુદ્ધિયુક્ત બોધ.

## ધર્મમાં ક્રિયાનું મહત્ત્વ

ધર્મક્રિયા એ ધર્મની અભિવ્યંજક છે.
'અભિવ્યંજક' એટલે દ્યોતક અને પ્રેરક.
દ્યોતક એટલે સૂચક અને પ્રેરક એટલે ઉત્પાદક.
ધર્મક્રિયાથી ધર્મ ન હોય તો ઉત્પન્ન થાય છે અને જીવનમાં જો ધર્મ હોય તો પ્રગટ કરાય છે.

## પ્રભુ શું શું આપે છે?

(1) નામાદિ વડે આલંબન (2) ઉપદેશ આદિ વડે તીર્થ (3) સાધના અને સિદ્ધિ વડે આદર્શ, (4) એ ત્રણેના ફલસ્વરૂપે શુક્લધ્યાન અને સદ્ગતિ આપનાર પ્રભુ જ છે. આ બધી સામગ્રી આપવાની શક્તિ માત્ર અને માત્ર પ્રભુમાં જ છે, માટે જ પ્રભુની ભક્તિ સજ્જન માત્રનું કર્તવ્ય બને છે. આજ્ઞાનું પાલન એ ઉત્કૃષ્ટ ભક્તિ છે.

'આત્મનો મોક્ષાર્થં જગતો હિતાય ચ।'

અર્થ: આજ્ઞાનું પાલન આત્માના મોક્ષ અને જગતના જીવોના હિત માટે થાય છે, માટે ઉત્કૃષ્ટ કર્તવ્ય છે.

## નવકારના જાપનું પ્રયોજન અને ફલ

પ્રયોજન: પાપપ્રણાશ. લાભ: આત્મભાવની પ્રાપ્તિ.

ફલ = અનાત્મભાવનો - પાપનો સમૂલ નાશ.

પાપમાત્રનું મૂલ અજ્ઞાન અને મિથ્યાત્વ છે. નવકારથી આત્મામાં અનાત્મબુદ્ધિ અને અનાત્મમાં આત્મબુદ્ધિરૂપી અનાદિકાલનું અજ્ઞાન નાશ પામે છે અને આત્મામાં આત્મબુદ્ધિ અને અનાત્મામાં અનાત્મબુદ્ધિરૂપી જ્ઞાન પ્રગટ થાય છે. અહીં યથાર્થ આત્મજ્ઞાન એ મંગલનું મૂલ છે તથા આત્માનું અજ્ઞાન, સંશય અને વિપર્યયવાળું જ્ઞાન

તે અમંગળ માત્રનું મૂળ છે. અનાત્મબુદ્ધિરૂપી પાપનો નાશ અને આત્મબુદ્ધિરૂપી મંગળનો લાભ એ નવકારની પ્રવૃત્તિનો ઉદ્દેશ છે. એ ઉદ્દેશથી ગણાતો નવકાર એ સપ્રયોજન અને સફળ છે, કેમકે તેનું ફળ મોક્ષ છે. મોક્ષરૂપી ફળના ઉદ્દેશથી અને પાપપ્રણાશરૂપી પ્રયોજનને સિદ્ધ કરવાના ઉદ્દેશથી ગણાતો નવકાર એ ભાવમંગળ છે.

Imp. નવકારથી આત્મલાભ કેવી રીતે થાય?
નવકારથી અનાત્મ બુદ્ધિ કેવી રીતે જાય?
આ બે પ્રશ્નો દરેકને થવા સ્વાભાવિક છે.

તે સમજવા તર્ક કે દલીલને છોડીને શાસ્ત્રવચન અને સ્વાનુભૂતિનો જ આશ્રય લેવો સુયોગ્ય છે. નવકાર ગણનારને જીવમાત્ર પ્રત્યે સ્નેહનો ભાવ અને જડ કે પુદ્ગલમાત્ર પ્રત્યે વિરક્તિનો ભાવ પેદા થાય છે, કેમકે નવકારમાં જેઓને નમવામાં આવે છે, તેઓમાં એ ગુણ સિદ્ધ થયેલો છે. તે પંચપરમેષ્ઠિઓ જીવમાત્રના બંધુ અને પુદ્ગલમાત્રના ત્યાગી તરીકે જગે જ પૂજાય છે.

°

o 'સમતા' એટલે સંવર, તેનું સાધન જ્ઞાન છે.
'નિરોધ' એટલે નિર્જરા, તેનું સાધન ધ્યાન છે.
'અનાહત નાદ' એટલે Sound octave.

## ૫ મહાવ્રતોના ભંગના વિવિધ ફળ

(૧) સંકલ્પિત હિંસા એ ઉદ્વેગનીય છે.
હિંસાથી દેહરોગ થાય તથા ધર્મનાશ થાય છે.
(૨) વચનભંગ એ અવિશ્વસનીય છે.
અસત્યપણાંથી મુખરોગ થાય તથા મોક્ષનાશ થાય છે.
(૩) અદત્તાદાન એ અદમનીય છે.
ચૌર્યથી અર્થરોગ થાય તથા અર્થનાશ થાય છે.
(૪) પરદારા ગમન એ અનભિગમનીય છે.
અબ્રહ્મચર્યથી ઇંદ્રિયરોગો તથા કામનાશ થાય છે.
(૫) સર્વસંચય એ અશમનીય છે.
પરિગ્રહથી મનોરોગ તથા સર્વનાશ થાય છે.
ઉપરોક્ત પાંચ મહાવ્રતના ભંગથી
જીવને અનંત અજ્ઞાનને કારણે અનંતુ પાપ બંધાય છે,
જે અનંતા ભવોપર્યંત દુઃખફલક પીડા-વેદના આપે છે.

## મૈત્રીની મહાસાધના

મૈત્રી વડે ખરા ઔદાર્ય અને વૈરાગ્ય વિકસે છે તથા
શાંતિ, તુષ્ટિ, પુષ્ટિનો જીવનમાં આવિર્ભાવ થાય છે.
શાંતિ = ઇચ્છા કે તૃષ્ણાનો અભાવ,
તુષ્ટિ = સંતોષ, પુષ્ટિ = આત્મગુણની વૃદ્ધિ.

વૈરાગ્ય શાંતિજનક તથા ઔદાર્ય તુષ્ટિજનક છે. શાંતિ અને તુષ્ટિવાળું ચિત્ત જ સ્વસુખને આત્મામાં શોધે છે. આત્મગુણમાં સ્થિરતા થવાથી પુષ્ટિનો અનુભવ થાય છે. સ્વનું વિસ્મરણ, સર્વનું સ્મરણ તથા આત્મામાં રમણ એ અનુક્રમે શાંતિ, તુષ્ટિ અને પુષ્ટિને દેનાર છે.

શાંતિથી આર્તરૌદ્ર ધ્યાન જાય છે,

તુષ્ટિથી ધર્મ તથા શુક્લ ધ્યાન પોષાય છે

અને પુષ્ટિથી પરમાત્માનું આત્મામાં એકીકરણ થાય છે.

ધર્મનો લાભ સ્વસુખને ગૌણ બનાવે છે, તેથી શાંતિ વધે છે. સર્વસુખને મુખ્ય બનાવે છે, તેથી તુષ્ટિ થાય છે અને આત્મસુખને અભાવ કરે છે, તેથી પુષ્ટિ વધે છે. ધર્મથી મમત્વનો ત્યાગ થાય છે, તેથી શાંતિ વધે છે, સમત્વનો સ્વીકાર થાય છે, તેથી તુષ્ટિ થાય છે અને એકત્વનો અભ્યાસ થાય છે, તેથી પુષ્ટિ થાય છે. મમત્વત્યાગથી વિષયોનો વૈરાગ્ય, સમત્વના સ્વીકારથી કષાયોનો ત્યાગ અને એકત્વના અભ્યાસથી ગુણાનુરાગનો વિકાસ થાય છે. એકત્વનો અભ્યાસ એક 'જાતિગત એકતા'નો અને બીજો 'દ્રવ્યગત એકતા'નો છે. જાતિગત એકતાના અભ્યાસથી ઈર્ષા-અસૂયાદિ દોષો ટળે.

દ્રવ્યગત એકતાના અભ્યાસથી રાગ-દ્વેષાદિ દોષો, હર્ષશોકાદિ દ્વન્દ્વો તથા રતિઅરતિ-ભય-જુગુપ્સાદિ ક્લેશો નાશ પામે. એકત્વનો અભ્યાસ સત્ક્રિયાઓની અપેક્ષા રાખે છે. તેમાં અપ્રમાદ સેવવાથી ઉભય પ્રકારે એકતાનો અભ્યાસ સિદ્ધ થાય છે. સત્ક્રિયાઓ વડે આત્મસ્વરૂપ ઉપર ધ્યાન કેન્દ્રિત થવાથી વસ્તુનો મોહ સ્વયં નષ્ટ થઈ જાય છે.

વિષયોમાં દોષદર્શનથી વિષયવૃત્તિ શમે છે.

આત્મામાં ગુણદર્શનથી પણ વિષયવૃત્તિ શમે છે.

'દોષદર્શન' એટલે દુઃખનાં રૂપને જોવા,

'ગુણદર્શન' એટલે સુખનાં રૂપને જોવા.

સુખરૂપી ગુણને આપવાની શક્તિ વિષયોમાં નથી,

કેમકે વિષયો એ જડ અને પરતત્ત્વ છે.

દુઃખરૂપી દોષ દેવાની શક્તિ ભગવત્તત્ત્વમાં નથી,

કેમકે તે સજાતીય અને સ્વતત્ત્વ છે.

આવા ગુણ જેઓમાં પ્રગટી છે, તેવા પંચ પરમેષ્ઠિની ઉપાસના વડે અનુગ્રહ પ્રાપ્ત થાય છે, જેનાથી હેયમાં હાનબુદ્ધિ અને ઉપાદેયમાં ઉપાદાનબુદ્ધિ સ્થિર થાય છે. જડ પ્રકૃતિ હાનગામી છે, પુરુષ સ્વભાવ લાભગામી છે.

કહ્યું છે કે:

અદૃષ્ટવિગ્રહો દેવો ભાવગ્રાહ્યો મનોમયઃ ।
તસ્યોંકારઃ સ્મૃતો નામ તેનાહૂતઃ પ્રસીદતિ ॥ (પરિશિષ્ટ-૧૮)

જપની પરાકાષ્ઠા તેના રાગમાંથી નહિ પણ ભાવમાંથી થાય છે. શાંતિ માતાના બે પુત્રો : પ્રેમ તથા આનંદ. એકતાની ભાવનાથી પ્રેમ અને સમતાની ભાવનાથી આનંદ પ્રગટે છે. એ શાંતિમાતા પરમાત્મારૂપી મહાસાગરમાં, જ્યાં સર્વત્ર શાંતિનું સામ્રાજ્ય છે, ત્યાં વસે છે. તળાવની મધ્યમાં પાણીના એક પરપોટાની જેમ શાંતિના મહાસાગરમાં અશાંતિ નામનું એક નાનકડું મોજું રહેતું હોય છે. સંતોષ નમન અને વિશાળ હૃદય પ્રભુને બહુ ગમે છે. કૃષ્ણ અર્જુનને કહે છે: જો તું તારો રથ મને સોંપી દઈશ, તો તારા ઇંદ્રિયોરૂપી ઘોડાઓને હું કાબુમાં રાખીને તને દિવ્યમાર્ગે લઈ જઈશ. અર્જુન એટલે સરળ સ્વભાવ જીવ. ભગવાન પાસે ઇંદ્રિયોનાં સુખ નહિ પણ તે સુખોની ઇચ્છા જ ન થાય તેવો નિર્લેપતાનો ભાવ માંગવાનો છે. વાસના જાગે એટલે આત્માના તેજનો નાશ થાય છે.

'શરીરં સુરૂપં નવીનં કલત્રં
ધનં મેરુતુલ્યં યશશ્ચારુચિત્રમ્ ।
જિનાંઘ્રિ પીઠે મનશ્ચેન્ન લગ્નમ્
તતઃ કિમ્ તતઃ કિમ્ તતઃ કિમ્ તતઃ કિં ॥ (પરિશિષ્ટ-૧૯)

આ લોકનો વાસ્તવિક સુધાર જ પરલોકનો સુધાર છે.
પરલોક ન બગાડે તેવું જીવન એ આ લોકનો સુધાર છે.

અહિંસારૂપી ધર્મવૃક્ષની બે બાજુઓ:

(૧) કોઈને ય પીડા ન ઉપજાવવી તે.

(૨) પરદુઃખનિવારણ માટે ઘસાઈ છૂટવું તે.

કોઈ આપણને પીડા ન પહોંચાડે એટલું જ ફક્ત આપણે ઈચ્છતા નથી પણ આપણા સંકટ વખતે કોઈ આપણને સહાય કરે એમ પણ ઈચ્છીએ જ છીએ અને જો છતી શક્તિએ સહાય ન કરે, તો તે પીડાકારક બને જ છે. જેવું આપણને થાય, તેવું જ બીજાનું પણ સમજી લેવું.

૪ ભાવનાની સંપત્તિ - વિપત્તિ

(૧) દ્વેષનું ઉપશમન એ મૈત્રીની સંપત્તિ કહેવાય અને વ્યક્તિગત સ્નેહમાં બદ્ધ થવું તે મૈત્રીની વિપત્તિ છે.

(૨) ત્રાસદાયક બુદ્ધિનો નાશ એ કરૂણાની સંપત્તિ કહેવાય અને શોકની ઉત્પત્તિ તે કરૂણાની વિપત્તિ છે.

(૩) અસંતોષનો નાશ એ મુદિતાની સંપત્તિ કહેવાય અને હાસ્યમાં મુદિતાનું પર્યવસાન એ વિપત્તિ છે.

(૪) સ્નેહદ્વેષ મુક્તિ એ ઉપેક્ષાની સંપત્તિ કહેવાય અને બેદરકારીમાં પર્યવસાન તે તેની વિપત્તિ છે.

## ૪ ભાવનાનાં ૪ ભયસ્થાનો

(૧) મૈત્રીનું ભયસ્થાન સ્નેહરાગ - કામરાગ - દૃષ્ટિરાગ - વ્યક્તિગત સ્નેહ. (૨) કરુણાનું ભયસ્થાન શોક અને દુઃખ. (૩) મુદિતાનું ભયસ્થાન હાસ્ય. (૪) ઉપેક્ષાનું ભયસ્થાન બેદરકારી, અસાવધાનતા, નિરપેક્ષતા અને નિષ્ઠુરતા છે.

## ૪ ભાવનાનાં ૪ વિપક્ષો

(૧) મૈત્રીનો વિપક્ષ દ્વેષ. (૨) કરુણાનો વિપક્ષ પરાપકાર બુદ્ધિ. (૩) મુદિતાનો વિપક્ષ અરતિ - અસંતોષ. (૪) ઉપેક્ષાનો વિપક્ષ વ્યક્તિગત કે પોતા માટેનો સ્નેહ કે સ્વાર્થપરાયણતા છે.

## ૪ ભાવનાની શરૂઆત

(૧) મૈત્રીની શરૂઆત ક્યારેય પણ શત્રુથી શરૂ કરવી નહીં, કારણકે તેથી આઘાત અને ઉદ્વેગ વધે છે.

મૈત્રીની શરૂઆત વિજાતીય પર કરવાથી વિકાર પેદા થાય છે અને મૃત ઉપર કરવાથી ક્યારેય સમાધિ સાધ્ય થતી નથી. સૌ પ્રથમ પોતાની જાત ઉપર, મિત્ર ઉપર, પછી ગામ, દેશ, અને સમસ્ત પૃથ્વી ઉપર પ્રેમનો અભ્યાસ અને તે પછી સ્ત્રી-પુરુષજાતિ, આર્ય-અનાર્ય, સુગતિ-દુર્ગતિ અને દશે દિશામાં રહેલા સર્વ પ્રાણીમાત્ર ઉપર અગાધ પ્રેમનો અભ્યાસ કરવાથી કામ-ક્રોધરૂપી દોષનું શમન થઈ જાય છે.

(૨) કરુણાનો પ્રારંભ શત્રુ અથવા વિરોધી ન કરતાં મધ્યસ્થથી કરવો. પછી પોતાના પ્રિય મનુષ્ય ઉપર, શત્રુ ઉપર અને પછી પોતાની જાત ઉપર કરુણા કરવી. વર્તમાનમાં દુઃખી ન હોય તો પણ 'દુઃખ બધાને વળગેલું જ છે. વ્યાધિ, જરા, મરણાદિ બધાં કરુણ સ્થિતિને પામે જ છે' એવા વિચારથી મનમાં કરુણા પેદા કરવી.

(૩) મુદિતાનો આરંભ પ્રિય મનુષ્યથી કરવો, પછી મધ્યસ્થ, પછી શત્રુ અને પછી પ્રાણીમાત્ર ઉપર કરવો.

(૪) ઉપેક્ષાનો આરંભ મધ્યસ્થથી કરવો, પછી પ્રિય ઉપર, શત્રુ ઉપર અને છેલ્લે જાત ઉપર. પ્રાણીમાત્ર ઉપર જાગૃત ઉપેક્ષા પેદા કરીને સમાધિ સાધ્ય કરવી.

## સીમસંભેદ એટલે શું?

શત્રુ, મિત્ર, ઉદાસીન અને પોતાની જાત -
આ ચારેમાં બિલકુલ ભેદભાવ ન હોવો,
એ આ ચારે ભાવનાનું પૂર્ણત્વ જાણવાની કસોટી છે.
પાલી ભાષામાં આ અભેદભાવને 'સીમસંભેદ' કહે છે.
જૈનો આ જ અભેદભાવને 'ગ્રન્થિભેદ' કહે છે.

## ગ્રન્થિભેદનો અર્થ

જીવમાત્રમાં ભેદબુદ્ધિનો સંપૂર્ણ નાશ થવો તે.

## ૪ ભાવનાનું ફળ

મૈત્ર્યાદિ શત્રુતા જાય - કરુણાદિ ઉદાસીનતા - મુદિતાદિ અસંતોષ અને ઉપેક્ષાના ફળરૂપે સ્વાર્થમૈત્રી જાય છે. વળી સુખે નિદ્રા આવે - સુખે જાગે - ખરાબ સ્વપ્ન ભાગે, ૪ ભાવના થકી દેવોને પ્રિય બને, અગ્નિ - વિષ કે શસ્ત્ર અસર ન કરે, ચિત્તનું સમાધાન રહે, શરીરની કાંતિ વધે, ચિત્તની પ્રસન્નતા વધતા નિર્વાણ સુખ સમીપે આવે અને ન મળે ત્યાં સુધી બ્રહ્મ દેવલોકની પ્રાપ્તિ થાય તથા તેનાથી પાપકર્મ અને ચિત્તની સંકુચિતતા નાશ પામે છે.

## ૪ પ્રકારે શુદ્ધિ

(૧) બુદ્ધિની શુદ્ધિ વિવેકથી. (૨) મનની શુદ્ધિ પરસંપત્તિથી.
(૩) ચિત્તની શુદ્ધિ વૈરાગ્યથી. (૪) આત્માની શુદ્ધિ ગુરુકૃત્યથી થાય.

## ૪ ગુણીના લક્ષણો

(૧) તમોગુણી : મારું તે મારું તથા તારું તે પણ મારું - નિકૃષ્ટ.
(૨) રજોગુણી : મારું તે મારું અને તારું તે તારું - મધ્યમ.
(૩) સત્ત્વગુણી : મારું તે તારું અને તારું તે પણ તારું - ઉત્તમ.
(૪) નિત્ય સત્ત્વસ્થ આત્માનું એ વિશિષ્ટ લક્ષણ છે કે :
'આ મારું અને આ તારું' એમ છે જ નહિ.
કોઈનું પણ કશું જ નહિ - ઉત્કૃષ્ટ.

## 3 પ્રકારની દોષનિવૃત્તિ

મળદોષની નિવૃત્તિ નિષ્કામ કર્મ વડે થાય છે.
વિક્ષેપદોષની નિવૃત્તિ ભક્તિ-ઉપાસના વડે થાય છે.
આવરણદોષની નિવૃત્તિ જ્ઞાન વડે થાય છે.

## ૫ પ્રકારના આવરણના દૃષ્ટાંતો

(૧) રંગવાળું પાણી-કામ. (૨) ઉકળતું વરાળવાળું પાણી-ક્રોધ. (૩) સેવાળવાળું પાણી-આળસ્ય. (૪) પવનથી હાલતું પાણી-આભાસ કે ભ્રાન્તતા. (૫) ડહોળાયેલું પાણી-સંશયગ્રસ્તતા.

## ૪ પ્રકારનાં ધ્યાન

(૧) પ્રથમ આવે વિતર્ક, વિચાર, પ્રીતિ, સુખ, એકાગ્રતા. (૨) પછી પ્રીતિ, સુખ, એકાગ્રતા. (૩) સુખ, એકાગ્રતા. (૪) છેલ્લે રહે માત્ર એકાગ્રતા, જેમાં નીચેના ગુણો આવે: ઉદાસીનતા કે ઉપેક્ષા, નિર્ભયતા, નિશ્ચિંતતા, નિષ્પ્રકંપતા.

અહીં સાઈકલની સવારીનું દૃષ્ટાંત વિચારવું.

## કાયગતા સ્મૃતિ

(૧) પોતાના શરીરના કેશલોમાદિ બાહ્ય તથા રસ-રુધિરાદિ આભ્યંતર પદાર્થોનું સૂક્ષ્મબુદ્ધિથી નિરીક્ષણ કરવું અને તેમની અશુચિતા જાણી લેવી. (a) શરીર જીવંત હોય ત્યારે: બેસતી વખતે, ચાલતી વખતે તથા અન્ય અવસ્થાઓ વખતે શ્વાસ-પ્રશ્વાસમાં ઉપયોગ રાખવો અત્યંત જરૂરી છે.

(૯) મૃત શરીરને જોતી વેળાએ : સ્મશાનમાં રહેલા દરેક અશુચિ પદાર્થો પ્રેતાદિનો વિચાર કરીને મૃત એવા શરીરની ભિન્નભિન્ન અવસ્થાઓ ઉપર ચિંતન-મનન કરવા.

## જીવંત શરીરના ૩૨ પદાર્થોનું ધ્યાન

કેશ, રોમ, નખ, દાંત, ચામડી, માંસ, સ્નાયુ, અસ્થિ, મજ્જા, મૂત્રાશય, હૃદય, યકૃત, ક્લોમ, પ્લીહા, ફેફસાં, આંતરડાં, તેની દોરી, હોજરી, વિષ્ટા, પિત્ત, કફ, પરૂ, લોહી, પ્રસ્વેદ, ચરબી, વસા, થૂંક, શેડા, લસ, મૂત્ર, માથું, મગજ વગેરેની અશુચિતાનું ચિંતન.

## સ્થિતપ્રસન્નતાના ૪ ઉત્તમ દૃષ્ટાંતો

(૧) પૃથ્વી સમાન મનથી વર્તવું.

પૃથ્વી પર લોકો અનેક જાતના અપવિત્ર પદાર્થો ફેંકે છે, પણ તેથી પૃથ્વી ક્યારેય પણ જરા ય કંટાળતી નથી.

(૨) ઉદક સમાન ચિત્તથી રહેવું.

પાણીમાં બધા લોકો અનેક જાતની અપવિત્ર વસ્તુઓ ફેંકે છે, કિન્તુ તેથી ક્યારેય પણ પાણી કંટાળતું નથી.

(૩) અગ્નિ સમાન મનથી વર્તવું.

અગ્નિમાં જે અશુચિ પદાર્થો પડે તેને તે બાળી નાંખે છે.

(૪) વાયુ સમાન ચિત્તથી વર્તવું.

વાયુ બધા જ પદાર્થો ઉપર એકસરખી રીતે વાય છે.

## ૪ પ્રકારના ધ્યાનના ૮ લિંગો

| આર્તધ્યાન | રૌદ્રધ્યાન | ધર્મધ્યાન | શુક્લધ્યાન |
|---|---|---|---|
| (૧) રડે | રડાવે | છાનો રાખે | મૂળ કાપે |
| (૨) હેવાન | શેતાન | ઈન્સાન | ભગવાન |
| (3) કનિષ્ઠ | દુષ્ટ | શ્રેષ્ઠ | પરમેષ્ઠિ |
| (૪) નિર્બળ | દુષ્ટ બળ | સબળ | પ્રબળ |
| (૫) રાખે | ઉપરાંત રખાવે | આપે | ઉપરાંત અપાવે |
| (૬) કષાય | મિથ્યાત્વ | સમ્યક્ત્વ | અકષાય |
| (૭) પાપ | પાપી | ધર્મ | ધર્મી |
| (૮) આસ્રવ | બંધ | નિર્જરા | મોક્ષ |

## ૪ પ્રકારે સંવેદન

(૧) શુભોપયોગ = આત્મપક્ષ = મૈત્ર્યાદિભાવોનું સંવેદન.

(૨) જ્ઞાનચેતના = આત્મલક્ષ = આત્મતત્ત્વનું સંવેદન.

(3) કર્મચેતના = પુદ્ગલલક્ષ = અહં-મમ તથા રાગ-દ્વેષ તથા કર્તૃત્વબુદ્ધિનું સંવેદન થાય છે.

આ કર્મચેતના ભાવચેતનાથી જણાય છે.

(૪) કર્મફલચેતના = પુદ્ગલલક્ષ = સુખ-દુઃખ અને ભોગોપભોગનું સંવેદન ઉપરાંત ભોક્તૃત્વભાવ થાય છે.

આ કર્મફલચેતના જ્ઞાનચેતનાથી જણાય છે.

## શું સંવેદન શેનાથી જણાય?

(૧) સુખ-દુઃખનું સંવેદન આનંદની અનુભૂતિથી જણાય છે.
(૨) રાગ-દ્વેષનું સંવેદન અજાતીય માટેના પ્રેમથી જણાય છે.

## પુદ્ગલપક્ષ તથા પુદ્ગલલક્ષ

(૧) પુદ્ગલપક્ષ છોડવા માટે આત્મપક્ષની આવશ્યકતા છે.
આત્મપક્ષ એ જીવત્વ જાતિ આશ્રીની પૂર્ણ એકતા છે.
(૨) પુદ્ગલલક્ષ છોડવા માટે આત્મલક્ષની આવશ્યકતા છે.
આત્મલક્ષ એ જીવદ્રવ્ય આશ્રીનું સંપૂર્ણતય તાદાત્મ્ય છે.

## સામાયિકના ૩ પરિણામ

(૧) તિર્યક્સામાન્યને મુખ્ય બનાવવાથી મધ્યસ્થપરિણામ થાય.
(૨) ઊર્ધ્વતાસામાન્યને મુખ્ય બનાવવાથી તુલ્યપરિણામ થાય.
(૩) ગુણોમાં એકત્વચિંતન કરવાથી ઔદાસીન્યપરિણામ થાય.

૦ પ્રેમથી વાણી અને નમ્રતાથી લક્ષ્મી.

દૃઢ શ્રદ્ધા-ભક્તિ-પ્રેમથી જડ પણ ચેતન બને છે.

૦ ધ્વનિનો ધ્વનિ = અવાજમાં રહેલો ભાવ.
કાનનો કાન = કાન પાછળ રહેલી લાગણી.

૦ આખું જગત સ્મશાનરૂપ હોવાથી અને જગતના પ્રત્યેક પદાર્થમાં શિવ રહેલા હોવાથી તે વ્યાપક બ્રહ્મરૂપ છે.

ફળ માટે આપવું એ ગરજ છે, મૂળને સેવું એ ફરજ છે.
ધર્મ એ મૂળ છે, મોક્ષ એ ફળ છે.

મતયો યત્ર ગચ્છન્તિ તત્ર ગચ્છન્તિ વાનરાઃ ।
શાસ્ત્રાણિ યત્ર ગચ્છન્તિ તત્ર ગચ્છન્તિ તે નરાઃ ॥૧॥

(પરિશિષ્ટ-૨૦)

न जातु कामान्न भयान्न लोभात्,
धर्मं त्यजेज्जीवितस्यापि हेतोः ।
धर्मो नित्यः सुखदुःखे त्वनित्ये,
जीवो नित्यो हेतुरस्य त्वनित्यः ॥१॥

– वेदव्यासः (પરિશિષ્ટ-૨૧)

°

## Humility

I can of my own self do nothing.
The God within me he doeth the works.
My Grace is sufficient unto thee.
Look unto me, the God & ye be saved.

## શવાસન

It is complete relaxation of the body and its limbs, each and every part, from bottom to top, from feet to head. આ આસન બરાબર સધાય તો પછી mind steady થાય છે અને Spirit સુધી તુરંત પહોંચી જવાય છે.

## સમષ્ટિભાવ તથા પરમેષ્ઠિભાવ

કવિશ્રી ઋષભદાસજી કહે છે કે: સમષ્ટિની સહાયતા વિના વ્યષ્ટિ પરમેષ્ઠિ બની શકતી નથી અને પરમેષ્ઠિના પ્રસાદ વિના સમષ્ટિ વ્યષ્ટિને સહાયક થઈ શકતી નથી.

સમષ્ટિભાવ પરમેષ્ઠિ ભાવને પમાડે છે.

પરમેષ્ઠિભાવ સમષ્ટિભાવને પેદા કરે છે.

જીવો પ્રત્યેની મૈત્રી પરમેષ્ઠિપદને અપાવે - પરમેષ્ઠિ પ્રત્યેની ભક્તિ જીવો પ્રત્યેના મૈત્રીભાવને વિકસાવે છે.

જીવમૈત્રી અને પરમેષ્ઠિભક્તિ

પરસ્પરપૂરક બનીને વ્યષ્ટિને માટે મોક્ષનું કારણ બને છે. વ્યષ્ટિએ પરમેષ્ઠિ બનવા સમષ્ટિભાવ સ્વીકારવો અને સમષ્ટિભાવ વિકસાવવા પરમેષ્ઠિભાવની જ સહાય લેવી.

## સ્વરૂપનાં દર્શન

ભગવન્મૂર્તિનાં દર્શનમાં સ્વ-સ્વરૂપનાં દર્શન છે. અહીં લોકમાં રહેલાં શાશ્વત-અશાશ્વત ચૈત્યો અને બિંબો સ્વસ્વરૂપનાં દર્શન કરાવવા માટે જ પ્રતિષ્ઠિત થયેલાં છે. પ્રતિષ્ઠિતં પૂજયેત્ । એ વાક્યનો ભાવ સ્વરૂપનાં દર્શન માટે પ્રતિષ્ઠિત થયેલ મૂર્તિ અગર મૂર્તિઓની પૂજા માટે વિધાન કરે છે. પ્રતિષ્ઠિત બિંબોની પૂજાદિ અથવા

## પ્રતિષ્ઠિત ચૈત્યોના દર્શન = સ્વરૂપનાં જ દર્શન

વિવિધ રીતે કરાતી આરાધનાથી સ્વસ્વરૂપની જ પૂજા અને આરાધના થાય છે, અહીં 'પ્રતિષ્ઠાવિધિ' નામના શાસ્ત્રમાં પરમાત્મા વિષયક આત્મભાવની પ્રતિષ્ઠાનું વિધાન કરેલું છે. મુક્તતા અને વીતરાગતાના ઉત્કૃષ્ટ મોક્ષ કે મહાવિદેહમાં રહેલા ભગવાનનું અધિષ્ઠાન બિંબ કે મૂર્તિમાં થઈ શકતું નથી. તે માટે પ્રતિષ્ઠાકારકે પોતાના આત્મામાં પરમાત્મભાવનું સ્થાપન કરવાનું છે, જેને જિનવચન અનુસારે 'તાત્ત્વિક પ્રતિષ્ઠા' કહેવાય છે. પોતાના તે ભાવની પ્રતિષ્ઠા અનુષ્ઠાનથી બિંબમાં કરવાની હોય છે, તેથી પ્રતિષ્ઠિત બિંબના દર્શન કરતી વખતે પરમાત્મવિષયક પોતાના ભાવનું દર્શન થાય છે. તે ભાવ પરમાત્મા અથવા પરમાત્મસ્વરૂપથી અભિન્ન એવા પોતાના આત્મસ્વરૂપને વિષય કરતો હોવાથી ૩ લોકમાં રહેલા પ્રતિષ્ઠિત એવા શાશ્વત કે અશાશ્વત એવા ચૈત્યોના દર્શન કરતી વખતે સ્વરૂપનાં જ દર્શન થાય છે અર્થાત્ મંદિરમાં ભગવાનના દર્શન કરવા જઈએ છીએ, એનો ખરો અર્થ સ્વરૂપના જ દર્શન કરવા જઈએ છીએ. એ રીતે જેઓ ત્રણેકાળ ના જિનબિંબોના ત્રણે લોકમાં

દર્શન કરે છે, તેઓ સ્વરૂપદર્શનની સ્થિરતા પામે છે. એ અભ્યાસ આ ભવે અને આવનારા જન્મોજન્મની અંદર આપણા જીવને બોધિસુલભ, આત્મલાભનો અધિકારી તથા જાતિસ્મરણાદિ વડે આત્મલાભ કરાવીને ભવથી વિરક્ત અને મોક્ષસુખમાં આસક્ત બનાવે છે. આત્મલાભને ધ્યેય કરીને તેનું જ દાન કરનાર દેવ-ગુરુ-શાસ્ત્રનો પરમ ભક્ત બનાવીને આપણા જીવને એ અભ્યાસ અહિંસા-ક્ષમાદિ ધર્મ તરફ પ્રેરે અને તેનું પાલન કરી સ્વાત્માને 'ચંદનગંધન્યાયે' ધર્મસ્વરૂપ બનાવવા સમર્થ થાય.

કહ્યું છે કે:

દર્શનં દેવદેવસ્ય દર્શનં પાપનાશનં ।
દર્શનં સ્વર્ગસોપાનં દર્શનં મોક્ષસાધનં ॥૧॥ (પરિશિષ્ટ-૨૨)

આ શ્લોક નિરૂપચરિતપણે સ્વરૂપદર્શનને લાગુ પડે છે.

દેવે તે દેવ, રાખે તે રાક્ષસ.
ઘણું આપે તે ગુરુદેવ, બધું આપે તે મહાદેવ,
આપવાનું ભાન પણ આપે તે દેવાધિદેવ.

૦ આકાશતત્ત્વનું ચિહ્ન શૂન્યત્વ, વાયુતત્ત્વનું ચંચળત્વ, અગ્નિતત્ત્વનું ઉત્સાહશક્તિ, જળતત્ત્વનું મૃદુત્વ-દ્રવત્વ, તથા પૃથ્વીતત્ત્વનું ચિહ્ન કઠિનત્વ અથવા જડત્વ છે.

Dt. 10/6/65 મોટા માંઢા, જેઠ સુદ ૧૧, ૨૦૨૧

વીતરાગ પરમાત્મા એ સિદ્ધ, બુદ્ધ, નિત્ય, મુક્ત છે. તેઓ અનંત સમૃદ્ધિના સ્વામી, અક્ષય આનંદના સાગર છે. સાધક એમની સાથે જેટલી નિકટતા અનુભવે, તેટલી સમૃદ્ધિ તથા શક્તિ એને પગલે પગલે વિલસી રહે. ગીતા કહે છે: ભક્ત મને જે જે રૂપે ભજે, તે તે રૂપમાં મને પામે. જે જે રૂપે મને ચાહે, તે તે રૂપે હું હાજર છું. 'ભક્તિ, શ્રદ્ધા, નીતિ, પ્રામાણિકતાનો પંથ જેટલો નિષ્ઠાથી અનુસરી, તેટલી સુવિધા સાંપડી રહે છે' એમ વિચારાય, તો અધિષ્ઠાયકોનો આખેઆખો પ્રશ્ન ઉકલી જાય છે.

Imp. ખોટી માન્યતા છે કે વીતરાગ આશા ન પુરે...

વીતરાગદેવ સૌની આશા પુરતા નથી, એ માન્યતામાંથી જ અધિષ્ઠાયક દેવોની આડકતરી કલ્પના ઉપજી છે. આશાની પૂર્તિના મદદગાર અધિષ્ઠાયકો નથી, કિન્તુ તે હૃદયની ભક્તિ તથા મનની શ્રદ્ધામાં ભરેલા છે. સાધનામાં શ્રદ્ધા-હૃદયની ભક્તિનું જ ખરું મહત્ત્વ છે. મદદગારો પણ એના જ છે. આરાધ્યદેવતાના ચરણોમાં મન જેટલું લીન થાય, એકાગ્ર બને, તેટલી જ કાર્યસિદ્ધિ અવશ્ય થાય. ભગવાન વીતરાગ છે, તેથી ભક્તોની આશા પુરતા નથી,

આ વિચારે જ માનવના મનમાં દુવિધા પેદા થઈ અને અધિષ્ઠાયકોના ચમત્કારો અભાવ આવ્યા, પરંતુ તેની પાછળ આપણું નબળું મન છે. આશા પૂરવાની શક્તિ આશારહિતમાં જ છે. ઈચ્છા કે મનઃકામનાની પૂર્તિ ઈચ્છા અને કામનારહિત વીતરાગપુરુષોના ધ્યાન અને પ્રભાવથી જ પૂર્ણ થઈ શકે. શુભ ધ્યાનની વૃદ્ધિ કરવાનું સાધન વીતરાગ આલંબનોમાં જ છે, કિન્તુ સરાગ આલંબનોમાં નહિ.

રાગીની ભક્તિ રાગને વધારે છે.

વીતરાગની ભક્તિ વૈરાગ્યને વધારે છે.

રાગ એ વિભાવ હોવાથી અશુભ કર્મને વધારે છે.

વૈરાગ્ય નિઃસ્પૃહતાસ્વરૂપ હોવાથી આત્મભાવની નજીક છે.

વૈરાગ્યથી અશુભ કર્મનો ક્ષય-શુભ કર્મની વૃદ્ધિ થાય છે.

સંસારવર્તી જીવોને તેથી અચિન્ત્ય-અનર્ઘ્ય લાભો થાય છે.

કહ્યું છે કે:

વત્થુ સહાવો એસો અઉવ્વચિંતામણીમહાભાગો ।
થોઊણં તિત્થયરે પાવિજ્જઇ બોહિલાભોત્તિ ॥
ભત્તીઇ જિણવરાણં ખિજ્જંતિ પુવ્વસંચિયા કમ્મા ।
ગુણપગરિસબહુમાણો કમ્મવણદવાણલો જેણ ॥

(પરિશિષ્ટ-૨૩)

સમગ્ર ધર્મમાર્ગ હૃદયની વિશાળતા - ચિત્તશુદ્ધિ સાધવાનો રાજમાર્ગ છે. આત્મસાધનાની નાની - મોટી દરેક પ્રક્રિયાના કેન્દ્રમાં હૃદય - ચિત્તની શુદ્ધિને જ મૂકવામાં આવી છે. નીતિધર્મો પરંપરાએ આશયવિશેષે મોક્ષસાધક બને છે: દા.ત. સૂર્યાસ્ત સમયે સાંધ્યદીપક પ્રગટાવવો, શુદ્ધ અગ્નિનું આદાન, નક્ષત્રમંડલ તથા નક્ષત્રદેવતાની પૂજા, અશ્લિષ્ટ દર્શને વામપાદાંગુષ્ઠ પીડન અનુભવવું - શ્લિષ્ટ દર્શને સ્વ ઇષ્ટ.

## વર્ણાશ્રમ ધર્મના ભેદો

(૧) વર્ણો પ્રમાણે બ્રાહ્મણાદિ (૨) આશ્રમો પ્રમાણે બ્રહ્મચર્યાદિ વિવાહ, શૌચ, સૂતક વિષયક ભેદ દેશ - કાલાદિ ભેદે છે. બીજ ધર્મો સાવદ્ય છતાં વિશિષ્ટ સત્પુરુષ અને નિઃશ્રેય સાધક બની શકે છે. ધર્મોને જોઈને બહુમાનપૂર્વક કે પ્રશંસાપૂર્વક ધર્મ કરવાની ઇચ્છા, તે 'ધર્મબીજ' છે.

## ધર્મવૃક્ષમાં...

અંકુર - તેનો અનુબંધ, કાષ્ઠ - તેના ઉપાયની અન્વેષણા, પત્રાદિ - અન્વેષણાર્થે અનેકવિધ પ્રવૃત્તિ, પુષ્પ - ધર્મપ્રાપ્તિ કે સદ્ગુરુયોગ, ફલ - ઉપદેશાદિથી શુદ્ધધર્મની પ્રાપ્તિ છે. અગવડ કે કષ્ટના ભયથી નીતિ અને ધર્મથી ડરીને લોકો અનીતિ અને અધર્મનું સેવન કરીને દુઃખી થાય છે.

તેમના ધર્મશિક્ષક જોગીઓ દયા-ભલાઈના ઢોંગો રચાય છે અને તેને પવિત્રતાનું મોટું નામ આપીને લોકોને વધુ કંગાલ બનાવે છે. જ્ઞાનીઓને મોટામાં મોટી ભય છે સત્યગુરુના અભિમાનનો. એ રઝવણની જાળીને અખંડ જાગૃતિથી તોડવા જોઈએ. એ જાગૃતિ પોતાની ઉપર જ દયાળુ બનાવે છે, પછી બીજાની દયાની વાત જ ક્યાં રહે?

જ્યાં પોતે જ દયાપાત્ર મટ્યો નથી,

ત્યાં બીજાની દયાનું અભિમાન મિથ્યા છે.

ક્રિયાધિકરણાશ્રયં કાર્યં એટલે ક્રિયાના અધિકરણને આશ્રયીને કાર્ય થાય છે. ધર્મ એ ચિત્તપ્રભવ અર્થાત્ સર્જક ચિત્તનું કારણ છે, જેમાંથી વિધિનિષેધાત્મક ક્રિયા પ્રવર્તે છે. એમાં પ્રવર્તક ચિત્ત એ સર્જક તથા ચિત્ત અથવા એવા ચિત્તનો હેતુ તે ધર્મ છે. મળ દૂર થવાથી ચિત્ત એ પુષ્ટિ-શુદ્ધિવાળું બને છે. આગમોક્ત માર્ગનું સમ્યગ્જ્ઞાન અને વિધિનિષેધના પાલનરૂપ સત્ક્રિયા - એ બે વડે રાગાદિ મળનો નાશ થાય, શુદ્ધ બનેલું ચિત્ત ધર્મરૂપ બને. એથી વળી અબાધ વિધિનિષેધના પાલનરૂપ ધર્મ ચાલે.

ગૌણધર્મ = બાહ્યક્રિયા.

મુખ્યધર્મ = બાહ્યક્રિયાનું સર્જક વિશુદ્ધ ચિત્ત.

મુખ્ય = એ હોય તો જ ક્રિયાના ફળરૂપે પુષ્ટિ-શુદ્ધિ થાય.

ચિત્તના રાગાદિ મલ કાપવાનું સાધન તથા નિર્મળ બનેલ ચિત્તનું કાર્ય પણ ભાવયુક્ત વિધિનિષેધનું પાલન છે. એમાં મુખ્યતા ચિત્તશુદ્ધિ તરફ છે, તેથી ચિત્તશુદ્ધિ એ જ ધર્મ છે. આગમ બોધ અને તે મુજબ વિધિનિષેધનો અમલ - એ બે એનાં સાધન અને સાધ્ય ઉભય છે.

વિધિ = તપ અને સ્વાધ્યાયાદિમાં પ્રવર્તવાની આજ્ઞા.

નિષેધ = હિંસા અને અસત્યાદિથી નિવૃત્ત થવાની આજ્ઞા.

રાગાદિ મલ જેમ અનાદિથી દૃઢ થયા છે, તેમ વિપરીત પ્રવૃત્તિ-નિવૃત્તિથી પણ દૃઢ થયાં છે. એથી ભાવની સાથે અવિરુદ્ધ પ્રવૃત્તિ પણ જોઈએ. જેમ મેલું કપડું તે કેવળ પાણી - સાબુથી નહિ પણ ધોકા મારવાથી સાફ થાય તેમ. પાણીના સ્થાને ભાવ અને સાબુના સ્થાને દર્શન છે. ક્રિયા એ ચારિત્ર છે. આ રીતે રત્નત્રયીને સમજવી.

## વિરાટરૂપ વિશ્વનાં ૭ અંગ

(૧) સ્વર્ગલોક એ વિશ્વનું મૂર્ધ અથવા તો મસ્તક છે.

(૨) સૂર્ય એ વિશ્વ માટે નેત્રરૂપ છે.

(3) વાયુ એ પ્રાણ છે. (૪) આકાશ એ વિશ્વનું ધડ છે.

(૫) સમુદ્રાદિરૂપ જલ એ મૂત્રસ્થાને છે.

(૬) પૃથ્વી એ પગ છે. (૭) અગ્નિ મુખ છે.

## ધર્મદેશના

ધર્મદેશના એ ધર્મેચ્છુને સાધનાનો રાહ બતાવે છે. સાધના કરવી હોય તો કષ્ટમય આચરવો, વિશુદ્ધ ચારિત્ર અને આગમના બંધનનો સ્વીકાર કરો. નીચેની કક્ષાવાળો ઉંચે આવે - ઉંચેની કક્ષાવાળો નીચે ન આવે, તેની કાળજી રાખો. બાળજીવોની બુદ્ધિમાં ભેદ ન થાય તે રીતે ધર્મદેશના આપો. ધર્મનું સ્વરૂપ ત્રિકાળાબાધ્ય સર્વ આગમોથી પરિશુદ્ધ જોઈએ. આદિ - મધ્ય - અંતમાં કલ્યાણકારી જોઈએ. આદ્ય વય કે મધ્યમ વય કે અંત્ય વય, પ્રારંભિક - વિકસિત કે પરાકાષ્ઠા સ્થિત, આદ્યકક્ષાનો - મધ્યમકક્ષાનો - અંતિમકક્ષાનો, શાસ્ત્રની આદિમાં - મધ્યમાં - અંતમાં, એમ સર્વત્ર કલ્યાણકારક હોય.

બાળ - મધ્યમ - વિશિષ્ટબુદ્ધિવાળાર્થે આગમદેશના

સમ્યગ્ અપવાદ = ઉત્સર્ગનો ઉદ્દેશ જેમાં હોય તે.

આગમતત્ત્વની શુદ્ધિ પરસ્પરાવલંબી છે.

પરલોકના માર્ગમાં આગમવચન જ પ્રમાણ છે, આગમવચન અતીન્દ્રિય દ્રષ્ટાનું જ હોઈ શકે છે, કેમકે અનાદિકાળથી કુવાસનાઓની અસરવાળી પ્રકૃતિઓ હોય છે, પૂર્ણ આગમના અવલંબને જ અતીન્દ્રિય દ્રષ્ટા બની શકાય.

શ્રોતાને નીચેની કક્ષાની અનુચિત રક્ષા

ઉંચેની ક્રિયાની અશક્ય દેશના ઉન્માર્ગ પ્રવર્તાવનાર અને
અશ્રદ્ધાને વિસ્તારનાર થાય છે.

## દેશનાના પ્રકારો

(A) કરણ ઈત્યાદિ બાહ્યાચાર પ્રધાન દેશના બાલને:
(૧) લોચ, અનુપાનહ, અલ્પનિદ્રા (૨) અલ્પ આહાર
(૩) અનિયત વિહાર, શીતોષ્ણાદિ સહન કરવા (૪) છટ્ઠ-અટ્ઠમાદિ તપ, એકસિક્થાદિ પારણું (૫) દ્રવ્ય આદિ અભિગ્રહ, વિગઈત્યાગ, અનશન (૬) કાયોત્સર્ગ આદિ.
(B) મધ્યમને સમિતિ-ગુપ્તિપાલન, ગુરુપારતંત્ર્ય, આગમ-ગ્રહણ, ત્રિકોટિ પરિશુદ્ધ ભવન ઈત્યાદિની દેશના છે.

ત્રિકોટિ પરિશુદ્ધ ઈર્યાદિ આચાર અંગે...

રાગ-દ્વેષ-મોહરહિત, કરણ-કરાવણ-અનુમોદનરહિત, હનન, પચન, ક્રયણ અથવા કષ-છેદ-તાપથી પરિશુદ્ધાચાર.

હનન = છેદનાદિ, પચન = અગ્નિનાં આરંભ આદિ,
ક્રયણ = વેચાતું લાવવું વગેરે.
કષ = વિધિનિષેધ, છેદ = તદનુકૂળ ચર્યા,
તાપ = તદનુકૂળ તત્ત્વસિદ્ધાંત.
એ રીતે મધ્યમ બુદ્ધિને
પ્રવચનમાતા, આગમ પરિશીલન અને ગુરુપારતંત્ર્ય કહેવું.

ગચ્છપારતંત્ર્ય એ પરમગચ્છની પ્રાપ્તિનું સાધન છે.
આગમના અધ્યયન, ચિન્તન, પરાવર્તનથી કુવિકલ્પ શમે,
કુવિકલ્પ જાય, પરિષહ કાયરતા મટે, આત્મારામતા વધે,
નિર્મલ બોધ, પુણ્યપુષ્ટિ થાય, પાપક્ષય થાય વગેરે.
(૯) બાલ નથી, મધ્યમ બુદ્ધિવાન શ્રોતા પછી આવે છે
વિશિષ્ટ બુદ્ધિવાન શ્રોતા.

તેઓને માત્ર ક્રિયા કે શુષ્ક તત્ત્વજ્ઞાનથી સંતુષ્ટિ ન થાય,
તેથી એને ક્રિયાપ્રધાનને બદલે ભાવપ્રધાન દેશના આપવી.
'ભાવપ્રધાન' એટલે ક્રિયા અને તત્ત્વજ્ઞાનની
પાછળ જરૂરી એવો વિશુદ્ધ આત્મપરિણામ (ideal).
મુખ્ય ધર્મ વિશુદ્ધ આત્મપરિણામ જ છે.
'વચનારાધનયા ખલુ ધર્મસ્તદ્ બાધયા ત્વધર્મ ઇતિ।'
અનુષ્ઠાનાદિ ધર્મ આત્મૌપમ્ય ભાવનાં સાધન અથવા
તો પ્રત્યક્ષરૂપ છે. આગમે આ કરવાનું કહ્યું છે, માટે
કરવાનું અને નિષેધ્યું છે, માટે ન કરવાનું - એ વચનની
આરાધના છે. તત્ત્વપરિજ્ઞાનરૂપ શ્રુતધર્મ અને ક્રિયાના
અનુષ્ઠાનરૂપ ચારિત્રધર્મ - બન્નેની સફળતાનો આધાર છે
આગમવચનની આરાધનાનો ભાવ. ભવ્યભીરુના મનને
કર્તવ્યમાં પ્રવર્તક - અકર્તવ્યથી નિવર્તક આગમવચન જ છે.

## કર્તવ્યાકર્તવ્ય

કર્તવ્ય-કર્તવ્યમાં ઇષ્ટાનિષ્ટતા ભાવપ્રત્યક્ષ નહિ, કિન્તુ અનુભવથી દૃષ્ટ છે. તેના નિયામક પીસ્તાલીસ આગમ છે.

ધર્મતત્ત્વ આગમપ્રમાણથી સાધ્ય છે.

ધર્મતત્ત્વ અનુભવપ્રમાણથી સાધક છે.

આગમ હૃદયસ્થ થવાથી તેના કહેનાર વીતરાગ હૃદયસ્થ બને. એ હૃદયસ્થ થતા એટલે સર્વ પ્રયોજન સિદ્ધ થાય છે. આગમ બહુમાનમાં ભગવદ્બહુમાન છે. ભગવદ્બહુમાનથી સમરસાપત્તિ અથવા તો સમાપત્તિ ધ્યાન સિદ્ધ થાય છે. 'સમાપત્તિ ધ્યાન' એટલે પરમાત્મસ્વરૂપની સાથે પોતાના શુદ્ધસ્વરૂપની અત્યંત સમાનતાને કારણે 'મારામાં તે સ્વરૂપ છે. એ જ ભગવાન હું છું' એવું અભેદધ્યાન.

આ સમાપત્તિ એ જ

યોગીઓની માતા ઉપરાંત બધી ઉત્કૃષ્ટ ચિંતામણી છે.

૦ લોકોત્તર તત્ત્વ તે ભાવઆરોગ્ય.

બીજરૂપ તે સમ્યક્ત્વ, તેનાથી બોધિલાભ પ્રગટે.

ફળરૂપ તે સિદ્ધત્વ, તેનાથી મોક્ષ પ્રાપ્ત થાય.

રોગ તે રાગ-દ્વેષ-મોહ, તજ્જન્ય જન્મ-જરા-મૃત્યુ.

સમ્યક્ત્વમાં ઉગ્ર રાગાદિનો અભાવ, અર્ધપુદ્ગલ સંસાર.

આગમવચન પરિણતિ ચરમાવર્તમાં થાય છે, તેથી તે પહેલાં શુદ્ધ ધર્મ હોતો નથી, કેમકે આગમવચન પરિણતિ, આગમ બહુમાન અને આગમ પ્રધાનતા ત્યારે હોતી નથી.

## લોકોત્તર તત્ત્વની ૪ શરત

(૧) આગમવચન પરિણતિ (૨) ૧૦ સંજ્ઞા વિષ્કંભણ
(3) પરહિતરતતા (૪) ગંભીરોદાર ચિત્તતા.

વૈદ્ય વચનને અનુસરનાર રોગીના ઔષધ સેવનની જેમ ભવઆરોગ્ય માટે આગમ પરિણતિ અતિ આવશ્યક છે. સંજ્ઞાનિરોધ માટે આત્માના શુદ્ધ સ્વરૂપનું ચિન્તન, શક્ત્યનુસાર દાનાદિ ધર્મોનું સેવન અતિ આવશ્યક છે. પરોપકાર અને સમતાથી તુચ્છ સ્વાર્થવૃત્તિ અટકે છે, તેથી લોકોત્તર અનુષ્ઠાનમાં ખેદાદિ દોષો ઉભા થતા નથી. ગંભીર ચિત્ત અનુષ્ઠાનની ગંભીરતા - તાત્ત્વિકતા સમજે છે અને ઉદાર ચિત્ત અનુષ્ઠાનને ગૌરવથી જુએ છે. આગમવચન પરિણતિથી ક્રિયામલ અને ભવમલ - મોહ ઉભય નાશ પામે, એથી સંજ્ઞા નિરોધાદિ સુલભ બને છે.

૦ દાન, દેવપૂજા, ગુરૂસેવા, સ્વાધ્યાય, ધ્યાનાદિ સર્વ લોકોત્તર તત્ત્વ છે. ન્યાયોપાર્જિત, પોષ્યવર્ગને અબાધિત, દીન-દુઃખી-તપસ્વીને ઔચિત્યાનુસારે આપવું તે મહાદાન છે.

દેવના વીતરાગતાદિ ગુણોનું જ્ઞાન, એથી અત્યંત બહુમાન, વિધિપૂજન અને લિંગસહિત આદરાદિ તે દેવપૂજન છે.
ધર્મવ્યાપાર, સ્વાધ્યાય, ધ્યાનાદિ સદ્યોગ - આ સર્વે કૃત્યોનું પરસ્પર સાપેક્ષસેવન એ લોકોત્તર તત્ત્વપ્રાપ્તિ છે.

પુણ્યાનુબંધી પુણ્યના ઉદયે આગમપરિણતિથી
એ ઉપરોક્ત સર્વ સુકૃત્યો પ્રાપ્ત થાય છે.

અન્ય ધર્મવ્યાપારને વ્યાઘાત ન થાય,
તેવી રીતે ધર્માચાર્યની સેવા કરવી.

## ધર્મનિષ્પત્તિનાં 3 કારણો

(1) શાસ્ત્ર બહુમાન એ વૈદ્યના બહુમાન સમું ગણાય છે.
(2) સત્ક્રિયા એ રોગ મટાડવા ઔષધસેવન કરવા જેવું છે.
(3) પરપીડાત્યાગ એ પથ્યનું પાલન કરવા જેવું છે.

## પ્રશસ્ત આશયના 3 લક્ષણો

आगमतन्त्रः सततं तद्वद्भक्त्यादिलिंगसंसिद्धः ।
चेष्टायां तत्स्मृतिमान् शस्तः खल्वाशयविशेषः ॥१॥

(१) આગમપરતંત્રતા. (२) આગમ પ્રત્યે ભક્તિ, બહુમાન, વિનયયુક્તતા. (3) સત્પ્રવૃત્તિ વખતે આગમની સ્મૃતિયુક્તતા.

એથી આગમને કહેનાર એવા અરિહંતોનું પણ
સ્મરણ ચાલુ રહે તથા તેથી સમરસાપત્તિ થાય.

જે આગમમાં તાત્પર્ય શુદ્ધિ હોય, એ શુદ્ધ આગમ છે.
એ શુદ્ધિ ન હોય તો શુદ્ધાગમનો એક દેશ, અન્ય આગમ
સંભવી શકે, પણ મૂળ આગમ નહિ. એક દેશ એટલા માટે
કે એમાં મૂળ આગમના વિષયનું જ અન્યરૂપે ગ્રહણ થયું છે.

એકદેશભૂત આગમાન્તર ઉપર દ્વેષ નહિ કરવો,
કિન્તુ યત્નપૂર્વક એના અભિધેય-એ વિષયની જાંચ-
ગવેષણા કરવી અને એના અર્થની અનુપપત્તિ-અસંગતિ
કેમ હટાવાય એવો શાસ્ત્રીય રીતે અત્યંત પ્રયાસ કરવો.

ગુણગ્રહણરસિક આત્માઓ પરવચનની
અસંગતિ દૂર કરવામાં તત્પર રહેવાવાળા હોય છે.

એ રીતે સમ્યગ્દૃષ્ટિ પરિગૃહીત
મિથ્યાશ્રુત પણ સમ્યક્શ્રુત બને છે.

આગમાન્તરમાં મૂળ આગમથી જુદું જ હોય,
તે બધું પ્રમાણભૂત - સત્વચન નહિ,
પણ પ્રવચનને અનુસારી હોય,
તે તો સત્ જ છે.

દ્વેષ ન કરવાનું કારણ તત્ત્વમાં પ્રવૃત્તિ અષ્ટાંગિકી છે.
એ અષ્ટાંગમાં પ્રથમ જ અદ્વેષ છે.
શાસ્ત્રમાં કહ્યું છે કે:

## શાસ્ત્રોમાં અષ્ટાંગિકી પ્રવૃત્તિ કહેલી છે:

અદ્વેષો જિજ્ઞાસા શુશ્રૂષા શ્રવણ બોધમીમાંસાઃ ।
પરિશુદ્ધા પ્રતિપત્તિઃ પ્રવૃત્તિરષ્ટાંગિકી તત્ત્વે ॥૧॥

(1) અદ્વેષ = તત્ત્વ ઉપર અપ્રીતિનો ત્યાગ કરવો તે.
(2) જિજ્ઞાસા = તત્ત્વજ્ઞાનની પ્રબળ ઇચ્છા કરવી તે.
(3) શુશ્રૂષા = તત્ત્વને સાંભળવાની ઇચ્છા કરવી તે.
(4) શ્રવણ = તત્ત્વસંબંધી શ્રવણની ઇચ્છા કરવી તે.
(5) બોધ = તત્ત્વસંબંધી બોધને ગ્રહણ કરવો તે.
(6) મીમાંસા = તત્ત્વની સતત સદ્વિચારણા કરવી તે.
(7) પ્રવૃત્તિ = તત્ત્વનું શ્રદ્ધાથી અનુષ્ઠાન કરવું તે.
(8) શુદ્ધ પ્રતિપત્તિ = 'આ આમ જ છે' આવા શ્રદ્ધાથી તત્ત્વનો વિશુદ્ધ નિર્ધાર કરવો તે.

## જિનમંદિર અને ગ્રન્થો

જિનમંદિર એ ગૃહસ્થને ભવતરણ છે, જ્ઞાન ફળ છે. સત્ગુરુની પરંપરાએ નિઃશ્રેય પ્રાપ્તિનું કારણ છે. સૌ ગ્રન્થ આપણે માટે છે, આપણે ગ્રન્થો માટે નહિ.

## સરસ્વતીનાં નામો

બ્રાહ્મણો માટે સરસ્વતી, વૈષ્ણવો માટે શારદા, જૈનો માટે શ્રુતદેવતા, બૌદ્ધો માટે પ્રજ્ઞાપારમિતા, કવિઓની વાગ્દેવી.

## સ્વધર્માચરણ રૂપ કર્મયોગ

જે પોતાની જાત ઉપર વિવેકપૂર્વક શાસન કરે છે, તે વિશ્વનો સમ્રાટ બને છે. વિવેકની સાથે વૈરાગ્ય જોઈએ.

'વૈરાગ્ય' એટલે નિગ્રહ - તિતિક્ષા વગેરે.

વિવેક એ સુકાન છે, વૈરાગ્ય અને નિગ્રહ હલેસાં છે. એ બે વડે જ જીવનની નાવ ઇષ્ટસ્થાને પહોંચે છે. તમોગુણને જીતવાનો ઉપાય અંગમહેનત - શારીરિકશ્રમ છે. શરીર મળ્યું છે માટે જેમ ભૂખ અને ઊંઘ અનિવાર્ય છે, તેમ શ્રમ પણ અનિવાર્ય છે, જેનો બદલો સુઆરોગ્ય છે. આળસનું ફળ રોગ છે. શ્રમથી ખૂબ ઊંઘ ઊંડી આવે છે. ઊંઘ થોડી પણ ઊંડી હોવી જોઈએ. સેવા કરીને થાકેલા સાધુ-સંતોની ઊંઘ એ યોગ જ છે. પ્રમાદ એ વિસ્મરણ તથા વિસ્મરણ એ મૃત્યુ છે. શરીરશ્રમથી આળસ અને ઊંઘની જેમ પ્રમાદ - વિસ્મરણ - અનવધાન પણ જતાય.

'સ્વધર્માચરણ' એટલે જાતજાતનાં કામોનો ત્યાગ.

રજોગુણ નિવારણનો ઉપાય સ્વધર્માચરણ છે. ફળ તરફ ધ્યાન ન રાખતાં કુશળ સ્વભાવથી જ આવી મળેલો અપરિહાર્ય સ્વધર્મ આચરવો અને તે દ્વારા ચિત્તશુદ્ધિ કરવી એ સ્વધર્માચરણરૂપ કર્મયોગ જ છે.

સ્વધર્મરૂપી કર્તવ્ય એ વાવવા કે ઓરવાના કામ જેવું છે.
એ કર્તવ્યના પાલનમાં ઘણી શાન્તિ છે.
સેવા-ભૂતદયારૂપ સ્વધર્મ સહજ પ્રવાહથી મળેલો ધર્મ છે,
તેને શોધવા જવું પડતું નથી.

૦ જ્ઞાન વડે જે સમતા સધાય છે, તે સંવર છે.
ધ્યાન વડે જે નિરોધ થાય છે, તે નિર્જરા છે.
સંવર-નિર્જરા એ સમતા-નિરોધના પર્યાયવાચી શબ્દો છે.
મૈત્રીભાવ પણ સંવર-નિર્જરારૂપ છે.

તત્સ્થૈર્યાર્થં ભાવનાઃ પઞ્ચપઞ્ચ । <u>સૂક્તિઃ</u>

પાંચ મહાવ્રતોને સ્થિર કરવા માટે પાંચ પાંચ ભાવનાઓ છે.
વ્રત તથા તેની સ્થિરતા માટેની ભાવના ય સંવરરૂપ છે.
જેમકે સમિતિ-ગુપ્તિ સંવરરૂપ છે, તેથી તેમાં થતો યોગ-વ્યાપાર પણ વ્રતની સ્થિરતા ભાવનાર હોવાથી સંવરરૂપ છે.
૪ ભાવના ધ્યાનસ્થિરતા માટે હોવાથી નિર્જરારૂપ પણ છે.
<u>'ગુણસ્થાન ક્રમારોહ' શ્લોક ૩૫ની ટીકામાં કહ્યું છે કેઃ</u>
ધર્મધ્યાન એ મૈત્રી આદિ ૪ પ્રકારનું ઉપરાંત આજ્ઞા-વિચયાદિ તથા પિંડસ્થાદિ ભેદો વડે પણ ૪-૪ પ્રકારનું છે.
ધાર્મિકતાની સાચી કસોટી ચિત્ત અને વ્યવહારશુદ્ધિ છે.
માર્ગાનુસારિતા અને માનવતા એ પ્રાથમિક ધર્મભાવના છે.

ધર્મનું પ્રથમ સોપાન = નીતિમત્તાનો પ્રસાર તથા માનવતાનો ઉદ્ધાર. જ્ઞાન અને ચારિત્ર તથા પુરુષ અને શક્તિ - એ બંને આત્મશુદ્ધિ માટે જોડીમાં સાથે જોઈએ, કારણકે સાધનામાં ઉભયની આવશ્યકતા છે. સાચી-સ્થાયી અસર જ્ઞાનાનુસાર કરવામાં આવેલ આચરણની જ રહે છે.

## અટંગ્રત ધ્યાન

અટંગ્રત ધ્યાન વિશ્વનો વિરાટમાં તથા
વિરાટનો અકારમાં લય કરે.
તે તૈજસનો હિરણ્યગર્ભમાં અને
હિરણ્યગર્ભનો ઉકારમાં લય કરે.
પ્રાજ્ઞનો ઈશ્વરમાં અને ઈશ્વરનો મકારમાં લય કરે.
જીવ સાક્ષીનો ઈશ્વર સાક્ષીમાં અને
ઈશ્વર સાક્ષીનો અમાત્રમાં લય કરે તથા
અકારનો ઉકારમાં, ઉકારનો મકારમાં, મકારનો અમાત્રમાં લય કરી શેષ રહેલ અમાત્ર, એમ અટંગ્રત ધ્યાન કરે કે:

'જે શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે, તે હું છું.'

અ. જાગ્રત અવસ્થા - વિશ્વ - વિરાટ - સ્થૂલ.
ઉ. સ્વપ્ન અવસ્થા - તૈજસ - હિરણ્યગર્ભ - સૂક્ષ્મ.
મ. સુષુપ્તિ અવસ્થા - પ્રાજ્ઞ - ઈશ્વર - કારણ.

'સોઽયમાત્મા ચતુષ્પાત્' આ આત્મા ૪ પાદવાળો છે.
બ્રહ્મના સમષ્ટિપક્ષમાં વિરાટ, હિરણ્યગર્ભ અને ઈશ્વર...
તથા એ ત્રણેના અધિષ્ઠાન ઈશ્વર સાક્ષી, એ ૪ પાદો છે.

બ્રહ્મના વ્યષ્ટિપક્ષમાં વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ અને
એ ત્રણેનાં અધિષ્ઠાન જીવ સાક્ષી, એ ૪ પાદો છે.
ૐકારની અકાર, ઉકાર, મકાર અને અમાત્ર - ૪ માત્રા છે
'પાદા માત્રા માત્રાશ્ચપાદા।' પાદ-માત્રાનો અભેદ કહ્યો છે.
વસ્તુના વિભાગને 'પાદ', શબ્દના વિભાગને 'માત્રા' કહે છે.
આત્માના ૨ સ્વરૂપ: પારમાર્થિક - ઉપાધિના કારણે કલ્પિત.
વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ - ત્રણે પાદ અનુક્રમે સ્થૂળ,
સૂક્ષ્મ અને કારણ ઉપાધિને લીધે છે, તેથી કલ્પિત છે.

તુરીય પાદ અકલ્પિત - પારમાર્થિક છે.

જેમ આત્માના તેમ ઓંકારના પણ બે સ્વરૂપ છે.
અકાર, ઉકાર, મકાર - એ ત્રણે માત્રારૂપ જે વર્ણ, તે
અવાસ્તવિક છે. માત્રા વિશે વ્યાપક અસ્તિ, પ્રિયરૂપ,
ભાતિ જે અધિષ્ઠાન ચેતન છે, તે અમાત્રા પરમાર્થરૂપ છે.
'અમાત્ર' એટલે જેની માત્રા અથવા વિભાગ ન હોય તે.
આ રીતે બે સ્વરૂપવાળો પ્રણવ, તેનું બે સ્વરૂપવાળા
આત્માની સાથે દરેક સાધકે અભેદ ચિન્તન કરવું.

અષ્ટાંગયોગમાં "અહંગ્રહ ધ્યાન" = ધ્યેય-ધ્યાતાનો અભેદ કરીને ધ્યાન કરે તે.

તે ધ્યાન માંડૂક્ય ઉપનિષદની રીતથી ૐકારની વાચ્ય અમાત્ર, 'જે શુદ્ધ બ્રહ્મરૂપ છે, તે હું છું' એ રીતે કરવાનું છે. એ ધ્યાનનો વિષય અહં બ્રહ્માઽસ્મિ - હું બ્રહ્મ છું, એ છે.

વિશ્વ - બહિ:પ્રજ્ઞ, તૈજસ - અંત:પ્રજ્ઞ,
પ્રાજ્ઞ - પ્રજ્ઞાન ઘન, વિરાટ - વૈશ્વાનર,
હિરણ્યગર્ભ - સૂત્રાત્મા, ઈશ્વર - અંતર્યામી,
વ્યાવહારિક સત્તા - ત્રિમાત્ર,
પારમાર્થિક સત્તા / શુદ્ધ ચૈતન્ય - અમાત્ર.

સમષ્ટિ સ્થૂળ પ્રપંચ સહિત ચેતન વિરાટ કહેવાય છે. વ્યષ્ટિ સ્થૂળ અભિમાની વિશ્વ કહેવાય છે. વ્યષ્ટિ એ સમષ્ટિની અંતર્ગત છે, તેથી વિરાટમાં વિશ્વ અંતર્ગત છે. સ્થૂળ ઉપાધિના કારણે જે ભિન્ન પ્રતીત થાય છે પણ વાસ્તવિક ભેદ નથી. ૐકારની પ્રથમ માત્રા અકાર છે. તેનો વિશ્વરૂપ વિરાટ સાથે અભેદ છે. બ્રહ્મના સમષ્ટિ પક્ષમાં વિરાટ, હિરણ્યગર્ભ, ઈશ્વર અને એ ત્રણેયનાં અધિષ્ઠાન ઈશ્વર સાક્ષી - એ ૪ પાદ છે, તેમ વ્યષ્ટિ પક્ષમાં આત્માના વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ અને એ ત્રણેયનાં અધિષ્ઠાન જીવ સાક્ષી - એ ૪ પાદ શાસ્ત્રમાં કહ્યાં છે.

સ્થૂળ ઉપાધિ વિશ્વ - વિરાટ, સૂક્ષ્મ ઉપાધિ હિરણ્યગર્ભ - તૈજસ, કારણ ઉપાધિ ઈશ્વર - કારણ કહેવાયું છે.

કેવળ સાક્ષી (બ્રહ્મરૂપ) બધાનાં અધિષ્ઠાન - સાક્ષી.

અંતરંગ ધ્યાનથી અભેદજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

અભેદજ્ઞાન મુક્તિનું અનંતર સાધન છે.

બધા ધર્મો સત્ય નથી પણ બધા ધર્મોમાં સત્ય છે.

अनुभूतेरभावेऽपि ब्रह्मास्मीत्येव चिन्त्यताम् ।
अप्यसत्प्राप्यते ध्यानान्नित्यप्राप्तं ब्रह्म किं पुनः ॥१॥

<u>પંચદશી, વિદ્યારણ્ય સ્વામી</u> (પરિશિષ્ટ-૨૪)

વિચાર એ માનસિક ક્રિયા છે, જ્ઞાન એનું ફળ છે.

વિક્ષિપ્તચિત્તના વૃત્ત્યારૂઢ ચૈતન્યથી અવિદ્યાનો નાશ થાય, સામાન્ય ચિત્તથી અવિદ્યાનો નાશ ન થાય.

ધ્યાનથી ઉત્પન્ન થયેલ બ્રહ્માકાર વૃત્તિને વિક્ષિપ્તચિત્તના કરે છે અને તે વિક્ષિપ્તચિત્તથી આવરણભંગ થાય છે.

शरीरं व्रणवत्पश्येदन्नं तु व्रणलेपनम् ।
व्रणसेवनवद्वारि वस्त्रं तु व्रणपट्टवत् ॥१॥

(પરિશિષ્ટ-૨૫)

જ્ઞાન બે પ્રકારનું: વૃત્તિજ્ઞાન એ અનિત્ય છે.

તે ઇંદ્રિયો તથા અંતઃકરણથી ઉપજે છે.

જાણું <u>સ્વરૂપજ્ઞાન</u> એ નિત્ય છે અને
'તત્ત્વમસિ' આદિ મહાવાક્યોના શ્રવણાદિથી નિપજે છે.
વેદાંતશ્રવણનો અધિકારી વિવેક, વૈરાગ્યાદિ સાધનવાળો છે.
શ્રવણ એટલે તાત્પર્ય નિર્ણાયક જ્ઞાન, તે સંશય હરે છે,
મનન અસંભાવના તથા નિદિધ્યાસનથી વિપર્યય દૂર જાય.

શ્રવણ એ પ્રમાણગત, મનન એ પ્રમેયગત અને
નિદિધ્યાસન એ જીવબ્રહ્મૈક્ય વિષયક પ્રમાતાગત
અસંભાવના અને વિપરીત ભાવના નિવારણ કરે છે.

અંતઃકરણના મળ, વિક્ષેપ અને આવરણ-
રૂપ ૩ દોષો અનુક્રમે
નિષ્કામ કર્મ, ભગવદુપાસના, આત્મજ્ઞાન વડે દૂર થાય છે.

<u>શ્રવણના ૬ અંગ</u>

(૧) ઉપક્રમ - ઉપસંહાર (૨) અભ્યાસ (૩) અપૂર્વતા
(૪) પ્રયોજન (૫) અર્થવાદ (૬) ઉપપત્તિ.

અપૂર્વતા = અન્ય પ્રમાણોનો અસંભવ,
અર્થવાદ = પ્રશંસા, ઉપપત્તિ = યુક્તિ.

યુક્ત્યા સંભાવિતત્વાનુસંધાનં મननં તુ તત્ । <u>શ્રુતિઃ</u>
મનન એટલે યુક્તિ વડે સંભાવિત તત્ત્વોનું અનુસંધાન,
'સાંભળેલું સંભાવિત છે' એમ યુક્તિઓથી નિર્ણય કરવો.

## ૪ પ્રકારનાં શ્રોતા

(૧) પામર (૨) વિષયી (૩) મુમુક્ષુ (૪) જ્ઞાની.

પામર = નાસ્તિક. વિષયી = આલોકનું સુખમાં રમમાણ.

મુમુક્ષુ = પરલોકને પ્રધાન માનનાર.

જ્ઞાની = આલોક-પરલોક બંનેના સુખની ઇચ્છારહિત.

નિદિધ્યાસનશૂન્યસ્ય નાસ્ત્યવિદ્યાપરિક્ષયઃ| અર્થાત્ઃ શૂન્યનું વારંવાર ધ્યાન કરવું, અવિદ્યાનો સંપૂર્ણ ક્ષય નહિ. વિજાતીય વૃત્તિઓના તિરસ્કારપૂર્વક સજાતીય વૃત્તિઓના પ્રવાહ, નિદિધ્યાસનની પરિપક્વતા તે સવિકલ્પ સમાધિ, તેની પરિપક્વતા તે નિર્વિકલ્પ સમાધિ. તે સમાધિ દ્વારા જ્ઞાન અને જ્ઞાન દ્વારા દુઃખનિવૃત્તિ પામી શકાય છે. બ્રહ્મવિદ્યા મેળવવા માટે વિનય, મહાત્મ્ય જ્ઞાન, શ્રદ્ધા અને બ્રહ્મચર્યાદિનું સતત પાલન અતિ આવશ્યક છે.

અવાંતરવાક્યો = જીવ-પરમાત્માનાં સ્વરૂપબોધક વાક્યો.

મહાવાક્યો = તે અભેદનું પ્રતિપાદન કરતાં વાક્યો.

o પ્રધાન = પ્રલયમાં સ્થિત, પ્રકૃતિ = ઉત્પાદન કારણ, માયા = ઇંદ્રજાળ, સામગ્રી વગર ઉત્પત્તિ, અવિદ્યા = જેનો નાશ બ્રહ્મવિદ્યાથી થાય, અજ્ઞાન = સ્વરૂપ આચ્છાદિત કરે, શક્તિ = ચૈતન્યના આશ્રયથી અસ્તિત્વ.

## જ્ઞાનની ૭ ભૂમિકા

(૧) શુભેચ્છા = આત્મસાક્ષાત્કારની ઇચ્છા થવી તે.
(૨) સુવિચારણા = મોક્ષશાસ્ત્રનો વારંવાર વિચાર.
(૩) તનુમાનસા = શ્રવણાદિથી થતી બુદ્ધિની સૂક્ષ્મતા.
(૪) સત્ત્વાપત્તિ = નિર્વિકલ્પરૂપે બ્રહ્મવિદ્ સ્થિતિ.
(૫) અસંસક્તિ = અવિદ્યા તથા તેનાં કાર્યોનો અસંબંધ.
(૬) પદાર્થાભાવિની = પદાર્થોની દૃઢ અપ્રતીતિ.
(૭) તુર્યગાસ્થિતિ = ૩ અવસ્થાથી મુક્ત આત્મસ્થિતિ.

પ્રથમ ૩ ભૂમિકા સાધનકોટિની, પછીની ૪ જ્ઞાનકોટિની.
આ ભૂમિકાઓમાં દરેકનું ધ્યાન ઉત્તરોત્તર ભૂલાય છે.

o વેદની અપૌરુષેયતા

શબ્દ અપેક્ષાએ નહિ પણ અર્થાપેક્ષાએ છે.
વેદ એટલે જે જ્ઞાન જ્ઞેયની અપેક્ષા રાખે, જ્ઞાતાની નહિ.
જ્ઞાતા ન હોય તો પણ જ્ઞેય તો હોય જ છે.
અર્થાત્ એ જ્ઞેયનું જ્યારે જ્ઞાન થાય ત્યારે પ્રધાનતા જ્ઞાતાની નહિ પણ જ્ઞેયની છે. જ્ઞાન - જ્ઞાતા - જ્ઞેયની ત્રિપુટીમાં મહત્ત્વ જ્ઞેયનું અપાય ત્યારે તે અપૌરુષેય બને અને મહત્ત્વ જ્ઞાતાનું અપાય ત્યારે તે પૌરુષેય બને છે.
જ્ઞાતાના પ્રાધાન્યમાં ઉત્પાત છે.
જ્ઞેયની પ્રધાનતામાં ઉત્પાતનો અભાવ છે.

'આપણે સૌ અલ્પજ્ઞ છીએ' એ વસ્તુનો એકરાર કરવાથી એકબીજાના દર્શનને આદરથી જોઈ શકાય છે. એથી નિત્ય નવીન શોધવા મળે છે અને ન મળે તો પણ 'હું સાચો ને તું ખોટો' એવા આગ્રહથી થતી આપત્તિમાંથી ઉગરી જવાય.

સત્યની એક બાજુ અહિંસા અને

બીજી બાજુ ક્ષમાને રાખવાનું કારણ પણ આ જ છે. બીજાના સત્યદર્શનમાં અસત્યનું આરોપણ એ અહિંસાનો ભંગ છે અને પોતાના અસત્ય-અપૂર્ણદર્શનમાં અથવા પ્રકૃતિનું અભિમાન કરવામાં ક્ષમાવ્રતના ભંગનો ભય છે.

'પરાત્પર' એટલે સૌથી પર.

o Joyful wisdom = પ્રત્યક્ષ જ્ઞાન એટલે
દીવાની જ્યોતથી ચીજ આપોઆપ દેખાય તે.
Acquired knowledge = પરોક્ષ જ્ઞાન એટલે
અંધારામાં હાથ પસારીને ચીજ શોધાય તે.

o પ્રકૃતિ આદિ પ્રધાનના જ ભેદ છે.
પ્રધાન એ મૂળરૂપથી શક્તિરૂપે અભિન્ન છે.
આત્માથી જુદા મનાતા તમામ ભાવો, જે
ક્ષેત્રને વિષે રહેલાં છે, એ લયચિન્તન છે.
અપરોક્ષ જ્ઞાન માટે લયચિન્તનરૂપ ધ્યાન આવશ્યક છે.

ગુરુપારતંતં નાણં । અર્થાત્: જ્ઞાન ગુરુને આધીન છે.
નાણસ્સ ફલં વિરતિઃ । અર્થાત્: જ્ઞાનનું ફળ વિરતિ છે.
જેણ મેત્તીં પભાવેજ્જ તં નાણં જિણસાસણે । અર્થાત્:
જેનાથી મૈત્રીભાવ જાગે તેને જિનશાસનમાં જ્ઞાન કહેલું છે.

જ્ઞાન પરિજ્ઞા બે પ્રકારે છે:

(૧) જ્ઞ પરિજ્ઞા (૨) પ્રત્યાખ્યાન પરિજ્ઞા.

જ્ઞાન કરવામાં પ્રમેય અને પ્રમાતા બે છે.

પ્રમેય = માપવા - જાણવાનો વિષય.

પ્રમાતા = માપનાર - જાણનાર - કિંમત આંકનાર.

અજ્ઞાન અવસ્થા એટલે જૂપુર (જાગ્રત),
પોરશદલ (સ્વપ્ન) તથા અપ્રદલ (સુષુપ્તિ).

તત્ત્વજ્ઞાન માટે શુદ્ધ અને તીક્ષ્ણ બુદ્ધિ જોઈએ.

જ્ઞાની તે છે કે જે કાંઈ જાણતો નથી.

## માહાત્મ્ય જ્ઞાન

સમોવસરણાદિ સમગ્ર ઐશ્વર્ય, શરીર સંનિવેશાદિ સમગ્ર રૂપ, આકાલપ્રતિષ્ઠ - રાગ-દ્વેષ, પરીષહ કે ઉપસર્ગોને જીતવા વડે સમગ્ર યશ, કેવળજ્ઞાન આદિ સમગ્ર લક્ષ્મી, દાનાદિરૂપ સમગ્ર ધર્મ, મહાયોગાત્મક કેવલીસમુદ્ઘાતાદિ સમગ્ર પ્રયત્નનું માહાત્મ્ય જ્ઞાન મેળવવું આવશ્યક છે.

## જ્ઞાન અને ધ્યાન

જ્ઞાનક્રિયા જ્ઞેયને - ધ્યાનક્રિયા પુરુષની ઇચ્છાધીન છે.
ધ્યાન એ વિધિ (આજ્ઞા-પ્રેરણા), વિશ્વાસ (faith),
ઇચ્છા (will), પ્રયત્ન (હઠ, આગ્રહ) એ ૪ને આધીન છે,
જ્યારે જ્ઞાન એ ઇચ્છાને નહિ પણ
પદાર્થ અને ઇંદ્રિયના સંબંધને આધીન છે.
ઇચ્છા = અંતઃકરણની કામનારૂપ રજોગુણની વૃત્તિ.
ધ્યાન = નિરંતર ધ્યેયાકાર ચિત્તવૃત્તિ.

### ધ્યાનમાં જરૂરી ૪ વસ્તુ

વિધિ અથવા શાસ્ત્રાજ્ઞા,
વિશ્વાસ = શાસ્ત્રવચનમાં શ્રદ્ધા,
ઇચ્છા અથવા કામના તથા
હઠ અથવા વારંવાર પ્રયત્ન.
વૃત્તિમાં વિક્ષેપ થાય તો
હઠ - આગ્રહ - બળાત્કારથી
વૃત્તિને પુનઃ સ્થિર કરવી.
આમ કરવામાં આવે તો જ ધ્યાન થાય.

o

By meditation on anything,
self becomes that thing.

## त्रैपुर तत्त्वज्ञान

सोऽकामयत बहुस्यां प्रजायेयेति । स तपोऽतप्यत ।
(अस्येशानमयं तपः) स तपस्तप्त्वा इदं सर्वमसृजत ।
- तैत्तिरीय उपनिषद २-६

ઇચ્છા, જ્ઞાન અને ક્રિયા - એ ત્રણ શક્તિઓની જાગૃતિ થવાથી જ સમગ્ર વિશ્વની નિર્મિતિ થાય છે. સૌ પ્રથમ ધર્મ-કર્મ વડે ચિત્તશુદ્ધિ કેવલ ઉપાસનાનું અવલંબન લઈ ઇષ્ટદેવની કૃપા વડે બુદ્ધિયોગ સાધીને કૈવલ્ય પ્રાપ્ત કરવું. કૈવલ્યજ્ઞાનરૂપી મંદિરમાં પ્રવેશ કરવાનું એકમાત્ર મંગલમય દ્વાર ચિત્તની શુદ્ધિ છે.

'ચિત્તશુદ્ધિ' અર્થાત્ સાધનચતુષ્ટય સંપન્નતા:
વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ અને મુમુક્ષુત્વ.
એકબાજુ વાક્રૂપે તથા બીજી બાજુ અર્થરૂપે
આ જગતની ઉત્પત્તિ થાય છે.

વાક્નિર્મિતિનાં 3 પગથિયાં = વર્ણ, પદ અને મંત્ર.
અર્થનિર્મિતિના 3 પગથિયાં = કલા, તત્ત્વ અને ભુવન.
બન્ને નિર્મિતિ મળીને અધ્વષટ્ક બને છે.

આમ શક્તિયુક્ત શિવ અધ્વષટ્કરૂપે પરિણામ પામે છે. શિવ જીવભાવને પામે, ત્યારે શિવત્વનો સંકોચ થાય છે.

## ષડ્ગુણૈશ્વર્યનાં નામ

(૧) સર્વજ્ઞતા (૨) નિત્યતૃપ્તિ (૩) અનન્તશક્તિમત્વ
(૪) સ્વતંત્રતા (૫) અલુપ્તશક્તિમત્વ (૬) અનાદિબોધ.
જીવમાં આ ૬ ગુણો અતિઅલ્પ પ્રમાણમાં રહેલા હોય છે.

શિવત્વ સંકોચના ૩ કારણોને 'મળ' કહે છે:
આણવમળ, માયામળ અને કાર્મમળ.

ષડ્ગુણૈશ્વર્યસંપન્ન શિવ ૩ મળના સંસર્ગથી મર્યાદિત બને છે.
શિવ એ અગ્નિ તો જીવ એ સ્ફુલિંગ છે.
જીવ-જગત્-શિવ, ત્રણે શક્તિમય હોવાથી એકરૂપ જ છે.
આ જ ખરું અદ્વૈતવાદ છે.
આ પ્રકારના અદ્વૈતની સિદ્ધિ એ ઉપાસનાનું ધ્યેય છે.
ઉપાસનાના મુખ્ય ૩ પ્રકારો: અપરા, પરાપર અને પર.
આ યંત્ર એ વાઙ્મયી અને અર્થમયી સૃષ્ટિનું પ્રતીક છે.
અપરા પૂજા એટલે બાહ્યવસ્તુની પૂજા.
પરાપર પૂજા એટલે આંતર પૂજા.
યંત્રપૂજા એ અપરાપૂજા છે, મંત્રજપ એ પરાપરપૂજા છે.
અર્થજ્ઞાન વિના કેવળ વર્ણજપ નકામો છે.
તેનો એક પ્રકાર જપ - બીજો હૃદયકમળાદિના સ્થાને ઇષ્ટમૂર્તિ કા તેજોબિન્દુ વગેરેનું ધ્યાન - ત્રીજો પ્રકાર

નાદાનુસંધાનનો છે. મનોલય કરવાનો તે વિધિ છે. ચોથો પ્રકાર કુંડલિની જાગરણનો છે. સહસ્ત્રદલકમલ સુધી લઈ જઈ ત્યાં શિવશક્તિનું સામરસ્ય થાય તેમ કરવું. તેથી અવિદ્યાની પ્રકૃતિમાં નિવૃત્તિ થાય છે અને જીવને શિવતા પ્રાપ્ત થાય છે. આને 'યોગમાર્ગ' પણ કહે છે.

માહાત્મ્યજ્ઞાનપૂર્વકઃ સર્વતોઽધિકઃ સુદૃઢસ્નેહઃ સા ભક્તિઃ।

ષડ્ગુણૈશ્વર્યયુક્ત પ્રભુની નિગ્રહ- અનુગ્રહ શક્તિ તે પ્રભુનું માહાત્મ્ય છે અને તેનું જ્ઞાન કરવાથી સુદૃઢ સ્નેહ ઉત્પન્ન થાય છે. એ સ્નેહ સર્વથી અધિક થવો એનું જ નામ 'ભક્તિ' છે. નામજપ એ સત્સંગનો એક પ્રકાર છે. ભગવાન સંતોના કૃપાબળના સત્સંગથી માનવનું વિષાદમય ક્ષુદ્ર જીવન અમૃતમય બની જાય છે.

## તંત્ર-મંત્ર-યંત્ર એટલે શું?

દેવતાઓની ઉપાસનાની ક્રિયાત્મક વિધિ જે શાસ્ત્રમાં બતાવી છે, તે શાસ્ત્ર તંત્રશાસ્ત્ર છે. મંત્ર - શક્તિમાન શબ્દસમૂહ વા વર્ણ-વિન્યાસ એનાં જપ આદિનો સમાવેશ જેમાં હોય, તે મંત્ર છે. યંત્ર - બિંદુ, રેખા, ત્રિકોણ, વૃત્ત ઇત્યાદિ આકારોનો ચોક્કસ નિયમાનુસાર વિન્યાસ જેમાં હોય, તે યંત્ર છે.

મંત્ર એ ઉપાસ્યદેવતાનો આત્મા છે.
યંત્ર એ ઉપાસ્યદેવતાનું શરીર છે.

## શ્રીયંત્રની રચના તથા માહાત્મ્ય

યંત્રનો ઉપયોગ ઉપાસ્ય સાથે તાદાત્મ્યભાવ ઉત્પન્ન કરવા માટે છે. યંત્રમાં ૫ અધોમુખ ત્રિકોણ શક્તિના દ્યોતક અને ૪ ઊર્ધ્વમુખ ત્રિકોણ શિવદ્યોતક છે. શક્તિદ્યોતક ત્રિકોણ બ્રહ્માંડમાં પંચમહાભૂત, પંચતન્માત્રા, પંચજ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને પ્રાણના દ્યોતક છે, જ્યારે પિંડમાં તે ત્વક, અસૃક, માંસ, મેદ, અસ્થિરૂપે છે. ૪ શિવત્રિકોણ બ્રહ્માંડમાં ચિત્ત, બુદ્ધિ અહંકાર, મનરૂપે છે, જ્યારે પિંડમાં તે મન, શુક્ર, પ્રાણ, જીવરૂપે છે.

આ ૯ ત્રિકોણો યંત્રનું રહસ્ય ધરાવે છે.

નિરાકાર શિવની ૯ મૂળ પ્રકૃતિઓના તે દ્યોતક છે. એમના પરસ્પર સંમિશ્રણથી ૪૩ નાના નાના ત્રિકોણ બને છે. ત્રિકોણો પછી અષ્ટદલ, પછી ષોડશદલ કમલ, ત્યારબાદ 3 વૃત્ત અને છેલ્લે 3 રેખાથી બનેલું ભૂપુર આવે છે. ત્રિકોણમાં બિન્દુ, અષ્ટારમાં અષ્ટદલ તથા બંને દશારમાં ષોડશદલ અને ચતુર્દશારમાં ચતુરસ્રનો અંતર્ભાવ થાય છે. વળી પાંચ શક્તિચક્રોમાં ૪ શિવચક્રોનો અંતર્ભાવ છે.

લલિતાસ્વરૂપ કેન્દ્રસ્થ બિંદુને 'મણિદ્વીપ' કે 'હૃત્પુંડરીક'
પણ કહે છે. આ કેન્દ્રસ્થ બિન્દુમાં ઇષ્ટનું ધ્યાન કરાય છે.

ત્રિકોણ એ પ્રકૃતિ, મહત્ તથા અહંકારરૂપ છે.

અષ્ટાર = શીતોષ્ણ, સુખદુઃખ, ઇચ્છા, સત્ત્વ-રજસ્-તમસ્‌ની
સ્વામીની દેવતાઓના ક્રમશઃ દ્યોતક છે.

અંતર્દશાર = ક્રમશઃ રેચક, પાચક, શોષક, દાહક, પ્લાવક,
ક્ષારક, ઉદ્ગારક, ક્ષોભક, જૃંભક અને મોહક એવા
વહ્નિકલાઓની અધિષ્ઠાત્રી દેવતા છે.

બહિર્દશાર = પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન તથા
નાગકૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય -
એ ૧૦ પ્રાણોની ક્રમશઃ સ્વામિનીઓ છે.

ચતુર્દશાર = અલંબુષા, કુહૂ, વિશ્વોદરી, વરૂણા, હસ્તિજિહ્વા,
યશોવતી, પયસ્વિની, ગાંધારી, પૂષા, શંખિની, સરસ્વતી,
ઇડા, પિંગલા તથા સુષુમ્ણા - આમ ૧૪ નાડીઓ છે.

અષ્ટદલકમલ = તે અનુક્રમે વચન, આદાન, ગમન,
વિસર્ગ, આનંદ, હાન, ઉપાદાન તથા ઉપેક્ષાના દ્યોતક છે.

ષોડશદલ = તે ક્રમશઃ મન, બુદ્ધિ, અહંકાર, શબ્દાદિ ૫,
ચિત્ત, ધૈર્ય, સ્મૃતિ, નામ, વાર્ધક્ય,
સૂક્ષ્મશરીર, જીવન તથા સ્થૂલશરીર છે.

ભૂપુરત્રય = તેના ૪ ભાગોમાં ક્રમશઃ
૧૦ મુદ્રાશક્તિ (૧૦ આધારરૂપ), ૧૦ દિક્પાલ (રક્ષા તથા વિઘ્નનિવારણરૂપ), ૮ માતૃકા (કામ-ક્રોધ-લોભ-મદ-મોહ-માત્સર્ય-પાપ-પુણ્યના વિનાશરૂપ), ૧૦ સિદ્ધિઓ (અણિમાદિ ઐશ્વર્યરૂપ) જેનો સંબંધ ૯ રસ + ૧૦મો ભાવ્ય સાથે છે.

અભેદપૂજન માટે કહ્યું છે કે:

જ્ઞાતા સ્વાત્મા ભવેજ્જ્ઞાનમર્ઘ્યં જ્ઞેયં હવિઃ સ્મૃતમ્ ।
श्री चक्रपूजनं तेषामेकीकरणमीरितम् ॥१॥ (परिशिष्ट-२६)

૨ ત્રિપુટી = જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય તથા હોતા, અર્ઘ્ય, હવિ.
આ ૨ ત્રિપુટીની અભેદભાવના તે જ અભ્યંતરપૂજા છે.

અધિકારી ભેદે આ ભાવના ૩ પ્રકારની છેઃ
સકલ, સકલનિષ્કલ, નિષ્કલ.

સર્વોત્તમ સાધનારૂપ નિષ્કલભાવના ઉત્તમાધિકારી માટે છે.
તેમાં કેવલ મહાબિંદુમાં જ બિન્દુ આદિ
૯ ચક્રોના પારસ્પરિક ભેદ વિના જ નિર્વિષયક
સંવિન્માત્રાત્મક (ચિત્સ્વરૂપ) કામકલાની ભાવના થાય છે.

મધ્યમ સાધકો માટે બિંદુથી અર્ધેંદુ નાદ,
શક્તિ, વ્યાપિની, સમનોન્મનાદિ ૯ ચક્રોમાં બિન્દુ
આદિ ૯ ચક્રોની ઐક્ય ભાવના કરવી પડે છે.

તૃતીય શ્રેણીના સાધકો માટે શરીરચક્ર સાથે ઐક્ય ભાવના કરાય છે, એને 'સકલભાવના' કહે છે. તેના અધિકારી ક્રમશઃ વિરાગ, કેવલશુદ્ધિ, અશુદ્ધ – એમ 3 પ્રકારે છે.

સોપાધિક આત્મા એ ત્રિપુરસુંદરી છે.

નિરૂપાધિક આત્મા એ પરમશિવ છે.

श्री गुरुः सर्वकारणभूताशक्तिः।

तेन नवरन्ध्ररूपो देहः। અર્થાત્:

આ ગુરુ એ જ સર્વનું કારણ એવી પરમ શક્તિ છે.

દેહરૂપી ગુરુમાં ૯ છિદ્રો છે:

૨ કાન + વાણી એ દિવ્યગુરુ, ૨ આંખ + લિંગ એ છે સિદ્ધગુરુ તથા ૨ નાક + ગુદા એ માનવગુરુ છે. એ ૬ ઉપરાંત ૧ મુખ, ૧ ઉપસ્થ, ૧ ગુદા – એમ ૯ છિદ્રો છે.

દેહ એ જ દિવ્ય, સિદ્ધ અને

માનવકોટિના નવનાથના સમુદાયરૂપી પરમ ગુરુ છે.

૯ ગુરુ વગર જ્ઞાન નહિ તેમ દેહ વિના પણ જ્ઞાન નહિ.

દેહાંતર્ગત પરમ દૈવનો દર્શક ગુરુનો દેહ છે.

જ્ઞાનદાતા ગુરુ વગર પરમાત્મા પ્રાપ્ત થતો નહિ.

અંતઃકરણની વૃત્તિઓથી વ્યાપ્ત આત્મા ઉપરાંત તથા વૃત્તિરહિત કેવલ આનંદમય બને, ત્યારે આ લલિતારૂપે

ઉપાસ્ય અને આનંદરૂપી ઉપાધિઓ પણ મુક્ત બને,
ત્યારે નિરૂપાધિક પરમ શિવકામેશ્વર - પરબ્રહ્મ બને છે.

## શ્રી ચક્રપૂજન

આમ એક જ આત્મા દેહના મધ્યમાં એટલે કે અંતઃકરણ
રૂપી સ્થાનમાં રહેલો છે. તેને આત્મારૂપે, લલિતારૂપે
અને કામેશ્વરરૂપે એક જ રંગમાં જોવામાં આવે,
ત્યારે જ શ્રી ચક્રપૂજન પૂર્ણ થયું ગણાય.
અહીંયાંથી જે બુદ્ધિ બની રહેલ, તેનું નામ સિદ્ધિ છે.
આ ચિન્તવનની ક્રિયાનું નામ પૂજા છે.
અહંત્વનું વિલોપન તે હોમ છે.
અભેદભાવન તે તર્પણ છે.
વિષય-તૃષ્ણાના નિવારકજ્ઞાનને 'તત્ત્વજ્ઞાન' કહેવાય છે.
તે વિવિદિષાપૂર્વકની તત્ત્વશુશ્રૂષાથી ઉત્પન્ન થાય. પૂજા-
સત્કારની અભિલાષાથી થયું તે જ્ઞાન એથી વિપરીત છે.
ભાવનાજ્ઞાન - તત્ત્વસંવેદન - આત્મપરિણતિમત્-
સ્વસંવેદનાત્મક જ્ઞાન. તત્ત્વપ્રતિભાસ - આભાસમાત્રજ્ઞાન.
તત્ત્વપરિણતિજ્ઞાન એટલે વિષય-તૃષ્ણાનું નાશક જ્ઞાન.
તે તૃષ્ણાના તાપને શાંત કરે, વિષયો ઉપર અનાસ્થા-
અણગમાન પેદા કરે. આ જ્ઞાન જ સાચું જ્ઞાન છે.

બીજું સર્વ જ્ઞાન અજ્ઞાનરૂપ હોવાથી અજ્ઞાન જ છે.

જ્ઞાનની અનુપસ્થિતિ એ જ અજ્ઞાન.

જ્ઞાન = રામ, ભક્તિ = સીતા, નિષ્કામ કર્મ = લક્ષ્મણ.

અપૂર્વકરણ = આત્માનું ભોજન.

અવિરતિ = હિંસાદિ પ્રતિબદ્ધતા.

વિરતિ = પ્રતિજ્ઞાપૂર્વક હિંસાદિનો ત્યાગ.

કષાયનો પ્રતિપક્ષ છે ઉપશમભાવ.

આરંભ, વિષય, પરિગ્રહાદિ અપ્રશસ્ત યોગોના પ્રતિપક્ષ છે જ્ઞાનચારાદિ પ્રશસ્તયોગ.

પ્રશસ્તયોગનો પ્રતિપક્ષ છે અયોગ - શૈલેશીકરણ.

સર્વજ્ઞ ભગવાન અને શરીરસ્થિત કુંડલિની સ્વરૂપ માતૃકાના ધ્યાનથી અશિવનો ઉપશમ અને શિવની પ્રાપ્તિ થાય છે.

<u>બુદ્ધિના ૮ ગુણો</u>

(૧) શુશ્રૂષા (જિજ્ઞાસાસહિતની શ્રવણેચ્છા) (૨) શ્રવણ - (શ્રોત્રેન્દ્રિય ઉપર લક્ષ) (૩) ગ્રહણ (શબ્દ - અર્થની સહિત) (૪) ધારણ (અવિસ્મરણ) (૫) ઊહ (સામાન્યજ્ઞાન - અન્વય) (૬) અપોહ (વિશેષ - વ્યતિરેક) (૭) અર્થવિજ્ઞાન (સંશય - વિપર્યયરહિત) (૮) તત્ત્વજ્ઞાન (હેયોપાદેય બુદ્ધિથી યુક્ત).

o

Learning and knowing are not one.

## તત્ત્વરૂચિ - તત્ત્વદર્શન

આત્મ-ધૃતિ-માર્ગ પ્રત્યે બહુમાનાદિના હેતુભૂત આત્મ-
સ્વાસ્થ્ય - ચિત્તસ્વાસ્થ્યને બાધક ભયાદિનો અભાવ એ
ભવનો વૈરાગ્ય અને ભગવદ્બહુમાનથી પ્રાપ્ત થાય છે.
સ્વાસ્થ્ય અને ભયપરિહાર એ પ્રતિપક્ષ વસ્તુ છે.

સમ્યગ્દર્શન માટે માર્ગબહુમાન જોઈએ.

માર્ગબહુમાન માટે ચિત્તસ્વાસ્થ્ય જોઈએ.

ભગવાનમાં ગુણપ્રકર્ષ - અચિન્ત્ય શક્તિ - અભયના
તથા પરાર્થરસિકતા - એ ચાર વસ્તુ રહેલી હોવાથી તેઓ
સાધક માટે અભયાદિ આત્મધર્મના દાતા બની શકે છે.

બહુમાનાદિ દ્વારા પરહિતનું વિધાન થાય છે.

તત્ત્વરૂચિ, તત્ત્વપ્રશંસા યા ધર્મપ્રશંસા - સમાન અર્થના છે.

તે પ્રશંસા ભવાદિ તત્ત્વોની પ્રતીતિમાં હેતુભૂત છે.

તત્ત્વપ્રશંસા તથા તત્ત્વઅભિલાષા પહેલાં પ્રગટે છે, એ
પછી તત્ત્વશ્રદ્ધાન, તત્ત્વપરિણતિ, તત્ત્વદર્શન થાય છે.

તે પહેલાં તત્ત્વપ્રતિભાસ થાય છે,
પણ તત્ત્વપરિણતિ થતી નથી, કારણકે
દ્રવ્ય અમુક કાળથી વિશિષ્ટ બનીને
કાર્યરૂપે પરિણત થાય એવો જ એનો સ્વભાવ છે.

## ઇષ્ટતત્ત્વનું જ્ઞાન

ઇષ્ટતત્ત્વના જ્ઞાનની સાથે અનિષ્ટતત્ત્વનું જ્ઞાન તથા ઉપાદેયતત્ત્વની સાથે હેયતત્ત્વનું અને હેયોપાદેયના જ્ઞાન સાથે અહેયોપાદેય - ઉપેક્ષણીય - તત્ત્વનું પણ જ્ઞાન થવું જરૂરી છે, અન્યથા ઇષ્ટતત્ત્વનું જ્ઞાન પણ પૂરું, સત્ય, યથાર્થ, અસંદિગ્ધ, અબાધ્ય કેવી રીતે થાય? હ્રસ્વત્વ - દીર્ઘત્વની જેમ હેયતા - ઉપાદેયતા પરસ્પર સાપેક્ષ છે. એકના વિના બીજાનું અસ્તિત્વ જ ન ટકે. અસત્યના ભાન વિના સત્યનું જ્ઞાન કેવી રીતે થાય? મોક્ષપુરૂષાર્થ તે પ્રવૃત્તિ - નિવૃત્તિ ઉભય સ્વરૂપ છે. શુભભાવ, અધ્યવસાય, ધ્યાન અને શુભદ્રવ્ય આદિના આલંબનો, શમ - દમાદિ ભાવો અને તેના નિમિત્તભૂત એવા જિનપ્રતિમાદિ આલંબનો સાધક માટે આવશ્યક છે.

## ધર્મનું સ્વલક્ષણ

ધર્મશ્ચિત્તપ્રભવો યતો ક્રિયાઽદિકરણાશ્રયં કાર્યં
મલવિગમેનૈતત્ખલુ પુષ્ટ્યાદિમદેષ વિજ્ઞેયઃ ||૧||

(પરિશિષ્ટ-૨૭)

રાગાદિ મલના વિગમથી પુષ્ટિ અને શુદ્ધિવાળું ચિત્ત એ તથા એવા ચિત્તથી થતી સર્વ ક્રિયા એ પણ ધર્મ છે.

ક્રિયા એ વિશુદ્ધ ચિત્તનું પ્રત્યક્ષ અને ઉત્કૃષ્ટ ફળ છે.
ક્રિયાનું અધિકરણ તથા ચિત્તનો આશ્રય ફળ શરીર છે,
તેથી આગમોક્ત વચનથી થતો જે શુદ્ધ વ્યાપાર ધર્મ છે.
ચિત્તથી શુભવ્યાપાર અને શુભવ્યાપારથી ચિત્તની શુદ્ધિ.
ધર્મવ્યાપારનું મૂળ શુદ્ધ ચિત્ત આત્મોપયોગમયવાળું છે.
આત્મોપયોગમય જિનવચનાનુસારી છે, તેથી જિનવચન
અનુસારી એવા આત્મોપયોગમયયુક્ત ચિત્ત વડે થતો
અહિંસક એવો કાયાનો શુભવ્યાપાર એ ધર્મનું લક્ષણ છે.

૯ તત્ત્વોના શ્રદ્ધાનપૂર્વક આસ્રવોનો ત્યાગ અને
સંવર તથા નિર્જરાનું સેવન એ તીર્થ છે.

સ્યાદ્વાદથી ઉત્સર્ગ - અપવાદ, વ્યવહાર - નિશ્ચય તથા
વિધિનિષેધની યથાર્થતા સિદ્ધ થાય છે.

જીવોને ઉપકારક ધર્મ છે અને ધર્મની યથાર્થતા
તીર્થંકરોના ઉપદેશથી પ્રગટ છે. ઉપદેશના શ્રવણથી
શુભ પરિણામ અથવા શુભ પરિણમન જાગૃત થાય છે,
આત્મા અવસ્થાંતરને અનુભવે છે, ધર્મના શાસન દ્વારા
ધર્મના ફળસ્વરૂપ સુગતિ આદિને શ્રવણ જ આપે છે.
સદ્પ્રવૃત્તિ - અસત્‌નિવૃત્તિમાં હેતુભૂત વચનવિશેષ તે
બોધ અને તેના ફળરૂપ સત્‌માં પ્રવૃત્તિ અને અસત્‌થી

નિવૃત્તિ તે નિયમ, તેમાં કારણ પ્રભુનો અનુગ્રહ છે.
'ક્રિયા પ્રત્યે કર્મ યોગ્ય હોવું જોઈએ' એનો અર્થ ક્રિયા
દ્વારા ફળ પ્રાપ્ત કરવાની યોગ્યતા સ્વભાવથી જ કર્મમાં
હોવી જોઈએ, અન્યથા કાંગડું મગ, દુષ્ટ અશ્વ અને
કપાસને રંગ વગેરે ક્રિયા પણ ફળીભૂત થવા જોઈએ.

પ્રાર્થનાદિ પ્રગટ થતાં ચિત્તના ૫ ધર્મો

અભય - આત્મસ્વસ્થતા, ચક્ષુ - તત્ત્વરુચિ,
માર્ગ - સ્વરસતા, શરણ - તત્ત્વજિજ્ઞાસા, બોધિ - તત્ત્વબોધ.

'નમોત્થુ'ની કલગી = સામાયિક

સામાયિકમાં
મન - વચન - કાયાના
અશુભ કે પરપીડારૂપ
વ્યાપારથી સંપૂર્ણ નિવૃત્ત થવાની પ્રતિજ્ઞા
અને તેનું અખંડપાલન થતું હોવાથી
તે 'નમોત્થુ'ની કલગીરૂપ છે,
તેથી દ્વાદશાંગનો સંક્ષેપ છે.
એક સાર છે તો બીજો સંક્ષેપ છે.
સાર એ નવનીતરૂપ છે અને સંક્ષેપ એ માવારૂપ છે.
એક ફળ છે તો બીજું સ્વરૂપ છે.

જ્યાં 'અહં' ત્યાં 'બ્રહ્મ' નહિ, જ્યાં 'બ્રહ્મ' ત્યાં 'અહં' નહિ.
ધર્માંતર કરવાની છૂટ આપવી કે લેવી એ તો રાષ્ટ્રાંતર
કરવાની પૂર્વ તૈયારી સમાન છે. ઉદાહરણ તરીકે તે
મુસ્લીમ થશે એટલે મક્કા - મદિનાને પવિત્ર માનવાનો,
ખ્રિસ્તી થશે એટલે રોમ અને જેરૂસલેમને પવિત્ર માનવાનો,
પછી તે માનવ ગંગા - ગોદાવરી અને
કાશી - દ્વારકાને ભૂલવાનો એ નિશ્ચિત છે.

## વિવિધ જાતના ભાવ

મન આત્મા સાથે મળે ત્યારે દિવ્યભાવ, તે મન સાથે
મળે ત્યારે માનવભાવ અને દેહ સાથે મળે ત્યારે પશુભાવ
પ્રગટે છે. 'પશુભાવ' એટલે અજ્ઞાન, દ્વેષ, મોહ, ભય અથવા
સત્કાર્યમાં લજ્જા, પર પ્રત્યે ધૃણા, સ્વ પ્રત્યે દયા વગેરે.
માનવભાવ એથી વિરુદ્ધ છે અને દિવ્યભાવ સમતામય છે.
વસ્તુમાત્ર 3 ધર્મવાળી છે : ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્ય.
વસ્તુને માત્ર ઉત્પાદ ધર્મવાળી જોવાથી બહિરાત્મભાવ વધે છે,
ઉત્પાદ - વ્યય ઉભય ધર્મોને વિચારવાથી
અંતરાત્મભાવ જાગે છે અને
ઉત્પાદ - વ્યયની સાથે રહેલા ધ્રૌવ્યભાવનું
ચિંતન કર્યે પરમાત્મભાવને તથા પ્રકૃતિને પામી શકાય છે.

## પ્રાયશ્ચિત ભૂમિકાનો ઉપદેશ

(1) પરપીડાવર્જનાદિ (2) ગુરુદેવાતિથિનું પૂજન
(3) દીનાનાથાદિને દાન.

બધા શાસ્ત્રીય વિધિનિષેધોનો સાર
ચિત્તશુદ્ધિરૂપ ભાવ ઉપજાવવો તે છે.
જો એવો ભાવ ન ઉપજે તો વિધિનિષેધો નિષ્પ્રાણ છે.
જે શાસ્ત્રવચન રાગ-દ્વેષ અને મોહને પોષનાર ન હોય,
તેજ પરિશુદ્ધ શાસ્ત્રાજ્ઞા કહેવાય.

દેહભાવ - બહિરાત્મભાવ - મળદોષ
જીવભાવ - અંતરાત્મભાવ - વિક્ષેપદોષ
આત્મભાવ - સાધકભાવ - આવરણદોષ.
કર્મ-ભક્તિ-જ્ઞાન ત્રણે દોષ નિવારવાના ઉપાય છે.
જાત ઉપરના રાગથી કામરાગ અને સ્નેહરાગ વધે છે.
જાતિ ઉપરના રાગથી શુદ્ધ અનુરાગ - સ્નેહભાવ વધે છે.

પરમાત્મભાવ વધારવાના બે માર્ગ
(૧) પોતાના અપરાધને જાણવા - કબૂલવા.
(૨) બીજાના અપરાધને શમવા - સહવા.
આ જાતિની નમ્રતા અને ઉદારતા જ
જીવને પરમાત્મભાવની નજીક લઈ જાય છે.

## મૈત્રીભાવ

દેહ ધરતાં જે ઉંચે આસને બિરાજમાન થવાની શક્તિ
માનવને જ મળી છે. એ શક્તિ એટલે વિશ્વભરના નાના-
મોટા દેહધારી સમસ્ત જીવસમૂહ સાથે પોતાના જીવનમાં
તાદાત્મ્ય, એકરૂપતા અને મૈત્રીભાવનો સાક્ષાત્કાર કરવો તે.

'ધર્મ અહિંસા, સંયમ અને તપમાં છે'
એનો અર્થ ક્ષાન્ત, દાન્ત, શાન્ત થવામાં સાચો ધર્મ રહેલો છે.

પાપનું સાધન ક્રોધ છે, દુઃખનું કારણ અસંયમ છે,
અને ભવનું મૂળ ઇચ્છા છે.

'કોઈપણ જીવ પાપ ન કરે, દુઃખ ન પામે,
સર્વ કોઈ કર્મથી મુક્ત બનો' એ મૈત્રીભાવના છે તથા
તે જ અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મનું મૂળ છે.
મૈત્રીવાન ક્રોધ ન કરે, તેથી હિંસાદિપાપથી રહિત બને છે.
તે કદી અસંયમ સેવતો નથી એટલે દુઃખરહિત બને છે.
મૈત્રીવાન તૃષ્ણા રાખતો નથી એટલે કર્મરહિત થાય છે.

અહિંસા સર્વ જીવો પ્રત્યેના મૈત્રીભાવમાં છે,
સંયમ પાંચેપાંચ ઇન્દ્રિયોના નિગ્રહમાં છે.
બાહ્ય તથા આભ્યંતર તપ ઇચ્છાનિરોધમાં છે.
મૈત્ર્યાદિભાવોથી શાંતિ-તુષ્ટિ-પુષ્ટિની પ્રાપ્તિ થાય છે.

શાંતિ = ઇચ્છા કે તૃષ્ણાનો અભાવ, તુષ્ટિ = સંતોષ,
પુષ્ટિ = આત્મગુણની વૃદ્ધિ - નિર્જરા સાધના.

મૈત્રીમાં સ્વસુખવિષયક તીવ્ર રાગ જવાથી શાંતિ મળે છે.
મૈત્રીમાં સર્વસુખવિષયક ઇચ્છા પ્રગટવાથી
ચિત્તમાં તોષ ઉત્પન્ન થાય છે.

વૈરાગ્ય એ શાંતિનો જનક છે, ઔદાર્ય તે તુષ્ટિનો પોષક છે.
મૈત્રી વડે ઔદાર્ય અને વૈરાગ્ય વિકસે છે.

વૈરાગ્ય અને ઔદાર્યથી શાંતિ અને તુષ્ટિવાળું બનેલ
ચિત્ત હવે સ્વસુખને આત્મામાં શોધે છે.

આત્મગુણમાં સ્થિરતાની વૃદ્ધિ થયે પુષ્ટિનો અનુભવ થાય છે.

શાંતિ = સ્વાર્થનું વિસર્જન, તુષ્ટિ = પરમાર્થનું સર્જન,
પુષ્ટિ = પરમતત્ત્વમાં વિલીનીકરણ.

સ્વાર્થનું વિસ્મરણ શાંતિજનક અને સ્મરણ તુષ્ટિજનક છે.
આત્મામાં રમણ પુષ્ટિજનક છે.

શાંતિને કારણે આર્તરૌદ્ર ધ્યાનનો પરિહાર થાય છે.
તુષ્ટિને કારણે ધર્મ તથા શુક્લધ્યાનની વૃદ્ધિ થાય છે.
પુષ્ટિથી પરમાત્મભાવમાં અંતરાત્માનું એકીકરણ થાય છે.

શાંતિ અર્થે મમત્વનો ત્યાગ, તુષ્ટિ અર્થે સમત્વ સ્વીકાર
અને પુષ્ટિ અર્થે એકત્વનો અભ્યાસ અતીવ આવશ્યક છે.

મમત્વના ત્યાગમાં વિષયોનો વૈરાગ્ય છે,
સમત્વના સ્વીકારમાં કષાયોનો ત્યાગ છે, જ્યારે
એકત્વના અભ્યાસમાં ગુણાનુરાગનો વિસ્તાર છે.
એકત્વનો અભ્યાસ બે પ્રકારનો છે:

એક જાતિગત એકતાનો અને બીજો વ્યક્તિગત એકતાનો. સજાતીય જીવજાતિમાં અભેદનો અનુભવ કર્યે ઈર્ષા - અસૂયા આદિ દોષો જાય છે. ગુણપર્યાયોમાં અનુસ્યૂત આત્મદ્રવ્યમાં એકત્વની બુદ્ધિ વિકસાવવાથી રાગ - દ્વેષ આદિ દોષો, હર્ષ-શોક આદિ દ્વંદ્વો અને રતિ, અરતિ, ભય, જુગુપ્સાદિ ક્લેશો નાશ પામે છે. સત્ક્રિયાઓમાં અપ્રમાદ સેવવાથી ઉભય પ્રકારની એકતાનો અભ્યાસ સાધી શકાય છે. આત્મસ્વરૂપ ઉપર કેન્દ્રિત થયે મોહ સ્વયં નષ્ટ થાય છે. સત્ક્રિયાઓ આત્મસ્વરૂપ ઉપર કેન્દ્રિત થવાના અભ્યાસરૂપ હોવાથી મોહના નાશના પરમ ઉપાયરૂપ છે. કહ્યું છે કે:

जत्थय विसय विराओ कसायचाओ गुणेसु अणुराओ।
किरियासु अपमाओ सो धम्मो सिवसुहोवाओ ॥१॥

સદુક્તિ: જે ધર્મમાં વિષય પ્રત્યે વૈરાગ્ય, કષાયનો ત્યાગ,
ગુણ પ્રત્યે અનુરાગ, ક્રિયામાં અપ્રમત્તતા હોય,
તે ધર્મ શિવસુખનો ઉપાય છે.

## સાધક માટે ૪ ભાવના

મૈત્રી ઝરનીરોપમા છે, માધ્યસ્થ એ તુલાનીરોપમ ઉત્કૃષ્ટ છે,
કરુણા સર્વ સત્ત્વસુખાવહા - સર્વ સત્ત્વહિતાવહા છે તથા
મુદિતા એ હર્ષનો પરિણામ છે.

જેણ મેત્તિં પભાવેજ્જ તં નાણં જિણસાસણે । સન્મતિ:
જેના વડે જિનશાસનમાં મૈત્રી પ્રગટ થાય, તે જ્ઞાન છે.
અહીં જ્ઞાનનું ફળ મૈત્રીની પ્રભાવના કહી છે.
'સર્વ જીવો મુક્ત પામો' એવા રૂચિ થવા, એ
સમ્યગ્દર્શનનો સહજ પરિણામ છે.

ચિત્તની પ્રસન્નતા અને આશયની ઉદારતા પર્યાયરૂપ છે.
'નમો' પદનો અર્થ એક બાજુ દ્રવ્ય-ભાવસંકોચ અને
બીજી બાજુ એ સંકોચમાં જ રહેલા ધર્મપ્રશંસા સૂચવે છે.
દેવાદિ ત્રણ તત્ત્વોની જડ મૈત્રીભાવમાં રહેલી છે. એના
તાત્ત્વિક ચિંતનથી દેવાદિ તત્ત્વ ઉપર ભક્તિ સહજ બને છે.
માત્ર વૈરાગ્યના ઉપદેશથી શાસનની અવસ્થા, શક્ય નથી.
વૈરાગ્ય સાથે મૈત્રી મળીને જ શાસનનાં મૂળ ઊંડા જાય છે.

વિરહના તાપથી પાપફળો બળી જાય છે અને
મિલનના ભોગથી પુણ્યફળો બળી જાય છે.
પ્રભુવિદ્યા કરતાં પણ આત્માનુભવ ચઢે છે.

## સુખી - દુઃખી - પુણ્યશાળી - પાપીને વિષે...

સુખીને વિષે મૈત્રી - હર્ષ પણ ઈર્ષા કે ઉપેક્ષા નહિ.
દુઃખીને વિષે કરુણા પણ હર્ષ કે માધ્યસ્થ્ય નહિ.
પુણ્યશાળીને વિષે હર્ષ પણ ઉદ્વેગ કે ઈર્ષા નહિ.
પાપાચરણ કરનારાઓ પ્રત્યે ઉપેક્ષા પણ રાગ-દ્વેષ નહિ.

મંદ વૈરાગ્યવાળાને ભેદોપાસના અને
તીવ્ર વૈરાગ્યવાળાને અભેદોપાસનાનો અધિકાર છે.
આભ્યંતરશૌચ એ મૈત્ર્યાદિ ભાવનાઓથી થાય છે.

## આંતરશૌચનું ફળ = સત્ત્વ

સત્ત્વશુદ્ધિથી રજસ - તમસભાવથી અપરાભવ,
તેનાથી સૌમનસ્ય, તેનાથી પ્રસન્નતા, તેનાથી એકાગ્રતા,
તેનાથી ઈન્દ્રિયજય અને પ્રાંતે આત્મદર્શનયોગ્યતા મળે છે.

મૈત્રીનો અભાવ એ પાપ છે.
પાપનો પ્રતિઘાત મૈત્રીથી થાય છે. મૈત્રી જણાવે છે કે:
સર્વ જીવ પાપ, દુઃખ અને કર્મરહિત થાઓ.
પાપરહિત થવાની ભાવના પાપી પ્રત્યે મધ્યસ્થભાવ લાવે.
દુઃખરહિત થવાની ભાવના દુઃખી પ્રત્યે કારુણ્યભાવ લાવે.
કર્મરહિતતાની ભાવના કર્મરહિત જીવો પ્રત્યે પ્રમોદ લાવે.
પાપ-દુઃખ-કર્મનું બીજ અનુક્રમે હિંસા-અસંયમ-અશાંતિ છે.

હિંસાને કાબુમાં લેવા માટે ક્ષમા,
અસંયમને કાબુમાં લેવા માટે ઇંદ્રિયદમન અને
અશાંતિને કાબુમાં લેવા માટે ઇચ્છાનિરોધ એ ઉપાય છે.
કામ-ક્રોધ-લોભ એ ત્રણ દોષોનું એકસાથે નિવારણ
મૌનનું જ પરિણામ છે, કેમકે મૌન એ દુઃખરહિત,
પાપરહિત અને કર્મરહિત બનવાની ભાવના છે.
દુઃખરહિત થવા માટે કામનો, પાપરહિત થવા માટે ક્રોધનો
અને કર્મરહિત થવા માટે લોભનો વિજય આવશ્યક છે.
'જલ્દી બની કામ-ક્રોધ-લોભરહિત થાઓ'
એ જ મૌનભાવનાનું તત્ત્વ છે.

## મુક્ત્યનુરાગ અને મૌન

સ્નેહપરિણામરૂપ મૌન એ સાધન છે અને
દ્વેષાભાવરૂપ મૌન એ સાધ્ય છે.
'ગ્રૈવેયકની સાધના માટે અભવ્યને મુક્ત્યદ્વેષ સંભવે પણ
મુક્ત્યનુરાગ સંભવતો નથી' એમ 'મુક્ત્યદ્વેષ દ્વાત્રિંશિકા'માં
કહેલું છે. એ જ ન્યાયે બધી પ્રત્યેના દ્વેષઅભાવ અને
સ્નેહપરિણામરૂપ મૌન માટે સંભવે છે. અભવ્યો કે
દુરભવ્યોને 'ઉપદેશપદ ટીકા'માં મૈત્ર્યાદિના સંવેદનનો
અભાવ કહ્યો છે. મૈત્ર્યાદિભાવો ચિત્તના પ્રસાદ માટે છે

અને તેના પાયા ઉપર જ ચિત્તસ્થૈર્ય ઇત્યાદિનાં સાધન સિદ્ધ થાય છે. કહ્યું છે કે: વીતરાગવિષયં વા ચિત્તં। અર્થાત્: અથવા તો ચિત્તને વીતરાગના વિષયમાં સ્થાપવું.

## ભક્તિનું માહાત્મ્ય

પ્રભુભક્તિ શું શું આપે છે?

તે નામાદિ વડે આલંબન, ઉપદેશાદિ વડે તીર્થ, સાધના તથા સિદ્ધિ વડે આદર્શ અને એ ૩ના ફળસ્વરૂપે શુભધ્યાન અને સદ્‌ગતિ આપે છે.

આ વસ્તુઓ આપવાની શક્તિ માત્ર પ્રભુમાં જ છે, તેથી પ્રભુની ભક્તિ ઉત્કૃષ્ટ કર્તવ્ય છે અને સાચી ભક્તિ આજ્ઞાના પાલનમાં છે. આજ્ઞાનું પાલન આત્માના મોક્ષ માટે થાય છે અને જગતના હિત માટે થાય છે. કહ્યું છે કે: 'આત્મનો મોક્ષાર્થં, જગતો હિતાય ચ।'

ભક્તિ એ આજ્ઞાવિષયક ધર્મધ્યાન છે.

શ્રદ્ધા એ ભક્તિરસનો સ્થાયીભાવ છે.

મનની એકાગ્રતા પહેલાં શ્રદ્ધા અને ભક્તિ આવશ્યક છે. ચિરકાળનો તપ, ઘણું પણ શ્રુત અને ઉત્કૃષ્ટ પણ ચારિત્ર ભક્તિશૂન્ય હોય તો અહંકારનું પોષક બનીને અધોગતિને સર્જે છે. ભક્તિનો ઉદય થતાં તે બધાં કૃતકૃત્ય બને છે.

## પ્રભુનો અનુગ્રહ શું અપેક્ષા રાખે?

પ્રભુનો અનુગ્રહ ભક્તના ભક્તિભાવની અપેક્ષા રાખે છે.

કર્મફળની ઇચ્છા એ ભક્તિભાવની ચોરી છે.

ભાવચોરને ભગવત્પ્રાપ્તિ કેવી રીતે થાય?

જ્ઞાનાદ્ધ્યાનં વિશિષ્યતે।

જીવાત્મા 'ભૂત' છે, પરમાત્મા 'ભૂમા' છે.

પરમાત્મા માટે જીવાત્માએ જીવન મધ્યે જો કાંઇપણ કરવાનું હોય, તો તે તેના ગુણગાન જ છે.

પ્રભુને પ્રાપ્ત કરવાનું ઉત્તમોત્તમ સાધન શરણાગતિ છે.

આત્મા અકારણ છે, પરમાત્મા પરકારણ છે.

'अहं करोमि' કરતાં 'मया क्रियते' એ ભાવ આદરણીય છે.

પ્રથમ ભાવ જ્ઞાનનું અને બીજો ભાવ ભક્તિનું પ્રતીક છે.

ફળરૂપી કાર્ય, ક્રિયારૂપી કર્મ અને કર્તારૂપી કારક એ ત્રણે જ્યારે અર્પિત થઈ જાય છે, ત્યારે પ્રભુની કૃપા અને પ્રસાદરૂપી બંને ભુજાઓ વડે ઉંચકાઈને જીવ ભીમભવોદધિને આસાનીથી તરી જાય છે.

જ્ઞાન દીપ છે, ભક્તિ એ મહિમા છે.

જ્ઞાન પ્રકૃતિનું જ થાય છે, પુરુષનું નહિ.

પુરુષનું તો ભાન જ હોય છે, જે ભક્તિ વડે જ થાય છે.

સંસ્કૃતમાં 'ભવ' એટલે થવું. એ રોગ છે.

મનમાં ઇચ્છા થવી એ અપૂર્ણતાની નિશાની છે. સવારે પ્રભુની ભક્તિ કરવી અને 'થવા'ની ઇચ્છા છોડી 'હોવા'ની ભાવના દૃઢ કરવી; પ્રભુ જેવા પૂર્ણ હોવા માટેનું ચિન્તન, મનન અને નિદિધ્યાસન કરવું. A sleepless sleep of nirvan = perfection. પ્રભુ જેવી વૃત્તિ અને સ્થિતિ ભવની થાય તો ભવ પ્રભુ સાથે એક થઈને પ્રભુની યથાર્થ ભક્તિ કરી શકે છે.

પ્રભુ પરત્વેની શ્રદ્ધા એ ધર્મની ઢાલ છે.

એક ભૌતિક દુનિયાની દેખાતી વાસ્તવિકતાઓ કરતાં પ્રભુ અને સ્વર્ગની નિરાકાર વાસ્તવિકતાઓ આપણી સામે છતી થાય છે. પ્રભુ સાથે આધ્યાત્મિક સંબંધ બાંધવો એ સર્વ માનવજીવનનો સાર છે. સર્વ દેશોના શ્રેષ્ઠ ધાર્મિક વિચારકોએ આ વાતને માન્ય કરેલી છે. આ નશ્વર જીવનમાં પ્રભુ સાથે એકાકાર થવાના સ્વપ્નાં તેમણે જોયા છે. પ્રભુપ્રાપ્તિની આ દીર્ઘ અને ભગીરથ તમન્ના તથા પ્રભુ સાથે તદ્રૂપ થવાનું દૃષ્ટાંત બાબત સર્વ દેશો કરતાં ભારત દેશે વધુ પુરું પાડ્યું છે. ભારતના ભક્તોએ ઊંડી ધાર્મિકતાથી પ્રભુપ્રેમ વિષે કહ્યું છે.

અપૂર્ણ માનવ માત્ર પોતાના જ પ્રયત્નોથી પૂર્ણ પ્રભુને મળી શકે નહીં. પૂર્ણ સદા પ્રભુએ માનવની પાસે આવવું જોઈએ અને પ્રેમ તથા અનુકંપા વડે તેના જીવને ઉગારવો જોઈએ. આમ પ્રભુ અને માનવ એકાકાર બને છે અને એ રીતે પ્રભુની માનવની ઝંખના સંતોષાય છે. આ માર્ગે ઊંચ-નીચનો ભેદ નથી.

## ભક્તિ અને વૈરાગ્ય

ભવનિર્વેદ સ્વરૂપ ભગવદ્ બહુમાન વડે સમ્યગાદિ ધર્મોની સિદ્ધિ થાય છે. જેના હૃદયમાં ભવનિર્વેદનો અંશમાત્ર નથી કિન્તુ ભવાભિનંદિપણું રહેલું છે, તે પોતાના હૃદયમાં ભગવાનને કેવી રીતે ધારણ કરી શકશે? ભગવાન ભવથી પર છે. ભવથી પર સદા ભગવાન ઉપર પક્ષપાત અને ભવ ઉપર પણ પક્ષપાત બે એક જ સમયે, એક જ સ્થળે કેવી રીતે રહી શકે? ભગવદ્ બહુમાન ભક્તોના હૃદયમાં રહેલું હોય છે. તે યોગીઓનાં હૃદયમાં રહેલ ભવવૈરાગ્યથી ભિન્ન નથી. એ દૃષ્ટિએ ભક્તિ અને વૈરાગ્ય - પર્યાયવાચી છે. જેમ મૈત્રી - અહિંસા એક જ સિક્કાની બે બાજુઓ છે, તેમ ભક્તિ - ભવનિર્વેદ એક જ ઢાલની બે બાજુ છે.

વૈરાગ્ય જેમ સાધન, ચક્ષુ, માર્ગ આદિનું કારણ છે,
તેમ ભક્તિ પણ સાધન, તત્ત્વરુચિ, તત્ત્વની જિજ્ઞાસા,
સરળતા અને તત્ત્વબોધ આદિનું નિમિત્ત બને છે જ.

રામનામ સાથે રામનું કામ પણ થવું જોઈએ.

ભક્તિ, દાન સાથે સમત્વની સમતુલા પણ જોઈએ.

## પ્રેમ, ત્યાગ અને દયા

જ્યાં પ્રેમનો ઉદય થશે, ત્યાં ત્યાગનો ય ઉદય થવાનો જ.

દયા એ પ્રેમનું પ્રગટ સ્વરૂપ છે.

'જેવો હું તેવો તે; જે દુઃખ તેનું તે મારું.'

આવો વિચાર સ્વાર્થી મનુષ્ય કરી શકતો નથી.

જ્યારે બીજાના દુઃખથી જીવ પીગળે છે,
ત્યારે તેને આત્માનુભવ કે આત્મવિચાર પ્રગટશે કદાચ.

પ્રેમભાવ અને સમભાવ અન્યોન્યાશ્રિત છે.

## શિવજીવનની ચાવી શું?

પ્રેમ અને સેવાની ભાવના. આ દૈવી ગુણો છે.
તેનો આધારસ્તંભ એ છે કે: 'જીવમાત્ર શિવ છે,
બધા જીવોની પાછળ એક દૈવી તત્ત્વ રહેલું છે.'
આ સત્યનું પ્રતિક્ષણ સ્મરણ અને
તદનુરૂપ આચરણ કરવું, એ જ શિવજીવનની ચાવી છે.

બધા ગુરુઓના આધારસ્તંભ સરખું આ સત્ય સમજાય, ત્યારે હૃદયના ઊંડાણમાંથી ભય-ચિંતા-ઉદ્વેગ વિદાય લે છે. બધાં પ્રત્યે પ્રેમ અને લાગણીથી જોતાં શીખાય છે, ત્યારે એ ભાવ જીવમાત્ર સાથે એકતાનો અનુભવ કરાવે છે. પોતે એ રીતે જગદ્રૂપ થઈને રહેવું, તે અહંતા-મમતા ટાળવાનો પરમ ઉપાય છે. 'હવે એ ઈશ્વરનું પરિણામ છે' એવું વિચારવાથી મમતા ઘટે છે અને સમતા પ્રગટે છે. સુખ માટે સૌથી અધિક મૂલ્યવાન વસ્તુ હોય તો તે પ્રેમ છે.

પરસ્પર પ્રેમના અભાવમાં સુખનો અસંભવ છે.

## પ્રભુની પરમશ્રેષ્ઠ કરુણા

અકારણ, સહજ તથા સતત વહી રહી છે, તેનો અનુભવ જીવ પ્રત્યે કરુણા સ્વભાવ કેળવવાથી જ થાય છે. જીવના સુખે સુખી થવાની લાગણીનું નામ જ 'પ્રેમ' છે. જીવના દુઃખે દુઃખી થવાની લાગણીનું નામ 'દયા' છે. સર્વભૂતાત્મભૂતભાવમાંથી એકબાજુએ પ્રેમની ગંગા અને બીજી બાજુએ દયાની યમુના નિરંતર વહે છે.

અહિંસાનું તે હકારાત્મક રૂપ છે.

એ અહિંસાને પૂર્ણપણે વિકસિત કરવાનું સાધન આત્મૌપમ્ય ભાવ અને આત્મૌપમ્ય વર્તન છે.

આત્મૌપમ્ય વર્તન માટે આત્મૌપમ્ય દર્શન અનિવાર્ય છે.
જેને યથાર્થ કહી શકાય તેવા આત્મદર્શનમાં
એક બાજુએ દયા-પ્રેમની ભરતી અને બીજી બાજુએ
અહિંસા આદિ યમ-નિયમોનું સુવિશુદ્ધ પાલન પ્રગટે છે.
એક વૃત્તિરૂપ છે, બીજું પ્રવૃત્તિરૂપ છે.
વૃત્તિશૂન્ય પ્રવૃત્તિ કે પ્રવૃત્તિશૂન્ય વૃત્તિ - એ બંને કદાચેય
અહિંસાધર્મરૂપ કે પૂર્ણ અહિંસા બની શકે નહિ.
સાચી અને પૂર્ણ અહિંસા એટલે તો
સર્વભૂતાત્મભૂતભાવના દર્શનથી ફલિત થતું આચરણ.
પરમાત્મા એટલે યમ-નિયમની સિદ્ધ મૂર્તિ.
ઈશ્વરરૂપ થવા માટે અહિંસાનું પાલન અનિવાર્ય છે.
જીવમાત્રની ઈશ્વરરૂપતા અનાદિસિદ્ધ છે.
જે સિદ્ધ છે તેને અનુભવના ફલક ઉપર ઉતારવા માટે
અહિંસાદિનાં આચરણ એ સાધનો છે.
વિનોબાજી કહે છે: સૌ કોઈના સુખનો વિચાર કરનારા
સમાજ વિનાનો કોઈ સમાજ કદિ ટકી શકવાનો નથી.
પોતાની જાતની ઉપર જેને પ્રેમ છે,
તેને સૌના ઉપર પ્રેમ અને દયા હશે જ.
જેનામાં પ્રેમ અને દયા જો ન હોય, તો હજુ પોતાની
સાચી જાત ઉપર જ પ્રેમ થયો નથી, એમ સમજવું.

સુખમાત્રનું ઉગમસ્થાન અને દુઃખમાત્રનું અસ્તસ્થાન
આત્મોપમ્યદ્રષ્ટિની સક્રિય સ્થિરતામાં છે.
આ દ્રષ્ટિએ જોનાર આત્મા
પ્રેમનો દરિયો અને દયાનો સમુદ્ર બને.
પ્રેમ દિવ્ય એટલા માટે છે કે તે સૌને પ્રિય છે.

લુઈ પાશ્ચર કહે છે કે:

તમારો ધર્મ શું છે, તે મારે નહિ જાણવું.
તમે કયા વિચારમાં માનો છો, તે પણ મારે નહિ જાણવું.
મારે માત્ર એટલું જ જાણવું છે કે તમને દુઃખ શું છે?
એ દુઃખને દૂર કરવામાં હું પ્રેમ વડે મદદ કરવા માગું છું.

o

The teaching of the scripture should be followed in letter and Spirit. It is necessary in this world to undergo any amount of suffering, pain and risk to remake oneself in developing the habit of affection, love, patience, tolerance and forbearance or ક્ષમાપના.

Deviation from the nature is deviation from true or real happiness.

વાસનાનો ત્યાગ એ સાચો ત્યાગ છે.
એ ત્યાગ પોતાના આત્માને બ્રહ્મસ્વરૂપ જાણે જ શક્ય છે.
ચિત્ત, ચૈત્ય અને ચિતીની ત્રિપુટી દૂર થાય,
ત્યારે જ ચિત્ત સાચા ત્યાગને પામી શકે છે.
સાચી શાંતિ પ્રાપ્ત કરવાનું રહસ્ય જ આ ત્યાગમાં છે.

दयाभूतेषु वैराग्यं, विधिवत् गुरुपूजनं ।
विशुद्धाशीलवृत्तिश्च पुण्योपायाः प्रकीर्तिताः ॥१॥
दुःखितेषु दयाऽत्यंतं अद्वेषो गुणवत्सु च ।
औचित्यासेवनं चैव सर्वत्रैवाऽविशेषतः ॥२॥

(પરિશિષ્ટ-૨૮)

## પ્રેમ અને અહં

સ્નેહભાવ એ લાગણી, જ્યારે સ્નેહરાગ એ માગણી છે. લાગણીમાં આપવાની અને સહવાની શક્તિ છે, જ્યારે માગણીમાં લેવા તથા ભોગવવાનો નઠારો-બૂરો ભાવ છે. પ્રેમમાં અહંભાવનું અસ્તિત્વ નથી. પ્રેમ માટે મનની શાંતિ જરૂરી છે. શાંતિ ફક્ત ત્યારે જ શક્ય બને કે જ્યારે માનવના દિલમાં પરમ સત્યનો આવિર્ભાવ થાય.

धीस्तु तेषां सर्वेऽपि मुक्तिसुखं अवाप्नुवन्तु । અર્થાત્: તેઓની બુદ્ધિ એમ છે: સર્વ પણ જીવો મુક્તિસુખને પામો.

-प्रतिमास्थापनन्यास

આત્માઓ પરમાત્માનાં જ અંશો છે, એ પરમ સત્ય છે.
માન્યતાઓની માયાજાળ તોડીને
જ્યાં સુધી આ સત્ય ન સમજી શકીએ,
ત્યાં સુધી બધું નકામું, ઇચ્છાઓ અને આદર્શો વ્યર્થ છે.
સંયમ અને બંધન એ માનવની શોભારૂપ છે.

## ક્ષમા

અહિંસા, કરુણા કે પ્રેમની સાધનાની અનિવાર્ય શરત
ઉદારતાપૂર્વક બીજાની ભૂલોને ખમી ખાવી અને
પોતાની ભૂલોની માફી માગવી તે અથવા ક્ષમાપના છે.
એકને શમવું અને બીજાને ખમવું ફરિયાદ છે.
ખમવા અને શમવાથી બીજાને
ખમાવવા અને શમાવવાનું આલંબન પૂરું પાડી શકાય છે.
પ્રવચનના સાર તરીકે ખમવું અને ખમાવવું
શમવું અને શમાવવું કહ્યું છે.
આવા ઉદાર અને નમ્ર જીવનમાં જ
પરમાત્મભાવ પ્રગટ થવાની યોગ્યતા આવે છે. આલોચના
કે પ્રાયશ્ચિત પાક્ષિક, ચાતુર્માસિક અને વાર્ષિક કર્તવ્ય છે.
આલોચના એટલે ભાવોનું પ્રકટન, પોતાના દોષનું કથન.
સુદર્શના દૃષ્ટાંતથી ધર્મકથામાં ઉદ્ધૃત, ચારિત્રમાં પરિહાર,

સંવેગાદ્યૃદ્ધિજનક, લાઘવ, સ્વચ્છ, સૌમ્ય અને પ્રશાન્ત
ગુરુની સમક્ષ નમ્ર, અપુનઃકરણોદ્યત થઈને
પ્રમાદયુક્ત થયેલ દુશ્ચારિત્રને પ્રગટ કરવું.
જેમ કોઈ બાળક કાર્ય-અકાર્યને ઋજુભાવે પ્રગટ કરે,
તેમ માયા અને મદરહિત થઈને ગુરુ આલોચના કરવી.

## પ્રાયશ્ચિત્તનો મહિમા

ગુરુ સમીપે સર્વ શલ્યને ઉદ્ધરવા, કેમકે
શસ્ત્ર, વિષ, દુષ્પ્રયુક્ત, વેતાલ, યંત્ર, સર્પ કે શત્રુ તેટલા
અનર્થને કરતા નથી, કે જે અનર્થને
મરણવેળાના અંતિમ મરણકાળે અનુદ્ધૃત શલ્ય કરે છે.
ભવવૃક્ષનાં મૂળરૂપ જેવાં શલ્યો દુર્લભબોધિતા અને
અનંત સંસારીપણું આપે છે, માટે તેમને ગારવરહિત
થઈને ઉદ્ધરવાં જોઈએ. જ્યાં સુધી ગુરુ પાસે આલોચના
ન થાય, ત્યાં સુધી દુશ્ચરિતો દૃઢ અધૃતિને કરે છે.
સાતિચાર મરણના ભયવાળાએ જે રીતે દુષ્કૃત્ય થયું
હોય, તેવી જ રીતે તે દુષ્કૃત્યોની આલોચના કરવી.
જે ભાવથી દુષ્કૃત થયું, તેથી અધિક સંવેગ વડે
તેની પાક્ષિકાદિ આલોચના કરવી પણ આવશ્યક છે,
કારણકે પ્રાયશ્ચિત્તથી જ સર્વ જીવોની શુદ્ધિ થાય છે.

પાપને છેદે છે તથા ચિત્તને શુદ્ધ કરે છે,
માટે જ શાસ્ત્રોમાં પ્રાયશ્ચિત્ત કહ્યું છે.

અનુભવ, ભવ આરોગ્ય, પરલોકમાં નર-સુર-શિવસુખ મેળવવા પ્રાયશ્ચિત્ત કરવું. આ પ્રાયશ્ચિત્ત કે શલ્યોદ્ધરણાદિ મલપૂરણ થાય, તે પથ્ય ભોજનરૂપ ઔષધિ રુધિરપ્રસરણ સારું થાય, વ્રણચિકિત્સારૂપ ઔષધિ આરામ મળે છે.

ક્ષમાયાચનામાં શેનાથી શું થાય?

(૧) આલોચન: જુઠો નાનો કાંટો ચામડી સુધી ગયેલો પણ રુધિર સુધી નહિ ગયેલો શરીરથી દૂર કરાય છે.
(૨) પ્રતિક્રમણ: ઊંડે ગયેલા ડુંખતોનું મર્દન કરાય છે.
(3) મિશ્ર (ઉભય): કણમિલથી પુરાય છે.
(૪) વિવેક: મહા ઉપરાંત વધુ રુધિરગાળણ કરાય છે.
(૫) કાયોત્સર્ગ: ગમનાદિ સર્વ ચેષ્ટાઓ બંધ કરાય છે.
(૬) તપ: હિતમિત ભોજન - અભોજન.
(૭) છેદ: દુષિત માંસાદિનું છેદન (સર્પદંશ, દાઝપગના દૃષ્ટાંત).
(૮) મૂલ: હાડકા સાથે અંગચ્છેદ (શેષ અંગની રક્ષા છે).

તત્ત્વજ્ઞાન એટલે સહિષ્ણુતા.
સહિષ્ણુતા અને ક્ષમા પર્યાયવાચી છે.
સમર્પણ, ક્ષમાયાચના, નમ્રતા એકાર્થક છે.

## સત્ય

અસત્યની પ્રગટ શિક્ષા એ છે કે જ્યારે તે સત્ય બોલે છે, ત્યારે પણ કોઈ એની વાત માનતું નથી.

આનંદને બહાર ન શોધો, એ તો અંતરનું સ્વરૂપ છે.

સત્યની બે બાજુ છે:

એક અસ્તિત્વ બાજુ, બીજી ઉપયોગિતા બાજુ.

'આત્મા છે અને પ્રત્યેક આત્મા પરમાત્મા છે'
એ અસ્તિત્વવાદી દૃષ્ટિકોણ છે.

યથાર્થવાદની દૃષ્ટિએ આત્મા પણ સત્ય છે,
યથાર્થવાદની દૃષ્ટિએ અનાત્મા પણ સત્ય છે.

ઉપયોગીતાવાદની દૃષ્ટિએ આત્મા સત્ય છે, જ્યારે અનાત્મા (અર્થાત્ કે આત્મા વિરુદ્ધ બાજું) મિથ્યા છે.

પહેલો દ્વૈતવાદ છે, બીજો અદ્વૈતવાદ.

જે વચન સમ્યગ્ શુભભાવનું પ્રવર્તક અને અસમ્યગ્ શુભભાવનું નિવર્તક હોય, તેને પારમાર્થિક સત્ય કહેવાય. પછી તે દેખાવમાં સત્ય હો કે અસત્ય. 'બાહ્ય અર્થ સાથે સંવાદી વચન જ સત્ય અને બાકી અસત્ય' એવી એકાંત અયોગ્ય છે. બાહ્યઅર્થ સાથે સંવાદી વચન વ્યવહારથી સત્ય છે. અસંવાદી છતાં શુભભાવનું પ્રવર્તક વચન નિશ્ચયથી સત્ય છે.

### સત્સંગ જ ચાર પ્રકારના પરમાત્મા મળે છે:

(૧) આદર્શ પરમાત્મા (૨) તારક પરમાત્મા
(3) પ્રેરક પરમાત્મા (૪) વિશ્વોપકારક પરમાત્મા.

## શુદ્ધ - અશુદ્ધ વાસના

મૈત્ર્યાદિ શુદ્ધ વાસનાઓ

એકબાજુ વૈરાગ્યને સમૃદ્ધ અને રોચક બનાવે છે અને બીજી બાજુ જ્ઞાનને સુલભ અને સાર્થક કરી આપે છે.

વિષયવાસના એટલે લોક, દેહ તથા શાસ્ત્રની વાસના.

માનસવાસના એટલે દંભ, દર્પ આદિની વાસના.

વિષયવાસના = સ્થૂલ, બાહ્ય. માનસવાસના = સૂક્ષ્મ, આંતરિક.

વિષયના ભોગકાળમાં ઉત્પન્ન થતા સંસ્કાર તે વિષયવાસના અને વિષયો પ્રતિકામનાના કાળમાં ઉદ્ભવતા સંસ્કાર તે માનસવાસના. ચિન્માત્રવાસના એટલે મન, બુદ્ધિ વગેરે ચૈતન્યના વ્યાપાર, જે વડે કાર્યાકાર્યના વિવેક રૂપી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. મૈત્રી આદિ નિર્મળ વાસનાઓનો સદ્વિચાર અને વિવેકરૂપ જ્ઞાનવાસનામાં અને વિવેકજ્ઞાનનો પરમાત્મસાક્ષાત્કારમાં લય કરવો. મૈત્ર્યાદિ વાસનાઓ મધ્યસ્થાને છે, તેથી વિષયવાસના તથા માનસવાસનાનો ત્યાગ - ચિન્માત્રવાસનાનો સ્વીકાર થાય છે.

કહ્યું છે કે:

बन्धो हि वासनाबन्धो मोक्षः स्याद्वासनाक्षयः ।
वासनास्त्वं परित्यज्य मोक्षार्थित्वमपि त्यज ॥१॥

(પરિશિષ્ટ-૨૯)

## માનવીય ગુણ - નમ્રતા

મનુષ્યમાત્રે નમ્ર બનીને સર્વ કાર્ય કરવું જોઈએ.
નમ્રતાનો હેતુ આજ સુધી મળેલી નિષ્ફળતાઓનું ભાન છે.
અનંતા ભવભ્રમણમાં પરવશપણે ભોગવવા જ પડેલા
પીડાઓના સતત સ્મરણથી જાગતા વિવેકનું પરિણામ છે.
આ નમ્રભાવ એ જ ભાવિ સિદ્ધિઓને વરવા માટે
વાવવાના બીજનો સર્વોત્તમ અવસર છે.
'નમવું' એટલે આત્મસ્વરૂપમાં પરિણમવું.

हीनाधिकाभ्यामुपमा मृषा ।

હીનાધિક ઉપમામાં શબ્દથી વિરોધ છે, તાત્પર્યથી વિરોધ નથી.
ભાવાર્થની દૃષ્ટિથી ઉપમા અવિરુદ્ધ છે.
બાહ્યશૌચથી દેહાધ્યાસની નિવૃત્તિ અને
એકાંતસેવન એ ફળ છે.
મૈત્ર્યાદિભાવરૂપ અભ્યંતરશૌચથી સત્ત્વશુદ્ધિ, સૌમનસ્ય,
એકાગ્રતા, ઇંદ્રિયજય અને આત્મદર્શનની યોગ્યતા પેદા થાય.

## નિર્ભયતા અને નમ્રતા

નિર્ભયતા સર્વ સદ્ગુણોનો નાયક છે.

સત્ય સાતત્યથી સત્યગુણને કેળવી, પશ્ચાત્ તેના અહંકારને
અને તેના ફળની આસક્તિને જતી લેવાનો ભક્તિરૂપી
પ્રયત્ન એ આત્મજ્ઞાનનું સાધન છે, જે નિર્ભયતા અપાવે છે.

સર્વજ્ઞ પુરુષદર્શનથી જ્ઞાન મળે છે.

આતર ભાવાની ક્રિયાથી આતરની ભાવનાનું જ્ઞાન અને
પ્રેમ બંને સાથે જ ઉત્પન્ન થાય છે.

ઈશ્વરનું જ્ઞાન અને ઈશ્વરનો પ્રેમ બે જુદી વસ્તુ નથી.

જીવનના સર્વ કર્મોમાં જ્યારે જ્ઞાન અને ભક્તિ ભળે છે,
ત્યારે તે પુરુષોત્તમ યોગ બને છે.

ભરોસા વિના સદ્ગુણની કિંમત નથી અને
ભરોસાને નિર્ભયતાની જરૂર છે.

સુવર્ણં યદિ ચેત્સત્યં, કિં બિભેષિ પરીક્ષયા ? અર્થાત્:
જો તું સાચું સોનું છે, તો પરીક્ષાથી ડરે છે શા માટે?

બાળના અજ્ઞાન - દોષની ક્ષમા ન કરવી અને
પીઢના અજ્ઞાન - દોષોની ક્ષમા કરવી તે પાપ છે.

જ્ઞાનથી નિર્ભયતા આવે છે,
દર્શનથી નમ્રતા આવે છે, ચારિત્રથી અહિંસા આવે છે.

અહિંસા - સત્યાદિ ધર્મો એ ચારિત્રગુણનો પરિવાર છે.
નમ્રતા - નિરાભિમાનિતા વગેરે દર્શનગુણનો પરિવાર છે.
નિર્ભયતા - નીડરતા વગેરે ગુણો જ્ઞાનગુણનો પરિવાર છે.

ભક્તિ એ નમ્રતા તથા નિર્ભયતા લાવે છે,
અને કર્મ એ અહિંસા લાવે છે.

કહેવાય છે કે મોટા ભાગના લોકો પોતાની નિર્બળતાઓ વિષે જાણતા નથી, એ વાત સાચી હશે પણ મોટા ભાગના લોકો પોતાની શક્તિ વિષે જાણતા નથી, એ વાત પણ એટલી જ સાચી છે. - જોનાથન સ્વીફ્ટ

અહંકાર, હિંસા, અસત્ય, કામ, ક્રોધ, લોભ તથા મોહ
એ બધાં લક્ષણ છે, સંકેત છે, બાહ્ય ચિહ્નો છે.
બધાનું મૂળ આત્માનું અજ્ઞાન છે. એજ રીતે હિંસા, સત્ય, અકામ, અક્રોધ આદિ પણ લક્ષણ છે, પણ તે આત્મજ્ઞાનના લક્ષણ કે શબ્દ, સંકેત અથવા ઇશારો છે.

o

You will easily discover every man's prevailing vanity by observing his favourite topic of conversation. For every man talks most of that which he has most a mind to be thought to excel in.

## પર્યુષણા પર્વ

પર્યુષણા મહાપર્વ જીવના કર્મના મર્મને ભેદે છે.
કર્મમાં ભગવાન મોહનીય છે, મિથ્યાભિમાનાદિ તેના સુભટો છે.
ક્ષમાપનાદિ મોહના મર્મભૂત અહં અને મમનું ભેદન થાય છે.
પર્વના દિવસે તપ કરવાથી પર્વનું બહુમાન થાય છે.
છતી શક્તિએ તપ ન કરવાથી પર્વનું અપમાન થાય છે.
પર્વના એ બહુમાન અને અપમાન વડે પર્વને કહેનારા,
મહાપર્વને આરાધનારા અને મહાપર્વની આરાધના વડે થતા
જીવલોકના હિતનો અનાદર, બહુમાન, અપમાન થાય છે.

ખમવાથી પોતાની શુદ્ધિ થાય છે,
ખમાવવાથી સામાને શુદ્ધ થવાનું આલંબન અપાય છે.
ત્રિકરણયોગની સાધના વડે જ
સ્વપર સર્વની સર્વદા શુદ્ધિ થાય છે.

## અહં નહિ અર્હં

અહં એ કર્મપ્રકૃતિનું સર્જન છે, માટે પરાધીન છે.
અર્હં એ આત્મતત્ત્વનું શુદ્ધસ્વરૂપ છે, માટે સ્વાધીન છે.
પરાધીન તત્ત્વની ઉપાસનાથી પરાધીનતર બનાય છે.
સ્વાધીનતત્ત્વની ઉપાસનાથી પરાધીનતાનો અંત આવે છે
અને સ્વાધીનતાનું પ્રભાત પ્રગટે છે.

## અર્હંના ધ્યાનથી ભક્તિનું સર્જન
## અર્હંની સર્વોત્તમતા અને

પોતાની સાધનતાને હૃદયમાં લેવાથી ભક્તિ જાગે છે.
એ ભક્તિમાંથી પોતાના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન થાય છે
અને એ જ્ઞાનમાંથી વિશ્વના સર્વજીવોની પ્રકૃતિનું
ભાન થવાથી બધા પ્રત્યે મૈત્રી - પ્રમોદાદિ ભાવ જાગે છે.

પરમાત્માની પ્રકૃતિના જ્ઞાનમાંથી ભક્તિ અને
એ ભક્તિના પ્રભાવે પોતાની પ્રકૃતિનું જ્ઞાન થાય છે.
એ જ્ઞાનના આધારે ભૂતમાત્રની પ્રકૃતિનું ભાન થાય છે,
જે આગળ મૈત્રી - અહિંસાદિમાં પરિણમે છે.

તમોગુણના પ્રકર્ષ વખતે ભક્તિ, રજોગુણના પ્રકર્ષ વખતે
મૈત્રી અને સત્ત્વગુણના પ્રકર્ષ વખતે જ્ઞાન એ કર્મરૂપી
ઇંધનને બાળવા માટે અગ્નિની જેમ સમર્થ બને છે.
અર્હંના ધ્યાનમાં ભક્તિ-જ્ઞાન-કર્મ ત્રણે રહેલાં છે, તેથી તે
વિઘ્નવિનાશક, સુખસંપ્રાપક અને શાશ્વત સિદ્ધિપ્રદાયક છે.
આશયાનુરૂપ કર્મબંધ અને એના ફળથી ધર્મસિદ્ધિ થાય છે,
તેથી પ્રણિધાન - પ્રાર્થના સફળ છે,
તેથી યથાયોગ્ય શુભકર્મનું ઉપાર્જન તથા
શુભકર્મના વિપાક દ્વારા ધર્મસિદ્ધિ અવશ્ય થાય છે.

## પરમ ચૈતન્ય

હું, તમે અને આપણે સર્વ કોઈ
ચૈતન્યના અંશ, અંગ, તરંગ, બુદબુદ, ચિનગારીઓ છીએ.
આ જ સૌથી મોટું ભાગ્ય છે અને તે સૌ જીવોને મળેલું છે.
જે કોઈ આ ભાગ્યને અનુભવશે નહિ,
તેને બે સેંકડો ભાગ્ય મળ્યાં હશે, તો પણ તે એળે જશે.

आरामः कल्पवृक्षाणां विरामः सकलापदां ।
अभिरामस्त्रिलोकानां रामः श्रीमान् नः प्रभुः ॥१॥

એનો ભાવાર્થ છે કે રામ એ જ સુખનો વિશ્રામ,
દુઃખનો વિરામ અને ત્રણે લોકને અભિરામ છે.
જે સુખનો આરામ અને દુઃખનો વિરામ આપનાર હોય,
તે જ ત્રણે લોકને અભિરામ બને.
તે રામ એ જ મારા હૃદયરામ છે.
સુખ-દુઃખના કર્તા પુણ્ય-પાપ છે
પણ પુણ્ય-પાપના કર્તા ભગવાન છે.
પ્રભુની સ્તુત્યાદિ પુણ્યસર્જક અને નિંદાદિ પાપવર્ધક છે.
જેમ રત્ન આદિ સુખરહિત છતાં સુખાદિના હેતુ છે,
તેમ ધર્માદિરહિત ભગવાન પણ ભાવથી
ધર્માદિના હેતુ અનાશય નિમિત્ત બને છે.

જીવ અનાદિ છે, પરમાત્મા પ્રવાહથી અનાદિશુદ્ધ છે,
કર્મબંધ પણ પ્રવાહથી અનાદિ છે.
ભવ્યત્વ અનાદિ સાંત છે. સિદ્ધત્વ સાદિ અનંત છે.
ભવ્યત્વ, દિદૃક્ષા, ભવબીજ, વાસના, અવિદ્યા, સહજમલ,
કર્મસંબંધ યોગ્યતા વગેરે સર્વ શબ્દો પર્યાયવાચક છે.
વિશ્વ ઉપર કર્મનું પ્રભુત્વ, કર્મ ઉપર ધર્મનું,
ધર્મ ઉપર પંચ પરમેષ્ઠિનું અને એ રીતે
સકલ વિશ્વ ઉપર પંચ પરમેષ્ઠિઓનું પ્રભુત્વ છે.

## ભવનિર્વેદ - ભગવદ્ બહુમાન

ભવનિર્વેદ એ ભગવદ્બહુમાન સ્વરૂપ છે.
અર્હત્ પક્ષપાત અને ભવનિર્વેદ એક જ પદાર્થ છે,
કેમકે અર્હત્પ્રભુ ભવથી પર છે,
તેથી તેમનો પક્ષપાત એ ભવનાશનો પક્ષપાત પણ થશે.
'ભવનિર્વેદ' એટલે સંસાર પ્રત્યે ઉદ્વેગ. 'સંસાર' એટલે શરીર, સંપત્તિ, ઇષ્ટજનસંયોગ આદિ. એ બધા જો વિનશ્વર છે, તો પછી એને આધીન સુખ કાયમ કેમ રહે?
આ પ્રકારની ચિંતાનું નામ 'ભવનિર્વેદ' છે.

કાયઃ સંનિહિતાપાયઃ, સંપદઃ પદમાપદામ્ ।
સમાગમાઃ સાપગમાઃ સર્વમુત્પાદિભંગુરમ્ ॥૧॥

ભાવાર્થ કે શરીરની નિકટ રોગ - જરા - મૃત્યુ રહેલા છે.
સંપત્તિ એ આપત્તિઓનું કારણ બને છે.
ઇષ્ટસમાગમ એ વિયોગમાં પરિવર્તિત થાય છે.
સંસારમાં સુખનાં બધાં સાધનો અનાદિ - અનંત નહિ,
પણ ઉત્પાદ - વિનાશવાળા છે,
માટે તેની ઉત્પત્તિ પાછળ વિનાશ રહેલો જ છે.
ભવનિર્વેદ એ ભગવદ્બહુમાન સ્વરૂપ છે,
તેથી તેમાંથી જ આત્માદિ ધર્મ પ્રગટ થાય છે.

## ભગવદ્ - અનુગ્રહ

અનુગ્રહ એ પોતાના વિષય પ્રતિ બહુમાનસ્વરૂપ છે.
ભગવાન ભવ્યજીવોમાં પહેલાં પોતાના પ્રત્યે
બહુમાન સ્વરૂપ અનુગ્રહનું સંપાદન કરે છે,
પછી જીવોમાં ઉપદેશના ગ્રહણની યોગ્યતા આવે છે.
પ્રભુ પ્રત્યે બહુમાન થવું એ પણ પ્રભુનો જ અનુગ્રહ છે,
કેમકે પ્રભુના અચિન્ત્ય પ્રભાવથી જ તે થાય છે.
બીજા ઉપર નહિ અને પ્રભુ ઉપર જ બહુમાન થવામાં
કારણ પ્રભુ સિવાય બીજું કોણ છે?
બહુમાનથી સદુપદેશ ગ્રહણ, તાત્ત્વિક ધર્મ, એનું પરિપાલન
અને ફલસ્વરૂપ મોક્ષ. એ બધાનાં દાતા ભગવાન થાય છે.

એ રીતે પરમાત્મા ભાવશાસકતાની સંપત્તિવાળા છે,
તેથી જ તેઓ 'ધર્મચક્રવર્તી' કહેવાય છે.

સાધુધર્મ કે શ્રાવકધર્મ તત્ત્વરૂપથી બાહ્યવ્રત - ક્રિયારૂપ
નહિ પણ એનાથી સાધ્ય અભ્યંતર આત્મપરિણતિરૂપ છે.
એ વિશુદ્ધ પરિણામને તાત્ત્વિક ધર્મક્રિયાને નિશ્ચય ધર્મ
તથા બાહ્યવ્રતાદિ ક્રિયાને વ્યવહારધર્મ કહેવાય છે.

'પરમાત્મા (ઈશ) પૂર્ણ છે' એ જ્ઞાનથી દર્શનશુદ્ધિ થાય છે,
'આત્મપરિણતિ મતે આત્મા (જીવ) પૂર્ણ છે'
એ સમજથી જ્ઞાનશુદ્ધિ થાય છે તથા
'સર્વજીવો (જગત) પૂર્ણ છે' એ શ્રદ્ધાથી ચારિત્રશુદ્ધિ થાય છે.

ભગવાનનું બહુમાન એ ભવનિર્વેદ સ્વરૂપ છે અને
એ જ વાસ્તવિક ભગવદ્ બહુમાન છે.

'પ્રભુભક્તિમાં નિર્જરાનો હેતુ ભક્તિ છે'
અર્હદ્ભક્તિરૂપ પરિણામ પામેલો પોતાનો આત્મા છે.
એ આત્મા અને પરમાત્મામાં
નિશ્ચયનયથી કોઈ ભેદ રહેતો નથી.

પ્રભુને નમસ્કાર એ તપશ્ચર્યાના તપથી પણ અધિક છે,
માટે આ યુગમાં વિજ્ઞાન - ઉદ્યોગના વિકાસની ધમાલમાં
ઈશ્વર ભૂલાઈ ન જાય તે ખાસ જરૂરી છે.

પ્રભુની પૂજા એ યોગીઓના યોગાદિ પણ સાધ્ય છે.
નમસ્કાર એ અભ્યંતરતપના પ્રથમ ત્રણ પ્રકારરૂપ છે
અને પૂજા એ અભ્યંતરતપના પછીના ત્રણ પ્રકારરૂપ છે.
દ્રવ્યથી આત્મા-પરમાત્મા અભિન્ન, પર્યાયથી ભેદ છે.
પર્યાયદ્રષ્ટિથી ભેદોપાસના-દ્રવ્યદ્રષ્ટિથી અભેદોપાસના થાય છે.

અર્હં એ પરમેશ્વર-પરમેષ્ઠિનું વાચકબીજ છે.
નિશ્ચયથી પોતાનો આત્મા જ પરમેશ્વર-પરમેષ્ઠિ છે.
એ જ ત્રાણ, શરણ અને આધાર છે.

ધનનું રક્ષણ તીજોરીથી,
તનનું રક્ષણ ઘરથી, તેમ મનનું રક્ષણ મંત્રથી થાય છે.
જેમ ધન-તનનું મૂલ્ય સમજાય છે, તેમ મનનું પણ સાચું
મૂલ્ય સમજાય તો મંત્રનું પણ મહામૂલ્ય લક્ષમાં આવે.

निवृत्ताधिकारायां प्रकृतौ धृतिः-श्रद्धा-सुखा-
विविदिषा-विज्ञप्तिरिति तत्त्वधर्मयोनयः,
नाऽनिवृत्ताधिकारायां, भवन्तीनामपि तद्रूपताऽयोगात् ।
(પરિશિષ્ટ-૩૦)

°

*The happy man is he that knows the world and cares for it. Greatful mind is both a great and a happy mind.*

V.V. Imp.

## ભાવધર્મની ઉપયોગીતા

ધર્મના મૂળમાં સમ્યગ્દર્શનની જેમ
પરહિતચિંતારૂપ મૈત્રીભાવના પણ આવશ્યક છે.
જેના હૃદયમાં મૈત્રીભાવના નથી, ત્યાં ભાવધર્મ રહે નહીં.
હિંસા, અસત્યાદિની પ્રતિજ્ઞાપૂર્વકની નિવૃત્તિ વડે
મૈત્રીભાવ સક્રિય બનતો જાય છે.

સર્વજીવોના હિતરૂપ આશય અમૃતસ્વરૂપ તથા અમૈત્રી અને
વૈરવિરોધરૂપ આશય વિષસ્વરૂપ છે. એક સ્વપરના ઘાત-
સ્વરૂપ-બીજો આત્માને મોક્ષ પમાડનાર હોઈ અમૃતસ્વરૂપ છે.

ધમ્મદયાણં = પ્રભુ દયાધર્મને આપનાર છે.
પ્રભુજી સદ્દેશનાની યોગ્યતા અને
યોગ્યતાદિ ધર્મ મળે એટલે કારણમાં કાર્યનો ઉપચાર કરીને
સદ્દેશનાની યોગ્યતાને ધર્મપદથી અહીં સંબોધન કરેલ છે.
તેને આપનાર પ્રભુ છે.

ભાવપૂર્વકનો ભક્તિપ્રધાન નિષ્કામ કર્મયોગ
એ ગીતાનો અપરધ્વનિ છે.

પ્રત્યેક ઇંધનમાં અગ્નિ એક જ છે, તેમ પ્રત્યેક
દેહમાં ફળ સરખું છે. ધ્યાનથી ફળભાવ ઉત્પન્ન થાય છે.
સ્તોત્ર, જપ આદિ તેના સાધનો છે.

## વીતરાગની પ્રાર્થનાના લાભ

(१) પ્રવચનની આરાધના (२) સન્માર્ગની દૃઢતા
(3) કર્તવ્યતાનો નિશ્ચય (४) શુભાશયની વૃદ્ધિ
(५) સાનુબંધ શુભ અનુષ્ઠાનની પ્રાપ્તિ.

(१) 'પ્રવચન' એટલે વીતરાગનું શાસન. તેની આરાધના એટલે તેના ઉપકારની અખંડ સ્મૃતિ (२) 'સન્માર્ગ' એટલે ભવનિર્વેદથી માંડી ગુરુ વચન સેવા પર્યંતના અનુષ્ઠાન (3) કર્તવ્યતાનો નિશ્ચય એટલે પ્રણિધાનની નિશ્ચલતા. (४) પ્રણિધાનાદિ આશયોનું સેવન કરવાથી અનુષ્ઠાનમાં વૃદ્ધિ અને (५) ઉત્તરોત્તર શુભ અનુષ્ઠાનનો અનુબંધ થવાથી પર્યંત ફળ જે મોક્ષ, તેનો અચૂક લાભ થાય છે.

## આત્મા

સંગ્રહનય કે નૈગમનયનાં પાયા ઉપર એવંભૂતનય અથવા આત્મતત્ત્વની સાધના કરવાની છે. 'આત્મા સામાયિક છે' એ નિશ્ચયના આધારે સામાયિકની ક્રિયા ફળવતી થાય છે, એટલે કે સપ્રયોજન બને છે. आया सामाइए । અર્થાત્: 'આત્મા સામાયિક છે' એ વાક્ય દ્રવ્યાર્થિકનયનું છે. आया सामाइयस्स अट्ठे । 'આત્મા વ્યવહાર સામાયિકનું પ્રયોજન છે' એ પર્યાયાર્થિકનયનું શાસ્ત્રીય વાક્ય છે.

## રોગ નિવારણનાં ૪ સાધનો

(૧) સત્સંગરૂપ વિરેચન (૨) (આત્મ) ભાવનારૂપ ઔષધ
(૩) (આત્મ) શુદ્ધિરૂપ અનુપાન (૪) (આત્મ) શાંતિરૂપ પરેજ.

નાયમાત્મા પ્રવચનેન લભ્યો ન મેધયા ન બહુના શ્રુતેન।
યમેવૈષ વૃણુતે તેન લભ્યસ્તસ્યૈષ આત્મા વિવૃણુતે તનુંસ્વાં॥

શ્રુતિ: આ આત્મા અધ્યયન વડે, ગ્રન્થના અર્થને ધારણ કરવાની શક્તિ કે બહુ શ્રવણાદિ પ્રાપ્ત થવા યોગ્ય નથી, પરંતુ જે જિજ્ઞાસુ પોતાના સ્વરૂપને જાણવા ઇચ્છે છે, તેના વડે જ તે પ્રાપ્ત થઈ શકે અને તેના પ્રતિ આત્મા પોતાનું સ્વરૂપ પ્રકાશે છે. શ્રુતિ જે કોઈ ભક્તિ કે વૈરાગ્ય વડે પરમાત્માના દર્શન કરવાની ઇચ્છા રાખે છે, તેને અરિહંત પરમાત્મા પોતે જ સાચા દર્શન આપે છે.

પરમાત્માનાં દર્શન ઘણાં શાસ્ત્રો ભણવાથી નહિ, પણ
આત્માનુસંધાન કરવાથી પ્રાપ્ત થાય છે.

આત્મા તથા અનાત્માનો જંગ એ નોળિયા અને સર્પના જંગ જેવો જંગ છે. આત્મા અર્થાત્ તો ચેતન અને અનાત્મા અર્થાત્ દેહ, ઇંદ્રિય, મન તથા બુદ્ધિ વગેરે.

શરીર, મન, ઇંદ્રિય અને બુદ્ધિ ઉપર જેણે
સંયમ-કાબુ-અંકુશ પ્રવર્તાવ્યા છે, તે આત્મા પ્રશાંત છે.

'પ્રશાંત' એટલે નિર્દોષ. પ્રશાંત શબ્દમાં પ્ર એટલે પ્રકૃષ્ટ
તથા શાંતિ = નિવૃત્તિ, રાગ-દ્વેષ રૂપી દોષોનો પરિત્યાગ.

રાગ-દ્વેષાદિની જડ છે વાસના અને
તેની નિવૃત્તિનો ઉપાય છે મૈત્રી આદિ ૪ ભાવના.
ઇંદ્રિયોની પ્રવૃત્તિ કે નિવૃત્તિ જેને સ્વાધીન છે, તે છે
જીતેન્દ્રિય જ્ઞાન-વિજ્ઞાન કે આત્માનાત્માનું યથાર્થજ્ઞાન.

દેહનું ભાન ત્યારે ભૂલાય કે જ્યારે
દેહ કરતાં કોઈ વધુ પ્રિય વસ્તુનું મનમાં ચિંતન થાય.

દૂધમાં ખાંડ ભળતાં તે મીઠું થાય જ, તેમ
વિધિપૂર્વક યોગાભ્યાસ કરતાં આત્મસિદ્ધિ પ્રાપ્ત થાય જ.

ધ્યેયપ્રાપ્તિની ભૂમિકાઓ

પ્રથમ પ્રકૃતિનો સાક્ષાત્કાર વિરાગ જન્માવે અને પછી
પ્રત્યગાત્માનો સાક્ષાત્કાર પરમાત્મદર્શન કરાવે છે. કેવળ
સિદ્ધાંતના જ્ઞાનથી પ્રત્યક્ષ અજ્ઞાનની નિવૃત્તિ થતી નથી.

પ્રત્યક્ષ અજ્ઞાનની નિવૃત્તિ પ્રત્યક્ષ જ્ઞાનથી થાય
અને પ્રત્યક્ષ જ્ઞાન એ યોગના અભ્યાસથી જ નીપજે.

'જય' એટલે મર્યાદિત શિવ.

અમર્યાદ શિવમાંથી આત્મા જેટલી શક્તિ ખેંચે, તેટલા
પ્રમાણમાં તે પોતાનું શિવપણું વધુ પ્રકટાવી શકે છે.

## પરમાત્મા-જીવાત્માનો સંબંધ સ્થાપિત કરવાના મુદ્દાઓ

(૧) જાતિગત એકતા - માતૃભાવ

(૨) દ્રવ્યગત એકતા - પિતૃભાવ

(ભાવિનૈગમથી સિદ્ધત્વ પર્યાયની વ્યાપ્તિ)

(૩) ધ્યાનનું ઐક્ય - સ્વામી

(ધ્યાન સમયે થતી સમાપત્તિ)

(૪) જ્ઞાનનું ઐક્ય - ગુરુ

(કેવળજ્ઞાન વડે જ્ઞેયાકારે પ્રતિબિંબિત)

(૫) ક્ષાયિક સમ્યક્ત્વ - મિત્ર

(કરુણાના વિષય તરીકે આપણો આત્મા)

(૬) યથાખ્યાત ચારિત્ર - બંધુ

(ધર્મની સર્વાધારતા)

(૭) અનંત દાનાદિ લબ્ધિઓથી વ્યાપ્ત

(રક્ષકત્વભાવ).

ભક્તિવૃદ્ધિ માટે સંબંધનું જ્ઞાન-સ્વીકાર-પાલન જરૂરી છે.

નાસ્તિ નાદાત્પરો મન્ત્રો ન દેવઃ સ્વાત્મનઃ પરઃ।
નાઽનુસંધેઃ પરા પૂજા ન હિ તૃપ્તેઃ પરં સુખં॥૧॥

અર્થાત્: નાદથી શ્રેષ્ઠ મંત્ર, પોતાના આત્માથી શ્રેષ્ઠ દેવ, અનુસંધાનથી શ્રેષ્ઠ પૂજા અને તૃપ્તિથી શ્રેષ્ઠ કોઈ સુખ નથી.

० अकर्त्ताऽऽत्मेति । પ્રકૃતિ: આત્મા એ કર્તા છે.

સત્ત્વ - રજ - તમ - એ ત્રણ સમાન અંશમાં હોય,

તે પ્રકૃતિની 'સામ્યાવસ્થા' કહેવાય છે.

પ્રકૃતિના ગુણોમાં વિષમ અંશથી થવાથી

બુદ્ધિ આદિ વિકારો પ્રગટ થાય છે.

પ્રકૃતિથી મહત્, મહત્‌થી અહંકાર, અહંકારથી પાંચ તન્માત્રા, તેમાંથી એક બાજુ પાંચ ભૂત, બીજી બાજુ ૧૧ ઇંદ્રિય - એમ કુલ ૨૪ જેટલા તત્ત્વો પ્રગટ થાય છે. બુદ્ધિ તત્ત્વ સ્વચ્છ દર્પણના જેવું હોવાથી એમાં પુરુષનું પ્રતિબિંબ પડે છે, તેથી ભ્રાન્તિ થાય છે કે બુદ્ધિનાં બધાં કાર્ય હું કરું છું. પુરુષમાં માત્ર ચૈતન્ય છે, કર્તૃત્વ નહિ, એમ સાંખ્યદર્શનનો મત છે. જૈન મત મુજબ આત્મામાં કર્મ અને કર્મના બંધાદિ થવામાં કારણભૂત દ્રવ્યાદિ સાથે સંબંધ પામવાની યોગ્યતા છે. એ યોગ્યતાનું નામ 'કર્તૃત્વશક્તિ' છે. શરીરાદિ પદાર્થોમાં કર્મવશ જે ભાવો ઉત્પન્ન થાય, તેના પ્રત્યે પણ આત્માની કર્તૃત્વશક્તિ સ્વીકારવી જોઇએ. આથી જન્માદિ સમસ્ત વિકારનું કર્તૃત્વ આત્મામાં છે,

તેથી આત્મા અકર્તા નહિ, પણ

કથંચિત્ કર્મ, જન્મ, શરીર, વચન, મન આદિનો કર્તા છે.

# આત્માનું એકતા - અનેકતા ભાન

દ્રવ્ય, ગુણ અને પર્યાય વડે એકતા અને
અનેકતાપૂર્વક આત્માનું ભાન કલ્યાણકારી થાય છે.
આત્મદ્રવ્યમાં ગુણ અને પર્યાયનો સમાવેશ કરી આત્મામાં
તેનો અભેદ અનુભવવો, તે 'એકતાભાન' કહેવાય છે.
આત્માના વિવિધ ગુણો અને પર્યાયોને
જુદાજુદા સમજને અનુભવવા, તે 'અનેકતા ભાન' છે.
જાતિની અપેક્ષાએ અનંત જીવોનો સમાવેશ
આત્મતત્ત્વમાં કરવો તે એકતાભાન છે.
વ્યક્તિની અપેક્ષાએ દરેક જીવોને
જુદાજુદા અનુભવવા, તે અનેકતાભાન છે.
મનની ભૂમિકા ઉપર જવું ઐહિક છે.
મનની પાર આત્માની ભૂમિકા ઉપર જવું અઐહિક છે.
સંસાર એ મનનો જ તમાશો છે.
મનની પાર આત્માના પ્રદેશમાં રહેવાનો જે
અભ્યાસ પાડવામાં આવે તો નિર્ભયતા અને શાંતિ જ છે.
યુદ્ધ અને સંઘર્ષનો જન્મ માનવમગજમાં જ થાય છે,
તેથી ત્યાં જ શાંતિ સ્થાપવાની આવશ્યકતા છે.
આ સમજાવનાર શાસ્ત્રો અને સંતો છે.

કોઈપણ અનિષ્ટ બહારથી ઉદ્ભવતું નથી.

બાહ્ય દેખાતા અનિષ્ટનું ઉદ્ગમસ્થાન મનુષ્યનું અંતઃકરણ છે.

વેર વેરથી શમતું નથી, અવેરથી જ શમે છે.

આ સનાતન ધર્મ છે.

જગતને જે દુઃખ છે, તે બીજું નહિ પણ

પોતાનું મન પોતાને સ્વાધીન નથી, તેનું છે.

તે દુઃખ ત્યારે જ શમે કે જ્યારે મન જગતને આધીન થાય.

જગતનો અધિકાર મન ઉપર આવી જાય અને

મન જગતનું આજ્ઞાકારી બની જાય,

એ માટે જ સર્વ સાધન અને ક્રિયાઓ છે.

अनन्तं वै मनः । तन्मे मनः शिवसंकल्पमस्तु ।

શ્રુતિ: મન અનંત છે,

તે કારણથી મારું મન કલ્યાણકારી સંકલ્પવાળું હો.

'આત્માનું કલ્યાણ કે ભલું કરવું' તેનો અર્થ આત્માને

મન ઉપર પ્રભુત્વ મેળવવાને સામર્થ્યશાળી બનાવવો.

આત્માને શક્તિશાળી બનાવવા માટે

સ્તુતિ, સ્તોત્ર, તપ, જપ, યોગ, ઉપાસના આદિ સાધનો છે.

તે વડે અનંત શક્તિમાન પ્રભુ સાથે

એકત્વ સાધી મન પર વિજય પ્રાપ્ત કરી શકાય છે.

બ્રહ્મ અખંડ છે, મન પણ અખંડ છે.
ત્રણ પાદ વિશ્વરૂપ છે અને એક પાદ વિશ્વાતીત છે.
પહેલો પાદ જાગરિત સ્થાન છે.
જે આખા સ્થૂળ જગતમાં ઇંદ્રિયોનો વ્યવહાર થાય છે,
તે મનની જ જાગ્રત અવસ્થારૂપ સ્થિતિ છે.
એને 'સ્થૂળભુક્' અથવા 'બહિ:પ્રજ્ઞ' પણ કહે છે.
મનની જાગ્રત અવસ્થાનાં ૭ અંગ અને ૧૯ મુખ છે.
વળી તેના મન, બુદ્ધિ અને પાંચ તન્માત્રા અંગ છે.
તેમનાથી જ મનનો સ્થૂળ વ્યવહાર ચાલે છે.
મનથી ઉપર વિરાટ બુદ્ધિમાં (સમષ્ટિ પુરુષના રાજ્યમાં) તથા
મનથી નીચે સ્થૂળ વિશ્વમાં (જાગ્રત અવસ્થાના રાજ્યમાં)
પાંચ તન્માત્રાઓ રહે છે અને તે બંનેની વચ્ચે (વિરાટ
પુરુષથી લઈ જીવની જાગ્રત અવસ્થા સુધીની સ્થિતિમાં)
જે મન પોતાનું કામ કરે છે, તે ઇંદ્રિયાનુગામી મન છે.

મનની જાગ્રત અવસ્થાનાં ૧૯ મુખ ભોગદ્વાર

૧૦ ઇંદ્રિયો, ૫ પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર.
આ બધી મનની ભિન્ન ભિન્ન શક્તિઓ છે.
આ બધી શક્તિઓના સંયોગથી બનેલું
સ્થૂળ માનવશરીર તે વૈશ્વાનર છે.

તે વૈશ્વાનર જ બ્રહ્મ બની અપાન વાયુના ઘર્ષણથી
શરીરમાં અગ્નિ ઉત્પન્ન કરી ખાધેલા અન્નને પચાવે છે.
માનવશરીરમાં અગ્નિ, વાયુ, આદિત્ય (મન, બ્રહ્મ, ભૂતો)
એ ૩ નર રૂપે સંચાલક શક્તિઓ છે.
એ ત્રણેયની આધારભૂત શક્તિનું નામ 'વૈશ્વાનર' છે.
એને બ્રહ્માગ્નિ કે જીવનશક્તિની ચિનગારી કહી શકાય.

અહં વૈશ્વાનરો ભૂત્વા પ્રાણિનાં દેહમાશ્રિતઃ ।
પ્રાણાપાનસમાયુક્તઃ પચામ્યન્નં ચતુર્વિધમ્ ॥

- ગીતા ૧૫ (૧૪) (પરિશિષ્ટ-૩૧)

## મનની બે અવસ્થા

સ્વપ્નાવસ્થા - તૈજસ (જ્યોતિર્મય પ્રકાશયુક્ત) છે, ત્યાં
મનને પોતાના વ્યવહારો માટે સ્થૂલદેહની આવશ્યકતા નથી.

સુષુપ્તિ અવસ્થા પ્રજ્ઞાનઘન છે.
તેમાં મનનાં બધાં કિરણો એક જગ્યાએ સમેટાય છે.
એને 'ચેતોમુખ' કહે છે.
ચિત્તના આ ભાગમાં સમસ્ત વૃત્તિઓ લીન રહે છે, ત્યાં
સુખ-દુઃખ કે ક્લિષ્ટાક્લિષ્ટ વૃત્તિઓનો અનુભવ હોતો નથી,
કિન્તુ કેવળ આનંદની જ પ્રતીતિ હોય છે.
આ આનંદ કેવળ અનુભવગમ્ય છે.

સ્વપ્ન, અંતર્યામી તથા આ પ્રાજ્ઞ અવસ્થાઓનો સ્વામી જ
ઉત્પત્તિ અને પ્રલયનું કારણ છે.

યોગાભ્યાસી મનથી જ સંસારની સૃષ્ટિ - સંહાર કરી શકે છે.

તુરીય અવસ્થાની પ્રજ્ઞા એ નહિ બહારની તરફ રહેતી,
નહિ અંદરની તરફ રહેતી કે નહિ એકી સાથે બંને તરફ રહેતી.
તુરીય અવસ્થાની પ્રજ્ઞાને અચિન્ત્ય - અગ્રાહ્ય કહી છે.
વિશ્વનો બધો પ્રપંચ ત્યાં શાંત થઈ જાય છે.
તેથી જ તુરીય અવસ્થા એ શિવ - અદ્વૈત છે.
અહીં કેવળ આત્મજ્ઞાન જ અવશિષ્ટ રહે છે.

o નિયમ - પ્રતિજ્ઞા - વચન એકાર્થક છે.
પોતાનું પોતા પ્રત્યે આપેલું વચન તથા
તેનું વફાદારીથી પાલન, એ 'નિયમ'નો ગર્ભિત અર્થ છે.
'સંયમ' એટલે સ્વનિયમન, તેનું સાધન તપ છે.
વ્રત - નિયમ - સ્વનિયમન વિના સત્યરક્ષા અશક્ય છે.

ઇચ્છા અને ઇચ્છાશક્તિમાં ભેદ છે.

શબ્દમાં મન ભળે સઘળી ઇંદ્રિયોની ક્રિયા અટકી પડે છે
અને ચિત્ત આકાશની જેમ વ્યાપક અને નિષ્ક્રિય બને છે.
ભૂતનું સ્મરણ - ભવિષ્યચિંતન એ મનનો સ્વભાવ છે.
તે બંનેને રોકી મનને કેવળ વર્તમાનમાં જ રોકી રાખવું,
તે પ્રક્રિયાને જ મનનો નિરોધ કહેવાય છે.

## મનની શાંતિનો ઉપાય

સમાધિ અને સિદ્ધિ, સમાધાન અને પ્રફુલ્લતા એ બે વચ્ચે તફાવત છે. ચિંતા અને ચિન્તન વચ્ચે પણ તફાવત છે. પરમાત્મદર્શનનું પ્રતિબિંબ આત્મદર્શનમાં પડે તે માટે ઉપાસના-ધ્યાનાદિ પ્રક્રિયા છે. દર્શન સ્પર્શનો અનુભવ આધ્યાત્મિક છે. શુદ્ધ ચિત્ત વિશ્વનું આલિંગન કરે છે.

## ભાવશુદ્ધિના ૩ પ્રકાર

(૧) <u>વિચારશુદ્ધિ</u>: સંસાર પ્રત્યે જુગુપ્સા રાખવાથી.

(૨) <u>હૃદયશુદ્ધિ</u>: સર્વ જીવના શુભની ચિંતા કરવાથી.

(૩) <u>ગુણાનુરાગ</u>: રત્નત્રયધરની ભક્તિ કરવાથી.

## આત્મપરીક્ષણ અને વિશ્વનિરીક્ષણ

જેટલું વિશ્વ બહાર છે એટલું જ વિશ્વ અંદર છે.

ઉત્સાહ એ ચૈતન્યનો સ્વભાવ છે અને ઉર્મિ એ ચિત્તનો ધર્મ છે.

બહારની અને અંદરની દુનિયા વચ્ચે મન છે. એ બંનેની અસર એના ઉપર થાય છે, તેથી એનો સંબંધ કાપી નાંખવો એ જ એક શાંતિનો પરમ ઉપાય છે.

મનોમય કોષમાં ૩ પ્રકારના સંસ્કાર રહે છે:

(૧) કર્મ સંસ્કાર (૨) અનુભવ સંસ્કાર (૩) ભોગ સંસ્કાર.

## મળદોષની નિવૃત્તિ

That state where freedom of Atman is hidden up by માયા is called આણવમલ.

આણવમલ = ભૌતિક કર્મ કે દ્રવ્યકર્મ (કારણ શરીર).

માયિકમલ = રાગ-દ્વેષ આદિ ભાવકર્મ (સૂક્ષ્મ શરીર).

કાર્મિકમલ = મન, વાણી, ઇન્દ્રિયો નોકર્મ (સ્થૂલ શરીર).

વેદાંત જેવા શાસ્ત્રો મળદોષની નિવૃત્તિ માટે
નિષ્કામ કર્મયોગ જણાવે છે.

વિક્ષેપદોષને નિવારવા ગુરુ-શાસ્ત્રની કૃપા પ્રાપ્ત કરી,
વિવેક-વૈરાગ્યાદિ સાધનથી સંપન્ન થઈ
ઉપાસના અને ધ્યાન કરવાનું કહે છે.

જેમ વિક્ષેપની ચિકિત્સા ઉપાસના અને ધ્યાન છે,
તેમ આવરણની ચિકિત્સા પરમાનંદ સ્વરૂપનું જ્ઞાન છે.

'ઋતે જ્ઞાનાન્ન મુક્તિઃ ।' 'જ્ઞાનાદેવ તુ કૈવલ્યં ।'
'નાન્યઃ પન્થાઃ વિદ્યતેઽયનાય ।' શ્રુતિઃ

જ્ઞાન વિના મુક્તિ થતી નથી. જ્ઞાનથી કૈવલ્ય અવસ્થા પ્રાપ્ત થાય છે. સંસારથી પાર પામવા માટે બીજો માર્ગ નથી.

o સોઽહંના ધ્યાનાભ્યાસથી દેહાભિમાન નિવૃત્ત બને,
ચિત્તશુદ્ધિ થાય અને જ્ઞાન પ્રગટ થાય છે.

# વૈરાગ્ય

દોષના દર્શનથી વૈરાગ્ય થાય, ગુણદર્શનથી ઉપશમ જાગે.
દોષદર્શન જડનું અને ગુણદર્શન જીવનું હોવું જોઈએ.
વૈરાગ્યથી વિષયો-મૈત્રી, ઉપશમથી કષાયો જીતી શકાય.
એટલે વિષયોના દોષ જોવાથી નિરાશા પેદા થાય છે.
એટલે જીવોના ગુણ જોવાથી આસક્તિ પેદા થાય છે.
માટે વૈરાગ્ય અને મૈત્રીનો એક સાથે અભ્યાસ, તે
બન્ને દોષો(નિરાશા, આસક્તિ)ને રોકીને
બંને ગુણો (વૈરાગ્ય, ભક્તિ)ને પ્રગટાવે છે.

બે પ્રકારે વૈરાગ્ય : બાહ્યવૈરાગ્ય અને આંતરવૈરાગ્ય.

બાહ્યવૈરાગ્ય એ
કંચન-કામિનીથી થતા અનર્થોનો વિચાર કરી કેળવાય.

આંતરવૈરાગ્ય એ
વિષય-કષાયના સેવનથી થતા દોષોના દર્શનથી કેળવાય છે.

અભ્યાસ પણ બે પ્રકારનો છે:

એક અભ્યાસ જીવત્વ જાતિમાં રહેલ
સમષ્ટિ કે ચૈતન્યના ગુણનો આદર કરવાથી કેળવાય છે,
બીજો અભ્યાસ એ જીવસ્વભાવમાં સ્થિર થવાથી પ્રગટતા
અનંતચતુષ્ટયનો વિચાર કરવાથી કેળવાય છે.

## યોગસાધના

યોગ એક કલાકમાં કે એક દિવસમાં કદાપિ સિદ્ધ ન થાય,
એ માટે તો સેંકડો વર્ષો પણ ઓછાં છે.

યોગયુક્તો વિશુદ્ધાત્મા વિજિતાત્મા જિતેન્દ્રિયઃ ।
સર્વભૂતાત્મભૂતાત્મા કુર્વન્નપિ ન લિપ્યતે ॥ (પરિશિષ્ટ-૩૨)

યોગમાર્ગના મોટા વિઘ્નો: વચનમાં શંકા તથા ફળમાં સંશય.
યોગમાર્ગના બે મોટા સાધનો: ગુરુવચનમાં શ્રદ્ધા અને
તેમણે બતાવેલી સર્વ ક્રિયાઓના ફળમાં પૂર્ણ વિશ્વાસ.

યોગ સિવાયની અવસ્થામાં 'વૃત્તિ સારૂપ્યમિતરત્ર ।'
આત્મા વૃત્તિ સાથે મળી પ્રવૃત્તિનું રૂપ ધારણ કરી લઈને
પોતાને દ્રષ્ટા નહિ પણ વૃત્તિના કર્તા અને પ્રવૃત્તિના ભોક્તા
તરીકે માની લે છે, એથી દુઃખનો અનુભવ કરવો પડે છે.

સાધનાનો ઉદ્દેશ આ ભ્રમને દૂર કરી
આત્માને તેનું વાસ્તવિક સ્વરૂપ દેખાડવાનો જ છે.
વૃત્તિનિરોધ થાય ત્યારે સાધનાની સમાપ્તિ થાય છે.
સાધનાની આ સમાપ્તિને જ 'સિદ્ધિ' કહેવાય છે.

### બે પ્રકારનો સ્વધર્મ

એક બદલે એવો (આશ્રમ) સ્વધર્મ અને
બીજો ન બદલે એવો (વર્ણ) સ્વધર્મ.

## કર્મ, ક્રિયા, સાધના અને સિદ્ધિ

કર્મની પહેલા - બીજી વિભક્તિ હોય છે, જ્યારે
ક્રિયાને માટે તો એક સ્વતંત્ર ક્રિયાપદ જ હોય છે.

કર્મની વ્યાખ્યા: કર્તાને જે ઇષ્ટ હોય તે કર્મ.

રાગી મુમુક્ષુ સ્વભાવમાં લેશમાત્ર ક્રિયા કરતો નથી પણ
કર્મ પાર વગરનું એટલે કે અનંત કરે છે. તેના માત્ર
ઉપાતિ જ પાર વગરનો નિજસંગ્રહ - નિજાનુગ્રહ કરે છે.
ક્રિયા જેમ જેમ સૂક્ષ્મ થતી જાય છે, તેમ કર્મ વધે છે.

જ્યારે ચિત્ત પરિપૂર્ણ શુદ્ધ થાય છે,
ત્યારે ક્રિયા શૂન્યરૂપ થઈને કર્મ અનંત ઘણું રહે છે.

પહેલાં તીવ્ર, પછી સૌમ્ય, પછી સૂક્ષ્મ અને
સૂક્ષ્મમાંથી છેવટે શૂન્ય થઈ રહે છે.

ક્રિયામાં જ્યારે આપમેળે શૂન્યત્વ આવે,
ત્યારે કર્મ અનંત નહીં, આપોઆપ જ ઘણું રહે છે.

ફળત્યાગની કાતર ઠેઠ મોક્ષફળ સુધી ચલાવવાની છે.
મોક્ષની આશા છુટે ત્યારે મોક્ષ આપોઆપ આવી મળે છે.
મોક્ષની વાત મનમાંથી સમૂળગી કાઢી નાંખી સાધનામાં સતત
મંડ્યા રહેવું એ જ મોક્ષને પાસે લાવવાનો ઇલાજ છે.
અકર્મ સ્થિતિની ઇચ્છા રાખ્યા વગર માત્ર અને માત્ર
સાધના ઉપર પ્રેમ રાખો એટલે સિદ્ધિ અચૂક મળશે.

## ૬ અર્થભાવના

(૧) ભાવાર્થ (અવયવભૂત સઘળા અક્ષરોનો અર્થ)
(૨) સંપ્રદાયાર્થ (પરમેશ્વરના મુખેથી અવતરણ પામેલ)
(૩) નિગર્ભાર્થ (પરમેશ્વર + ગુરુ + આત્માનું ઐક્ય)
(૪) રહસ્યાર્થ (કુંડલિની રૂપી વિદ્યા એ જ પોતાનો આત્મા)
(૫) કૌલિકાર્થ (ચક્ર, દેવતા, વિદ્યા, ગુરુ, સાધકનું ઐક્ય કે ચક્ર, દેવતા, વિદ્યા, ગુરુ, સાધક સર્વનું ઐક્યાનુસંધાન)
(૬) મહાતત્ત્વાર્થ (વિશ્વાતીત અને વિશ્વમય એવા નિર્મલ સ્વકીય આત્માની સાથે ઐક્યાનુપ્રવેશ કરવો તે).

## સકાર તથા હકાર

સ = સૃષ્ટિબીજ અને હ = સંહારબીજ.

બિન્દુયુક્ત હકાર = પરમપુરુષ (હં).

વિસર્ગયુક્ત સકાર = પરમપ્રકૃતિ (સઃ).

હંસઃ = પ્રાણ - નાદ - ધ્વનિ - Life.

હંકારથી બહિર્મુખગતિ તથા સઃકારથી અંતર્મુખપ્રવેશ થાય.
સૃષ્ટિક્રમ = પરાથી વૈખરી, સંહારક્રમ = વૈખરીથી પરા.
વૈખરી બધામાં વિધિ, વિશ્વાસ, ઇચ્છા, પ્રયત્ન.
હકાર એ દાન અર્થમાં વિમર્શરૂપે છે, જ્યારે
સકાર એ સમાદાન અર્થમાં વિમર્શરૂપે છે.

## નવકાર મંત્રનો છંદ

સુખકારણ ભવિયણ, સમરો નિત નવકાર;
જિનશાસન આગમ, ચૌદ પૂરવનો સાર. ...(૧)
એ મંત્રનો મહિમા કહેતા ન લહું પાર;
સુરતરુ જિમ ચિંતિત, વંછિત ફલ દાતાર. ...(૨)
સુર દાનવ માનવ સેવા કરે કરજોડ;
ભુવિ મંડલ વિચરે, તારે ભવિયણ કોડ. ...(૩)
સુરછંદે વિલસે, અતિશય જાસ અનંત;
પદ પહેલે નમિયે, અરિ ગંજન અરિહંત. ...(૪)
જે પનરે ભેદે સિદ્ધ થયા ભગવંત;
પંચમી ગતિ પહોંચ્યા, અષ્ટ કરમ કરી અંત. ...(૫)
કળઅકળ સરૂપી પંચાનંતક દેહ;
જિનવર પાય પ્રણમું બીજે પદ વળી એહ. ...(૬)
ગચ્છભાર ધુરંધર, સુંદર શશિહર શોભે;
કરે સારણ વારણ, ગુણ છત્રીશે થોભે, ...(૭)
શ્રુત જાણ શિરોમણિ, સાગર જિમ ગંભીર;
ત્રીજે પદ નમીયે, આચારજ ગુણ ધીર. ...(૮)
શ્રુતધર ગુણ સાગર, સૂત્ર ભણાવે સાર;
તપવિધિ સંયોગે, ભાંગે અર્થ વિચાર. ...(૯)

મુનિવર ગુણ જુગતા કહિયે તે ઉવજ્ઝાય;
પદ ચોથે નમાયે, અહોનિશિ તેહના પાય. ...(૧૦)
પંચાશ્રવ ટાળે પાળે પંચાચાર;
તપસી ગુણધારી વારે વિષય વિકાર. ...(૧૧)
ત્રસ થાવર રક્ષક, લોકમાંહી જે સાધ;
ત્રિવિધે તે પ્રણમું, પરમારથ જિહાં લાધ. ...(૧૨)
અરિ-કરિ-હરિ-સાયણિ, ડાયણિ-ભૂત-વેતાળ;
સવિ પાપ પણાસે, વાધે મંગળમાળ. ...(૧૩)
ઈણ સમર્યાં સંકટ, દૂર ટળે તતકાળ;
ઈમ જપે જિનપ્રભસૂરિ શિષ્ય રસાળ. ...(૧૪)

## ૐ આનંદમાં રહેવું રે ૐ

અનુભવીને એટલું આનંદમાં રહેવું રે,
ભજવા શ્રી પરિબ્રહ્મ, બીજું કાંઈ ના બોલવું રે ...(૧)
વેદ જોયા કિતાબ જોઈ, સરવ જોઈને જોયું રે,
પણ પ્રભુના નામ વિના, સરવે ખોટું ખોટું રે ...(૨)
અવર કોઈના આત્માને, દુઃખ ન દેવું રે,
સુખ-દુઃખ જ્યારે આવી પડે, ત્યારે સહીને રહેવું રે ...(૩)
આપ આપણાપ જોઈ, જેવા લોકમાં તેવું રે,
મૂળદાસ કહે મોહ-મદ મૂકી, મહાપદમાં રહેવું રે ...(૪)

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૧૩)**
સ્વદેહમાં જેઓ ૯ ચક્ર, ૧૬ આધાર, ૩ લક્ષ્ય, ૫ આકાશને જાણે છે, તે યોગીઓ કેમ સિદ્ધ ન થાય?

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૧૪)**
સર્વને જીવાડનાર કરૂણા છે, લક્ષ્મી નહીં. ધર્મ સતત પ્રકાશક છે, દિપક નહીં. પૂણ્ય સ્થિર છે, જીવન નહીં. યશ રમ્ય છે, યૌવન નહીં.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૨૦)**
તપ એ પ્રાણાયામથી અલગ નથી. તેનાથી મલવિશુદ્ધિ અને જ્ઞાન પ્રગટ થાય છે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૨૨)**
જગતમાં દિપક સમાન, ૧ લાખ યોજન વિસ્તારવાળા, ૨૫ તત્ત્વસ્વરૂપ ૨૫ ગઢવાળા, ૩ લાખ યોજન ઊંચા રત્નદ્વીપ ઉપર શ્રી વિદ્યાનું શ્રેષ્ઠ નગર છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૨૮)**
તે જ સબીજ સમાધિ છે. તેમાં સ્થૂલઅર્થમાં સવિતર્ક, સૂક્ષ્મઅર્થમાં નિર્વતર્ક તથા સવિચાર અને નિર્વિચાર, એમ ૪ પ્રકારની સમાધિ છે. **ટીકાઃ** પર્યાયમાં ઉપરક્ત અને અનુપરક્ત એવા સ્થૂલ અને સૂક્ષ્મદ્રવ્યની ભાવનારૂપ ચિત્તને એકાગ્ર કરનાર શુકલધ્યાન અનુભવેલ જીવોને ઉપશાંતમોહની અપેક્ષાએ તો સબીજત્વ થાય અને ક્ષીણમોહની અપેક્ષાએ નિર્બીજત્વ પણ થાય. આ અરિહંતોના સિદ્ધાંતનું રહસ્ય છે.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૨૮)**
પરમૈશ્વર્યયુક્ત હોવાથી આત્મા જ ઈશ્વર મનાયેલો છે અને તે કર્તા છે, એમ દોષરહિત કર્તાવાદ સિદ્ધ થાય છે.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૩૫)**
મનુષ્યોનું આયુષ્ય ૧૦૦ વર્ષનું હોય છે, તેમાંથી અડધું તો રાત્રિમાં પસાર થાય છે,

જે બાકી રહ્યું તેમાંથી વળી અડધું બાળપણ અને વૃદ્ધપણામાં પસાર થાય, તેમાંથી અડધું બીજાની સેવામાં ને બાકીનું વ્યાધિ-વિયોગ-દુઃખસહિત સેવાદિમાં પસાર થાય છે. આથી પાણીના તરંગ જેવા અત્યંત ચંચળ જીવનમાં જીવોને સુખ ક્યાંથી થાય?

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૩૫)**
તમે ગાળવાળા છો તો આપો, ગાળ આપો. અમારી પાસે ગાળ નથી એટલે અમે ગાળ નથી આપતા. જગતમાં આ વાત બધા જાણે છે કે જેની પાસે જે હોય, તે વ્યક્તિ તે આપે છે. સસલાનું શીંગડું છે જ નહીં, તેથી કોઈ તે આપતું નથી.

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૪૨)**
પરોપકારમાં વપરાતું ઘાસ કે રાખ પણ શ્રેષ્ઠ છે, પરંતુ પુરૂષ પણ જો પરોપકાર કરી શકતો નથી, તો તે નકામો છે.

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૪૨)**
વીતરાગ એવા પણ આ પરમાત્મા ધ્યાન કરવા યોગ્ય છે. તેમનું ધ્યાન ભવ્યજીવોને સંસારના છેદ માટે થાય છે. બંધનમુકત થયેલા તેમનો આ સ્વાભાવિક ગુણ છે. વીતરાગ હોવા છતાં પણ આ વીતરાગી ભગવાનનું મુમુક્ષુઓ ધ્યાન કરે તો સ્વર્ગ અને મોક્ષફળ આપે છે, કારણકે તેમની શકિત તેવા પ્રકારની છે.

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૫૫)**
આ પ્રમાણે જ્યારે રાણીને પૂછ્યું ત્યારે તેણે ઘણીવાર સુધી વિચાર્યા છતાં પણ ન આવ્યું, એટલે રાજાએ 'ॐ नमः सिद्धं ।' આ મંત્ર જવાબરૂપે આપ્યો.

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૫૬)**
આયુષ્યપૂર્ણ થવા આવે ત્યારે આત્મરમણતા કરનારા મુનિભગવંતો પણ નિરાશંસભાવની ભકિત કરે છે. પરમાત્મા ખરેખર આવા પ્રકારના ગુણવાળા છે અર્થાત્ પરમાત્મા નિરાશંસભકિત ઈચ્છે છે.

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૫૭)**
સજ્જનોના મન-વચન-કાર્યમાં એકતા-દુર્જનોનાં મન-વચન-કાર્યમાં જૂદાપણું હોય છે.

## પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૬૪)

ધ્યાન એકાગ્રચિત્તથી સાધ્ય છે, તેથી તે કરવું મનુષ્ય માટે સુકર નથી. માટે જ મનને સુખેથી સાધવાનો ઉપાય શ્રી અનાહતનાદ છે. સર્વ જીવોનું ચૈતન્ય જગતના સ્વરૂપ કરતા જૂદું તથા અદ્વિતીય આનંદસ્વરૂપ નાદબ્રહ્મ છે. તેની અમે ઉપાસના કરીએ છીએ.

## પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૬૯)

ઉત્તમ પુરૂષ એ બીજા પરમાત્મા જ કહેવાય છે, જે ત્રણે લોકમાં છવાઇને અવ્યય એવા ઈશ્વરપણાંને ધારણ કરે છે.

## પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૭૨)

સત્ય એ શૌચ છે, તપ એ શૌચ છે, ઈન્દ્રિયનો નિગ્રહ કરવો એ શૌચ છે, સર્વ જીવોની દયા કરવી તે શૌચ છે અને પાણી વડે શૌચ તે પાંચમું શૌચ છે.

ઘરમાં રહેતા અને હંમેશા જપવા છતાં પણ શ્રદ્ધા વડે મનને શુદ્ધ કરે તો ધર્મ છે, નહીં તો અર્થાત્ મનની શુદ્ધિ ન થતી હોય તો તપ વડે પણ ધર્મ થતો નથી.

મન એ ધર્મરૂપી વૃક્ષનું મૂળ છે, વચન એ થડ કે સ્કંધ છે અને ક્રિયા એ શાખા-પ્રશાખા વગેરે વિસ્તાર છે. જો મૂળ દૃઢ હોય તો જ વિસ્તાર થાય છે.

## પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૭૬)

મોક્ષ ન મળે ત્યાં સુધી મને ભવોભવ શાસ્ત્રનો અભ્યાસ, પ્રભુના ચરણોમાં નમસ્કાર, સજ્જનો સાથે સદા સંગ, સદાચારી પુરૂષોના ગુણોની વાતો, દોષ બોલવામાં મૌન, બધાની સાથે હિતકારી-પ્રિય બોલવું તથા આત્મતત્ત્વની ભાવના પ્રાપ્ત થાઓ.

- વસ્તુપાલ ચરિત્ર

## પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૧૦૯)

ભગવાન અદ્રશ્ય શરીરવાળા છે, મનોમય છે, ભાવથી ગ્રહણ થાય છે. ૐકાર એ તેમનું નામ છે. તે નામથી બોલાવાયેલા તેઓ કૃપા કરે છે.

**પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૧૦૯)**
સારૂં રૂપવાન શરીર, યુવાન પત્ની, મેરૂપર્વત જેટલો ધનનો ઢગલો, મનોહર યશ - આ બધું મળવા છતાં પણ જો પરમાત્માના ચરણે મન ન લાગે તો શું...? (અર્થાત્ બધું નકામું છે)

**પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૧૧૮)**
જ્યાં બુદ્ધિ જાય (મન થાય) ત્યાં રખડે તેને 'વાનર' કહેવાય અને જ્યાં શાસ્ત્ર જાય (ભગવાનનું વચન હોય) તે પ્રમાણે જીવે તેને 'નર' કહેવાય.

**પરિશિષ્ટ - ૨૧ (પૃષ્ઠ ૧૧૮)**
વિષયેચ્છા, ભય કે લોભ અથવા જીવવાની ઈચ્છાથી પણ ધર્મનો ત્યાગ કરવો ન જોઈએ, કારણકે ધર્મ નિત્ય છે, સુખ-દુઃખ અનિત્ય છે. જીવ નિત્ય છે અને જીવવાનું કારણ અનિત્ય છે. - વેદવ્યાસ

**પરિશિષ્ટ - ૨૨ (પૃષ્ઠ ૧૨૧)**
દેવાધિદેવનું દર્શન પાપનો નાશ કરે છે, સ્વર્ગના પગથિયા સમાન છે અને મોક્ષ આપનાર છે.

**પરિશિષ્ટ - ૨૩ (પૃષ્ઠ ૧૨૩)**
વસ્તુના સ્વભાવરૂપ, અપૂર્વ ચિંતામણીરત્નતુલ્ય બોધિલાભ એ પરમાત્માની સ્તુતિથી પ્રાપ્ત થાય છે. પરમાત્મભક્તિથી પૂર્વે ભેગા કરેલા કર્મોનો ક્ષય થાય છે, કારણકે ગુણો પ્રત્યે પ્રકર્ષ બહુમાન તે કર્મરૂપી વનને બાળવામાં દાવાનળ સમાન છે.

**પરિશિષ્ટ - ૨૪ (પૃષ્ઠ ૧૪૦)**
અનુભૂતિ ન થવા છતાં 'હું બ્રહ્મસ્વરૂપ છું' એમ વિચારો. ધ્યાનથી તો અચિંતિત પણ પમાય છે, તો વળી નિત્યબ્રહ્મ શું ન પમાય? - પંચદશી, વિદ્યારણ્યસ્વામી

**પરિશિષ્ટ - ૨૫ (પૃષ્ઠ ૧૪૦)**
શરીરને ઘાની જેમ જોવું. અન્નને ઘાનાં મલમ તરીકે, જલને ઘાની સારવાર સમાન અને વસ્ત્રને ઘાની પાટાપિંડી સમજવી.

## પરિશિષ્ટ - ૨૬ (પૃષ્ઠ ૧૫૨)
જ્ઞાતા એ પોતાનો આત્મા છે, જ્ઞાન એ અર્ઘ્યસ્વરૂપ ધી જાણવું. આ બંનેના એકીકરણને શ્રીચક્રપૂજન કહ્યું છે.

## પરિશિષ્ટ - ૨૭ (પૃષ્ઠ ૧૫૭)
ધર્મ ચિત્તમાં ઉત્પન્ન થાય છે, કારણકે કાર્ય ક્રિયાના અધિકરણને આશ્રયીને હોય છે. કર્મમલનો નાશ થવાથી પુષ્ટી આદિ ગુણો દ્વારા તે - ધર્મ જણાય છે.

## પરિશિષ્ટ - ૨૮ (પૃષ્ઠ ૧૭૬)
જીવોને વિષે દયા, વૈરાગ્ય, વિધિપૂર્વકનું ગુરૂપૂજન અને વિશુદ્ધ એવી શીલવૃત્તિ - તે સર્વ પુણ્યના ઉપાયો કહેવાયા છે. દુઃખી જીવોને પ્રત્યે અત્યંત દયા, ગુણવાન પ્રત્યે અદ્વેષ અને સામાન્યથી બધે જ ઔચિત્યનું આસેવન કરવું જોઈએ.

## પરિશિષ્ટ - ૨૯ (પૃષ્ઠ ૧૮૨)
વાસનાનો બંધ તે બંધ છે, વાસનાનો ક્ષય તે મોક્ષ છે. (તેથી) તું વાસનાનો ત્યાગ કરીને મોક્ષાર્થીપણાંનો પણ ત્યાગ કર.

## પરિશિષ્ટ - ૩૦ (પૃષ્ઠ ૧૯૧)
પ્રકૃતિ દૂર થયે છતે ધૃતિ, શ્રદ્ધા, સુખ, વિવિદિશા, વિજ્ઞપ્તિ - આ બધી તાત્ત્વિક ધર્મની યોનિઓ પ્રગટ થાય છે. પ્રકૃતિ દૂર ન થઈ હોય તો આ બધી યોનિઓ હોવા છતાં તે વાસ્તવિક હોતી નથી.

## પરિશિષ્ટ - ૩૧ (પૃષ્ઠ ૨૦૧)
હું દેહને આશ્રયી વૈશ્વાનર થઇને પ્રાણીઓના શ્વાસોશ્વાસથી યુકત એવા ૪ પ્રકારના અન્નને પચાવું છું.

## પરિશિષ્ટ - ૩૨ (પૃષ્ઠ ૨૦૬)
યોગયુકત, વિશુદ્ધ, રાગ-દ્વેષને જીતેલો, જિતેન્દ્રિય, સ્વાત્મા સમાન સર્વ જીવો જોતો આત્મા, કાર્ય કરવા છતાં પણ લેપાતો નથી.

# અમરતની બરખા...

પારસમણિનાં અક્ષરઉજાસમાં અભિમંત્રિત થતી અમરતની બરખા સમી આ ભદ્રંકર લેખિનીમાંથી ઝરી રહેલી ભદ્રવાણીની રપમી મૌક્તિક માલા ગૂંથતાં આનંદ થયો છે. નિત્ય નૂતન અર્થ નીકળે એવી આ વસ્તુ અમુલખ છે જાણે પૂજ્ય પંન્યાસજી મહારાજની અનુપ્રેક્ષાઓના અનુપમ ચરુ કે અનુપમ - અપૂર્વ ચિંતનોનાં કલ્પતરુ!!


નિત્ય પ્રાતઃકાળે વિચાર આવે છે કેઃ 'श्रुणु वत्स...' એમ અધ્યાહાર રાખી તેઓ જાણે સ્નેહથી કહી રહ્યા છે કેઃ 'આ અક્ષયપાત્રોને હસ્તાક્ષરનો ફક્ત ઑચ્છવ ન ગણતા, આ તો whispers of eternity છે. ત્રિલોક - ત્રિકાળવ્યાપી શાશ્વતીના વાઙ્મય મહોદધિમાંથી પ્રગટેલી અનંત ચેતનાએ મને કર્ણવિવરોમાં કંઈક ને કંઈક કહેતા રહી જાગતો રાખ્યો છે, તેનું જ મંગલ અનુસંધાન રાખવા આ રોજનીશીઓ આલેખી છે!'

A journey without distance-અંતર વિનાની અંતરયાત્રા કરનાર પૂજ્ય પંન્યાસજી મહારાજ અધ્યાત્મના પુષ્કરાવર્ત મેઘ બનીને આપણી ઉપર આ અ-ક્ષર માતૃકાઓની સુચારુધારા વહાવીને દુર્ગતિ સામે એક રક્ષણાત્મક કવચ સર્જીને તેમના આંતરતેજથી આપણી મહીંના સુષુપ્ત અજવાસને જાણે પોતાની અનુપ્રેક્ષાઓથી ઢંઢોળી રહ્યા છે!

એ અજવાળામાં રૂડી રોજનીશીઓના હસ્તાક્ષરોમાંથી મુક્તિપગદંડી ખૂલતી જાય છે... આવો, સફરમાં સાથે રહીને હસ્તાક્ષરમાં રહેલા એ હરિને જાણીએ-માણીએ.

**ભારતી દિપક મહેતા**

॥ शुभम् भवतु ॥




ઉપર દર્શાવેલ ૬ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૬૪ - ૧૯૬૫ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

# પંચપરમેષ્ઠિ સ્વરૂપ



૧ સ્વસ્તિક

૨ અષ્ટદલકમલ

3 જ્ઞાન - ક્રિયાનો સમુચ્ચય

પંચ પરમેષ્ઠિ સ્વરૂપ એટલે જાપની પાછળ પંચ પરમેષ્ઠિ રૂપી પદાર્થનું ભાન અને એ પદાર્થની પ્રાપ્તિ માટે અર્થભાન હોવું જોઈએ. પંચપરમેષ્ઠિ પદાર્થ કેવળજ્ઞાન, ક્ષાયિક સમ્યક્ત્વ અને યથાખ્યાત ચારિત્રમય છે અને એ ગુણોના અર્થે જ તેમનું સ્વરૂપ ત્રણે બતાવેલ છે.

પં. ભદ્રંકર વિજય

www.fiestadesigns.in